SIKANDAR ANE NEPOLIAN (Gujarati Edition)

Swami , Sachchidanand

સિકંદર અને નેપોલિયન



સ્વામી સચ્ચિદાનંદ

Table of Contents

સિકંદર અને નેપોલિયન



સ્વામી સચ્ચિદાનંદ

sikandar ane nepolian by Swami SachchidanandPublished by Gurjar Prakashan, Ahmedabad-380 006 (India)

ISBN :

Price :

પ્રકાશક : ગૂર્જર પ્રકાશન
ઉલ્લાસ મનુભાઈ શાહ : ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન : ૦૭૯-૨૨૧૪૪૬૬૩. e-mail : goorjar@yahoo.com
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com Website : www.gurjar.biz
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય 201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન ઃ: 26564279 email : bhagwatioffset@yahoo.com

અર્પણ

સમ્રાટ નેપોલિયન લગ્ન કરવા માટે જેની પાછળ પડ્યો હતો અને જેણે યુક્તિ-પ્રયુક્તિથી તેનો પ્રસ્તાવ ઠુકરાવીને, પોતાના વૃદ્ધ પતિને વફાદાર રહીને પોતાનું પત્નીત્વ બચાવ્યું હતું, તેવી રૂપસુંદરી 'કાઉન્ટેસ વોલવસ્કી'ને અહોભાવ સાથે...

– સચ્ચિદાનંદ

પ્રસ્તાવના

આ પહેલાં મેં કોલંબસ અને વાસ્કો-દ-ગામા ઉપર એક પુસ્તક લખ્યું છે જે પ્રગટ થઈ ચૂક્યું છે. આ બીજું પુસ્તક તેનું પૂરક છે. બંને પુસ્તકો દ્વારા હું મારા દેશવાસીઓને બતાવવા માગું છું કે ભારતની લાંબી ગુલામીનું મૂળ ક્યાં છે. પહેલાં ઉત્તર-પશ્ચિમ પર્વતમાળા ઓળંગીને શત્રુઓનાં ધાડાં આવતાં અને ભારતને લૂંટતાં. તેમનાં બે આકર્ષણો હતાં : એક તો ઇસ્લામ ધર્મનો ફેલાવો અને બીજું મંદિરોની અખૂટ સંપત્તિ. આ ધાડાં ૧૧મી શતાબ્દી આવતાં-આવતાં સ્થાયી રાજકર્તા થઈ ગયાં.

અહીં પ્રશ્ન એ છે કે આપણે આપણા ધર્મનું તથા મંદિરોનું રક્ષણ કેમ કરી શક્યા નહિ? આક્રમણથી સ્વરક્ષણ કરવાનો સાચો ઉપાય આક્રમણકારી ઉપર પહેલું આક્રમણ કરી દેવું તે છે. આપણે એ જ પર્વતમાળાઓને પાર કરીને પેલી તરફ દુશ્મનોના ઘર સુધી કેમ જઈ શક્યા નહિ? મારી દૃષ્ટિએ આપણી પાસે આક્રમણનાં આકર્ષક કારણો ન હતાં અને પૂરતી શક્તિ પણ ન હતી. આપણી પાસે હિંદુ ધર્મને વિશ્વવ્યાપી કરી દેવાનું ઝનૂન ન હતું, ન આજે છે, ન તો તેવી ક્ષમતા પણ છે. બીજું, પર્વતોની પેલે પાર લૂંટવા જેવું કશું હતું નહિ. ત્યાં ધર્મસ્થાનો હતાં, પણ ધર્મસ્થાનોમાં સોનું ઊભરાતું ન હતું, તેથી સોનાનું આકર્ષણ પણ ન હતું. આ બે આકર્ષણો ન હોવા છતાં પણ શત્રુઓના વારંવારના હુમલાઓથી બચવા માટે તો આક્રમણ કરવું જોઈએ, પણ તે માટે પૂરતી શક્તિ અને સાહસ પણ ન હતાં. શક્તિ ન હોય એટલે સાહસને પ્રોત્સાહન ન મળે. દુર્બળો સાહસ કરે નહિ અને કદાચ કરે તો ખત્તા ખાઈ જાય. શક્તિ ન હોવાનું મુખ્ય કારણ ભારત સેંકડો ટુકડામાં વિભાજિત નાનાં-નાનાં રજવાડાંઓમાં વહેંચાયેલું રાષ્ટ્ર હતું. તેની સાર્વભૌમ એક મહાસત્તા રહી ન હતી. એટલે આવનારા પ્રત્યેક આક્રાંતાને કોઈ એક નાના રજવાડા સાથે યુદ્ધ કરવું પડતું, જેને તે સહેલાઈથી જીતી જતો અને મંદિરોનું અઢળક સોનું, રાજ્યની સ્ત્રીઓ, જુવાનો તથા બીજી બધી મિલકતોને લૂંટીને હસતાં-હસતાં પોતાને દેશ પાછા ફરી જતો અને જ્યારે ખાવાનું ખૂટતું ત્યારે ફરી પાછા ચઢી આવતો. આ રીતે એકલો મહંમદ ગઝની સત્તર વખત ચઢી આવ્યો અને સત્તરે વખત વિજયી રહ્યો. તેણે ઉત્તર ભારતને ધમરોળી નાંખ્યું. પણ આપણે અહીંથી એક પણ રાજાએ અથવા સંગઠિત થઈને રાજસમૂહોએ ખૈબરબોલન પાર કરીને ગઝની ઉપર આક્રમણ ન કર્યું. આ દીવા જેવી ચોખ્ખી વાત આપણને હવે તો સમજાવી જોઈએ.

ભૂમિરસ્તે સિકંદરથી પણ પહેલાં આ દેશ ઉપર આક્રમણો થવા લાગ્યાં હતાં. ઈરાનનો બાદશાહ પશ્ચિમ ભારતના ઘણા પ્રદેશો ઉપર શાસન કરતો થયો હતો. તેના પછી ગ્રીકો આવ્યા, સિકંદર આવ્યો અને પરાજિત પોરસ રાજાને પોતાનો પ્રતિનિધિ બનાવીને રાજ્ય સોંપીને પાછો ચાલ્યો ગયો. જોકે તે પોતાના વતન સુધી પહોંચી ન શક્યો, તોપણ તેણે તે સમયમાં ઘણા દેશો જીત્યા અને વિશ્વવિજયી સિકંદર તરીકે નામ કર્યું. આપણે આવો કોઈ સિકંદર પેદા ન કરી શક્યા, જે છેક યુરોપ સુધી ભારતનો વાવટો ફરકાવે.

૧૫મી શતાબ્દીથી આક્રાંતાઓનો માર્ગ બદલાયો. હવે પર્વતમાળા પાર કરવાની ન રહી પણ સમુદ્રો પાર કરીને આવવાનું થયું. કોલંબસ ભારતનું સોનું શોધવા અને મસાલાને હસ્તગત કરવા નીકળ્યો, પણ તે ભૂલો પડ્યો અને પશ્ચિમમાં છેક અમેરિકા પહોંચી ગયો. તે પછી સ્પૅનિશ આક્રાંતાઓની વણજાર લાગી ગઈ અને પૂરો દક્ષિણ અમેરિકા ખંડ તેમણે હસ્તગત કરી લીધો. બીજી તરફ પૉર્ટુગીઝનો વાસ્કો-દ-ગામા આંગળીના વેઢે ગણાય તેટલાં જહાજો લઈને નીકળ્યો અને લગભગ નવ મહિનાની ભયંકર સમુદ્રયાત્રા પછી કેરળના કિનારે પહોંચ્યો. તેણે કેરળના રાજા ઝામોરિન સાથે પહેલાં મૈત્રી અને પછી દાદાગીરી કરી, રાજાનો મહેલ બાળી

નાંખ્યો, આરબ વેપારીઓને ખદેડી દીધા અને લૂંટાય તેટલું લૂંટીને પોતાને દેશ પાછો ફર્યો. પછી તો પૉર્ટુગીઝોની વણજાર લાગી અને ભારતનાં કેટલાંય બંદરો જીતીને પોતાનાં કાયમી થાણાં નાખી દીધાં. પ્રશ્ન એ છે કે સાત સમુદ્ર પાર કરીને કોલંબસ અમેરિકા જાય અને વાસ્કો-દ-ગામા ભારત આવે તો આપણે આપણા નાવિકો દ્વારા યુરોપ-અમેરિકા સુધી કેમ ન પહોંચી શક્યા?

અનાવશ્યક આક્રમણ ન કરવું જોઈએ, પણ આવશ્યક આક્રમણ પણ ન કરવું એ રાષ્ટ્રની આત્મહત્યા કરવા બરાબર છે, કારણ કે આક્રમણ થવાની જ્યાં-જ્યાંથી શક્યતા હોય ત્યાં પહેલાં જ આક્રમણ કરીને તેવી શક્યતાઓને સમાપ્ત કરી દેવી એ જ રાષ્ટ્રરક્ષાનો સાચો ઉપાય છે; પણ આપણે આવું કરી શક્યા નહિ. તેનો હવે તો ભારે અફસોસ થવો જોઈએ. આઝાદી પછી પાકિસ્તાને આપણા ઉપર ચાર વખત આક્રમણો કર્યાં અને અડધું કાશ્મીર લઈ લીધું. ચીને પણ હજારો સ્ક્વૅર કિ.મી. ભૂમિ પચાવી પાડી, પણ આપણે કોઈના ઉપર કદી પહેલું આક્રમણ ન કર્યું. વળી પાછા આવી સહનશક્તિનું ગૌરવ લઈએ છીએ! આ યોગ્ય ન કહેવાય. આ રીતે તમે તમારા રાષ્ટ્રને કાયમી સુરક્ષા આપી શકો નહિ. આ સંદેશો ભારતીય વૈચારિક ક્ષેત્રમાં પ્રસારિત થવો જોઈએ. મને લાગે છે કે આના માટે મુખ્યતઃ ચાર કારણો આપણને કાયમી રીતે નડી રહ્યાં છે :

(૧) અહિંસાવાદ

(૨) પલાયનવાદી દર્શન

(૩) વર્ણવ્યવસ્થા અને

(૪) ઇચ્છાશક્તિનો અભાવ

(૧) શ્રમણધર્મના ઉદય પછી ધર્મને અહિંસાપ્રધાન બનાવવામાં આવ્યો અને ‘અહિંસા પરમો ધર્મઃ’ એવું સૂત્ર આપવામાં આવ્યું. જેથી શસ્ત્રધારી શૂરવીરોની સંખ્યા ઘટવા લાગી. આમાંના ઘણાખરા શસ્ત્ર ત્યાગીને સાધુ-ભિક્ષુ થઈ ગયા અને અહિંસાનો પ્રચાર કરવા લાગ્યા. આ વિચારધારા બાકીના હિંદુ-ધર્મીઓ ઉપર પણ પડી. હિંદુ ધર્મના મોટા ભાગના સંપ્રદાયો વીરતાવાદી રહ્યા નથી, તે પણ શસ્ત્રત્યાગી અહિંસાવાદી થઈ ગયા છે. શીખ ધર્મને બાદ કરતાં બાકીનો કોઈ સંપ્રદાય વીરતાવાદી કે શસ્ત્રધારી રહ્યો નથી. અધૂરામાં પૂરું ગાંધીજી આવ્યા અને તેમણે અહિંસાને ભારતીય વિચારો ઉપર દૃઢતાથી બેસાડી દીધી, એટલે આપણે શસ્ત્રોની બાબતમાં હંમેશાં શત્રુઓ કરતાં ઊતરતી કક્ષામાં રહ્યા અને પ્રથમ આક્રમણની તો વાત જ ન રહી. ૧૯૭૧માં જ્યારે પાકિસ્તાને બાંગ્લાદેશમાંથી એક કરોડ હિંદુઓને નિરાશ્રિત બનાવીને ભારતમાં ખદેડી દીધા અને પાણી છેક નાક સુધી પહોંચ્યું ત્યારે આપણે પાકિસ્તાનના આક્રમણનો જવાબ દીધો અને વિજય મેળવ્યો. આ એક ઉત્તમ ઘડી કહેવાય, પણ સંધિમાં ટેબલ ઉપર હારી ગયા. કાશ્મીરનો પ્રશ્ન પતાવવાનો આ સારો મોકો ખોઈ દીધો અને હવે કાશ્મીરમાં આપણે મોટી કુરબાનીઓ આપી રહ્યા છીએ.

(૨) શ્રમણકાળ પછી આપણે પલાયનવાદી દર્શન તરફ વળ્યા. પલાયનવાદી દર્શન એટલે સંસારમાં કશો સાર નથી, ખરો સાર પરલોકમાં જ છે – જેને નિર્વાણ અથવા મોક્ષ કહેવાય છે – તેની પ્રાપ્તિ એ જ માનવજીવનનું પરમ લક્ષ્ય છે, અને જો નિર્વાણ કે મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો તમામ ભોગસુખોનો ત્યાગ કરવો જોઈએ. ભોગસુખોમાં સૌથી પહેલું સુખ સ્ત્રીનું છે અને પછી લક્ષ્મીનું છે, એટલે આ બંને તત્ત્વોને ત્યાગીને દિગંબર અથવા કૌપીનધારી થઈને જીવન જીવવાથી જ મોક્ષ મળે. આ પલાયનવાદ કહેવાય, જે જીવનથી ભગાડે છે અને કલ્પના તરફ દોડાવે છે. સંપૂર્ણ ભોગત્યાગ શક્ય જ નથી. તેમ છતાં ભોગત્યાગી હોવાનો દેખાવ કરવો એ લાંબા ગાળે પાખંડ બની જતું હોય છે. ભોગનાં હજારો મોઢાં છે. એક નહિ તો બીજા મોઢે પણ તે ભોગ ભોગવી લેતો હોય છે. એક મુદ્દો ખાસ યાદ રાખવો જોઈએ કે સંપૂર્ણ ભોગત્યાગીઓ

મોટા ભાગે સાહસી હોતા નથી, પડ્યું જીવન જીવી લેવું એવી વૃત્તિના હોય છે વળી પાછા એવી વૃત્તિને પ્રારબ્ધભોગ અથવા અજગરીવૃત્તિ માનીને પોતાને ધન્ય માનતા હોય છે. આ પલાયનવાદે ભારતના ક્રીમવર્ગને શક્તિહીન બનાવી નિષ્ક્રિય બનાવી દીધો. આપણે સૈનિકો પેદા કરવાની જગ્યાએ સાધુ-ભિક્ષુઓનાં ટોળેટોળાં પેદા કરવા લાગ્યા. કોઈ ખાસ તીવ્ર વૈરાગ્યથી સાધુ કે ભિક્ષુ થાય તેનો વાંધો ન હોય, પણ તેનાં હજારો-લાખોનાં ટોળાં ન હોય. તે તો કોઈ એકલ વીરલો જ હોય. આ વિચારધારાએ ભારતના યુવાનોને સૈનિક થતાં, વૈજ્ઞાનિક થતાં, સાગરખેડુ કે પ્રવાસી થતાં અટકાવ્યા અને નિષ્ક્રિય જીવન તરફ વાળી દીધા.

(૩) ભારતમાં વર્ણવ્યવસ્થાએ યુદ્ધ કરવાનું કર્તવ્ય માત્ર ક્ષત્રિયો ઉપર જ નાખ્યું. બાકીની બધી પ્રજાને શસ્ત્રહીન અને લગભગ વીરતાવિહીન પણ કરી નાંખી. છ ટકા ક્ષત્રિયો યુદ્ધોમાં અને કુરિવાજોમાં ઘસાતા ગયા અને દેશને સૈનિકોની મોટી તાણ ઊભી થઈ, જેથી ભારતમાં બલૂચો, સિંધીઓ, મકરાણીઓ, પઠાણો, ગુરખાઓ વગેરે બીજા પ્રદેશના સૈનિકોને સેનામાં રાખવામાં આવ્યા. એવું કહેવાય છે કે આવા પરપ્રાંતીય સૈનિકો આપણા સૈનિકોની તુલનામાં વધુ કદાવર અને વધુ સક્ષમ રહેતા. આપણા સૈનિકોને અફીણનું ઘોર વ્યસન એટલે અફીણ ખાઈને જ યુદ્ધ કરી શકતા. જો અફીણનો અમલ ઊતરી જાય તો તેઓ લાચાર બની જાય. એટલે પ્રત્યેક સૈનિક પાસે અફીણની ડબ્બી રાખવામાં આવતી. મને યાદ છે કે બચપણમાં મેં ભવાઈ જોયેલી. તેમાં “ડોડિયાજીનું થાણું”નો એક ખેલ આવતો. ડોડિયા રાજપૂતો કેવી રીતે યુદ્ધે ચઢતા અને કેવી રીતે અફીણ ખાતા વગેરે તેમાં બતાવવામાં આવ્યું હતું. અંગ્રેજોના આવ્યા પછી આમાં સુધારો થયો, પણ મૂળ મુદ્દો એ રહ્યો કે લડનારી કોમ માત્ર ક્ષત્રિયો સુધી જ સીમિત રહી. અધૂરામાં પૂરું પરશુરામે એકવીસ વખત ક્ષત્રિયોનો સંહાર કરીને પૃથ્વીને ન-ક્ષત્રી કરી દીધી. જોકે આ કથા બહુ ઐતિહાસિક લાગતી નથી તોપણ, તેમાંથી એટલો તો બોધ નીકળે છે કે પૃથ્વી યોદ્ધાઓ વિનાની થઈ ગઈ, અર્થાત્ યોદ્ધાઓ ઓછા થઈ ગયા. જે હોય તે. દેશ મોટો, પ્રજાની સંખ્યા ઘણી, પણ લડનારા ઓછા. કહેવાય છે કે આજે પણ સેનામાં, ખાસ કરીને વાયુસેના અને જળસેનામાં ઘણાં પદો ખાલી છે. એ માટે પૂરતા સૈનિકો મળતા નથી. દેશ ગમે તેટલો મોટો હોય અને પ્રજા ગમે તેટલી મોટી સંખ્યામાં હોય, પણ જય-પરાજય તો માત્ર ને માત્ર સૈનિકો દ્વારા જ થતો હોય છે. નાનું જાપાન ચીનને જીતી લે અને નાનું ઇઝરાયલ આરબોનાં સોળ રાજ્યોને હંફાવે, એટલે મોટો દેશ કે મોટી પ્રજાથી ફુલાઈ જવાય નહિ. ખરો પ્રશ્ન તમે કેટલા યોદ્ધાઓ પેદા કરી શકો છો તેનો છે.

(૪) ઇચ્છાનો નાશ કર્યા વિના શાંતિ મળે નહિ – આવું બુદ્ધ અને બીજા ઘણા આધ્યાત્મિક ગુરુઓનું કથન છે, એટલે સામાન્ય રીતે ઉપદેશોમાં ઇચ્છાનો નાશ કરવાનું વારંવાર સૂચવવામાં આવે છે. ખરેખર તો આ શાંતિનો માર્ગ વ્યક્તિ અને પ્રજાને કર્તવ્યવિમુખ કરાવનારો પણ થઈ જતો હોય છે. જો આવા શાંતિના માર્ગે રામ-કૃષ્ણ-શિવાજી કે ગાંધીજી ચાલ્યા હોત તો તેમણે જે યુદ્ધો કર્યાં અને વિજય મેળવ્યો તે ન મેળવ્યો હોત. એટલે શાંતિમાર્ગ કરતાં કર્તવ્યમાર્ગને વધુ મહત્ત્વ આપવું જોઈએ. કર્તવ્ય કરતાં-કરતાં કદાચ અશાંતિ ભોગવવી પડે તોપણ તેને સ્વીકારીને ભોગવી લેવી તે તપસ્યા કહેવાય. અને જો પ્રજા ઇચ્છાત્યાગી બને તો-તો મહેચ્છાવાદી બને જ ક્યાંથી? મહેચ્છા વિના અને મહત્ત્વાકાંક્ષા વિના સિકંદર કે નેપોલિયન થવાય નહિ અને તેના વિના મોટાં કાર્યો થઈ શકે નહિ. માનો કે સિકંદર અને નેપોલિયન ભિક્ષુઓ બનીને કોઈ ગુફામાં બેસી ગયા હોત તો તેમણે શું કર્યું હોત? મારી દૃષ્ટિએ તો તેઓ ઝીરો થઈ ગયા હોત. કુદરતે આપેલી મહાન શક્તિઓનો નાશ કરીને, તેમને અવરોધીને શાંત બેસી રહેવું અને રાષ્ટ્રની ઉપેક્ષા કરવી તે માનવજીવનની હત્યા કરવા બરાબર કહેવાય. જીવન અન્યાય અને અત્યાચારો સામે ઝઝૂમવા માટે છે. ઝઝૂમવું અને શાંતિ પામવી – બંને એકસાથે

રહી શકે નહિ, તેથી જેઓ ઝઝૂમવા તૈયાર નથી હોતા તેઓ પલાયનવાદી થઈને અધ્યાત્મની ઢાલ ઓઢી લેતા હોય છે. ભારતમાં મોટા ભાગે આવું જ થયું છે. ચાણક્ય કે સ્વામી રામદાસ સમર્થ જેવી બહુ થોડી વ્યક્તિઓ થઈ છે જેમણે પોતાના અનુયાયીને ઝઝૂમતા કર્યા છે. બાકીના તો 'હું ભાગ્યો એમ તું પણ ભાગ અને ઈકોતેર પેઢીનો ઉદ્ધાર કરી નાખ' તેવી વૃત્તિ-પ્રવૃત્તિ કરનારા થયા છે, જેથી ભારત ગુલામ બન્યું છે. હરણાં ઝઝૂમતાં નથી, ભાગે છે, તેથી કોઈનો શિકાર બનીને ખોરાક બની જાય છે, એમ જે અન્યાય સામે ઝઝૂમનારી પ્રજા નથી હોતી તે વારંવાર ભાગતી રહે છે, મહોલ્લા અને દેશ છોડતી રહે છે અને અંતે શિકારી કૂતરા જેવી ક્રૂર પ્રજાનો શિકાર બનતી રહે છે. તેમની માલમિલકત સલામત નથી રહેતી અને તેમની બહેન-દીકરીઓ પણ સલામત નથી રહેતી. આ બધાનું એક જ કારણ છે કે તે પ્રજા અન્યાય સામે ઝઝૂમી નથી શકતી, શરણાગત થઈ જાય છે.

પ્રસ્તુત પુસ્તકમાં સિકંદર અને નેપોલિયનની જીવનઝાંખી બતાવવાનો પ્રયત્ન થયો છે. જોકે તેમાં ક્ષતિઓ રહી જવા પામી પણ હોય, પણ આ પુસ્તકમાં મારું જે વ્યક્તિગત ચિંતન અને ટિપ્પણીઓ છે તે વધુ મહત્ત્વનાં છે. ચિંતનને આધાર આપવા જીવનચરિત્રોનો આધાર લીધો છે. હું ઇચ્છું કે મારા દેશમાં વધુમાં વધુ લોકો વીર બને, બહાદુર બને, અન્યાય અને અત્યાચારની સામે ઝઝૂમતા થાય અને મહાન પ્રજા તરીકે પોતાનું કાઠું કાઢે. ફરીથી કહું છું કે સંપૂર્ણ ભોગ-ત્યાગ શક્ય જ નથી, બલકે ભોગત્યાગ વ્યક્તિને નમાલી બનાવી દેતા હોય છે. ધર્મ પ્રમાણે માપસર સંયમપૂર્વક ભોગ એ જીવન માટે અમૃત છે, ઔષધ છે અને શાંતિનું પણ કારણ છે. એટલે યુવક-યુવતીઓએ ભોગત્યાગી નહિ પણ સંયમી થવું જોઈએ. તેમનો સંયમ તેમને ઊર્ધ્વરેતા બનાવી શકે છે. સંપૂર્ણ ભોગત્યાગ એટલે સંથારો. સંથારાની પાલખી હોય, પણ જે વિજિગીષુ હોય તેની પાલખી ન હોય પણ પાળિયા હોય. સંથારો મુમૂર્ષુનો હોય અને પાળિયા ધીંગાણે ચઢેલા શહીદના હોય.

હવે મારાથી લખી શકાતું નથી. હાથે ફ્રૅક્ચર થયા પછી લખવાની ક્ષમતા લગભગ સમાપ્ત થઈ ગઈ છે, તેથી આ પુસ્તક લખવામાં આનંદસ્વામી અને સાધ્વી સમર્પણાદેવીએ સારી એવી મદદ કરી છે. હું તેમનો આભારી છું.

પ્રો. પ્રફુલ્લભાઈ મહેતા જોડણી વગેરે સુધારે છે અને લખાણને મઠારે છે તેથી તેમનો પણ આભારી છું. ગૂર્જર પ્રકાશનના શ્રી મનુભાઈ શાહ પણ ધન્યવાદને પાત્ર છે. આ પુસ્તકને દૂર-દૂર સુધી પહોંચાડવા માટે અનેક દાતાઓ પહેલેથી જ તૈયાર રહેતા હોય છે. તેમાં શ્રી લવજીભાઈ બાદશાહ, શ્રી જગદીશભાઈ પટેલ, શ્રી જીવરાજભાઈ ડાંખરા વગેરે પણ સાથ આપે છે. એ સૌનો પણ ખૂબખૂબ આભાર. શ્રી લાભુભાઈ લાખાણી આ પુસ્તકોનો ઑડિયો કરાવીને પેનડ્રાઈવ દ્વારા લોકોને સરળતાથી સાંભળતા કરે છે તે માટે તેમનો પણ આભાર.

અંતમાં, પરમકૃપાળુ પરમેશ્વરનો લાખ-લાખ વાર આભાર! તેની કૃપા અને તેની પ્રેરણાથી જ આ બધું લખી શકાયું છે. આજ સુધી લગભગ બધા ધાર્મિક લેખકોએ પ્રજાને નશો ચડે તેવાં વખાણ કર્યાં છે. અને લોકોને નશો ગમતો હોય છે. મેં નશો ઉતારવાનું કામ કર્યું છે, કારણ કે નશો ઊતરે તો જ સાચી વાત સમજાય. એટલે આવી ક્ષમતા આપવા બદલ પરમાત્માનો હૃદયથી આભાર!

– સ્વામી સચ્ચિદાનંદ

શ્રી ભક્તિનિકેતન આશ્રમ
પેટલાદ - દંતાલી, જિ. આણંદ
ગુજરાત - ૩૮૮ ૪૫૦.
મો. : ૯૪૨૬૩ ૧૩૫૫૧

અનુક્રમ

સિકંદર

૧

કોઈ મહાન રાષ્ટ્રમાં જન્મવું, જીવવું અને મરવું એ જીવનનો સર્વોચ્ચ લહાવે કહેવાય. માણસ અને પૂરી પ્રજા ગૌરવથી જીવે તો જ તેમનાં માથાં ઊંચાં રાખી શકે. ગૌરવ મહાનતા વિના મળતું નથી અને મહાનતા બે રીતે મળતી હોય છે – વંશથી અને કર્મથી. જેને વંશ અને કર્મ બંનેની મહાનતા મળી હોય તે તો વધુ ધન્ય થઈ જાય, પણ જેને બંનેમાંથી એકેથી મહાનતા ન મળી હોય, ન જન્મથી કે ન કર્મથી તેવા લોકો ગૌરવ વિનાનું હાંસિયાનું જીવન જીવતા હોય છે. ગૌરવ મળવું એ અલગ વાત છે, પણ વારસામાં અધમતા મળવી એ મહા દુઃખદાયી છે. જે વ્યક્તિ કે પ્રજાને પરંપરાના વારસામાં અધમતા મળી હોય તે માત્ર હાંસિયાનું જ જીવન ન જીવે, પણ પગ નીચે કચડાતું જીવન જીવે.

રાષ્ટ્ર પ્રજાથી મહાન અને અધમ બનતું હોય છે. જેવી પ્રજા એવું રાષ્ટ્ર. પ્રજાની ગુણવત્તા એ જ રાજની ગુણવત્તા. પ્રજા એ જ રાષ્ટ્રની સીધી ઓળખ કહેવાય. પ્રજા તેને મહાન કહેવાય જે મહાપુરુષોને પેદા કરે. મહાપુરુષોને પેદા કર્યા વિના કોઈ પ્રજા મહાન થઈ શકે નહિ.

મહાનતા મુખ્યત્વે સાત પ્રકારે આવતી હોય છે :

(૧) કલમથી
(૨) તલવારથી
(૩) કલાથી
(૪) સ્થાપત્યથી
(૫) સંતોથી
(૬) વૈજ્ઞાનિકોથી
(૭) તત્ત્વચિંતકોથી.

(૧) જે પ્રજા મહાન કવિઓ, મહાન લેખકો, મહાન સાહિત્યકારો વગેરે પેદા કરે છે તે કલમનું ગૌરવ લઈ શકે છે.

(૨) જે પ્રજા મહાન રાજાઓ, મહાન સેનાપતિઓ, વીર યોદ્ધાઓ પેદા કરે છે એ તલવારનું ગૌરવ લઈ શકે છે.

(૩) જે પ્રજા પીંછી દ્વારા અદ્ભુત ચિત્રો રચનારા ચિત્રકારો પેદા કરે છે તે પણ કલાનું ગૌરવ લઈ શકે છે.

(૪) જે પ્રજા છીણી, હથોડી અને ટાંકણા દ્વારા ભવ્ય સ્થાપત્યો અને ભવ્યાતિભવ્ય શિલ્પો રચનારા સ્થપતિઓ અને શિલ્પકારો પેદા કરે છે એ સ્થાપત્યનું ગૌરવ લઈ શકે છે.

(૫) જે પ્રજા મહાન સંતો પેદા કરે છે તે પણ મહાનતાનું ગૌરવ લઈ શકે છે. મહાન સંતો તેમને કહેવાય જેઓ સાચા ધર્મ માટે સંઘર્ષ કરીને તથા દીન-દુખી-લાચાર માણસોની સેવા કરીને તેમને નવું જીવન આપે. તેમને સાચા સંતો કહેવાય. જે લોકો રંગબેરંગી જુદાજુદા પ્રકારનાં કપડાં પહેરે અથવા જુદા-જુદા પ્રકારનાં તિલક વગેરે કરે અને સામાન્ય લોકોથી પોતાનો અલગ અને વિચિત્ર વેશ બનાવે એટલામાત્રથી કોઈ સંત ન કહેવાય.

(૬) જે પ્રજા મહાન વૈજ્ઞાનિકો પેદા કરે છે તે પણ મહાનતાનું ગૌરવ લઈ શકે. વૈજ્ઞાનિકો તેમને કહેવાય જેઓ નવી-નવી શોધો કરે અને લોકોના પ્રશ્નોને ઉકેલે, લોકોને વધુ ને વધુ સુખસગવડ પૂરાં પાડે તેમને વૈજ્ઞાનિકો કહેવાય.

(૭) જે પ્રજા મહાન દાર્શનિકો, તત્ત્વચિંતકો, ફિલસૂફો પેદા કરે તે મહાનતાનું ગૌરવ લઈ

શકે. જે સાચા તત્ત્વચિંતકો છે તે હંમેશાં વાસ્તવવાદી હોય. જે વાસ્તવવાદી હોય તે જ વાસ્તવિક પ્રશ્નોને ઉકેલી શકે અને પ્રજાને સાચી દિશા બતાવી શકે. જો દાર્શનિકો અથવા વિચારકો કલ્પનાઆધારિત વિચારોને મહત્ત્વ આપે તો તેઓ પ્રશ્નો ઉકેલી શકે નહિ, કારણ કે કલ્પના અને વાસ્તવિકતા જીવનના બે છેડા છે. આવા વિચારકો પ્રજાને ખોટી દિશામાં વાળી દેતા હોય છે, જેથી પ્રજા પ્રશ્નોને ઉકેલ્યા વિના અંધારામાં ફાંફાં મારતી થઈ જતી હોય છે.

આ સાત ક્ષેત્રો સિવાય પણ જીવનનાં ઘણાં ક્ષેત્રો છે, જેમાં વ્યક્તિની મહાનતા ચમકી ઊઠતી હોય છે. જો આ સાતમાંથી એક પણ ક્ષેત્રની મહાનતા પ્રાપ્ત ન કરી હોય તો પ્રજા મહાન બની શકે નહિ અને તેને ગૌરવનું પદ પણ મળી શકે નહિ. ગૌરવ વિના જે ગૌરવની વાતો કરે તે મિથ્યા ગૌરવ હોય. મિથ્યા ગૌરવ અધમતા કરતાં પણ વધારે ઊંધું સાબિત થતું હોય છે.

આ સાત પ્રકારોમાં સૌથી વધુ મહાનતાનું ક્ષેત્ર તલવારનું જ કહેવાય. તલવાર સ્વ-પર બધાને માટે ઇતિહાસ રચે છે. બાકીનાં બધાં ગૌરવો તલવારને અધીન થઈ જતાં હોય છે. સાહિત્યકારો, લેખકો, કવિઓ, દાર્શનિકો, સંગીતકારો, ચિત્રકારો, સ્થાપત્યકારો વગેરે બધા જ રાજ્યાશ્રિત થઈને વિકસતા હોય છે. રાજ્યાશ્રય વિના પણ વિકસનારા કોઈ-કોઈ વીરલા પેદા થતા હોય છે, પણ તેમની સંખ્યા બહુ ઓછી હોય છે.

આપણે એક એવી વ્યક્તિની ચર્ચા કરવા બેઠા છીએ, જેણે માત્ર ૩૨-૩૩ વર્ષની નાની ઉંમરમાં આખા વિશ્વને ખળભળાવી મૂક્યું. આ ૩૨ વર્ષમાં તેને કર્મ કરવાનો યોગ તો માત્ર ૧૨ વર્ષનો જ મળ્યો. ૧૨ વર્ષ સુધી તે સતત યુદ્ધ કરતો રહ્યો અને ગ્રીસથી ભારત સુધીના વિશાળ પ્રદેશ પર વિજય મેળવી તે સમયનું સૌથી મોટું સામ્રાજ્ય ઊભું કરી દીધું. તેનું નામ એલેકઝાન્ડર હતું, પણ આપણે ભારતીયો એને સિકંદર કહીને ઓળખીએ છીએ.

સિકંદરનો જન્મ ઈ. સ. પૂર્વે ૩૫૬ના જુલાઈ મહિનામાં મેસેડૉનિયા પ્રાંતની રાજધાની પેલાનગરમાં થયો હતો. તેના પિતાનું નામ ફિલિપ દ્વિતીય અને માતાનું નામ કોલમ્પીયાસ હતું. ફિલિપ દ્વિતીય મેસેડૉનિયાનો રાજા હતો, પણ દુર્ભાગ્યવશ તેની હત્યા કરી નાખવામાં આવી હતી.

ત્યારે આખું વિશ્વ નાનાં-નાનાં રાજ્યોમાં વહેંચાયેલું હતું, આજના જેવી મહાસત્તાઓ કે વિશાળ સામ્રાજ્યો રચાયેલાં ન હતાં, કારણ કે અઢી-ત્રણ હજાર વર્ષ પહેલાં વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સગવડો ન હતી. વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની પ્રચુર સગવડો વિના વિશાળ સામ્રાજ્યનું સંચાલન કરવું અઘરું થઈ જાય. તેથી આખા વિશ્વમાં નાનાં-નાનાં રજવાડાં પોતપોતાનાં ક્ષેત્રોમાં શાસન કરતાં હતાં. આ રજવાડાંઓને પરસ્પરની સીમાના પ્રશ્નો સહિત બીજા પણ કેટલાય પ્રશ્નો રહેતા અને તેમાંથી ઝઘડા થતા, એટલે એ સમયમાં આખું વિશ્વ નાનાં-મોટાં યુદ્ધોમાં લિપ્ત રહેતું. ક્યાંય સ્થાયી શાંતિ ન રહેતી. જેવું વિશ્વમાં તેવું જ ભારતમાં પણ તે સમયે હતું. ખરેખર તો ચંદ્રગુપ્ત મૌર્ય પછી ભારતમાં મોટાં સામ્રાજ્યો થવા લાગ્યાં. તે પહેલાં ભારતમાં પણ નાનાં-નાનાં રાજ્યો હતાં અને પરસ્પર લડતાં હતાં.

વિશ્વમાં લગભગ દરેક કાળમાં એક ધાક જમાવનારું મોટું રાજ્ય રહેતું આવ્યું છે, જેમ આજે અમેરિકા છે. અઢી-ત્રણ હજાર વર્ષ ઉપર ત્યારે ઈરાનના બાદશાહ 'દરાયસ'ની ધાક હતી. આ પારસી રાજા ઈરાનથી છેક મિસ્ર અને ગ્રીસ સુધી ધાક જમાવતો હતો. એ પછી ગ્રીકોનો વારો આવ્યો. પછી રોમનોનો વારો આવ્યો. પછી સ્પૅનિશો, ફ્રેન્ચો અને છેવટે અંગ્રેજોનો વારો આવ્યો. આમ જુઓ તો અઢી-ત્રણ હજાર વર્ષ જૂનો ઇતિહાસ યુરોપખંડ અને એશિયાખંડ સુધી જ રચાયેલો છે. ત્યારે અમેરિકાની શોધ થઈ ન હતી. આફ્રિકા અંધકારમાં હતો. ઑસ્ટ્રેલિયા પણ શોધ્યા વિનાનો દેશ હતો, તેથી યુરોપ અને ભારત સુધીનો એશિયાખંડ

ઇતિહાસના કેન્દ્રમાં વધુ રહ્યો છે.

આ વખતે જે-જે મહત્ત્વાકાંક્ષી રાજાઓ પોતાના રાષ્ટ્રનો વિસ્તાર કરવા આગળ વધ્યા તે બધાને એક પછી એક નાનાં-નાનાં રજવાડાંઓ સાથે યુદ્ધ કરવાનું થતું. એકને હરાવીને પછી બીજા સાથે લડવાનું થતું. આજના એક જિલ્લા જેટલી ભૂમિનું પણ રાજ્ય રહેતું અને પ્રજા તો સાવ ઓછી રહેતી. એટલે ચઢી આવનારા રાજાઓ માટે યુદ્ધ કરવું સરળ થઈ જતું.

૧૭-૫-૨૦૧૬

૨

વિશ્વના નકશા ઉપર યુરોપ જુઓ અને યુરોપના નકશામાં ગ્રીસ જુઓ. ઈશ્વરકૃપાથી મારે બે વાર ગ્રીસની યાત્રા કરવાનું થયું તેથી તેનાં જૂનાં ઐતિહાસિક ખંડેરો, પ્રજા, તેનાં હજારો વર્ષ જૂનાં સ્ટેડિયમો વગેરે જોવાનું મળ્યું. જોકે આજે આ દેશ આર્થિક અને રાજકીય રીતે દેવાળિયો થઈ ગયો છે અને સાવ તળિયે બેસી ગયો છે, પણ એક સમય હતો, જ્યારે આ દેશ બધા દેશના શિખર ઉપર હતો. અહીં સેંકડો દાર્શનિકો થયા અને હજારો સેનાપતિઓ થયા. આખો દેશ ઇતિહાસથી ભરેલો છે. જેમ સૌરાષ્ટ્રનું એકેએક ગામ પાળિયાઓથી ભરેલું છે, તેમ ગ્રીસ પણ ઘટનાઓથી ભરેલી ભૂમિ છે. આ ગ્રીસના ઉત્તરી ભાગમાં મેસેડૉનિયા નામનો પ્રદેશ હતો, જે પહેલાં યુગોસ્લાવિયાનો ભાગ હતો, પણ માર્શલ ટીટોના ગયા પછી તે સામ્યવાદીઓથી મુક્ત થયો છે. આ જ ભૂમિ ઉપર સિકંદરનો જન્મ થયો હતો. પ્રત્યેક દેશમાં આવેલા તેના જુદાજુદા પ્રદેશ અથવા પ્રાંતોની જુદીજુદી મથરાવટી હોય છે. જેમ કે પંજાબ, બંગાળ, ગુજરાત અને તામિલનાડુની લોકમોઢે જુદીજુદી મથરાવટી માનવામાં આવતી હોય છે. કેટલાક લોકો પોતાના પ્રદેશને મહાન ગણે છે, તો બીજાના પ્રદેશને હલકો ગણે છે. આમાં થોડુંઘણું તથ્ય હોય પણ ખરું, તોપણ આવી પરસ્પરની ચઢઊતરની માન્યતા લોકોમાં સ્થિર થયેલી હોય છે. ગુજરાતમાં કોઈ નોકરી શોધતો આવે અને પોતાની ભૂમિ બિહાર બતાવે તો માણસ વિચાર કરતો થઈ જાય. પ્રદેશની ઊંચી અથવા નીચી પડી ગયેલી છાપ જે-તે પ્રદેશના રહેવાસીઓને ભોગવવી પડતી હોય છે. મેસેડૉનિયા પ્રદેશને ગ્રીસવાસીઓ હલકો અને તુચ્છ પ્રદેશ માનતા. જ્યાંની આર્થિક સ્થિતિ નીચી હોય, શૈક્ષણિક સ્તર ઊતરતું હોય, ભાષા અને સંસ્કૃતિ પણ ઊતરતી હોય, અધૂરામાં પૂરું આવા લોકોની રહેણીકરણી, કપડાં અને ભોજન પણ બીજા કરતાં જુદાં હોય તો તેવા લોકોને ઊતરતા માનવામાં આવે છે. કન્યાની લેવડદેવડમાં પણ આવું ગણિત ગણાતું હોય છે. મેસેડૉનિયાને ગ્રીસના લોકો તુચ્છ માનતા હતા, કારણ કે જેટલો વિકાસ ગ્રીસનો થયો હતો એટલો વિકાસ મેસેડૉનિયાનો થયો ન હતો. વિકાસ એક સતત પ્રક્રિયા છે અને તેમાં જે સૌથી આગળ દોડતો રહે છે તેનું જ માન હોય છે. સૌથી પાછળ રહેનાર પછાત ગણાય છે. ત્યાં એવો રિવાજ હતો કે જ્યાં સુધી છોકરો કોઈ જંગલી સૂવરનો શિકાર ન કરે ત્યાં સુધી તેને ખાટલા ઉપર સૂવાનો અધિકાર ન મળતો. ત્યાં સુધી તે જમીન ઉપર જ સૂઈ જતો અને કોઈ જંગલી સૂવરનો શિકાર કર્યા પછી કોઈ કન્યા તેને પરણતી. આવા પ્રદેશનો રાજા ફિલિપ હતો. રાજા પ્રજાનું ઘડતર કરે છે અને ઘડાયેલી પ્રજા રાષ્ટ્રને મહાન બનાવે છે. ત્યારે પ્રત્યેક રાજાનું સૌથી મહત્ત્વનું કાર્ય યુદ્ધ કરવાનું રહેતું, કારણ કે નાનાં-મોટાં યુદ્ધો ચાલ્યા જ કરતાં. રાજાએ એવી વ્યવસ્થા કરી હતી કે પ્રજામાં અગવડો સહન કરવાની શક્તિ વધે. સગવડભોગી પ્રજામાં સહનશક્તિ ઓછી હોય છે. એટલે ઠંડા પાણીએ નાહવું, આહાર-વિહારની અગવડો ભોગવવી, પત્નીથી દૂર રહેવું અને ઓછામાં ઓછી વસ્તુઓથી જીવન ચલાવી લેવું. આ રીતે ઘડાયેલા તેના સૈનિકો ઓછા ખર્ચાળ અને ભયંકર આક્રાંતા બની જતા. કહેવાય છે કે શિવાજી મહારાજાના મરાઠા સૈનિકો પણ મુઠ્ઠી ચણા ખાઈને યુદ્ધ કરી શકતા. આવું જ વિએટનામના હો-ચી-મીનના સૈનિકો પણ મુઠ્ઠી ચાવલથી ગુજારો કરી લેતા, જેની સામે અમેરિકાના સોલ્જરો સૌથી વધુ ખર્ચાળ અને સગવડભોગી હોય છે. આવા સોલ્જરોને વિએટનામીઓએ બૂટ પહેરવાનો પણ અવકાશ આપ્યા વિના પોતાના દેશથી ભગાડી મૂકેલા.

આ સમયમાં ગ્રીસમાં સ્પાર્ટા અને ઍથેન્સ બે શક્તિશાળી રાજ્યો હતાં. ત્યારે યુરોપમાં નગરરાજ્યોની વ્યવસ્થા ચાલતી હતી. પ્રત્યેક મોટું નગર એક રાજ્ય રહેતું. સ્પાર્ટાવાસીઓ બહુ

બહાદુર અને વીર હતા તેથી આક્રાંતા પણ હતા. તેઓ આજુબાજુનાં રાજ્યો ઉપર અવારનવાર હુમલા કરીને નાનાં-મોટાં યુદ્ધો કરતા રહેતા હતા. પરાક્રમ ચંચળ હોય છે. તેની ચંચળતા આજુબાજુના લોકોને ભોગવવી પડતી હોય છે. પરાક્રમ ઉપર જો ધર્મનું નિયંત્રણ હોય તો જ પરાક્રમમાં ધીરતા, વીરતા, ગંભીરતા આવતી હોય છે. સ્પાર્ટાના લોકોમાં એવો પણ રિવાજ હતો કે જે ખડતલ અને બહાદુર હોય તેને જ જીવવાનો અધિકાર મળે. દુર્બળ કે વિકલાંગ જન્મેલા બાળકને મારી નાખવામાં આવતું, કારણ કે તેનાથી દેશ દુર્બળ બને છે. પ્રત્યેક સાત વર્ષના બાળકને માતાપિતા પાસેથી છીનવી લઈને સરકાર તેની પૂરી જવાબદારી ઉઠાવતી, તેનું શારીરિક, માનસિક અને બૌદ્ધિક ઘડતર કરવામાં આવતું, જેથી તે સારો યોદ્ધો બની શકતો. ૧૭ વર્ષની ઉંમરે તે યોદ્ધો બનતો અને યુદ્ધક્ષેત્રમાં જતો અને ૬૦ વર્ષની ઉંમરે નિવૃત્ત થઈને ઘરે પાછો આવતો. આવી જ સ્થિતિ સ્ત્રીઓની પણ હતી. સ્ત્રીઓ પણ વ્યાયામ કરતી અને શરીરને કસાયેલું અને મજબૂત રાખતી. સ્ત્રીઓ માટે સૌથી મોટી ગાળ ત્યાં ‘કાયરની માતા’ હતી. આ રીતે સ્પાર્ટા જાતિ અને દેશ ખરેખર યોદ્ધાઓનો દેશ બની ગયાં હતાં. આ બંને શક્તિશાળી રાજ્યો મકદુનિયાને (મેસેડૉનિયાને) હલકું અને તેના નિવાસીઓને ઊતરતી પ્રજા માનતા હતા. શક્તિથી ઉપરી પદ મળતું હોય છે. શક્તિ વિનાના લોકો કે રાષ્ટ્રો આપોઆપ બીજા, ત્રીજા કે ચોથા સ્થાને આવી જતા હોય છે. આ રીતે સિકંદર અને તેનો પિતા મકદુનિયાના હોવાથી તેમના પ્રત્યે પેલાં બંને રાષ્ટ્રો ઘૃણાની નજરથી જોતાં હતાં. જન્મજાત ઘૃણા પ્રાપ્ત કરવી તે દુર્ભાગ્ય કહેવાય. તેજસ્વી પુરુષો તેમાંથી છૂટવા માટે સંઘર્ષ કરતા હોય છે. નમાલા લોકો પોતાના ઘૃણિત સ્થાનનો સ્વીકાર કરીને જ્યાં હોય ત્યાં પડ્યાં રહેતા હોય છે. આવી સ્થિતિમાં મકદુનિયાના રાજા ફિલિપને ઍથેન્સ અને સ્પાર્ટા સાથે યુદ્ધ કરીને તેમને હરાવવાના ભારે કોડ હતા, પણ પ્રબળ સેના વિના તે પૂરા થઈ શકતા ન હતા. તેવામાં એને ત્યાં સિકંદરનો જન્મ થયો અને તેને બહુ મોટી આશા બંધાણી ઃ જે કામ હું નથી કરી શકતો તે મારો પુત્ર જરૂર કરશે. મહત્ત્વાકાંક્ષી પિતા પુત્ર પાસે બહુ મોટી અપેક્ષાઓ રાખતો હોય છે. સાચી અપેક્ષા રાખવી તે ખોટું નથી. તેમાંથી પ્રેરણા અને પ્રવૃત્તિ મળતી હોય છે. સિકંદરના પાલનપોષણ માટે તથા શિક્ષણ માટે ફિલિપે બહુ સારી વ્યવસ્થા કરી. બાલ્યકાળમાં ભરપૂર લાડપ્યાર, ભરપૂર પોષક આહાર અને ભરપૂર સારું શિક્ષણ તથા સંસ્કાર મળવાં તે ભાગ્યશાળીની નિશાની કહેવાય. બધાને બધું મળતું હોતું નથી. કશું ન મળ્યું હોવા છતાં પણ જે મહાન બને તે પૂર્વજન્મનો યોગભ્રષ્ટ આત્મા કહેવાય. સિકંદર માટે ડેનિસ નામની નર્સ રાખવામાં આવી. ઊંચાં ઘરોની સ્ત્રીઓને બાળકો તો જન્મે છે, પણ તેમનું પાલનપોષણ તેઓ જાતે નથી કરતી, કોઈ બીજાની પાસે કરાવતી હોય છે. એક માન્યતા એવી પણ છે કે સ્ત્રીઓની ઉપયોગિતા શી? જો રસોઈ તથા ઘરની વ્યવસ્થા પુરુષોને આવડતી હોય તો પછી પરણવાની જરૂર શી? તેમાં પણ જે લોકો રાજામહારાજા કે ધનાઢ્ય-શ્રીમંતો હોય, જેમને ત્યાં અનેક નોકરચાકર સેવા કરતા હોય તેમને સ્ત્રીઓની જરૂર જ શી હોય? એટલે કેટલાક લોકો સ્ત્રીઓને માત્ર બાળકો પેદા કરવાનું મશીન માનીને ઘરની ચાર દીવાલો વચ્ચે જ તેમની પ્રવૃત્તિને સીમિત કરી દેતા હોય છે. આ વ્યવસ્થાની સામે આજે ભયંકર વિરોધ ઊભો થયો છે અને એવો પ્રચાર થઈ રહ્યો છે કે સ્ત્રીઓ માત્ર બાળકો પેદા કરવાનું મશીન નથી તેમજ ચાર દીવાલોમાં પુરાઈ રહેવાનું તેનું સીમિત કાર્યક્ષેત્ર નથી, પણ તે પુરુષ-સમોવડી છે અને જે કામ પુરુષો કરે છે તે બધું કામ સ્ત્રીઓ પણ કરી શકે છે. એટલે તેઓ ચાર દીવાલોથી મુક્ત થઈને ગમે ત્યાં હરીફરી શકે છે અને ગમે તે કાર્ય કરી શકે છે. પ્રાચીન કાળમાં આવી માન્યતા ન હતી, તેથી બાળકો પેદા કરવાં, તેમને પાળવાં – ઉછેરવાં મોટાં કરવાં, ઘર સાચવવું, ઘરની રક્ષા કરવી – આવી બધી જવાબદારીઓ સ્ત્રીઓ ઉપાડતી અને આવાં બધાં કાર્યોને મહાન ગણવામાં આવતાં. બાળકો

પેદા કરવાં, ઉછેરવાં, સંસ્કારી બનાવવાં અને મોટાં કરવાં એ કાંઈ નાનું અથવા તુચ્છ કામ નથી. કૌશલ્યા અને જીજાબાઈએ આ જ કામ કરીને પોતાની મહાનતા અને ઉપયોગિતા સિદ્ધ કરી આપી છે. ઘરને સાચવવું એ કોઈ પેઢીને કે રાજ્યને સાચવવા જેટલું અઘરું કાર્ય છે. આવું કાર્ય કોઈ ડહાપણભરેલી સ્ત્રી જ કરી શકતી હોય છે. જેનું ઘર સચવાયું એનું જીવન સચવાયું. આ રીતે સ્ત્રી ઘર સાચવીને પતિને તથા પરિવારને સાચવતી હોય છે. ઘરની કરોડરજ્જુ તેની આબરૂ છે. આબરૂ સચવાય તેનું જ ઘર સચવાય અને આબરૂ તો સ્ત્રીઓથી જ સચવાતી હોય છે. આટલું મહાન કાર્ય કરનારને ચાર દીવાલમાં પુરાઈ રહેનારી કહેવી અથવા બાળકો પેદા કરનારું મશીન કહેવું એ પાયામાંથી ખોટી વાત છે. જે સ્ત્રીઓ નથી બાળકો સાચવતી કે નથી ઘર સાચવતી ને આખો દિવસ કારણ વિના ફર-ફર કર્યા કરે છે તેમને સુધરેલી કે સ્વતંત્ર થયેલી સ્ત્રી માનવી એ ભૂલ છે. આવી ફરંદી સ્ત્રીઓ જીવનમાં નિષ્ફળ નીવડતી હોય છે, કારણ કે ફર-ફર કરવાથી ચંચળ મન વધુ ચંચળ થતું હોય છે અને ચંચળતાની સીમા પાર કરીને મન અશાંત થઈ જતું હોય છે. ચંચળ મન ઉપર નિયંત્રણ જરૂરી છે. નિયંત્રણ ગુલામીનું પ્રતીક નથી પણ વ્યવસ્થાનું પ્રતીક છે. તેથી નિયંત્રણમુક્ત થવું એનું નામ વિકાસ કે સ્વતંત્રતા નથી, પણ ધર્મ, સમાજ, રાજવ્યવસ્થા, વડીલો વગેરેનાં હિતકારી નિયંત્રણોમાં રહેવું તેને જ વ્યવસ્થા કહેવાય. આવી વ્યવસ્થાથી વ્યક્તિ અને પ્રજા સુખી અને સુરક્ષિત રહેતી હોય છે.

સિકંદરનું બચપણ બહુ લાડકોડમાં વ્યતીત થયું. તેને પ્રાથમિક શિક્ષણ આપવા માટે લેનોટસ નામક શિક્ષકને રાખવામાં આવ્યો. પ્રાથમિક શિક્ષણ પાયાનું શિક્ષણ કહેવાય અને તે બહુ મહત્ત્વનું હોય છે. આપણે સૌએ યાદ રાખવા જેવું છે કે આજથી લગભગ અઢી હજાર વર્ષ ઉપર ન યહૂદી ધર્મ હતો ન ખ્રિસ્તી ધર્મ હતો, ન ઇસ્લામનો ઉદય થયો હતો. હિંદુ ધર્મના મૂળ વેદોનો પ્રચાર ત્યારે યુરોપમાં થયો ન હતો અને તેથી ભારતીય ત્રણેય ધર્મો હિંદુ, બૌદ્ધ, જૈન પણ ત્યાં ન હતા તોપણ ત્યાં મહાભારત જેવા એક મહાકાવ્યનું પ્રચલન હતું. મહાકવિ હોમર દ્વારા રચાયેલું એ મહાકાવ્ય ઘરઘરમાં શ્રુતપરંપરાથી પ્રચલિત હતું. તેમાં વીરગાથાઓ અને યુદ્ધગાથાઓનાં રોમાંચક કાવ્યો હતાં, જે લોકજીભે રમતાં હતાં અને તેમાંથી લોકોને જીવન જીવવાની પ્રેરણા મળતી હતી. ખરેખર તો એ સમયમાં લોકોને એક જ ધંધો હતો અને તે હતો યોદ્ધાનો. આખી પ્રજા સતત યુદ્ધ કરતી રહેતી અને બીજી કેટલીક પ્રજા ખેતીવાડી કરીને આવશ્યકતાઓ પૂરી કરતી. આ કામમાં આખો દેશ રોકાઈ રહેતો હોવાથી અને બીજી કોઈ આવક ન હોવાથી રાષ્ટ્રનું બજેટ યુદ્ધમાં મેળવેલી લૂંટફાટના ધનથી ચાલતું.

સિકંદર થોડો મોટો થયો ત્યારે તેને અરસ્તુ (ઍરિસ્ટોટલ) નામના મહાન વિદ્વાનને સોંપી દેવામાં આવ્યો. સિકંદર અરસ્તુને જીવનભર પોતાના ગુરુ માનતો રહ્યો અને તેમની પાસેથી પ્રેરણા લેતો રહ્યો. કિશોરાવસ્થા એ જીવનનો સાચો ઘડતરકાળ કહેવાય. આ કાળમાં કોઈ મહાન ઘડવૈયાનો યોગ મળી રહે તો તેને ધન્યભાગ્ય કહેવાય. અરસ્તુએ હોમરના કાવ્યના માધ્યમથી અને પોતાના વિચારોના માધ્યમથી સિકંદરનું મહાન ઘડતર કર્યું, જેમ સ્વામી રામદાસજીએ શિવાજી મહારાજનું ઘડતર કર્યું હતું.

સિકંદર જ્યારે સોળ વર્ષનો થયો ત્યારે તેના પિતા રાજા ફિલિપે તેને મેસેડૉનિયાનો રિજેન્ટ બનાવી દીધો. આમ નાની ઉંમરે ઉચ્ચ પદોની પ્રાપ્તિ એ વ્યક્તિની લાયકાત અને ક્ષમતાની નિશાની કહેવાય. કહેવાય છે કે અકબરે તેર વર્ષની ઉંમરે બાદશાહનું પદ સંભાળ્યું હતું એ પછી સિકંદર નાનાં-મોટાં અનેક યુદ્ધોમાં સવારીએ નીકળવા માંડ્યો અને તેણે અનેક યુદ્ધોમાં વિજય પણ મેળવ્યો.

૧૮-૫-૨૦૧૬

૩

જીવનનું ઘડતર વાચનથી, સાંભળવાથી અને અનુભવવાથી થતું હોય છે. જેની પાસે ભરપૂર વાચન હોય, જે નમ્રતાપૂર્વક મહાન વિદ્વાનોનાં ચરણોમાં બેસીને ઘણું સાંભળતો હોય અને જે જીવનને ક્રિયાત્મક રૂપ આપીને ઘણું અનુભવતો હોય તે કદી પણ મૂર્ખ ન હોય. સિકંદરને આ ત્રણેય તત્ત્વો મળ્યાં, એટલે એ બૌદ્ધિક ક્ષમતામાં ઊંચા સ્થાને પહોંચી ગયો. બીજી તરફ નાની ઉંમરથી જ તેણે સક્રિય જીવનમાં ભાગ ભજવવા માંડ્યો, જેથી તેને અનુભવોનું પ્રચુર ભાથું મળતું રહ્યું. જે લોકો બાળકોને કામ કરવા દેતા નથી અને ભણવા પણ દેતા નથી, માત્ર રમવા અને રખડવામાં જ બાળપણ પૂરું કરાવે છે તેઓ તેમને કાચા રહી જવા મજબૂર કરે છે. પૂર્વે કહ્યું તેમ એ સમયમાં સ્પાર્ટા અને ઍથેન્સ ગ્રીસમાં શક્તિશાળી રાજ્ય હતાં. શક્તિ ભાગ્યે જ સ્પર્ધા વિનાની હોય છે. શક્તિને સ્પર્ધામુક્ત બનાવે તેને સંત કહેવાય. શક્તિ હોય અને નમતું જોખે તેને સંત કહેવાય. રાજકારણમાં બધા સંતો નથી હોતા, એટલે શક્તિઓ પરસ્પર ટકરાતી રહે છે. રાજા ફિલિપ લગભગ પૂરા ગ્રીસ દેશ પર સત્તા ચલાવતો હતો, પણ સ્પાર્ટા અને ઍથેન્સ બે રાજ્યો તેને ગાંઠતાં ન હતાં. બીજી તરફ ગ્રીસનું જૂનું અને કાયમી દુશ્મન ઈરાન હતું. ઈરાનનો બાદશાહ જેરેક્સસ અવારનવાર ગ્રીસ ઉપર હુમલા કરતો રહેતો હતો. એવું કહેવાય છે કે સ્પાર્ટા, ઍથેન્સ અને ઈરાન આ ત્રણેય દુશ્મનો સાથે રાજા ફિલિપને કાયમી પનારો પડ્યો હતો. સ્પાર્ટા પાસે ૮૦૦૦ હજારની સેના હતી અને ઍથેન્સ પાસે ૨૦,૦૦૦ હજારની સેના હતી, જ્યારે રાજા ફિલિપ પાસે આટલી સેના ન હતી. ઓછી સેનાથી મોટી સેનાવાળા દેશો સાથે યુદ્ધ કરવું ખતરનાક કહેવાય. બીજી તરફ રાજા ફિલિપને અંદરના દુશ્મનો પણ વધારે હતા. ડિમસ્થિનીઝ નામનો પ્રભાવશાળી નેતા ખૂબ ઊંચી વક્તૃત્વકળાવાળો હતો. તે જ્યારે પ્રવચન આપતો ત્યારે વિરોધીઓ પણ તેને અનુકૂળ થઈ જતા. તે ફિલિપનો પણ વિરોધી હતો. મોટા ભાગે ઉદાત્ત નેતાને ચારેય તરફ સંઘર્ષ કરવો પડતો હોય છે તેમાં આંતરિક સંઘર્ષ તેને વધુ સતાવતો હોય છે.

પૂર્વે કહ્યું તેમ સિકંદરનો જન્મ મેસેડૉનિયાના પેલા નગરમાં ઈ. સ. પૂર્વે ૩૫૬ના જુલાઈ મહિનાના પ્રથમ સપ્તાહમાં રાત્રીના સમયે થયો હતો. જેમ ભગવાન કૃષ્ણ ઘનઘોર રાત્રીએ જન્મ્યા હતા, તેમ સિકંદર પણ આવી ભયંકર ઘનઘોર રાત્રીમાં રાજા ફિલિપને ત્યાં જન્મ્યો હતો. એવું કહેવાય છે કે તેના જન્મની સાથે જ તેમની કુળદેવી દીયાના મંદિરમાં આગ લાગી ગઈ હતી એટલે આ અપશુકનનું નિશાન કહેવાય. બીજી તરફ સિકંદરના જન્મની સાથે જ રાજા ફિલિપને એક પછી એક ઘણાં યુદ્ધોમાં વિજય મળવા લાગ્યો. તે કારણે શુભ શુકન પણ મનાવા લાગ્યાં. જ્યારે કોઈ રાજામહારાજાને ત્યાં કોઈ બાળકનો જન્મ થાય છે ત્યારે તેનું ભવિષ્ય ભાખનારા અનેક જ્યોતિષીઓ આવી જતા હોય છે. ફિલિપને ત્યાં પણ સિકંદરનું ભવિષ્ય ભાખનાર ત્રણ જ્યોતિષીઓ આવ્યા અને લગભગ બધાએ એકઅવાજે કહ્યું કે આ છોકરો વિશ્વસમ્રાટ થવાનો છે. પોતાનાં બાળકોના ઉજ્જ્વળ ભવિષ્યની વાત બધાં માતાપિતાને ગમતી હોય છે. અને ગમતી વાત કહેનારાને દાન-દક્ષિણા સારી મળતી હોય છે.

પૂર્વે કહ્યું તેમ સિકંદરની કિશોર-અવસ્થાનું ઘડતર અરસ્તુ નામના મહાન તત્ત્વચિંતકને સોંપવામાં આવેલું. અરસ્તુએ આપણા મહાભારતકાર જેવા મહાકવિ હોમર લિખિત 'ઇલિયડ' કાવ્યના માધ્યમથી સિકંદરનું ઘડતર કરાવવાનું શરૂ કરેલ. બાળકોનું પ્રારંભિક ઘડતર બહુ નક્કી ન હોવું જોઈએ, પણ ભાવનાત્મક હોવું જોઈએ. જેનાં શ્રદ્ધા અને ભાવના-(લાગણી)નાં તત્ત્વો વધારે હોય એવી કથાઓ અને એવી ગાથાઓ બાળકોને સંભળાવવી જોઈએ. પછી જ્યારે તેનામાં બૌદ્ધિક ક્ષમતા આવે ત્યારે તાત્ત્વિક વિદ્યા આપવી જોઈએ.

એક વાર ઈરાનનો એક રાજદૂત રાજા ફિલિપને મળવા આવ્યો ત્યારે કિશોર સિકંદરે તેની મુલાકાત લીધી. સિકંદરના બૌદ્ધિક પ્રશ્નોથી રાજદૂત અત્યંત પ્રભાવિત થઈ ગયો. સૌને આશા જન્મી કે બાપ કરતાં દીકરો સવાયો થશે. ખરેખર તો બાપ કરતાં અને ગુરુ કરતાં પુત્ર અને શિષ્ય સવાયા જ હોવા જોઈએ.

રાજા ફિલિપને ત્યાં અવારનવાર ઘોડાના સોદાગરો આવતા રહેતા, કારણ કે ત્યારે યુદ્ધનું મુખ્ય પરિબળ અશ્વસેના હતું. એટલે રાજાઓ સારા-સારા અશ્વોને પોતાની અશ્વસેનામાં દાખલ કરતા. એક સોદાગર એક ખાસ પ્રકારનો અશ્વ લઈને વેચવા આવ્યો, જે માત્ર રાજાને જ શોભે તેવો હતો. પણ આ અશ્વ ઉપર કોઈ પણ અશ્વારોહી સવારી કરી શકતો ન હતો. સવાર નજીક જાય કે તરત જ અશ્વ કૂદીને ઊભો થઈ જાય અને તેને બેસવા ન દે. અશ્વ, પત્ની અને પાળેલો કૂતરો જો પૂરેપૂરાં અનુકૂળ હોય તો જ સુખદાયી થઈ શકે. એટલે પ્રાચીન કાળમાં ઉપરી અમલદારને પત્ર લખતાં નીચે લખતો કે 'આપનો આજ્ઞાંકિત ફલાણા, ફલાણા.' આજ્ઞાંકિત થવું બહુ અઘરું કામ છે અને જે આજ્ઞાંકિત થઈ શકે એ જ સાચો સેવક થઈ શકે.

જ્યારે બધા અશ્વારોહીઓ હાર્યા ને થાક્યા ત્યારે સિકંદરે પડકાર ઝીલી લીધો. સિકંદરે ઘોડાને એવી જગ્યાએ ઊભો રાખ્યો, જ્યાં પોતાનો પડછાયો પાછળ પડતો હતો. બધા લોકો આગળ પડછાયો રાખીને દોડીને સવારી કરવા પ્રયત્ન કરતા હતા, પણ અશ્વ પેલા પડછાયાને જોઈને ભડકતો અને ઊભો થઈ જતો. આ વાત કિશોર સિકંદરની સમજમાં આવી ગઈ અને તેથી તેણે પોતાના પડછાયાને પાછળ રાખ્યો અને કશા જ વિરોધ વગર ધડામ દઈને ઘોડા પર સવાર થઈ ગયો. પછી તો તેણે બધાના દેખતાં ઘોડાને ખૂબ જ દોડાવ્યો અને ઘણાં કરતબ બતાવ્યાં, જેથી રાજા સહિત સૌકોઈ રાજી-રાજી થઈ ગયાં. ઘોડો અસવારને લગામ પકડતાં જ ઓળખી લેતો હોય છે. આવી જ રીતે પત્ની પણ પતિને પહેલા દિવસે જ ઓળખી લેતી હોય છે. જો પહેલી છાપ બગડી તો આખું જીવન બગડી જાય તેવી શક્યતા થતી હોય છે. સિકંદરની કુશળતા અને બહાદુરી જોઈને રાજા ફિલિપ પ્રસન્ન થયો. તેણે તેની પીઠ થપથપાવી અને કહ્યું કે 'બેટા, મેસેડૉનિયાનું રાજ તારે માટે નાનું કહેવાય. તું વિશ્વનો સમ્રાટ બનવાને લાયક છે.' સફળતાથી ભરેલાં પરાક્રમો આપોઆપ વડીલોના આશીર્વાદ મેળવી લેતાં હોય છે. સિકંદરને પિતાના આશીર્વાદ મળી ગયા. સિકંદરે પેલા ઘોડાને પોતાને માટે રાખી લીધો. તેનું નામ બુકીફેલસ રાખ્યું અને આ ઘોડા ઉપર ચડીને તેણે કેટલાંય યુદ્ધો જીત્યાં. જેમ મહારાણા પ્રતાપને ચેતક ઘોડો હતો અને ઘાયલ થવા છતાં ચેતકે મહારાણાના પ્રાણ બચાવ્યા હતા, તેવી જ રીતે આ ઘોડાએ પણ સિકંદરના પ્રાણ બચાવ્યા હતા.

હવે સિકંદરની ઉંમર સોળ વર્ષની થઈ ગઈ હતી. યોગાનુયોગ આ જ સમયે રાજા ફિલિપને પડોશી રાજ્યના યુદ્ધમાં જવાનું થયું. રાજ્યની રક્ષા કરવાની પૂરી જવાબદારી સિકંદર પર આવી. સત્તા વૅક્યુમ સહન કરી શકતી નથી. કોઈ પ્રખર અને પ્રચંડ રાજા રાજધાની છોડી રાજ્યનાં કામ માટે બહાર જાય તો દબાયેલા દુશ્મનો વિદ્રોહ કરી શકે છે. એટલે રાજાએ મહત્ત્વના કાર્ય વિના રાજધાની છોડવી ન જોઈએ. ફિલિપના બહાર જવાથી વિરોધી રજવાડાં તથા વિરોધી અમલદારોએ મળીને વિદ્રોહ કરી દીધો અને સત્તા પડાવી લેવાની પૂરેપૂરી કોશિશ કરી, પણ સિકંદરે હિંમતથી બધાનો સામનો કર્યો અને બધાને દબાવી દીધા, એટલું જ નહિ, પણ ફરી કોઈ માથું ઊંચું ન કરે એવો સખત દંડ દીધો. રાજા કઠોરમાં કઠોર અને મૃદુમાં મૃદુ હોવો જોઈએ. કઠોરતા વિના ધાક ન જામે અને જેની ધાક ન જામે તેની સત્તા ન જામે. બીજી તરફ જો રાજા કઠોર જ હોય તો ક્રૂર બની જાય અને ક્રૂર માણસ લોકપ્રિય ન બને, તેથી લોકોનાં મનમાંથી ફેંકાઈ જાય. આ બંને છાપથી બચવા માટે રાજાએ પ્રસિદ્ધ અપરાધીઓ પ્રત્યે કઠોર થવું જોઈએ અને પ્રસિદ્ધ ગુણવાન લોકો માટે કોમળ થવું જોઈએ.

રાજા ફિલિપ અને તેના પુત્ર સિકંદરની મહત્તા દિનપ્રતિદિન વધવા લાગી, તેથી જે વિરોધી વર્ગ હતો તે વધુ વિરોધી થવા લાગ્યો. અંતમાં બંને પક્ષોએ યુદ્ધ કરીને સર્વોપરિતાનો નિર્ણય કરવાનું નક્કી કર્યું. ચિરોનીયા નામક એક રણમેદાનમાં બંને પક્ષોની સેના એકત્રિત થઈ અને યુદ્ધ દ્વારા સર્વોપરિતાનો નિવેડો લાવવા તૈયાર થઈ ગઈ. એક તરફ ફિલિપ અને તેનો પુત્ર સિકંદર હતા, તો બીજી તરફ ઍથેન્સ અને થેબ ક્ષેત્રના યોદ્ધાઓ હતા. આ યુદ્ધને સિકંદરના જીવનમાં બહુ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવ્યું છે. ત્રીસ હજાર પાયદળના સૈનિક અને બે હજાર ઘોડેસવારો સાથે ફિલિપ યુદ્ધ કરવા તૈયાર હતો. બીજી તરફ ગ્રીક સેના પણ તેટલી જ હતી. બંને વચ્ચે બરાબરીનો ખેલ હતો. ભયંકર યુદ્ધ થયું. પણ અંતે સિકંદરની વીરતાથી રાજા ફિલિપનો વિજય થયો. આ યુદ્ધ ૭ ઑગસ્ટ ઈ. સ. પૂર્વે ૩૬8માં થયું હતું. આમાં ઍથેન્સ અને થેબના યોદ્ધાઓ મોટા પ્રમાણમાં માર્યા ગયા હતા, જેની સંખ્યા છ હજારની કહેવાય છે. ત્યારે આવાં યુદ્ધો – દિવસો કે મહિનાઓ સુધી ચાલતાં નહિ પણ કલાકોમાં પૂરાં થઈ જતાં. ટૂંકાં અને નાનાં હથિયારોથી નજીક-નજીકની લડાઈ થતી અને બહુ મોટો રક્તપાત થતો. એવું કહેવાય છે કે પ્રાચીન કાળમાં તલવાર, ભાલા અને તીરકામઠાની લડાઈમાં મરનારા યોદ્ધાઓનો ખર્ચ એક માણસે બે રૂપિયા પડતો પછી બંદૂકો આવતાં બંને વચ્ચેનું અંતર વધ્યું એટલે મરનારા યોદ્ધાનો ખર્ચ એક માણસે બે હજાર જેવો થતો. હવે આજના સમયમાં ઘણાં દૂર-દૂરથી યુદ્ધો થતાં હોય છે અને તેથી મરનારા પ્રમાણે એક માણસે અબજો રૂપિયાનો ખર્ચ આવતો હોય છે. આમ જેમજેમ શસ્ત્રો વિકસતાં ગયાં તેમ-તેમ બંને સેના વચ્ચેનું અંતર પણ લાંબું થતું ગયું અને ખર્ચ પણ વધતો ગયો.

રાજા ફિલિપનો જયજયકાર થઈ રહ્યો હતો. વિજય જયજયકાર વિનાનો થતો નથી અને વિજયને પચાવવો એ પરાજયને પચાવવા કરતાં પણ અઘરી વાત કહેવાય. જેને વિજય પચતો નથી તે વિજયના અજીર્ણથી માંદો થઈને મરી જતો હોય છે. રાજા ફિલિપને પણ વિજયનો મદ ચડ્યો અને તે ચારેય તરફ ઉત્સવો ઊજવવા લાગ્યા. ઉત્સવોમાં રાજાની કાલ્પનિક શૌર્યગાથા ગવાય અને ગાનારાઓને ઇનામ મળે. ઇનામ કવિઓને ખેંચી લાવે અને ઇનામભોગી કવિઓ રાજાઓને સાતમા આસમાને બેસાડી દે, પણ આવા કવિઓ અને આવાં કાવ્યો રાજાના મરી જતાંની સાથે જ મરી જતાં હોય છે. તેઓ અમર નથી હોતાં.

રાજા ફિલિપને શું સૂઝ્યું કે પાછલી જિંદગીમાં સિકંદર જેવો મહાન પુત્ર હોવા છતાં તેણે એક રૂપયૌવના રમણી સાથે લગ્ન કર્યાં. ત્યારે રાજાઓ મન ફાવે એટલી પત્નીઓ, ઉપપત્નીઓ, રખાતો વગેરે રાખતા. બધું બેફામ હતું. કોઈ વ્યવસ્થિત ધર્મ ન હતો. રાજા કહે અને કરે એ જ ધર્મ અને રાજાની સામે કોઈ કશું બોલી શકે નહિ. એટલે બધા મંત્રીઓ, બધા સેનાપતિઓ અને બધા નાગરિકોએ મળીને નવી રાણીનું ભવ્ય સ્વાગત કર્યું. રાજા આટલેથી જ અટક્યો નહિ. તેણે જાહેરાત કરી કે નવી રાણીથી જે પુત્ર થશે તે જ મારી ગાદીનો વારસદાર પણ થશે. આમ એણે સિકંદરને ત્યાજ્ય પુત્ર બનાવી દીધો. તેણે સિકંદર અને તેની માતાનું અપમાન કર્યું. અહીંથી રાજાનું પતન શરૂ થઈ ગયું. રાજાના નિર્ણયથી સિકંદર ક્રોધે ભરાયો, પણ પિતાની મર્યાદા રાખીને તે સમસમી રહ્યો. એક વાર નશામાં ચકચૂર થઈને ફિલિપે તલવારથી સિકંદર ઉપર હુમલો કરવા પ્રયત્ન કર્યો, પણ સિકંદરે પોતાનું રક્ષણ કરી લીધું. તેને લાગ્યું કે હવે અહીં રહેવું મારા માટે સલામત નથી, એટલે પોતાની માતા સાથે તેણે સ્થળાંતર કરી લીધું. કુશળ અને ચતુર રાજનેતાએ સ્વરક્ષા માટે જરૂર પડે ત્યારે આવું સ્થળાંતર કરવું જોઈએ અને ગુપ્તવાસની જરૂર પડે તો ગુપ્તવાસ પણ કરવો જોઈએ. સમયની રાહ જોઈને ફરી જ્યારે યોગ્ય અને અનુકૂળ સમય આવે ત્યારે પ્રગટ થઈને પોતાનું કાર્ય સિદ્ધ કરવું જોઈએ. કહેવાય છે કે એક વાર રાજા ફિલિપ નાટક જોવા જઈ રહ્યો હતો ત્યારે પોએસેનિયસ નામની એક વ્યક્તિએ

તેની હત્યા કરી નાખી. રાજા ફિલિપમાં પાછળથી કેટલાક દોષો આવ્યા તોપણ તેણે પોતાના રાષ્ટ્રને એકજૂટ કરવામાં અને બળવાન બનાવવામાં બહુ મોટો ફાળો આપ્યો કહેવાય.

૧૮-૦૫-૨૦૧૬

૪

બધા માણસો ઇમારતો બાંધી શકતા નથી. જેના બાંધકામમાં ભવ્યતા ન હોય તેને ઇમારત કહેવાય નહિ. ઝૂંપડપટ્ટીને ઇમારત ન કહેવાય. આખા ગામમાં કે આખા નગરમાં ગણીગાંઠી જ ઇમારતો હોય છે. ઇમારતો રચવી એ બધાની ક્ષમતામાં ન આવે. સામાન્ય લોકો ઝૂંપડી અને ઇમારતોની વચ્ચે પોતપોતાની કક્ષા પ્રમાણે રહેતા હોય છે. પણ ઇમારત રચવામાત્રથી કામ પૂરંુ થઈ જતું નથી. ખરું કામ તો ઇમારત રચાયા પછી શરૂ થતું હોય છે. મોટા ભાગે ઇમારત રચનારો પાછલી જિંદગી સુધી પહોંચી ગયો હોય છે અને હવે તેની સામે સૌથી મોટો પ્રશ્ન વારસદારનો હોય છે. વારસદાર વિનાની ઇમારત સુખનું નહિ પણ ચિંતાનું કારણ બની જતી હોય છે. જેને કોઈ વારસદાર જ ન હોય તેનો વારસો લેવા માટે અનેક લોકો વારસદાર થઈ જતા હોય છે. આ રીતે પહેલાં ખટપટ અને પછી સંઘર્ષ ફેલાઈ જતાં હોય છે. કેટલીક વાર ઇમારતના સાચા વારસદારનો નિર્ણય કરવા માટે વર્ષોનાં વર્ષો વીતી જતાં હોય છે અને ત્યાં સુધીમાં ઇમારત પોતે પણ ખંડેર બની જતી હોય છે. પ્રાચીન કાળમાં આજના જેવાં ન્યાયાલયો ન હતાં. 'મારે તેની તલવાર' હતી. બધા નિર્ણયો તલવારથી થતા, એટલે ઇમારતોના ચોક અને ઓરડાઓ વારંવાર લોહીનાં ખાબોચિયાંથી ખરડાઈ જતા. તેમાં પણ રાજામહારાજાઓની દશા તો બહુ જ વિકટ અને ભયંકર હતી.

રાજા ફિલિપે અનેક યુદ્ધો કરીને પોતાના રાજ્યની ભવ્ય ઇમારત ચણી કાઢી હતી, પણ પાછલી જિંદગીમાં બે મોટી ઘટનાઓએ ઇમારતના પાયાને હચમચાવી નાખ્યા. એક તો તેણે અનેક રાણીઓ હોવા છતાં નાની ઉંમરની રૂપાળી રમણીને પત્ની બનાવી. જે ભૂલ રાજા દશરથે કૈકેયી સાથે લગ્ન કરતાં કરી હતી તે જ ભૂલ રાજા ફિલિપે પણ કરી. નવી પત્નીનો પુત્ર જ વારસદાર થાય તેવી ભૂલભરેલી કબૂલાત કરીને બહાદુર સિકંદરનું પત્તું કાપી નાંખવાનો તેણે પ્રયત્ન કર્યો. પણ રાજાની હત્યા થઈ ગઈ અને રાજગાદીમાં શૂન્યતા આવી ગઈ, એટલે એક પળનો પણ વિલંબ કર્યા વિના સિકંદર રાજધાની પહોંચી ગયો અને કોઈની પણ પરવા કર્યા વિના સ્વયં ગાદીએ બેસી ગયો. એક વાર ગાદીએ બેસો એટલે તમામ સમર્થકોની લાઈન લાગે, પણ જો તમે ગાદીથી દૂર હો તો જે સમર્થકો હોય તે પણ તમારાથી દૂર ભાગવા લાગે. સિકંદર જ્યારે ગાદીએ બેઠો ત્યારે તેની ઉંમર ૨૦ વર્ષની હતી. ઈ. સ. પૂર્વ ૩૩૬માં તે મકદુનિયાનો રાજા થયો. બધા જ સિકંદરથી પ્રભાવિત થયા, દબાઈ ગયા. જે બે-ચાર વિરોધ કરનાર હતા તેઓ પણ ઢીલા પડી ગયા. શક્તિ કેટલીક વાર ક્રિયારૂપથી પ્રગટ થતી હોય છે, તો કેટલીક વાર માત્ર પ્રદર્શનથી જ કામ પતી જતું હોય છે. જેમ કે અશાંત ક્ષેત્રમાં સૈનિકોની પરેડ કરાવવા-માત્રથી તોફાની તત્ત્વો ચૂપ થઈ જતાં હોય છે.

આંતરિક શાંતિ હોવા છતાં પણ ચારેય તરફનાં નાનાં-મોટાં આદિવાસી રજવાડાંઓએ માથું ઊંચક્યું અને સિકંદરની પકડમાંથી છૂટીને સ્વતંત્ર થઈ જવાની ઘોષણા કરી દીધી. એક પળનો પણ વિલંબ કર્યા વિના સિકંદર આવી જનજાતિઓ ઉપર તૂટી પડ્યો અને ડેન્યુબ નદીના તટ ઉપર ભયંકર યુદ્ધ ખેલીને બધાને હરાવી દીધા અને ભયંકર દંડ દીધો. કહેવાય છે કે સિકંદરે હારેલા થેબવાસીઓના એક પણ ઘરને સાબૂત રહેવા દીધું નહિ. લગભગ દસ હજાર યોદ્ધાની કતલ કરીને ત્રણ હજાર યોદ્ધાને ગુલામ બનાવી વેચી દીધા. ત્યારે ગ્રીસમાં પણ ગુલામપ્રથા હતી અને ગુલામોનાં ખરીદવેચાણ માટેની ગુજરી ભરાતી. કહેવાય છે કે થેબ જાતિમાં એક ઘણો અમીર પુરુષ હતો. તેની હત્યા થઈ ગઈ, પણ તેની અત્યંત રૂપાળી પત્ની જીવિત રહી ગઈ. રૂપાળી સ્ત્રી પતિ વિના અથવા વડીલો વિના સુરક્ષિત રહી શકતી નથી, તેથી તેને લાગ્યું કે આ લોકો મને પણ લૂંટી લેશે. તેણે પોતાનું બધું ધન આંગણામાં બનેલા કૂવામાં ફેંકી દીધું.

સિકંદરના સૈનિકોએ આવીને તે સ્ત્રીની આબરૂ તો લૂંટી જ, પણ ધન બતાવવા માટે તેના ઉપર જુલમ કરવા લાગ્યા. સ્ત્રી પોતે પોતાની આબરૂ મોટા ભાગે બચાવી શકતી નથી, તેથી તેને અબળા કહેવાય છે. પણ જો કોઈ પ્રબળ પુરુષનો સાથ હોય તો તે સિંહણ બનીને પ્રબળા પણ થઈ શકે છે. તેના ઉપર બહુ જુલમો કર્યા એટલે તે માની ગઈ કે મેં મારું બધું ધન આ કૂવામાં નાંખ્યું છે. કૂવામાંથી ધન કાઢવા માટે સિકંદરના માણસો અંદર ઊતર્યા એટલે પેલી સ્ત્રીએ ઉપરથી પથ્થર નાખીને બધાને ડુબાડી દીધા. આ અબળાની પ્રબળતા કહેવાય. સિકંદર દૂર બેઠો-બેઠો આ બધું જોતો હતો. તેણે પેલી રમણીને બોલાવી બધું પૂછ્યું અને અંતે તેને માફ કરી જીવતદાન દીધું. આ રીતે આ યુદ્ધમાં ઘણા લોકોને ગુલામ બનાવી, હરાવી, વિજય મેળવી, સિકંદર એકવીસ વર્ષની ઉંમરે આખા ગ્રીસનો સેનાપતિ બની ગયો. હવે વિરોધીઓ પણ તેને અનુકૂળ થવા લાગ્યા.

રાજકીય ક્ષેત્ર અને શાંતિ બંને કદી સાથે રહેતાં નથી, તેથી શાંતિની ઇચ્છા કરનારા રાજ્ય ત્યાગીને સાધુ-સંન્યાસી કે જોગી થઈ જતા હોય છે. પણ આ જીવનનો એક પ્રકારનો પલાયનવાદ જ કહેવાય. સાચો ધર્મ ઝઝૂમવાનું શીખવે, ભાગવાનું નહિ. ભાગે તેને ભગવાન ન મળે. સિકંદરના વિજયથી લોકો દબાયા તો ખરા, પણ કેટલાક જૂના દુશ્મનો રાહ જોઈને બેઠા હતા કે જો કોઈ નવી તક મળે તો સિકંદરને ઉથલાવી દેવાય. નાનાંનાનાં રજવાડાંઓ જીત્યા પછી સિકંદરની સામે સૌથી મોટો પ્રશ્ન ઈરાનનો હતો. ઈરાન તે સમયે સૌથી મોટું સામ્રાજ્ય હતું અને ઠેઠ રોમ સુધી તેનો ઝંડો ફરકતો હતો. સિકંદરે ઈરાન પર આક્રમણ કરીને વિજય મેળવવાની યોજના બનાવી. જ્યારે તે ઈરાન જીતવા માટે રાજધાનીથી નીકળ્યો ત્યારે તેની પાસે માત્ર એક મહિનાના જ ખર્ચની જોગવાઈ હતી. તેમાં પણ તેણે કોઈ શાહુકાર પાસેથી ૨૦૦ ટેલેન્ટ ઉધાર લીધા હતા. આ રીતે કશી પૂરી તૈયારી કર્યા વિના નીકળવું એ એક પ્રકારની મૂર્ખામી જ કહેવાય. યુદ્ધો બહુ ખર્ચાળ હોય છે અને તેમાં પાણીની માફક પૈસો વપરાતો હોય છે. જે વ્યક્તિ દેવું કરીને યુદ્ધ કરવા નીકળે તેની બુદ્ધિ ઉપર લોકો હસે નહિ તો બીજું શું કરે? પણ સિકંદર બહુ મોટો આશાવાદી હતો. તેને આશા હતી કે જેમ-જેમ આગળ વધીશ તેમ-તેમ મારો ખજાનો ભરાતો જશે.

સિકંદર એકવીસ વર્ષનો થયો હતો, પણ હજી સુધી તેને એક પણ સંતાન થયું ન હતું. યુદ્ધમાંથી કોઈ જીવતો પાછો ફરે તેની કશી ખાતરી હોતી નથી. મોટા ભાગે યોદ્ધાઓ અલ્પજીવી હોય છે અને યુદ્ધમાં કમોતે મરતા હોય છે. જો સિકંદર યુદ્ધમાં મરી જાય તો ગાદીના વારસાનું શું થાય? એટલે રાજધાનીના કેટલાક ડાહ્યા નગરવાસીઓ સિકંદરની પાસે ગયા અને જ્યાં સુધી સંતાન પેદા ન થાય ત્યાં સુધી યુદ્ધે નહિ ચઢવું એવી સલાહ આપી. કુદરત જીવનના મહત્ત્વના પ્રશ્નોનો ઉકેલ પોતે આપે છે. જે પ્રશ્નો કુદરતથી ઊભા થાય છે એ પ્રશ્નનો ઉકેલ પણ કુદરત આપે છે. જે પ્રશ્નો મનુષ્યો ઊભા કરે છે તેનો ઉકેલ મનુષ્યોએ શોધવાનો હોય છે. જીવસૃષ્ટિ-માત્રનો મહત્ત્વનો પ્રશ્ન વારસદારનો હોય છે. દરેક જીવ પોતાની પાછળ પોતાનો વારસદાર મૂકતો જવા માગે છે. તેથી કુદરતે જીવસૃષ્ટિને નર અને માદાના રૂપમાં વિભાજિત કરી અને બંનેના સંયોગથી વારસદારની ઉત્પત્તિ પણ કરી બતાવે છે. લગભગ બધા નરો અને બધી માદાઓ આ કામમાં સતત લાગ્યાં રહે છે તોપણ આ બધાંમાં બધાંનાં રજ અને વીર્ય સરખાં નથી હોતાં. કેટલાક કરોડોમાં એક હોય છે તો કેટલાક કોડીના હજાર હોય છે. કોડીના હજારના વારસદારો વધે તો પોતાના રાષ્ટ્રની કક્ષા તથા સમાજની કક્ષા નીચી આવી જાય, તેથી જે સર્વોચ્ચ રજ-વીર્યવાળાં નરમાદા હોય તેમનો વંશ વધુમાં વધુ ફળેફૂલે અને વિકસે તો રાષ્ટ્ર અને સમાજ ઊંચી કક્ષાનાં બને. સિકંદર જેવી વિભૂતિ ઘરઘરમાં પેદા ન થાય. આવી વિભૂતિના બીજને સાચવવું જોઈએ. એટલે ડાહ્યા નગરવાસીઓની પ્રાર્થના યોગ્ય જ હતી. તેમ છતાં

સિકંદર લોકોની પ્રાર્થના તરફ ધ્યાન આપ્યા વિના પોતાની કુળદેવીની પૂજા કરીને પોતાના ધ્યેય માટે આગળ નીકળી પડ્યો. ગ્રીસની રક્ષા માટે તેણે એન્ટીપીટર નામના અધિકારીને નિયુક્ત કર્યો. જો આવી યોગ્ય નિયુક્તિ ન કરી હોય તો સત્તાનું વૅક્યુમ થઇ જાય અને કોઇ દુશ્મન એ વૅક્યુમ પૂરીને સત્તા પોતાના હાથમાં લઈ લે એટલે બધી વ્યવસ્થા પૂરી કરીને પછી જ નીકળવું જોઈએ. સર્પ જ્યારે કોઈ દુશ્મન સાથે યુદ્ધ કરે છે ત્યારે પોતાના આખા શરીરને કુંડલી મારી દે છે, કારણ કે તેને માત્ર મોઢું જ સાચવવાનું નથી હોતું, પણ પૂંછડું પણ સાચવવાનું હોય છે. રાજાએ પણ દૂરદૂરના યુદ્ધે ચડતાં પહેલાં પોતાના પૂંછડાની રક્ષા કરીને જ આગળ વધવું જોઈએ.

૧૯-૫-૨૦૧૬

૫

યુદ્ધોથી પ્રશ્નો ઉકેલાય પણ છે અને ઊભા પણ થાય છે. કેટલાંક યુદ્ધો અનિવાર્ય હોય છે. તે કરીને જૂના પ્રશ્નોનો ઉકેલ લવાતો હોય છે, તો કેટલાંક યુદ્ધો ટાળી શકાતાં હોય છે. યુદ્ધો ટાળીને પણ સંધિ દ્વારા ઉકેલો લાવી શકાતા હોય છે. જે મહાન રાજા હોય છે તે નાછૂટકે જ યુદ્ધ કરતો હોય છે, કારણ કે યુદ્ધો બહુ ખર્ચાળ અને બહુ વિનાશકારી થતાં હોય છે. જ્યારે કોઈ રીતે પ્રશ્નનો નિવેડો ન આવે ત્યારે જ યુદ્ધ કરવું જોઈએ પણ આવું યુદ્ધ શાંતિકાળમાં ભરપૂર તૈયારી કરી રાખનાર રાજા જ કરી શકતો હોય છે. જેઓ શાંતિકાળમાં ભરપૂર તૈયારી નથી કરતા અને પછી છેવટમાં ઉતાવળ કરીને યુદ્ધે ચઢતા હોય છે તેઓ મોટા ભાગે હારી જતા હોય છે. એટલે યુદ્ધ હોય કે ન હોય પણ યુદ્ધની તૈયારી તો હંમેશાં કરતા જ રહેવી જોઈએ. કેટલાક લોકો યુદ્ધઘેલા હોય છે. તેઓ વગર કારણે ગમે ત્યારે ગમે તેની સાથે યુદ્ધ કરી બેસતા હોય છે. આવા ચંચળ અને અશાંત લોકોને નાથવા બહુ જરૂરી હોય છે.

ગ્રીસનો કાયમી પ્રશ્ન ઈરાનનો હતો. ઈરાન બહુ શક્તિશાળી રાષ્ટ્ર હતું અને તેનો બાદશાહ વિસ્તારવાદી હતો, તેથી એ લગભગ દર વર્ષે ગ્રીસ ઉપર નાના-મોટા હુમલા કરતો અને થોડીઘણી જમીન પડાવી લેતો. આ રીતે કાયમી દુશ્મનથી છુટકારો મેળવવો એ ગ્રીસ માટે જરૂરી હતું. સ્વરક્ષણનો સૌથી પ્રબળ ઉપાય આક્રમણ છે. શત્રુ આક્રમણ કરે તેની રાહ જોઈને બેસી રહેવું અને પછી સામનો કરવો એ સ્વરક્ષણનો સાચો ઉપાય ન કહેવાય. શત્રુની દાનત પારખીને એ હુમલો કરે તેના પહેલાં જ તેના ઉપર પોતાની અનુકૂળ જગ્યાએ અને અનુકૂળ સમયે હુમલો કરી દેવો એ સ્વરક્ષણનો સાચો ઉપાય કહેવાય. ખરેખર તો શત્રુપક્ષને પૂરેપૂરી તૈયારી કરવાનો સમય જ ન આપવો અને ત્વરિત વેગથી તેના ઉપર તૂટી પડવું એ જ સ્વરક્ષણની સાચી પદ્ધતિ કહેવાય. આ માટે સિકંદરે બાર હજાર પાયદળના સૈનિકો તથા દોઢ હજાર અસવાર સૈનિકો તૈયાર કર્યા અને એક મહિનાનો ખોરાક સાથે લઈને માત્ર બસો સુવર્ણમુદ્રાઓની ઉધાર મૂડીથી આટલું મોટું સાહસ કર્યું. સતત એકવીસ દિવસ સુધી ચાલ-ચાલ કરીને અંતે સિકંદરનું આખું કટક 'ડાર્ડેબેલીસ' નામની નદીના કિનારે પહોંચ્યું. આ નદી ચાલીસ માઈલ લાંબી અને સાડાચાર માઈલ પહોળી હતી. તેને પાર કરવા માટે સિકંદરને તૈયાર પુલ મળી ગયો. ખરેખર તો વર્ષો પહેલાં ઈરાનના બાદશાહ જેરેક્સસે ગ્રીસ ઉપર હુમલો કરવા માટે આ પુલની રચના કરી હતી. દુશ્મને બનાવેલો પુલ હાથમાં આવી જાય પછી શું કહેવું? જેમ શ્રીરામે લંકા જતાં પહેલાં સમુદ્ર ઉપર પુલ બાંધ્યો હતો અને રામેશ્વરની પૂજા કરી હતી, તેમ સિકંદરે પણ પોતાની કુળદેવીની પૂજા કરી. મહાન કાર્યો કરનારા મોટા ભાગે નાસ્તિક નથી હોતા, કેટલાક તો પ્રખર આસ્તિક પણ હોય છે. તેમની દૃઢ શ્રદ્ધા એમને બહુ મોટું બળ પૂરું પાડે છે. સિકંદરે આ નદીને પાર કરવા માટે એકસો સાઠ મોટાંમોટાં જંગી જહાજો બનાવીને સાથે લીધાં હતાં. નદી પાર કરીને સિકંદરે સેનાની બધી જવાબદારી પરમીની નામના સેનાપતિને સોંપીને પોતે ટ્રાય નામના જૂના નગરમાં જૂના યોદ્ધાઓની સમાધિનાં દર્શન કરવા નીકળી પડ્યો. યુરોપની યાત્રા વખતે મને પણ આ ટ્રાયનગરનાં દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું હતું તેની ઘણી વાતો છે, પણ અહીં લખવી યોગ્ય નથી. પ્રાચીન કાળમાં એચીલીસ નામના મહાન સેનાપતિએ અહીં ભયંકર યુદ્ધ કરેલું અને અનેક યોદ્ધાઓને છુપાવનારો લાકડાનો દરવાજો બનાવેલો, જેનું પ્રતીક આજે પણ ઊભું રાખેલું છે. મહાપુરુષો હંમેશાં શહીદ થયેલા કે દિવંગત થયેલા મહાપુરુષોને માન આપતા હોય છે. માન આપે તે મહાન હોય; અપમાન આપનારા કદી મહાન થઈ શકે નહિ. સિકંદરે ટ્રાયનગરમાં સમાધિઓનાં દર્શન કર્યાં, જૂનાં શસ્ત્રો જોયાં, તેમાંથી કેટલાંક લીધાં અને કેટલાંક પોતાનાં પણ મૂક્યાં.

હવે તે ઈરાન તરફ આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યો હતો એવામાં સમાચાર મળ્યા કે ઈરાનની સેના ગ્રેનીકસ નદીની સામે પાર આવીને સામનો કરવા ઊભી છે. કુશળ રાજા સામે ચાલીને શત્રુનો સામનો કરતો હોય છે, શત્રુ રંજાડ કરતો-કરતો પોતાના નગર સુધી પહોંચે તેની રાહ જોતો નથી. ઈરાનીઓ પાસે બહુ મોટી સેના હતી, બહુ મોટાં સાધનો તથા શસ્ત્રો હતાં એટલે સિકંદરને મચ્છરની માફક રગદોળી નાખવાની તેનામાં ભારે હિંમત હતી. પણ ઈરાનીઓ પાસે અનુશાસનપૂર્વકનું ચુસ્ત શાસન ન હતું. માત્ર મોટાં સાધનોથી જ યુદ્ધ જીતી શકાતું નથી, પણ અનુશાસન અને વ્યૂહ દ્વારા જ યુદ્ધ જીતી શકાતું હોય છે. ઈરાનની પાસે વીસ હજારનું પાયદળ અને વીસ હજાર અશ્વારોહી સૈનિકો હતા.

બંને સેનાઓ આમનેસામને ઊભી થઈ ગઈ હતી. વચ્ચે નદી હતી. સિકંદર તત્કાળ હુમલો કરવા માગતો હતો, જ્યારે તેનો સેનાપતિ પરમીની થોડા સમય પછી હુમલો કરવા માગતો હતો. સિકંદરે સેનાપતિની ઉપેક્ષા કરીને તત્કાળ હુમલો કરવાની યોજના બનાવી લીધી. તેણે પોતાની સેનાને આઠ ટુકડીઓમાં વહેંચી દીધી અને પ્રત્યેકનો અલગઅલગ સેનાપતિ બનાવી દીધો. સિકંદર સેનાના જમણા ભાગે અને સેનાપતિ પરમીની ડાબા ભાગે રહીને સેનાનું સંચાલન કરતા હતા. સામાન્ય રીતે એવો અનુભવ થયો છે કે જે લોકો ઘણા રુઆબ અને ઘણા વૈભવ સાથે પોતાની કન્યાને પરણાવતા હોય છે તે કન્યા સાસરાપક્ષમાં સુખી થતી હોતી નથી. આવી જ રીતે જે લોકો ઘણા અહંકાર સાથે અનેકગણું વિશાળ સૈન્ય લઈને લડવા જતા હોય છે તેઓ મોટા ભાગે હારી જતા હોય છે. કાર્યની સફળતામાં કાર્યકર્તાની નમ્રતા, વિનય, વિવેક મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. બંને સેનાઓ સામસામે યુદ્ધ કરવા લાગી અને જોતજોતાંમાં સિકંદરની સેના નદી પાર કરી પેલી તરફ પહોંચી ગઈ. પ્રાચીન કાળમાં રાજા અને સેનાપતિ જાતે યુદ્ધ કરવા જતા અને સેનાની મોખરે રહીને વીરતાપૂર્વક યુદ્ધ કરતા, તેથી ફાયદો એ થતો કે તેમને જોઈને સેનાને જુસ્સો ચડતો, પણ આ પદ્ધતિમાં નુકસાન એ થતું કે જો રાજા કે સેનાપતિ હારી જાય કે મરી જાય તો પૂરી સેનામાં ભંગાણ પડી જતું. પાછળથી અંગ્રેજી પદ્ધતિનાં યુદ્ધોમાં રાજા કે સેનાપતિ યુદ્ધ કરવા કદી અગ્રિમ મોરચે જાય જ નહિ ને તેના કાર્યાલયમાં બેઠોબેઠો વ્યૂહ રચતો અને કયા મોરચે શું કરવું તેના હુકમ આપતો, જેથી હારી જવાય તોપણ પૂરી સેના હારે નહિ. આવાં યુદ્ધો લાંબો સમય ચાલતાં અને સેના આગળપાછળ થયા કરતી. હવે લગભગ પૂરા વિશ્વમાં આ જ પ્રકારનાં યુદ્ધો થાય છે.

સિકંદર ઈરાનની સેના સાથે જ્યારે ઘમાસાણ યુદ્ધ કરી રહ્યો હતો ત્યારે તેના હાથમાંનું શસ્ત્ર તૂટી ગયું. શસ્ત્રો અને સૈનિકોની કસોટી યુદ્ધમાં જ થતી હોય છે. જે શસ્ત્રો જલદી તૂટતાં નથી કે વળતાં નથી કે જેની ધાર બુઠ્ઠી થઈ જતી નથી તેવાં શસ્ત્રો વધુ ઉપયોગી થતાં હોય છે. વધુ કિંમત આપીને પણ સેનાપતિઓ આવાં શાસ્ત્રો ખરીદતા હોય છે. કેટલીક વાર સસ્તાં શસ્ત્રો લેવાનું આકર્ષણ થાય, પણ ખરા સમયે તેનો પૂરેપૂરો ઉપયોગ ન કરી શકાય તો તેવાં શસ્ત્રો દગાબાજ સાબિત થાય. દગાબાજ સૈનિકો અને દગાબાજ શસ્ત્રાો યુદ્ધને પરાજયમાં ફેરવી દેતાં હોય છે. જેમ કે ભારતનાં મિગ વિમાનો. સિકંદરનું શસ્ત્ર તૂટી જવાથી તે શસ્ત્ર વિનાનો થઈ ગયો. આ તકનો લાભ લઈને એક ઈરાની સૈનિક તેની હત્યા કરવા તેના ઉપર તૂટી પડ્યો. પેદલ સૈનિકો બખ્તર પહેરીને યુદ્ધ કરતા હોય છે. પશ્ચિમનાં અને આપણાં બખ્તરોમાં ત્યારે મુદ્દાનો ભેદ હતો. પશ્ચિમનાં બખ્તરો માથે લોખંડની ટોપી સાથે નાક, કાન, ગાલ વગેરે ઢાંકનારાં તથા ગરદનના પાછલા ભાગને પણ ઢાંકનારાં રહેતાં, જ્યારે ભારતનાં બખ્તરો માત્ર ધડ અને માથું ઢાંકનારાં રહેતાં, જેથી બાકીના કોમળ ભાગો ઉપર સરળતાથી હુમલો કરી શકાતો. એમ પ્રસિદ્ધ સેનાપતિ હેમુ વિજયના આરે પહોંચ્યો હતો, પણ સામેથી એક તીર આવ્યું અને તેની આંખમાં પેસી ગયું. તે ઢળી પડ્યો. મહાવત હાથી લઈને ભાગ્યો અને અફવા ફેલાઈ ગઈ, જેથી

પૂરી સેના ભાગવા માંડી અને વિજય પરાજયમાં બદલાઈ ગયો. સિકંદર ઉપર હુમલો થવાની તૈયારી હતી ત્યાં ક્લિટસ નામનો તેનો અંગરક્ષક તત્કાળ તેનો બચાવ કરવા વચ્ચે કૂદી પડ્યો અને ઈરાની સૈનિકને મારી નાંખ્યો, જેથી સિકંદર બચી ગયો. આગળ આપણે જોઈશું કે આ જ અંગરક્ષકને સિકંદરે માત્ર વહેમના આધારે રિબાવી-રિબાવી મારી નાંખેલ. રાજાઓ તથા મહત્ત્વના માણસોએ હંમેશાં અંગરક્ષકો રાખવા જ જોઈએ. તેમનું જીવન એ વ્યક્તિગત રીતે તેમનું નથી હોતું, પણ રાષ્ટ્રનું હોય છે. એટલે તેમની રક્ષા એ રાષ્ટ્રની રક્ષા જ કહી શકાય. કેટલીક વાર આવા મહત્ત્વના માણસોને પકડીને, જોરજુલમ કરીને, તેમની પાસેથી બધાં ગુપ્ત રહસ્યો કઢાવવામાં પણ આવતાં હોય છે. આવું ન થાય તેથી તેમની રક્ષા કરવી જરૂરી છે.

સિકંદરની સેનાના જોરદાર હુમલા આગળ ઈરાની સેના ટકી શકી નહિ. તેણે ભાગીને કોઈ સમતળ ભૂમિ પર આશ્રય લીધો અને વ્યૂહ બનાવ્યો. સમતળ ભૂમિ ઉપર યુદ્ધ કરવું પ્રમાણમાં સરળ હોય છે. મહાભારતનું કુરુક્ષેત્ર યુદ્ધ અને બીજાં ઘણાં યુદ્ધો સમતળ ભૂમિ ઉપર થયાં હતાં. આ નવું સ્થાન સિકંદર માટે વધુ અનુકૂળ આવ્યું અને તેણે ફરી પાછો જોરદાર હુમલો કર્યો. જે ઈરાનીઓ ભાગ્યા તે બચી ગયા. અથવા જે મડદાના ભેગા મડદા જેવા થઈને પડી રહ્યા તે બચી ગયા. આ યુદ્ધમાં સિકંદરના ૨૫ અંગરક્ષકો, સાઠ અશ્વારોહીઓ અને ત્રીસ પેદલ સૈનિકો માર્યા ગયા, જ્યારે સામા પક્ષના ઈરાનીઓના દસ હજાર સૈનિકો અને બે હજાર ઘોડેસવારો માર્યા ગયા. યુદ્ધમાં પોતાના પક્ષે થયેલી જાનહાનિ કે ધનહાનિનો આઘાત સામા પક્ષની પોતાના કરતાં અનેકગણી જાનહાનિ અને ધનહાનિથી ભરાઈ જતો હોય છે અને ‘તમારા આટલા બધા સૈનિકો મર્યા’ એવું ગૌરવ લેવાતું હોય છે. હારતી અને ભાગતી સેના યુદ્ધ તો કરે છે, પણ સાથેસાથે પોતાની રસદસામગ્રી, શસ્ત્રસામગ્રી, દારૂગોળો વગેરે પણ મૂકતી જાય છે, જેનો લાભ વિજયી સેનાને મળતો હોય છે. આ રીતે સિકંદરને ઈરાન સાથેના પહેલા યુદ્ધમાં જ પ્રચુર શસ્ત્ર મળ્યાં, દારૂગોળો મળ્યો, રસદ મળી, કારણ કે શત્રુને ઊભી પૂંછડીએ ભાગવાનું થયું હતું.

જીવનનાં બધાં ક્ષેત્રોમાં જે લોકો કાર્યકર્તાઓની કદર કરતા હોય છે તેમને કદી કાર્યકર્તાઓની ખોટ પડતી હોતી નથી. સંગીતકારો, કળાકારો, કવિઓ અને સાહિત્યકારો વગેરે હંમેશાં કદરભૂખ્યા હોય છે. તેમની ભૂખને સંતોષતા રહેનારા રાજા-મહારાજાઓ પોતાને અમર બનાવી દેતા હોય છે, કારણ કે ઘટના વાજિંત્રોથી ઘટતી હોય છે. બે ઘડી મહેફિલમાં વાહ-વાહ થઈને ઘટના પૂરી થઈ જતી હોય છે, પણ તેને અમર બનાવવાનું કામ કોઈ કલમ જ કરતી હોય છે. રામ જેવા અનેક રાજાઓ થયા હશે, પણ બધાને વાલ્મીકિ ન મળ્યા એટલે કાળના અંધકારમાં ખોવાઈ ગયા. ખરેખર તો રામનો મહિમા વાલ્મીકિ અને તુલસીદાસજીને આધીન છે. એટલે ડાહ્યા રાજામહારાજાઓએ હંમેશાં કવિઓનો આદર કરવો, તેમને પાળવા-પોષવા, જેથી આગળ જતાં તેઓ જ તેમને અમર બનાવે.

હર્ક્યુલસ કદરદાન હતો, તેથી યુદ્ધમાં અમાપ વીરતા બતાવીને શહીદ થનાર પ્રત્યેક સૈનિકની મૂર્તિ બનાવીને એક મંદિરમાં તે બધાની સ્થાપના કરતો. મેં રશિયાની યાત્રામાં અનેક જગ્યાએ જોયું કે રશિયાનો જે કોઈ મહત્ત્વનો સૈનિક યુદ્ધમાં મરાયો હોય તેના ગામની ભાગોળે તેની પ્રતિમા પૂરી વિગત સાથે જરૂર મૂકવામાં આવી હોય. રશિયામાં ઓશોક નામની જાતિ બહુ વીર ગણાય છે. બંને મહત્ત્વનાં યુદ્ધોમાં આ જાતિએ ઘણાં બલિદાનો આપ્યાં હતાં, જેથી તેમના અનેક વીર સેનાનાયકોની પ્રતિમાઓ તેમનાં ગામોની ભાગોળમાં મૂકવામાં આવી છે. આપણે પણ આમાંથી બોધપાઠ લેવો જોઈએ. જે પરમવીર, મહાવીર કે વીર-પદકધારી સૈનિકો થયા હોય તેમની પ્રતિમાઓ પણ તેમના વતનમાં આદર સાથે મુકાવવી જોઈએ. આમ કરવાથી સૈનિકોને વધુ વીરતાથી યુદ્ધ કરવાની પ્રેરણા મળશે અને પોતે વ્યર્થ જીવન નથી જીવતો, પણ

રાષ્ટ્ર માટે ઉપયોગી જીવન જીવે છે તેનો સંતોષ થશે. રશિયાની યાત્રામાં પ્રસિદ્ધ લાલ ચોકમાં બીજા વિશ્વયુદ્ધના હીરો સમાન સેનાપતિ માર્શલ જુકોવનું ઘોડા ઉપર બેઠેલું પ્રેરણાદાયી સ્ટૅચ્યૂ જોઈને હું ગદ્ગદ થઈ ગયો હતો. આપણા માણેકશાહ કે બીજા હીરો સેનાપતિઓનાં આવાં સ્ટૅચ્યૂ કોઈ મહત્ત્વની જગ્યાએ મુકાયાં હોય તેવું જોવા મળ્યું નથી, પણ કુર્ગની યાત્રામાં આપણા બે મહાન સેનાનાયકો શ્રી કરિઅપ્પા અને થિમય્યા બંનેનાં સ્ટૅચ્યૂ લોકો તરફથી મુકાયેલાં જોયાં હતાં. આ બંને સેનાપતિઓ કુર્ગવાસી હતા, કારણ કે કુર્ગ સૈનિકોની ભૂમિ છે અને તેણે ઘણા સેનાપતિઓ આપ્યા છે. માત્ર રાજનેતાઓનાં જ અને તેમાં પણ ખાસ કરીને એક જ વંશનાં સ્ટૅચ્યૂ મૂકવાની ખુશામતખોરોની આદતો બદલવી જોઈએ. સિકંદરે લાઈસીઅસ નામના એક મૂર્તિકારને હંમેશાં પોતાની સાથે રાખેલો અને તેનું એક જ કામ : આવા વીર શહીદોની મૂર્તિઓ બનાવી-બનાવીને યોગ્ય જગ્યાએ પહોંચતી કરવાનું. મૂર્તિકળામાં સૌથી વધુ પ્રવીણ ગ્રીકો હતા, પછી રોમનો થયા અને પછી આખી દુનિયામાં મૂર્તિકળા ફેલાઈ ગઈ. ઇસ્લામના ઉદય પછી ક્રૂરતાપૂર્વક મૂર્તિઓનો નાશ કરવામાં આવ્યો, જેથી મૂર્તિકળાને બહુ મોટો ધક્કો લાગ્યો. હવે જ્યારે ઇસ્લામનો પ્રભાવ ક્ષીણ થઈ રહ્યો છે અને પશ્ચિમની ઉદાર રાજવ્યવસ્થા વ્યાપક બની રહી છે ત્યારે ફરીથી મૂર્તિકળાને ઉત્તેજન મળી રહ્યું છે. તોપણ જાણનારા જાણતા હશે કે અફઘાનિસ્તાનમાં ઊંચામાં ઊંચી બુદ્ધની બે મૂર્તિઓ અને સીરિયાની જૂની મૂર્તિઓ તાલિબાનોએ તોપના ગોળે તોડી નાખી છે. વિશ્વ આજે જેટલી ઉદારતાથી જીવી રહ્યું છે એટલી ઉદારતા પહેલાં ન હતી. આ ઉદારતાને તોડવાનો ભયંકર પ્રયત્ન આતંકવાદીઓ દ્વારા શરૂ થયો છે, જેમને તેમાં સફળતા ન મળે એ જ પ્રભુપ્રાર્થના.

૧૯-૫-૨૦૧૬

૬

કુદરત અને પ્રાણીઓ બે પ્રક્રિયાથી કામ કરે છે : (૧) સતત પ્રક્રિયા, (૨) અસતત પ્રક્રિયા. હૃદય, ફેફસાં વગેરે સતત પ્રક્રિયા કરતાં રહે છે. તેમને કદી વિશ્રામ હોય જ નહિ, પણ આવેગો અને લાગણીઓની પ્રક્રિયા સતત હોતી નથી. કામક્રોધાદિ આવે અને જાય છે. તે સતત થઈ જાય તો જીવવું મુશ્કેલ થઈ જાય. આવું જ લાગણીઓના ઊભરાનું પણ કહી શકાય. લાગણીઓનો ઊભરો ચઢે અને ઊતરે, તેથી જીવનમાં વિવિધતા આવતી રહે છે. આવી જ રીતે યુદ્ધ પણ એક સતત પ્રક્રિયા છે. એક વાર ચાલુ કરો પછી તેને ચાલુ જ રાખવું પડે. સંધિ પછીનો શાંતિકાળ પણ યુદ્ધકાળ જ કહેવાય, કારણ કે સેનાને કદી નવરી રાખી શકાય નહિ. સેનાને, વાહનોને અને શસ્ત્રોને લાંબા સમય સુધી નવરાં મૂકી રાખવામાં આવે તો તે ખરા સમયે કામમાં ન આવે, કારણ કે તેઓ સતત પ્રક્રિયાવાળાં છે.

સિકંદરે ઈરાનની સીમા ઉપર પહેલું યુદ્ધ કર્યું અને જીત્યો પણ ખરો. સિકંદરની સેનાએ નદી પાર કરી અને વિજય મેળવ્યો અને પોતાના ખાલી ખજાનાને ભરપૂર બનાવ્યો, પણ એટલામાત્રથી સંતુષ્ટ થઈને ઊંઘી જવાય નહિ. તેણે તરત જ લીડીયા ઉપર હુમલો કર્યો અને વિજય મેળવ્યો. તેના વિજયની ગાથા ચારે તરફ ફેલાવા લાગી, તેથી બાકી બચેલા શત્રુઓ હિંમત હારી જવા લાગ્યા. વિજય અને પરાજયની ગાથા આંધીની માફક ચારે તરફ ફેલાતી હોય છે. અંતે પોતાને માટે સારું અથવા નરસું વાતાવરણ તૈયાર કરતી હોય છે. નજીકનો એક કિલ્લેદાર આવીને સિકંદરના પગમાં પડ્યો અને હાર સ્વીકારી લીધી. બધાં જ યુદ્ધો લડવાં જ જોઈએ એવું માનવું બરાબર નથી. જે યુદ્ધો જીતી શકાય તેવાં ન હોય, જેમાં પોતાનો પરાજય નિશ્ચિત હોય એવાં યુદ્ધોને નમીને, ઝૂકીને, સંધિ કરીને ટાળવાં જોઈએ, તેથી પોતાને અને પોતાના રાષ્ટ્રને ભારે અનર્થોથી બચાવી શકાય.

અહીંથી સિકંદર ઈફીસૂસ તરફ વળ્યો. ઈફીસૂસમાં સિકંદરની કુળદેવી ડિયાનાનું ભવ્ય મંદિર હતું. સિકંદરના જન્મ વખતે આ મંદિરને હિરોત્રાસ નામના એક દુષ્ટ માણસે આગ લગાવીને બાળી નાખ્યું હતું. સિકંદરે આ મંદિરનો પુનરુદ્ધાર કરાવ્યો, નવું ભવ્ય મંદિર રચાવ્યું. રાજાએ લોકોની ધાર્મિક લાગણીને માન આપવું જોઈએ. લોકો બધી લાગણીઓ કરતાં ધાર્મિક લાગણીને વધુ ચુસ્ત રીતે વળગેલા હોય છે, તેથી તેમની હિતકારી લાગણીઓને જો પોષવામાં આવે તો રાજાને તરત જ લોકચાહના મળી જતી હોય છે. લોકોની લોકચાહના મેળવવી એ સોનાચાંદીના ખજાના કરતાં પણ મોટો ખજાનો કહેવાય. ડિયાનાના મંદિરનો ઉદ્ધાર કરીને સિકંદર મેલીટસ તરફ રવાના થયો. સિકંદરની સેનાએ આ નગર ઉપર તોપમારો કરીને અધિકાર કરવાનો પ્રયત્ન કર્યો. બીજી તરફ આ નગરની રક્ષા માટે ઈરાનથી ભારે કુમક આવી રહી હતી. સેંકડો જંગી જહાજો મોટી-મોટી તોપો લઈને આવી રહ્યાં હતાં. તેથી જરાય ગભરાયા વિના તેમના આવતાં પહેલાં સિકંદરે નગર ઉપર કબજો કરી લીધો અને જે જહાજો - કુમક આવતી હતી તેને નિષ્ક્રિય બનાવી દીધી. યુદ્ધમાં ઝડપ સૌથી મહત્ત્વનો વ્યૂહ કહેવાય. જે તત્કાળ ઝડપી પગલાં ભરે તે વધુ સફળ રહે. જેઓ ઢીલા-ઢીલા હોય, જલદી નિર્ણયો ન કરી શકતા હોય અને લાંબા ગાળે નિર્ણય કરે તે માર ખાઈ જાય તેવું બને. ૧૯૬૫ના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં ભારતને લાહોર તરફ સેના મોકલવાનો નિર્ણય કરતાં દશ દિવસ લાગેલા. આ વિલંબના કારણે પાકિસ્તાની સેના છેક અખનૂર સુધી પહોંચી ગયેલી. જો તત્કાળ નિર્ણય કર્યો હોત તો તે છંબ-ક્ષેત્રમાં આગળ વધી શકી ન હોત.

સિકંદરે વિજય મેળવીને શત્રુપક્ષના ઘણા ભાડાના ગ્રીક સૈનિકોને પોતાના પક્ષમાં કરી લીધા અને પોતાને વધુ બળવાન બનાવી દીધો. યુદ્ધકાળમાં શત્રુપક્ષને ફોડવો, હરાવવો અને

એમાંથી પોતાને સાથ આપે તેવા સૈનિકોને પોતાની તરફ મેળવી લેવા એ કૂટનીતિ કહેવાય, જેમ શ્રીરામે વિભીષણને પોતાની તરફ મેળવી લીધો હતો. પોતાનો સતત પરાજય થતો જોઈને ઈરાનના બાદશાહે પોતાનો સેનાપતિ બદલી નાખ્યો. મેમણ નામના કુશળ માણસને ઈરાની સેનાનો સેનાપતિ બનાવવામાં આવ્યો. જ્યારે પણ કોઈ સંસ્થા વગેરે પતન તરફ જતી હોય ત્યારે જો તેનો પુનરુદ્ધાર કરવો હોય તો જૂના અધિકારીઓની જગ્યાએ તત્કાળ નવા સુયોગ્ય અધિકારીઓને નીમવા જોઈએ; પણ આવું કરવા જતાં પદભ્રષ્ટ થયેલા જૂના અધિકારીઓ વેર ન વાળે તેની કાળજી રાખવી જોઈએ. શિવાજી મહારાજના હાથે પોતાનાં આંગળાં કપાવીને નિષ્ફળ રહેલા દક્ષિણના ગવર્નર શાહિસ્તખાનને પદભ્રષ્ટ કરીને ઔરંગઝેબે તેને બંગાળનો સૂબેદાર બનાવેલો. જો તેને આવું ઉચ્ચ પદ ફરીથી આપવામાં ન આવ્યું હોત તો પદભ્રષ્ટ થઈને અપમાનિત થયેલા શાહિસ્તખાને ઔરંગઝેબને ભારે નુકસાન પહોંચાડ્યું હોત.

નવનિયુક્ત સેનાપતિ મેમણે ભારે પરિવર્તન કરીને પૂરી તાકાતથી સિકંદરનો સામનો કરવા માંડ્યો, પણ તે ટકી શક્યો નહિ. સિકંદરે કિલ્લો તોડીને નગર ઉપર કબજો કરી લીધો અને સેનાપતિ માર્યો ગયો. હવે એક બીજો પ્રશ્ન ઊભો થયો હતો. સિકંદરની પાસે જે હજારો સૈનિકો હતા તેઓ અવિવાહિત હતા. વ્યક્તિ લાંબા જીવનકાળ સુધી અવિવાહિત રહે તો તેને કામના આવેગોની આંધી સતાવ્યા કરે. કુદરતે આ આંધીના શમન માટે નારી બનાવી છે, અને સમાજે લગ્નસંસ્થા બનાવી છે. આવા અવિવાહિત છોકરાઓ સમાજમાં અવ્યવસ્થા ફેલાવતા હોય છે. તેમને લાંબો સમય નિયંત્રણમાં રાખી શકાતા નથી, તેથી આંધી આવે તેના પહેલાં જ એમને પરણાવી દેવા એ હિતકારી કહેવાય. સિકંદરે પોતાની સેનામાં જે અવિવાહિત સૈનિકો હતા તેમને બધાને પાછા દેશ મોકલી દીધા અને લગ્ન કરીને સૈનિકોની નવી પેઢી તૈયાર કરીને ફરી પાછા સેનામાં આવીને જોડાઈ જવાનો હુકમ કર્યો. બાકી રહેલા સૈનિકો સાથે સિકંદર આગળની કૂચ ચાલુ રાખતો રહ્યો.

શત્રુપક્ષમાં એલેકઝાન્ડર નામનો બીજો યોદ્ધો પણ લડાઈ કરતો હતો. એ મૂળ તો ગ્રીસનિવાસી હતો અને સિકંદરના પિતા ફિલિપની હત્યા કરવામાં તેણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સિકંદરે તેને ઓળખી કાઢ્યો અને પેંતરો રચીને તેની હત્યા કરી નાખી. ખરેખર તો આ બીજો એલેકઝાન્ડર ઈરાનની લાલચમાં આવી ગયો હતો. ઈરાનીઓએ તેને લાલચ આપી હતી કે જો તું સિકંદરની હત્યા કરી નાખે તો તને એક હજાર સોનામહોરોનું ઇનામ આપવામાં આવશે અને તને મેસેડૉનિયાનો રાજા પણ બનાવવામાં આવશે. લાલચુ માણસો ગમે તેટલાં મોટાં પદો ઉપર પહોંચી જાય તોપણ લાલચથી મુક્ત થઈ શકતા નથી. અને પોતાના પિતાની હત્યા કરનાર કોઈ દુષ્ટની હત્યા કરી નાંખવી એ જ સાચું તર્પણ કર્યું કહેવાય. જે પિતાની હત્યા અથવા અપમાનનો બદલો નથી લેતો તે નમાલો પુત્ર કહેવાય. સિકંદરે બદલો લીધો અને શાંતિ અનુભવી. બદલો લેવાથી પણ શાંતિ મળતી હોય છે.

ભારતની સીમા ઉપર પાકિસ્તાનના સીમારક્ષકો આપણા એક સૈનિકનું માથું કાપીને લઈ જાય તેના બદલામાં જો ભારતીય સૈનિકો પાકિસ્તાનના પાંચ સૈનિકોનાં માથાં કાપે તો આખા ભારતને શાંતિ અનુભવાય. શાંતિ માત્ર ધ્યાનધારણા કરવાથી જ નથી મળતી. શાંતિ તો અશાંતિનું શમન કરવાથી મળતી હોય છે અને પોતાના રાષ્ટ્રનું, પોતાના પૂર્વજો અને વડીલોનું અપમાન અને હત્યા કરનારાઓ પ્રત્યે જે અશાંતિનો અગ્નિ ઊભો થાય છે એનું શમન ધ્યાનધારણાથી નહિ પણ વેર વાળવાથી થાય છે. જે લોકો બદલો નથી લઈ શકતા તેમની કાયરતાને ઢાંકવા માટે વેરનું શમન સમાધિથી કરવાનું સૂચવાયું છે, કારણ કે તેઓ ક્ષમા સિવાય બીજું કાંઈ કરી શકતા નથી હોતા. હવે સિકંદર ફરી આગળ વધ્યો અને કાળા સમુદ્રના કિનારે ગરડિયમ પહોંચ્યો. અહીં લગ્ન કરવા માટે સ્વદેશ મોકલેલા સૈનિકો લગ્ન કરીને, નવી

પેઢીના સૈનિકોનું બીજ વાવીને ફરી પાછા આવી ગયા હતા, એટલે સિકંદરની સેના વધી ગઈ.

આગળ વધતાં-વધતાં સિકંદર કેપોડોસિયા પહોંચ્યો. ઈશ્વરકૃપાથી મારે પણ કેપોડોસિયા જવાનું થયેલું. અહીં પ્રાચીન બૌદ્ધ કાળની ભિક્ષુઓની રેતીના ડુંગરોમાં કોતરેલી અનેક ગુફાઓ છે. હવે અત્યારે તો આ ભાગ તુર્કીના હાથમાં છે, પણ સેંકડો વર્ષ પહેલાં અહીં સુધી બૌદ્ધો પહોંચેલા. એમણે આ રેતીના પહાડોમાં બબ્બે-ત્રણ-ત્રણ માળ સુધી ગુફાઓ કોતરેલી અને તેમાં રહેતા બૌદ્ધોએ ભિક્ષુકો બનાવ્યા અને ઇસ્લામે મુજાહિદો પેદા કરેલા. બૌદ્ધોના ભિક્ષુકો જગા-જગા પર આવી ગુફાઓ કરીને જીવનભર તેમાં ધ્યાનધારણા કરતા રહ્યા, જ્યારે ઇસ્લામના મુજાહિદો હાથમાં તલવાર લઈને આખી દુનિયાને લીલા રંગે રંગવા નીકળી પડેલા. એ મુજાહિદો અહીં પણ આવેલા અને જોત-જોતાંમાં આ ભિક્ષુઓની કતલ કરી મડદાંનો ઢગલો કરી દીધેલો. પછી આખું તુર્કી તુર્કસ્તાન બન્યું અને લીલા રંગે રંગાઈ ગયું. કેપેડોસિયા ઉપર વિજય મેળવીને પહાડોના રસ્તે તે આગળ વધ્યો. ઊંચા-ઊંચા પહાડો પાર કરીને તે એચીએલમનગર પહોંચ્યો અને નગર જીતી લીધું. તેણે નગરવાસીઓને એટલી હદે પરાજિત કર્યા કે તેઓ વર્ષો સુધી ઊંચું માથું કરવાનું નામ ન લે. શત્રુને હરાવવો એટલું જ પૂરતું નથી, પણ તેને એવી રીતે હરાવવો કે જેથી કરી કોઈ વાર સામા થવાનું નામ ન લે. આપણે આ ચાણક્યનીતિને પચાવી શકતા નથી, તેથી હારેલા શત્રુને ક્ષમા કરીને જતો કર્યો છે. તે ફરી-ફરીને તૈયારી કરીને ચઢી આવે છે. પૃથ્વીરાજે શાહબુદ્દીન ઘોરીને ભારે પરાજય આપ્યો અને તેને હેમખેમ પાછો વળી જવાની છૂટ પણ આપેલી; એ જ શાહબુદ્દીન પોતાની રાજધાની જઈને માત્ર એક જ વર્ષમાં પૂરી તૈયારી કરી પૃથ્વીરાજ ઉપર ચઢી આવેલો અને પૃથ્વીરાજને હરાવીને ભારત ઉપર કાયમ માટે મુસલમાન રાજ્ય સ્થાપિત કરી દીધેલું. સિકંદરે અહીંથી સોલીનગર ઉપર હુમલો કર્યો અને વિજય પ્રાપ્ત કર્યો. સિકંદર જ્યાં-જ્યાં વિજય મેળવતો ત્યાં-ત્યાં પરાજિત લોકોને ફરી પાછો પોતાની રીતે જ જીવવાની વ્યવસ્થા કરી આપતો, જેથી પરાજિત લોકો વિદ્રોહ ન કરતા. વિજયી રાજા પરાજિત પ્રજા ઉપર પોતાનો ધર્મ, પોતાની સમાજવ્યવસ્થા અને પોતાના આચાર-વિચારો થોપી દેતો. પાણીદાર પ્રજા વિદ્રોહ કર્યા વિના રહે નહિ, તેથી માત્ર રાજસત્તા પોતાના હાથમાં રાખીને બાકી બધું જેમ હતું તેમનું તેમ રહેવા દેવું, ચાલવા દેવું એ હિતકારી કહેવાય. અંગ્રેજોએ આવું જ કર્યું, તેથી અંગ્રેજો લોકપ્રિય બનીને લાંબા સમય સુધી શાસન કરતા રહ્યા.

૨૦-૫-૨૦૧૬

૭

યુયુત્સુ રાજાઓએ પોતાના શત્રુઓ તથા મિત્રોને ક્રમાંક આપવા જોઈએ. શત્રુ નં. ૧, શત્રુ નં. ૨, શત્રુ નં. ૩ એમ. જે પ્રથમ નંબરનો શત્રુ હોય તેની સાથે કદી પણ વિશ્વાસ કરાય નહિ. તેને ગમે તેટલો સંતોષ આપો તોપણ તે તેની શત્રુતા છોડવાનો નથી, એટલે તેના પ્રત્યે હંમેશાં સાવધાન રહેવું જોઈએ. તેની પાસે અખૂટ શક્તિ હોય, મોટું રેવન્યૂ બજેટ હોય અને વિશાળ ભૂમિ હોય તો તેને પોતાની શક્તિનું બળ અહંકારી બનાવે તે સ્વાભાવિક છે. ભારતનો શત્રુ નં. ૧ પ્રથમથી જ ચીન રહ્યું છે, પણ ભારત તેને ઓળખી શક્યું નહિ. પંડિત નહેરુજી છેક સુધી તેને રાજી રાખવા ઝૂકતા ગયા. ભારતના મોટા ભૂભાગ પર તેણે કબજો કરી લીધો તોપણ નહેરુની આંખ ન ઊઘડી અને અંતે ભયંકર પરિણામ ભોગવવું પડ્યું. એ પછીની આજ સુધીની ઘટનાઓ સ્પષ્ટ બતાવે છે કે ચીન કદી તમારું મિત્ર થવાનું નથી. હવે તો તે પૂરા પાકિસ્તાનને પાર કરીને અરબી સાગરના બંદર ગ્વાદર સુધી પહોંચી ગયું છે.

જો તમે એક નંબરના શત્રુને પહોંચી શકો તેવા શક્તિશાળી ન હો તો તેને પહોંચી શકે તેવા શક્તિશાળીને મિત્ર બનાવવો જોઈએ. જોકે ભારત ધારે તો ચીન કરતાં પણ વધુ શક્તિશાળી થઈ શકે છે. પણ શરૂઆતથી જ ઊંધી રાજનીતિ, ઊંધી રણનીતિ અને ઊંધી મિત્રનીતિએ તેને હંમેશાં કમજોર જ બનાવી રાખ્યું છે. હવે આ આત્મઘાતી નીતિઓમાં પરિવર્તન કરવું જરૂરી છે.

ભારતનો બીજા નંબરનો શત્રુ પાકિસ્તાન છે. પાકિસ્તાનની શત્રુતા ધાર્મિક ઘૃણા પર આધારિત છે અને તે કોઈ પણ ભોગે નીકળી શકે તેમ નથી, કારણ કે આજે પણ મુસલમાનો દુનિયાના સૌથી વધુ કટ્ટર ધાર્મિકો ગણાય છે. કટ્ટરતા અને વિવેકિતા સાથે રહી શકતી નથી. તેથી પાકિસ્તાનને કદી પણ ડહાપણ આવશે અને શત્રુતા છોડી દેશે એવી આશા રાખી શકાય નહિ. તેની આંતરિક અવ્યવસ્થા તેનો નાશ કરવા માટે પૂરતી છે. બલૂચિસ્તાન, સિંધ અને ઉત્તરીય પઠાણ પ્રદેશ પહેલેથી જ તેમના વિરોધી રહ્યા છે, જે હવે ચરમ કક્ષાએ પહોંચી ગયા છે. ખરેખર તો આખા પાકિસ્તાનમાં કોઈ પાકિસ્તાની છે જ નહિ. માત્ર પશ્ચિમ પંજાબવાળા પોતાને પાકિસ્તાની માને છે. બાકીના લોકો પાકિસ્તાનનો ઝંડો ફરકાવવા તૈયાર નથી. બીજી તરફ પાકિસ્તાન અમેરિકાની મિત્રતા છોડીને ચીન તરફ વળ્યું છે. ભારત માટે આ વધુ ખતરનાક થઈ રહ્યું છે. આ ખતરો ચરમ કક્ષાએ પહોંચે તેના પહેલાં તેનું નિરાકરણ થઈ જવું જોઈએ.

ગીતામાં યુદ્ધને ભાગ્યશાળી ક્ષત્રિયો માટે મોટી તક માનવામાં આવ્યું છે. બધા રાજાઓના રાજકાળમાં યુદ્ધો થતાં નથી. જે રાજાના રાજકાળમાં યુદ્ધ ન થાય અને શાંતિથી સમય પૂરો થઈ જાય તે રાજાની કોઈ કારકિર્દી હોતી નથી. ખરેખર તો રાજા અને સેનાપતિને સોળે કળાએ ખીલવાનો અવસર યુદ્ધ આપે છે. યુદ્ધના કારણે જ બ્રિટનના ચર્ચિલને જે તક મળી એ મળી ન હોત તો ચર્ચિલને કોઈ યાદ પણ ન કરત. એટલે ઘણા સમયથી બાકી રહેલા પ્રશ્નોને ઉકેલવા માટે યુદ્ધ રાજાને અને સેનાપતિને મોટી તક પૂરી પાડે છે; પણ આ તકનો વિજયમાં ઉપયોગ કરતાં આવડે તો, જો યુદ્ધ કરતાં ન આવડે અને હારી જવાય તો તેવી તક આત્મઘાતી પણ સાબિત થઈ શકે.

ગ્રીસનું પહેલા નંબરનું દુશ્મન ઈરાન હતું. ઈરાનનો બાદશાહ દરાયસ જરથોસ્તી ધર્મ પાળતો હતો. એ બધા અગ્નિપૂજકો અને સૂર્યપૂજકો હતા, તેથી તેમના રાજ્યમાં સોનાચાંદીનાં હજારો-હજારો પ્રતીકો સૂર્ય અને અગ્નિનાં જોવા મળતાં. વળી ઈરાન એ સમયનું સૌથી મોટું શક્તિશાળી રાષ્ટ્ર હતું. છેલ્લાં ૨૦૦ વર્ષથી એ ગ્રીસ ઉપર હુમલાઓ કરીને દેશવાસીઓને ગુલામ બનાવતું હતું. આવા ભયંકર શત્રુને સમાપ્ત કરી, તેની ગુલામીમાંથી દેશને કાયમ માટે

મુક્તિ અપાવવી તે સિકંદરનું લક્ષ્ય હતું. સિકંદર પાસે થોડી સેના અને થોડું બજેટ હતું તોપણ તેની પાસે અમાપ હિંમત અને પ્રચંડ યુદ્ધનીતિ હતી. તે હવે સાચા અર્થમાં ઈરાનના બાદશાહની સામે લડી લેવા માગતો હતો. બાદશાહ દરાયસ સિકંદરને છટકેલો છોકરો સમજતો હતો, તેથી તેણે પોતાના સેનાપતિઓને આજ્ઞા કરી હતી કે ગમે ત્યાંથી આ છોકરાને પકડીને પાંજરામાં પૂરી મારી સામે હાજર કરો. પણ સિકંદરે તેના મોકલેલા બધા સેનાપતિઓને હરાવીને ઈરાન તરફની આગેકૂચ ચાલુ રાખી હતી. તેથી દરાયસને ચિંતા થવા લાગી હતી કે આ કોઈ માત્ર છટકેલો છોકરો જ નથી, પણ કોઈ વ્યૂહબાજ સેનાપતિ છે, એટલે તે પોતે સ્વયં વિશાળ લશ્કર લઈને સિકંદરનો સામનો કરવા નીકળી પડ્યો. તેની સાથે હજારો સૈનિકો, હાથીઓ, ઘોડાઓ, અસ્ત્રશસ્ત્રો તો હતાં જ, સાથે-સાથે તેણે સ્થાયી લોકો ઉપર વિશ્વાસ ન આવવાથી રાજ્યનો વિપુલ ખજાનો પણ સાથે લીધો હતો, એટલું જ નહિ, તેણે પોતાની માતા તથા પત્નીઓ, પરિવાર વગેરેને પણ સાથે લીધાં હતાં. આવી ભૂલ પાછળ આવેલા પેશ્વાઓ કરતા હતા. તેઓ પણ રાજપરિવાર, નાચગાન કરનારી સુંદરીઓ, દારૂનાં પીઠાં, જુગારના અડ્ડા - આવું બધું પોતાની સેના સાથે રાખતા અને મોજમજા કરતા ને સાથે યુદ્ધો કરાવતા. જ્યારે દિલ્હી પાસે પાણીપતનું યુદ્ધ થયું ત્યારે માત્ર ચાર જ કલાકમાં પેશ્વા હારી ગયો, મરાયો અને પૂરી સેનામાં ભાગદોડ મચી ગઈ. એક લાખ મરાઠા આ યુદ્ધમાં મરાયા અને બધું લૂંટી લેવામાં આવ્યું. ત્યારથી પેશ્વાની સત્તા દુર્બળ થઈ ગઈ. ખરેખર તો યુદ્ધનાં મેદાનમાં સ્ત્રીઓ, બાળકો, પરિવારો, ખજાનો વગેરે સાથે રાખી શકાય જ નહિ. ક્યારે કોનું પલ્લું કઈ તરફ ઝૂકે તે કહેવાય નહિ.

બાદશાહ દરાયસનો આટલો બધો ઠઠારો જોઈને તેનો એક સાચો સલાહકાર ચેરીડેમસ નામના માણસે તેને સમજાવવા પ્રયત્ન કર્યો કે યુદ્ધો ચૂપચાપ થતાં હોય છે. આવો ઠઠારો કે પ્રદર્શન કરીને યુદ્ધો થાય નહિ. તેણે બાદશાહને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો, પણ બાદશાહ માન્યો નહિ અને તેની હત્યા કરાવી દીધી. જ્યારે પોતાનો વિનાશ થવાનો હોય ત્યારે વ્યક્તિને સાચા સલાહકારો ઝેર જેવા લાગતા હોય છે અને તેમનો નાશ સુધ્ધાં કરાવી નાખતા હોય છે.

બહુ મોટા ઠઠારા સાથે દરાયસ યુદ્ધ કરવા નીકળ્યો અને એક વિશાળ સમતળ જગ્યા ઉપર પોતાની છાવણી લગાવી. બીજી તરફ સિકંદરે પણ ગુપ્તચર દ્વારા તેની સ્થિતિ જાણીને ચૂપચાપ નજીકની પહાડી ઉપર પોતાની સેનાને ગોઠવી દીધી. સિકંદરે પોતાની આરાધ્યદેવી ડાયેનાની પૂજા કરી અને તેને બલિદાન ચડાવ્યું. તેની યોજના હતી વહેલી સવારે પહાડી ઉપરથી ઊતરીને ચૂપચાપ દરાયસની સેના ઉપર હુમલો કરી દેવો. યોજના પ્રમાણે વહેલા પરોઢિયે સિકંદરની આખી સેના પહાડી ઉપરથી ચૂપચાપ નીચે ઊતરી અને આખી રાત જાગેલા સૈનિકોની છાવણી ઉપર હુમલો કરી દીધો.

ખરેખર તો મહત્ત્વની જગ્યાએ ચોકી કરનારા આખી રાત જાગતા હોય છે, પણ પરોઢિયું થતાં-થતાં તેમની આંખ ઝોકે ચડતી હોય છે, કારણ કે પરોઢિયાની મીઠી નીંદર બહુ ઝડપથી કબજો જમાવી લેતી હોય છે. મોટા ભાગના માર્ગ-અકસ્માત પરોઢિયે થતા હોય છે, કારણ કે આખી રાત જાગેલા ડ્રાઇવરો પરોઢિયે ઝોકાં ખાતા થઈ જતા હોય છે.

સિકંદરની સેનાનો ઓચિંતો હુમલો ઈરાની સેના સહન કરી શકી નહિ અને તરત જ અફવા ફેલાઈ ગઈ કે બાદશાહને મારી નાંખવામાં આવ્યો છે. યુદ્ધમાં વિજય-પરાજયમાં અફવાઓ પણ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. અફવાઓથી લોકોનું મનોબળ ભાંગી જતું હોય છે અને તેથી તેઓ લડવાને લાયક રહેતા નથી. સેનાની ભાગદોડમાં બાદશાહ પોતે પણ જાન બચાવીને ભાગ્યો. તેને પોતાનો અખૂટ ખજાનો તથા માતા, પત્ની, પરિવાર વગેરેને સાથે લેવાની પણ સૂધ ન રહી. તેથી તે બધાં સિકંદરના કબજામાં આવી ગયાં. આટલો મોટો ખજાનો જાણે કે દરાયસ સામે ચાલીને આપવા આવ્યો હોય તેવું લાગ્યું. સિકંદરને પોતાની કુળદેવી ઉપર અતૂટ શ્રદ્ધા

હતી અને તેથી પ્રત્યેક વિજયમાં તે તેને જ કારણ માનતો હતો. યુદ્ધ પૂરું થયા પછી સિકંદર જાતે બાદશાહની માતા તથા પત્નીને મળવા ગયો અને તેમને આશ્વાસન આપ્યું કે તમારી સાથે કોઈ પણ ખોટો વર્તાવ કરવામાં આવશે નહિ. તેમને ભવ્ય તંબુમાં પૂરેપૂરા રાજસન્માન સાથે રાખવામાં આવ્યાં.

૨૦-૫-૨૦૧૬

સંસારમાં યુદ્ધ સૌથી મોટું પાપકર્મ છે. મહાપુરુષો નાછૂટકે જ યુદ્ધ કરતા હોય છે. યુદ્ધમાં સુકાની સાથે ઘણું લીલું પણ બળી જતું હોય છે. જે ઉચ્ચ કક્ષાના રાજાઓ કે સેનાપતિઓ હોય છે તેઓ યુદ્ધમાં પણ પોતાની ખાનદાની છોડતા નથી અને નીચ માણસોને નીચતા બતાવવાની પણ યુદ્ધ પૂરેપૂરી તકો આપે છે. યુદ્ધમાં ધન, માલ, ખજાનાની તો લૂંટફાટ થતી જ હોય છે. સૌથી વધુ આઘાત પહોંચાડનારી ઘટના સ્ત્રીઓ સાથે થતી હોય છે. મોટા ભાગના યોદ્ધાઓ ઘણા સમયથી કામભૂખ્યા હોય છે, એટલે શત્રુપક્ષની સ્ત્રીઓ ઉપર તૂટી પડતા હોય છે અને તેમની સાથે છેલ્લામાં છેલ્લા પ્રકારનો વ્યવહાર કરવામાં આવતો હોય છે. યુદ્ધમાં સ્ત્રીઓની ભયંકર દુર્દશા થતી હોવાના કારણે ભારતની શિયળરક્ષી રાજપૂતાણીઓએ "જૌહર"- વ્રત કરીને સતી થઈ જવાની પ્રથા શરૂ કરી હતી, કારણ કે શત્રુપક્ષ અત્યંત નીચી કક્ષાનો આવ્યો હતો.

પૂર્વે કહ્યું તેમ દરાયસ હાર્યો અને જાન બચાવવા ભાગી છૂટ્યો. તે એટલી ઉતાવળથી ભાગ્યો કે પોતાની માતા, પત્ની અને પુત્રીને પણ સાથે લઈ લેવાનું કરી શક્યો નહિ. તેથી દરાયસની માતા, પત્ની અને પુત્રીને ગ્રીક સેનાએ કેદ કરી લીધાં. આ બહુ મોટી અમાનત મળી ગઈ હતી, કારણ કે આના અવેજમાં સિકંદર ધારે તે શરતને દરાયસ પાસે મંજૂર કરાવી શકતો હતો. એટલા માટે ઉચ્ચ પદો ઉપર બેઠેલા શાસકોએ પોતાના પરિવારને જોખમમાં નાખવો જોઈએ નહિ. પરિવારને 'કિડનૅપ' કરીને ન મનાવવાનું મનાવી શકાતું હોય છે. પણ વારંવાર વિજયી થયેલા દરાયસને વિજયનો નશો ચડ્યો હતો, તેથી તે પોતાનો પૂરેપૂરો ખજાનો તથા પરિવારને સાથે રાખતો હતો. હવે જ્યારે માતા વગેરે પકડાઇ ગયાં ત્યારે દરાયસને ભારે ચિંતા થવા લાગી. તે કોઈ પણ ભોગે અને કોઈ પણ શરતે પોતાની માતા વગેરેને છોડાવવા માગતો હતો. પરમેશ્વરે પત્ની, પુત્ર, પરિવાર પ્રત્યે જે ગાઢ મોહ ઉત્પન્ન કર્યો છે તેનાથી ભલભલા સેનાપતિઓ પણ ખરા સમયે થાકી જતા હોય છે.

બીજી તરફ સિકંદર જાતે કેદ થયેલી સ્ત્રીઓને મળવા ગયો અને તેમને હિંમત આપી અને કહ્યું કે તમને પૂરા માન-સન્માન સાથે રાખવામાં આવશે. પોતાની માતા કરતાં પણ વધારે માનમર્યાદાથી તેણે ત્રણેય શત્રુપક્ષની સ્ત્રીઓને સાચવી રાખી હતી. આમ જુઓ તો મહાભારતમાં કૌરવો અને પાંડવોનું ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે અને પાંડવો જ્યારે ૧૩ વર્ષનો વનવાસ ભોગવવા વનમાં ગયા ત્યારે માતા કુંતી ધૃતરાષ્ટ્ર અને ગાંધારીની પાસે જ રહ્યાં હતાં. આમાં પાંડવોની ઉદારતા સમજવી કે કૌરવોની ઉદારતા સમજવી? જે કૌરવોએ દ્રૌપદીની ભરી સભામાં લાજ લેવા પ્રયત્ન કર્યો હતો તે જ કૌરવો પાંડવોની માતા કુંતીને પોતાની માતા બરાબર સમજીને યુદ્ધકાળમાં સાથે રાખતા હતા. આને ખાનદાની મૉરલ કહેવાય. હવે બન્યું એવું કે સિકંદરની પત્ની 'સ્ટાટીરા' ગંભીર બીમાર થઈ ગઈ. ઘણી સેવાશુશ્રૂષા કરવા છતાં તે બચી નહિ અને મરી ગઈ. તેનો એક ચાકર ગમે તેમ કરીને કેદમાંથી ભાગી ગયો અને દરાયસને સ્ટાટીરાના મૃત્યુના સમાચાર આપ્યા, સાથે સિકંદરનો અત્યંત ઉચ્ચ સદ્ભાવ પણ સંભળાવ્યો. પોતાના પરિવાર પ્રત્યે સિકંદર આટલો ઊંચો સદ્ભાવ રાખે છે તેવી આશા દરાયસને ન હતી. તે તો જાણતો હતો કે વિજયી સેના ભૂખ્યા કૂતરાની માફક સ્ત્રીઓ ઉપર તૂટી પડતી હોય છે અને તેમાં પણ જો રાજપરિવારની સ્ત્રીઓ હાથમાં આવે તો-તો તેમને ચૂંથી નાખવાનું મહાન ગૌરવ પ્રાપ્ત કરી લે. આવી સ્થિતિમાં જ્યારે તેણે સાંભળ્યું કે સિકંદરે કોઈ સ્ત્રીને હાથ પણ અડાડ્યો નથી, એટલું જ નહિ, પણ પૂરાં માનમર્યાદાથી તેમને રાજમાતા, મહારાણી તથા રાજકુંવરીની માફક રાખવામાં આવે છે ત્યારે તેનું માથું સિકંદર પ્રત્યે ઝૂકી ગયું. સજ્જનોની સજ્જનતા

દુર્જનોને પણ સજ્જન થવાની પ્રેરણા આપતી હોય છે. ઉર્દૂના એક શાયરે લખ્યું છે કે "દુશ્મનને તલવારથી ન મારો, પણ અહેસાનથી મારી નાખો." અહેસાનથી દુશ્મન એવો મરી જશે કે ફરી કદી માથું ઊંચું કરી શકશે નહિ. એટલે દરાયસે મનોમન સિકંદરને વિશ્વવિજયી થવાના આશીર્વાદ આપ્યા. દુશ્મન પણ તમારી સજ્જનતાને વણમાગ્યા આશીર્વાદ આપતો હોય છે, જેમ શિવજીના ધનુષ-ભંગના પ્રસંગે સભામાં પધારેલા બધા રાજાઓએ શ્રીરામને આશીર્વાદ આપ્યા હતા.

હવે સિકંદર આગળ ચાલ્યો અને નાનાં-મોટાં રજવાડાંઓ પર વિજય મેળવતો-મેળવતો આગળ વધતો રહ્યો. પણ સિકંદરના મનમાંથી ઈરાનીઓની જૂની ક્રૂરતા ખસતી ન હતી. ઈરાનના દરાયસ અને બીજા ઘણા બાદશાહોએ ગ્રીસ ઉપર વારંવાર આક્રમણ કરીને ભૂંડી ક્રૂરતાથી ગ્રીસને ઉજ્જડ કરી દીધું હતું તે બધું સાંભળેલું તથા નજરે જોયેલું તેનાથી ભુલાતું ન હતું, તેથી તેણે સૈનિકોને હુકમ આપ્યો કે તમારે ઈરાનીઓ ઉપર જેટલી ક્રૂરતા કરી શકાય તેટલી કરવાની છૂટ છે. સેના અને પોલીસ ઉપરી અધિકારીઓથી નિયંત્રિત હોય તો જ મર્યાદામાં રહે, નહિ તો તે બહુ મોટું ધનોતપનોત કાઢી શકે છે, કારણ કે નાના માણસો સત્તાને પચાવી શકતા નથી. સિકંદરના સૈનિકોએ ઈરાની પ્રદેશ ઉપર ભયંકર લૂંટફાટ, અત્યાચાર, હત્યાકાંડ કર્યાં અને અંતે 'પરસેપોલિસ' નામના નગર ઉપર કબજો કરી લીધો. આ નગરમાં ઘણી યુવતીઓને પણ પકડવામાં આવી. જેમાંની એક હતી 'થાઈસ.' આ યુવતીઓ સિકંદર અને સૈનિકોને મનોરંજન પૂરું પાડતી. પકડાયેલી સ્ત્રીઓ પકડાયેલા ગુલામ પુરુષો કરતાં પણ વધુ ભૂંડી દશામાં જીવન જીવતી હોય છે. જેટલા અત્યાચારો સ્ત્રીઓ ઉપર કરી શકાય છે તેટલા અત્યાચારો પુરુષો ઉપર નથી કરી શકાતા અને સ્ત્રીઓમાં અત્યાચારો સહન કરવાની બહુ વધુ ક્ષમતા હોતી નથી. એટલે થોડા જ અત્યાચારો પછી તે અત્યાચાર કરનારને અનુકૂળ થઈ જતી હોય છે. કેટલીક વાર તો તેની અનુકૂળતા પરાકાષ્ઠાએ પણ પહોંચી જતી હોય છે, કારણ કે તેને જે કામસુખ મળ્યું ન હતું તે જો દુશ્મન પણ આપે તો લાંબા ગાળે તે દુશ્મનની પણ વફાદાર થઈ જતી હોય છે.

સિકંદરને રીઝવવાનું કામ 'થાઈસ'ને આપવામાં આવેલું. થાઈસે પોતાનાં રૂપરંગ અને નખરાં દ્વારા સિકંદરને લટ્ટુ બનાવી દીધો. અધૂરામાં પૂરું સિકંદર અને સૈનિકો દારૂડિયા હતા, તેથી આવી સ્ત્રીઓ તેમને દારૂ પિવડાવી-પિવડાવીને પોતાને વશ કરી લેતી. વશ કરવાનાં બે જ મોટાં સાધનો છે : એક તો કામવાસના અને બીજી વ્યસનવાસના. કામવાસનામાં ડૂબેલો માણસ તરત જ વશીભૂત થઈ જતો હોય છે. પછી તે તેનું નથી ચલવતો પણ કામિનીનું બધું ચલવે છે. આવી જ રીતે દારૂ વગેરે વ્યસનોમાં તરબોળ થનારો માણસ અથવા વર્ગ તેમાં એટલો બધો વશીભૂત થઈ જતો હોય છે કે તેની પાસેથી ન ધારેલું કામ પણ કરાવી શકાય છે. એક વાર દારૂના નશામાં લટ્ટુ થઈ ગયેલા સિકંદર પાસે થાઈસે વચન માગ્યું. સિકંદરે વચન આપ્યું અને થાઈસે કહ્યું કે આ 'પરસેપોલિસ' નગરને હું જાતે જ આગ લગાડું, કારણ કે આ લોકોએ મારા પૂર્વજોને આગ લગાડીને બાળી મૂક્યા હતા. સિકંદરે તેની ઇચ્છા પૂરી કરવાનો હુકમ કર્યો અને વેરની આંધીમાં ઊડતી થાઈસે ફરી-ફરીને આખા નગરને બાળીને ભસ્મ કરી નાખ્યું. તેની ઇચ્છા પૂરી થઈ. હવે તેને સંતોષ થયો. પોતાની જાત આપીને પણ તેણે વેર વાળ્યું. અત્યંત વેરભૂખી સ્ત્રી વેર વાળવા ગમે તેવા સોદા કરવા તૈયાર રહેતી હોય છે. જોકે દારૂનો નશો ઊતર્યા પછી સિકંદરને ઘણો પશ્ચાત્તાપ થયો. તેને લાગ્યું કે કૈકેયીને વચન આપવામાં જે ઉતાવળ અને ભૂલ રાજા દશરથે કરી હતી તેવી જ ભૂલ મારાથી થઈ ગઈ છે. પણ હવે શું થાય? જે થવાનું હતું તે થઈ ગયું.

સિકંદરની માતાનું નામ 'ઓલિમપિયાસ' હતું. પતિ 'ફિલિપ'ના મૃત્યુ પછી અને સિકંદરના

સતત બહાર રહેવાથી તે ચીડિયા સ્વભાવની બની ગઈ હતી. સ્ત્રીને કોઈ ને કોઈ પુરુષનો સાથ જોઈએ છે. પુરુષના સાથ વિના સતત એકાકી રહેનારી સ્ત્રી ભલે ગમે તેવા મહેલોમાં રહેતી હોય અને ગમે તેવાં સુખસગવડો ભોગવતી હોય તોપણ પુરુષની ખોટ પૂરી થતી નથી. ખોટ પૂરી ન થાય તેની અસર મન-બુદ્ધિ ઉપર પડવાની જ. આ કારણે તે વાતવાતમાં ગુસ્સો કરનારી થઈ હતી. મોટા ભાગે લોકો પોતાના નજીકના અને ઊતરતા માણસો ઉપર ગુસ્સો ઉતારતા હોય છે. સિકંદરે તેની પૂરી દેખરેખ રાખવાની જવાબદારી મંત્રી 'એન્ટીપીટર'ને આપી હતી. એન્ટીપીટર 'ઓલિમપિયાસ'ના ચીડિયાપણાથી થાકી ગયો હતો. કેટલાક માણસો એવા હોય, જેમની સાથે રહેવા અને કામ કરવાની મજા આવે, પણ કેટલાક માણસો એવા હોય, જેમની સાથે રહેવાનું કે કામ કરવાનું જરાય ન ગમે, જલદીમાં જલદી ભાગી જવાનું મન થાય. પણ સિકંદરનો હુકમ હોવાથી મંત્રી ભાગી શકતો ન હતો, તેથી લાચાર થઈને તે બધું સહન કરતો હતો. ઘણી વાર પોતાના પુત્ર, પતિ કે પરિવારના પુરુષોની ઉચ્ચ સત્તાને સ્ત્રીઓ પચાવી શકતી નથી. સ્ત્રીઓ પોતે સત્તા ઉપર નથી હોતી તોપણ તેમને સત્તાધીશ પુરુષો કરતાં પણ વધુ નશો ચડતો હોય છે. 'ઓલિમપિયાસ'નું પણ આવું જ હતું. કહેવાય છે કે ઓલિમપિયાસની ફરિયાદ કરનારા એન્ટીપિટરે સિકંદરને ૬૦૦ પત્ર લખ્યા હતા, પણ સિકંદરે તેની કશી ફરિયાદ સાંભળી નહિ. માત્ર એક જ જવાબ આપ્યો કે "હું જ્યારે પાછો આવીશ અને મારી માતાના આંખમાં આંસુ જોઈશ તો તારા છસોયે પત્રો ધોવાઈ જશે. હું બધું જોઈ શકું છું, પણ માતાની આંખનાં આંસુ જોઈ શકતો નથી, કારણ કે હું જે છું તે મારી માતાના કારણે છું." જેની સાથે કાયમી સંબંધો હોય અને જે સંબંધો કાપી શકાતા ન હોય તેવા માણસોના ગુણ-દોષોને પચાવવાની શક્તિ હોય તો જ વ્યક્તિ કાયમી સંબંધોને સાચવી શકે. સંબંધો સહન કર્યા વિના સચવાતા નથી. સૌથી મોટું સહન સામેવાળાનાં અપલક્ષણોનું હોય છે. અપલક્ષણો વિનાનો કોઈ પુરુષ કે સ્ત્રી હોતી નથી પણ ગુણો દ્વારા અપલક્ષણો ઢંકાતાં હોય છે. જો ગુણો જ ન હોય અને માત્ર અપલક્ષણો જ હોય તો તેને સહન કરવાં અને પચાવવાં એ બહુ મોટી તપસ્યા કહેવાય. આવી તપસ્યા મોટા ભાગે માતાઓ, પત્નીઓ અને કદાચ થોડા અંશમાં પતિઓ કરતા હોય છે.

સિકંદર બંદી બનાવેલી 'દરાયસ'ની માતા અને તેનાં બાળકોને બહુ કાળજીથી રાખતો હતો અને તેને હંમેશાં માતા કહીને જ બોલાવતો હતો. બીજી તરફ દરાયસના પરાજય પછી ૪૦ હજાર સૈનિકો સાથે ભાગીને દરાયસ ભાગેડુ જીવન જીવતો હતો. પરાજયના દિવસો સૌથી વધુ ભૂંડા દિવસો હોય છે, કારણ કે તેવા સમયે સાથીઓ સાથ છોડી દેતા હોય છે. જેમના ઉપર ખૂબ વિશ્વાસ રાખ્યો હોય તેવા અત્યંત નજીકના માણસો પણ વફાદારી છોડીને બેવફાઈનો માર્ગ પકડી લેતા હોય છે. આવા સમયે જ સાચા-ખોટા માણસની કસોટી થતી હોય છે. દરાયસના સેનાપતિનું નામ 'બેસસ' હતું. તે ફૂટ્યો. તેણે દગાબાજી કરીને દરાયસને બંદી બનાવી દીધો. તેની ઇચ્છા હતી કે તે દરાયસને સિકંદરને સોંપી દે અને મોટા ઇનામમાં રાજ્ય મેળવે. અથવા જો યુદ્ધ થાય અને વિજય મળે તો દરાયસની હત્યા કરીને પોતે રાજા બની જાય. જે અયોગ્ય મહત્ત્વાકાંક્ષી હોય છે તેની વફાદારી વિશ્વાસપાત્ર નથી હોતી. હાથ નીચેના કર્મચારીઓ સમર્પિત હોવા જોઈએ અને તેમની મહત્ત્વાકાંક્ષા માલિકની મહત્ત્વાકાંક્ષામાં ભળી જવી જોઈએ. અંગ્રેજોના કોઈ પણ વાઇસરૉય અથવા ગવર્નર જનરલે પોતાના માલિક 'ઈસ્ટ ઇન્ડિયા કંપની' અથવા બ્રિટિશ સરકાર પ્રત્યે કદી વિશ્વાસઘાત કર્યો ન હતો, કારણ કે તેઓ ગમે તેટલા મહાન હોય તોપણ તેમની મહત્ત્વાકાંક્ષા પોતાની વ્યક્તિગત નહિ પણ માલિકની જ રહેતી. આને જાતવાન અથવા ખાનદાની લોહી કહેવાય.

એક વાર એક વૃદ્ધ ઈરાની માણસ સિકંદરને મળવા આવ્યો અને તેણે કહ્યું કે દરાયસના સેનાપતિએ રાજાને બંદી બનાવી દીધો છે. હવે બધો કર્તાહર્તા 'બેસસ' છે અને જો તમે તેને

પકડવા માગો તો અહીંથી બે જ દિવસના પ્રવાસમાં તે પડેલો છે. સિકંદરને વિશ્વાસઘાતીઓ ઉપર સખત નફરત હતી. તેણે તરત જ બેસસ ઉપર હુમલો કરવાનું નક્કી કર્યું. આખી રાતની યાત્રા કરીને તે બેસસની સેના સામે પહોંચી ગયો. સિકંદરની સેનાને જોઈને બેસસ સેના સાથે ભાગવા માંડ્યો અને દરાયસને પણ ઘોડા ઉપર બેસાડીને ભગાડવા માંડ્યો. પણ દરાયસે કહ્યું કે તારા જેવા વિશ્વાસઘાતી સાથે ભાગી છૂટવા કરતાં સિકંદરના હાથે મરી જવું વધારે ઉત્તમ માનું છું. બેસસે દરાયસની હત્યા કરી નાંખી અને તે ભાગી છૂટ્યો. પાછળથી સિકંદરના હાથમાં દરાયસનું શબ આવ્યું. સિકંદરે પોતાનો કીમતી પોશાક કાઢીને શબને ઓઢાડ્યો તથા તેની પ્રતિષ્ઠા કરી. તેના માટે મોંઘામાં મોંઘો તાબૂત બનાવી તેની શોભાયાત્રા કાઢીને 'સૂસા' નગર લઈ ગયો. સૂસા નગરમાં દરાયસની માતા 'સિસિગમ્બીસ' હતી. તેની હાજરીમાં રાજ કબ્રસ્તાનમાં દરાયસની દફનવિધિ કરાવવામાં આવી, જેથી દરાયસની માતા પ્રસન્ન થઈ. નીતિકાર લખે છે કે –

'મરણાંતાનિ હિ વૈરાણિ.'

અર્થાત્ શત્રુતા મરણ સુધી જ હોય. મડદા સાથે શત્રુતા હોય નહિ. સિકંદરે ભવ્ય રાજકીય સન્માન સાથે દરાયસની અંતિમવિધિ કરાવી, તેથી દરાયસની માતા પ્રસન્ન થઈ.

હવે સિકંદરના સૈનિકો ચારે તરફ દૂરદૂર સુધી ફેલાઈ ગયા, કારણ કે સિકંદરની આજ્ઞા હતી કે ગમે ત્યાંથી ગદ્દાર બેસસને પકડી લાવો. અંતે એક ટુકડી બેસસને પકડીને સિકંદર પાસે લઈ આવી. સિકંદરે તેના ગળામાં દોરડું બાંધીને ઘોડા પાછળ ઘસેડતાં-ઘસેડતાં આખા નગરમાં ફેરવ્યો, પછી દરાયસની માતા આગળ ઊભો કરી દીધો. દરાયસની માતાએ 'સૂસા' નગરમાં તેના મોઢા ઉપર કાળી મેશ ચોપડી મોઢું કાળું કરી દીધું, પછી બે હાથ અને બે પગે જુદાજુદા ચાર ઘોડેસવારોને દોરડાં બાંધીને ઊભા રાખ્યા અને હુકમ કરતાંની સાથે ઘોડેસવારો દોડ્યા એટલે બેસસના ચાર ટુકડા થઈ ગયા. આ રીતે ગદ્દાર બેસસનો અંત આવ્યો.

૨૪-૫-૨૦૧૬

૯

અશ્વમેધયજ્ઞ અર્થાત્ વિશ્વવિજયની યાત્રામાં અનેક વિકરાળ પ્રશ્નોનો સામનો કરવો પડતો હોય છે. તેમાં સૌથી પહેલાં પથસંચાલનનો વિકટ પ્રશ્ન રહેતો હોય છે. વિશાળ અને ભારે-ભરખમ સેનાની સાથે તેનાં અસ્ત્ર-શસ્ત્ર અને ખોરાકનો પુરવઠો વગેરે લઈ જવો એ સરળ કામ નથી. રસ્તામાં રણ પણ આવે અને વિકરાળ વન પણ આવે. નદીઓ આવે અને પર્વતો પણ આવે. તે સમયમાં ક્યાંય કોઈ રસ્તા બનેલા નહિ, તેથી નવા-નવા રસ્તા બનાવીને હજારો-લાખો સૈનિકોને આગળ ધપાવવા એ બહુ વિકરાળ પ્રશ્ન કહેવાય. સિકંદરે 'બેબિલોન' (ઇરાક) જીતીને ઈરાનને પણ જીતી લીધું. તે સમયે ઈરાનના મહાપ્રતાપી રાજા 'દરાયસ'નું સામ્રાજ્ય છેક યુરોપ સુધી હતું, તો બીજી તરફ અફઘાનિસ્તાન અને ભારતના કેટલાક ભાગો ઉપર પણ હતું. હવે ભારતના ઈરાની ભાગોને જીતવાનો પ્રયત્ન કરવાનો હતો. ભારતીય પ્રાંતનો ક્ષેત્રપ (ગવર્નર) શશિગુપ્ત હતો, જેને ગ્રીક લોકો 'સીસીકોટસ' કહેતા હતા. ઈરાની સામ્રાજ્યના પતનથી શશિગુપ્ત સિકંદરના શરણે ગયો અને પોતાને તેની સેવામાં લગાવી દીધો. કેટલાક લોકો માત્ર ઊગતા સૂર્યને જ પૂજતા હોય છે. ભારતની સીમા ઉપર એક બીજું રાજ્ય હતું, જેને 'તક્ષશિલા' કહેવાતું હતું. તક્ષશિલામાં 'આંભિ' રાજા રાજ્ય કરતો હતો. આંભિને ગ્રીક લોકો 'ઓમ્પિસ' કહેતા હતા. તે પણ સિકંદર સાથે ભળી ગયો, એટલું જ નહિ, પણ તેણે પોતાના શત્રુ રાજા 'પોરસ' ઉપર ચઢાઈ કરવા બધી મદદ કરવાની તૈયારી બતાવી. ભારતમાં હજારો દેશભક્તો પેદા થયા છે. અને હજારો ગદ્દારો પણ પેદા થયા છે તે ભૂલવું ન જોઈએ. ઘણી વાર રજવાડાંઓના અંદર-અંદરના વેરભાવથી દાઝેલા રાજાઓ વિદેશી શક્તિઓને આમંત્રણ આપી તેમના હાથા પણ બનતા રહ્યા છે. 'આંભિ' સિકંદરનો હાથો બની ગયો, કારણ કે તેને 'પોરસ' સાથેનું વેર પતાવવું હતું. જે માણસ વેર-અંધ બનતો હોય છે તે કોઈ પણ કુકર્મ કરવામાં પાછો પડતો નથી હોતો.

સિકંદર દસ હજારનું પાયદળ અને ત્રણસો પચાસ ઘોડેસવારોની નાની સેના 'બેક્ટ્રિયા'ની રક્ષા માટે ક્ષેત્રપ 'ઓમિન્ટસ'ને સોંપીને આગળ વધી ગયો. જીતેલા ભાગો પોતાની પાસે જ રહે તે માટે ત્યાં-ત્યાં જરૂર પ્રમાણેની સેના તથા ગવર્નર મૂક્યા પછી જ આગળ વધી શકાય. જો આવી વ્યવસ્થા કરવામાં ન આવે તો જીતેલી જગ્યાઓ ફરીથી સ્વતંત્ર થઈ જાય. સિકંદરનું અત્યાર સુધીનું આક્રમણ લગભગ શતપ્રતિશત સફળ રહ્યું, પણ હવે આગળનું આક્રમણ બહુ ભારે કસોટીરૂપ થવાનું હતું, કારણ કે તેને હિંદુકુશ પર્વતમાળાને પાર કરવાની હતી. આ પર્વતમાળા અત્યંત વિકરાળ અને વિનાશકારી માર્ગ છે. તેમ છતાં તેણે દસ દિવસમાં આ પર્વતમાળાને પાર કરી દીધી. પર્વતીય પ્રવાસો સૌથી વધુ કષ્ટદાયી બનતા હોય છે, તેથી પેલે પાર પહોંચ્યા પછી થાકેલા અને બીમાર પડેલા ઘણા સૈનિકોને વિશ્રામ કરવા છોડી દીધા અને પોતાના 'નિકનોર' નામના સેનાપતિને આ ભાગનો 'ક્ષત્રપ' બનાવીને આગળની યાત્રા ચાલુ રાખી. હવે તે 'નિકૈયા' નગર તરફ આગળ વધ્યો. તેણે પોતાની કુળદેવી 'એડિના'ને બલિ ચઢાવી. અને આગળના વિજય માટે પ્રાર્થના કરી. અહીં તક્ષશિલાના રાજા 'આંભિ'નો દૂત ઘણી ભેટસોગાદો લઈને મળવા આવ્યો અને પોતે યુદ્ધ કરવા નથી માગતો પણ સંધિ કરવા માગે છે એવું કહીને સિકંદરને રાજી કર્યો. જ્યારે કોઈ વિશ્વવિજેતા અનેક રાજ્યોને ધમરોળતો આગળ વધતો હોય છે ત્યારે ઘણાં રજવાડાં આપોઆપ તેને શરણે થઈ જતાં હોય છે. કેટલાંક પડોશી રાજ્ય ઉપર બદલો લેવા માટે પણ સંધિ કરી લેતાં હોય છે. આ રાજકારણ કહેવાય. રાજકારણની ચોપાટ ઉપર બધા જ પ્રકારની રમતો રમાતી હોય છે. આગળ જતાં પુષ્કરાવતીના યુસુફજયી ક્ષેત્રમાં લોકોએ સિકંદરનો અવરોધ કર્યો, પણ તે બધા માર્યા ગયા

અને તેમનો સરદાર 'અસ્ટીજ' ત્રીસ દિવસ સુધી લડાઈ કરીને માર્યો ગયો. તેની જગ્યાએ સ્થાનિક સેનાપતિ સંજયને ગાદીએ બેસાડી સિકંદર તક્ષશિલા તરફ ચાલ્યો ગયો. આ ક્ષેત્ર નદીઓથી ભરપૂર હતું અને મોટી-મોટી સમુદ્ર જેવી નદીઓ ભારે પ્રવાહમાં વહેતી હતી તેથી સિકંદરે પોતાની સાથે ઘણી મોટી-મોટી નાવો પણ લીધેલી. આ નાવોની ખાસિયત એ હતી કે જરૂર પડે ત્યારે તેમને ફોલ્ડિંગ બનાવી શકાતી હતી. આવી કરામત કદાચ ગ્રીક લોકોએ ત્યારે જ શોધી હતી. મોટી નાવોને બે-ત્રણ ભાગમાં જુદી કરવી અને નદી આવે ત્યારે જોડીને નદી પાર કરવી એ અઢી હજાર વર્ષ ઉપર કરામત જ કહેવાય. હવે તે કુનારઘાટી સુધી પહોંચી ગયો હતો. અહીં તેને ભયંકર યુદ્ધ કરવું પડ્યું અને તેના ખભા ઉપર ઘા લાગી ગયો. સિકંદર સામનો કરનારા ઉપર દયા કરતો નહિ. ક્રૂરતાથી તેમનો નાશ કરતો. જે લોકો પહાડોમાં ભાગી ગયા તે બચી ગયા અને બાકી જે રહી ગયા તે બધાની કતલ કરી દીધી. આખું નગર બાળી નાંખ્યું અને 'ક્રેટરસ' નામના સેનાપતિને ત્યાંનો ક્ષત્રપ બનાવી, અધિકાર આપી આગળ ચાલ્યો ગયો. હવે તે બાજૌરઘાટીએ પહોંચ્યો. તેના આવવાના સમાચાર જાણીને નગરના નિવાસીઓ નગરને બાળીને ભાગી ગયા હતા. આગળ જતાં ભયંકર યુદ્ધ થયું અને ચાલીસ હજાર સૈનિકોને બંદી બનાવી લેવામાં આવ્યા. એટલું જ નહિ, બે લાખ ઉપર બળદોને પણ હસ્તગત કરી લીધા. હવે અહીંથી બળદોની ખેતી શરૂ થઈ હતી. યુરોપમાં ત્યારે ઘોડા દ્વારા ખેતી અને બીજો વ્યવહાર થતો. અહીંથી સિકંદર નિસાનગર પહોંચ્યો અને અહીંયાં બલિદાન આપ્યું. આગળ ગૌરી (પંજકોટ) નદી પાર કરી સિકંદર આગળ ને આગળ વધતો ગયો. અનેક ઘાટીઓ પાર કરતો-કરતો તે સ્વાત, બુનેર અને બનેર જેવી ઘાટીઓમાં પહોંચ્યો. અહીં રાજા પાસે ભારે સેના હતી. વીસ હજાર ઘોડેસવારો, ત્રીસ હજાર પાયદળ અને ત્રીસ હાથી હતા. તેણે કિલ્લામાં રહીને યુદ્ધ કરવાનું પસંદ કર્યું. સિકંદરે કિલ્લાને ચારે તરફથી ઘેરી લીધો. ચાર દિવસ સુધી કિલ્લાને ઘેરો ઘાલ્યો. કિલ્લા ઉપરથી એક તીરંદાજે તીર ચલાવીને સિકંદરના પગને લંગડો કરી દીધો. સિકંદર પાસે એવાં યંત્રો હતાં, જે કિલ્લાને તોડી શકતાં હતાં. ત્યારે તોપોની શોધ થઈ ન હતી, પણ કિલ્લો તોડનારાં યંત્રો ગ્રીક લોકોએ શોધી કાઢ્યાં હતાં. કિલ્લાનું પતન થયું અને સિકંદરનો વિજય થયો. નગરના રાજાનું મૃત્યુ થઈ ગયું. ઘણા સૈનિકો સિકંદરના પક્ષમાં ભળી ગયા, પણ રાત્રે એમનો વિચાર બદલાઈ ગયો, તેથી તેમના ઉપરથી વિશ્વાસ ઊઠી જવાથી સિકંદરે તેમના ટુકડે-ટુકડા કરી નાંખ્યા. યુદ્ધમાં ખાસ નીતિનિયમો પળાતાં નથી હોતાં. રાજા મસક માર્યો ગયો અને તેની પુત્રી અને પત્નીને બંદી બનાવી લેવાયાં. રાજરાણીએ પોતાના પુત્રને સિકંદરના પગમાં મૂકીને દયાની ભીખ માગી અને સિકંદરે તે મંજૂર કરી એટલું જ નહિ, પણ રાણીના રૂપ ઉપર મુગ્ધ થઈને તેનાથી તેણે એક પુત્ર પણ ઉત્પન્ન કર્યો. સિકંદર આગળ વધી ગયો. હવે તે બાજીરાના ઊંચા કિલ્લાને જીતવા માગતો હતો, પણ તેની મદદ માટે અભિસારનો રાજા આવી રહ્યો છે તેવા સમાચાર મળતાં તે તેનો સામનો કરવા સામે ગયો. અંતે બાજીરાવાસી નગર ખાલી કરીને પર્વતોમાં ચાલ્યા ગયા. હવે સિકંદર પેશાવર તરફ આગળ વધી રહ્યો હતો. રસ્તામાં આવતાં અનેક નાનાં-મોટાં નગરો જીતીને હજારા અને કાશ્મીર સુધીના અનેક પ્રદેશો પાર કરીને ઓરોબટિસ નામના નગર સુધી પહોંચી ગયો. નિકનોર નામના સેનાપતિને સિકંદરે આ જીતેલી ભૂમિનો ગવર્નર બનાવ્યો અને પછી ગાંધાર(કંદહાર)ની પુષ્કરાવતી નગરી ઉપર હુમલો કર્યો. રાજાએ સમર્પણ કરી દીધું અને આજુબાજુના નાના-મોટા કિલ્લાઓને જીતીને સિકંદર આગળ વધવા લાગ્યો. હવે તેની સામે વિશાળ સિંધુ નદીનો પટ હતો. અહીં તેણે અનાજ વગેરેનો વધુમાં વધુ પુરવઠો ભેગો કર્યો તેને છોટા ઊના અર્થાત્ પીડસા પર પહોંચવું હતું. એક ભારતીય સૈનિકની સહાયતાથી સિકંદરે પોતાના સેનાપતિ ટોલેમીને પત્ર લખી ઊંચા પર્વતોની ચોટીઓ ઉપર કેવી રીતે પહોંચવું તે સમજાવ્યું. અંતે બસો ગજની ખીણને લાકડાં

કાપી-કાપીને ભરીને તેમણે રસ્તો બનાવ્યો અને પેલે પાર ઊતર્યા. સામે સેના તૈયાર હતી, પણ ટોલેમીના સૈનિકોએ ચાર દિવસના યુદ્ધ પછી વિજય મેળવી લીધો અને આ વિજયની ખુશીમાં તેમણે પોતાના દેવતાઓને બલિદાન આપ્યાં. મિનરવા અને વિક્ટરી દેવીઓની વેદિકા બનાવાઈ. કેટલાકને યુદ્ધબંદીઓ પણ બનાવ્યા. આ યુદ્ધબંદીઓ પાસેથી મજૂરીનું સખત કામ લેવામાં આવતું.

હવે સિકંદર આગળ ચાલ્યો. ત્યાંના સોળ ઊંચા-ઊંચા ડુંગરોને પાર કરીને સિકંદર ઓહિંદ પહોંચ્યો અને પર્વતોની કઠિન યાત્રાથી થાકી ગયેલા સૈનિકોને ત્રીસ દિવસ સુધી આરામ આપ્યો. આરામમાં માત્ર પડ્યા રહેવાનું જ ન હોય, પણ મનોરંજન કરવાનું, જુદીજુદી રમતો રમવાનું, સારુંસારું ભોજન કરવાનું, વગેરે વગેરે. એવામાં સિકંદરને મળવા તક્ષશિલાના રાજા આંભિનો દૂત આવ્યો. તેણે ઘણી ભેટો આપી. ભેટો વિના મળવા જનાર વ્યક્તિ પોતાના પક્ષમાં વાતાવરણ કરી શકતો નથી. જેને ગરજ હોય અને કામ કઢાવવું હોય તેણે કોઈ પણ મોટા પુરુષને મળવા જતાં સારી-સારી ભેટો જરૂર લઈ જવી જોઈએ. રાજદૂતે ત્રણ હજાર બળદ આપ્યા, દસ હજાર ઘેટાં આપ્યાં, ત્રીસ હાથી આપ્યા અને સાતસો ઘોડેસવારો આપ્યા. એટલું જ નહિ, તેણે પોતાનું એક નગર પણ સિકંદરને અર્પિત કરી દીધું, કારણ કે તે પોરસ રાજાના વેરનો બદલો વાળવા માગતો હતો. અક્ષમ વ્યક્તિ જ્યારે જાતે બદલો ન વાળી શકે ત્યારે કોઈ પ્રબળ સક્ષમ વ્યક્તિની ગુપ્ત યા પ્રત્યક્ષ સહાયતા લેતો હોય છે, પણ ગમે તે ભોગે તે વેર વાળવા ઉત્સુક રહેતો હોય છે. અધ્યાત્મમાર્ગમાં વેરઝેરનો ત્યાગ કરવાનું કહ્યું છે તે બરાબર છે, પણ આવું કરનારા સાધુસંતો જ હોય, રાજામહારાજા ન હોય. જો રાજામહારાજા પણ આવું કરતા થઈ જાય તો કશો ઇતિહાસ જ ન રચાય. ઇતિહાસની રચના વેરઝેરનાં મૂળમાંથી થતી હોય છે. અંતે સિકંદર તક્ષશિલા પહોંચી ગયો. અહીં તેનું ભવ્ય સ્વાગત થયું. ચારે તરફ તેનો જયજયકાર થવા લાગ્યો. રાજા આંભિએ પોતાનું સર્વસ્વ સિકંદરને સોંપી દીધું. તેની એક જ ઇચ્છા હતી કે ગમે તેમ કરીને પોરસને હરાવવો અને તેનો નાશ કરવો. ત્રણ દિવસ સુધી તક્ષશિલામાં રહીને ખૂબ જલસા કર્યા. આજુબાજુના બધા રાજાઓએ સમર્પણપત્રો મોકલીને સિકંદરના વિજયનો સ્વીકાર કર્યો. એકમાત્ર પોરસ રાજાએ આધીનતા સ્વીકારી નહિ. જેમ અકબરની આધીનતા રાજસ્થાનના બધા રાજામહારાજાઓએ સ્વીકારી લીધી હતી, એટલું જ નહિ, અકબરની સેનાને શક્તિશાળી બનાવવા પોતાની સેના સાથે અકબરની સેનામાં ભળી ગયા હતા તેમ અહીં પણ થયું. ખરેખર તો અકબરનો મોટા ભાગનો વિજય આ ભળી ગયેલા રાજામહારાજાઓનો જ કહી શકાય, કારણ કે મોટા ભાગનાં યુદ્ધો લડવા રાજામહારાજાઓ જતા.

પોરસે અસ્વીકાર કરવાથી અને યુદ્ધની ચૅલેન્જ આપવાથી સિકંદર ભારે ગુસ્સે થયો. તેને પણ થયું કે આ અભિમાની રાજાને ગમે તે ભોગે પરાજિત કરવો અને શરણે આવેલા રાજાઓની સામે તેને અપમાનિત કરવો. સિકંદરે પોરસ ઉપર ચઢાઈ કરતાં પહેલાં પોતાની કુળદેવીને બલિદાન આપ્યું. અને પછી પોતાની સેનાને જેલમ નદીના કિનારે લઈ ગયો. સિકંદરે જેલમ નદીના કિનારે જેલમનગરમાં પડાવ નાંખ્યો. બીજી તરફ પોરસની સેના તૈયાર ઊભી હતી. બંને સેનાઓ વચ્ચે જેલમ નદી જોરદાર પ્રવાહથી વહી રહી હતી. પોરસની પાસે પણ સારી એવી સેના હતી, પણ પટ એટલો વિસ્તૃત હતો કે સિકંદર માટે નદી પાર કરવી બહુ કઠિન હતી. અંતે આંભિ રાજાના માણસોએ સિકંદરને સલાહ આપી કે અહીંથી સોળ માઈલ ઉપર એક સારી જગ્યા છે, જ્યાંથી સેનાને સરળતાથી પાર કરી શકાય છે. સિકંદરે પોતાની સેનાના બે ભાગ કરી નાંખ્યા. એક ભાગને ગુપચુપ પાછળના રસ્તે સોળ માઈલ ઉપર મોકલવામાં આવ્યો અને બીજા ભાગને પોરસની સેનાની સામે જ રાખવામાં આવ્યો. પોરસ

સમજતો રહ્યો કે સિકંદરની સેના સામે જ છે, તેથી તે અસાવધાન થઈ ગયો. યુદ્ધક્ષેત્રમાં અસાવધાની મોત કે પરાજયને નોતરી શકે છે. સતત સાવધાની રાખે તે જ સેનાપતિ સફળ થઈ શકે. અને સામા પક્ષને અસાવધાનીમાં મૂકીને તેના ઉપર ગુપચુપ હુમલો કરવો એ કુશળ સેનાપતિનો સર્વોચ્ચ વ્યૂહ કહેવાય. સિકંદર ચૂપચાપ ઉપરથી નદી પાર કરીને પોરસની નજીક પહોંચી ગયો. કોઈ ઘોડેસવારે સિકંદરની સેનાને આવતી જોઈ તો તેણે દોડીને પોરસને સમાચાર આપ્યા, પણ હવે સાવધાન થઈને સજ્જ થવાનો પૂરેપૂરો સમય રહ્યો ન હતો, એટલે હડબડાટમાં સામનો કર્યો. ભયંકર યુદ્ધ થયું. બીજી તરફ પોરસની સેના સિકંદરની સેના સામે લડવા ગઈ એટલે સામે કિનારે ઊભેલી સિકંદરની બીજી સેનાએ જલદીજલદી નદી પાર કરી લીધી. આ રીતે બંને તરફથી સિકંદરની સેનાએ નદી પાર કરીને પોરસની સેનાને વચ્ચે લઈ લીધી. આને સાણસાવ્યૂહ કહેવાય. બંને તરફથી ભયંકર યુદ્ધ થયું. પોરસના હાથીઓ તીરો વાગવાથી યુદ્ધમેદાન છોડીને ભાગવા લાગ્યા. આ યુદ્ધમાં વીસ હજાર ભારતીય પૈદલ સૈનિકો માર્યા ગયા. ત્રણ હજાર અશ્વારોહીઓ અને પોરસના બંને પુત્રો આ યુદ્ધમાં માર્યા ગયા. જે હાથીઓ ભાગ્યા ન હતા એમને પકડી લેવામાં આવ્યા. બીજી તરફ સિકંદરની ખુવારી બહુ ઓછી થઈ. એના એંસી ઘોડેસવારો માર્યા ગયા, માત્ર દશ ધનુર્ધારી માર્યા ગયા. જે વ્યૂહ રચીને ગુપચુપ આક્રમણ કરતા હોય છે તેમને ઓછું નુકસાન થતું હોય છે, પણ જેઓ અસાવધાન થઈને બેસી રહે છે તેઓ વધુમાં વધુ માર્યા જતા હોય છે. કહેવાય છે કે પોરસ એક હાથી ઉપર બેસીને યુદ્ધ કરતો હતો, પણ તેના ખભા ઉપર તીર વાગવાથી તે ઘાયલ થઈ ગયો અને તેનો હાથી યુદ્ધક્ષેત્રમાંથી બહાર થઈ ગયો. અંતમાં તે પોતાના મિત્ર મોરસ નામના રાજાને ત્યાં પહોંચ્યો. તેને ખૂબ તરસ લાગી હતી. તેથી જેમતેમ કરીને બે ઘૂંટડા પાણી પીધું અને તેને હોશ આવ્યા. મોરસના સમજાવવાથી પોરસ રાજા સિકંદરને મળવા તૈયાર થયો. આ એક પ્રકારની શરણાગતિ હતી. જ્યારે પોરસ સિકંદરને મળવા જઈ રહ્યો હતો ત્યારે સિકંદરને ભારે નવાઈ લાગી. સિકંદરે પોરસ અને તેની સેનાનું વીરતાભર્યું યુદ્ધ જોયું હતું અને તેનાથી તે ખૂબ જ પ્રભાવિત થયો હતો, પણ આવો મહાન રાજા હારીને સામે ચાલીને સિકંદરને મળવા આવે તે તેના માટે નવાઈની વાત હતી. અંતે પોરસ સિકંદરના ભવ્ય તંબુમાં હાજર થયો. સિકંદર તેને જોતો જ રહી ગયો. તેને થયું ઃ જો અહીંના બધા જ રાજાઓ પોરસ જેવા હોત તો આ યુદ્ધ હું કદી પણ જીતી શક્યો ન હોત, પણ મારું સદ્ભાગ્ય કહેવાય કે અહીં માત્ર એક જ પોરસ છે, બાકીના બધા આંભિઓ છે. સિકંદરે વિજયની મગરૂરીથી પોરસને પૂછ્યું કે તમારી સાથે કેવો વ્યવહાર કરવામાં આવે? હાથકડી પહેરેલા પોરસે એટલી જ મગરૂરીથી જવાબ આપ્યો કે ‘‘એક સમ્રાટ બીજા સમ્રાટ સાથે જેવો વ્યવહાર કરે તેવો જ વ્યવહાર તમે મારી સાથે કરો.’’ પોરસનો જવાબ સાંભળીને સિકંદર ખુશખુશ થઈ ગયો. પરાજયમાં પણ આ માણસ પોતાની મગરૂરી છોડતો નથી. તે જરૂર કોઈ ઉત્તમ કક્ષાની વિભૂતિ હોવો જોઈએ. સિકંદરે ઊભા થઈને પોરસનું સ્વાગત કર્યું, હાથકડીઓ કાઢી નાંખી અને તેને પોતાની બાજુના સિંહાસન ઉપર બેસાડ્યો. આ દૃશ્ય જોઈને ડાબી તરફ બેઠેલો આંભિ રાજા કકળી ઊઠ્યો. તેને કલ્પના ન હતી કે મારા દુશ્મન પોરસનું આટલું સન્માન થશે. બે મહાન સમ્રાટોનું મિલન થઈ રહ્યું છે. એક વિજયી છે તો બીજો પરાજિત છે. વિજયી અને પરાજિત બંનેના સ્ટેટસમાં આકાશ-જમીનનું અંતર હોય છે, પણ મહાનતા બંનેની સરખી છે. એટલે બંને સરખા સિંહાસને બેઠા છે. વિજયી સમ્રાટ તો મહાન હોય જ, પણ પરાજિત સમ્રાટ પણ મહાન હોય તેનું આ વિરલ ઉદાહરણ છે. આમાં પોરસની જેટલી મહાનતા છે તેટલી જ સિકંદરની પણ મહાનતા કહેવાય. આવી સ્થિતિમાં આંભિના બધા મનોરથો ઉપર પાણી ફરી ગયું. શત્રુઓ સાથે હાથ મેળવનારા ઘણી વાર પાછળથી આવી દશાને પ્રાપ્ત કરતા હોય છે.

હવે એક નવો પ્રશ્ન ઊભો થયો. અત્યાર સુધીનાં યુદ્ધોમાં સિકંદરના સૈનિકોને જે વિજય મળ્યો તેના કરતાં પોરસ સાથેની લડાઈમાં જે વિજય મળ્યો તે બહુ ભારે પડી ગયો. સૈનિકો વિચારવા લાગ્યા કે હવે આગળ વધવું અથવા સ્વદેશ પાછા ફરી જવું? વિશ્વવિજયની કૂચ સૈનિકો દ્વારા થતી હોય છે. જો સૈનિકોનો ઉત્સાહ ડગી જાય અથવા મંદ પડી જાય તો આવી કૂચ ધાર્યું પરિણામ લાવી શકે નહિ. સૈનિકોની ઇચ્છા ઓછી હોવા છતાં પણ સિકંદરે આજુબાજુનાં બીજાં બે-ચાર રજવાડાં જીતી લીધાં. ઘોડાની ઇચ્છા વિરુદ્ધ સવારી કરવી અને આગળ ચાલવું કઠિન હોય છે, તેમજ હાથ નીચેના માણસોની ઇચ્છા વિના તેમની પાસે લાંબો સમય કામ કરાવવું પણ કઠિન હોય છે. તેમ છતાં સિકંદરે આગળનું અભિયાન ચાલુ રાખ્યું, પણ અંતે હારીથાકીને તેને પાછા વળવાનો નિર્ણય લેવો પડ્યો. ગ્રીસ છોડ્યાને તેને લગભગ બાર વર્ષ થઈ ગયાં હતાં. આટલો લાંબો સમય પરદેશમાં અથડાવું-કૂટાવું એ બધાથી સહન ન થાય. મહમદ ગઝનીએ ભારત ઉપર સત્તર વાર આક્રમણો કર્યાં પણ પ્રત્યેક આક્રમણ બે-ચાર-છ મહિનામાં સમેટીને તે પાછો વતન ચાલ્યો જતો. વતન પાછા ફરવાથી અને બાળબચ્ચાંઓને મળવાથી સૈનિકો ફરી તાજા થઈ જતા હોય છે પણ જો તેમને લાંબો સમય બાળબચ્ચાંઓના વિયોગમાં રાખવામાં આવે તો તેવો વિયોગ તેમના ઉત્સાહને ખાઈ જતો હોય છે.

સિકંદરે પોતાની સેનાને ચિનાબ અને સિંધુ નદીઓના પ્રવાહની સાથેસાથે આગળ ચલાવી. આગળ જતાં નવાં-નવાં જહાજો બનાવ્યાં. હવે તેનાં વિજય કરેલાં રાજ્યો આવતાં હતાં, કારણ કે સેના પાછી ફરી રહી હતી. એક રાજ્યના ક્ષેત્રપની સામે ઘણી ફરિયાદો આવવા માંડી હતી તેથી તેની જગ્યાએ સિકંદરે પોતાના શ્વશુર 'આક્ષિચાર્ટીઝ'ને નિયુક્ત કર્યા. તમારા વિજયને સંભાળનારા અનેક ગવર્નરો અને અનેક અધિકારીઓ પણ તમારી પાસે હોવા જોઈએ. જો તમારી પાસે ઊંચી કક્ષાના ગવર્નરો કે અધિકારીઓ ન હોય તો જે કંઈ પ્રાપ્ત થયું છે તે બધું લાંબો સમય સાચવી શકાય નહિ. સિકંદર 'સોગદાઈ' રાજ્યની રાજધાનીએ પહોંચ્યો. અહીં તેણે નવું નગર વસાવ્યું અને વ્યાપાર માટે નવી ગોદીઓ પણ બનાવી. હવે સમુદ્રતટ નજીક હતો, તેથી 'પિથોન' નામના અધિકારીને ત્યાંનો ગવર્નર બનાવી આગળ ચાલ્યો. આગળ જે-જે રજવાડાં આવતાં હતાં તે બધાં ઉપર વિજય મેળવતો અને લૂંટફાટ કરતો તે આગળ વધતો હતો. આગળ જતાં એક રાજ્ય એવું આવ્યું જ્યાં બ્રાહ્મણોની વસ્તી વધારે હતી. આ લોકોએ સિકંદરનો વિરોધ કર્યો, પણ સિકંદરે બધાને હરાવીને બધાની કતલ કરાવી નાંખી. કેટલાક રાજાઓએ વિદ્રોહ કરી દીધો હતો તે સમાવ્યો અને કેટલાયને લોકોના દેખતાં ફાંસીએ લટકાવી દીધા. આમ કરતાં-કરતાં તે આગળ વધ્યો. આગળ તેણે પોતાના દેવતાઓની પૂજા કરી અને બલિદાન ચઢાવ્યું. પછી સમુદ્રદેવને બળદોની બલિ ચઢાવી અને ઘણી બધી મદિરા પણ ચઢાવી. તેણે સમુદ્રદેવને એક સુવર્ણપાત્ર પણ અર્પણ કરી દીધું. હવે કદાચ તે કચ્છના રણમાં ઉમરકોટ સુધી પહોંચી ગયો હતો. આ પ્રદેશમાં પાણીની ભારે તકલીફ હોવાથી આટલી મોટી સેના અને પશુઓને પાણી પિવડાવવા માટે તેઓ જગ્યા-જગ્યાએ કાચા કૂવા ખોદી કાઢતા અને પાણી મેળવતા. હવે તે આજના કરાંચી બંદરગાહની નજીક કોઈ જગ્યાએ પહોંચી ગયો. પ્રતિકૂળ આંધી-તોફાન આવવાના કારણે ચોવીસ દિવસ સુધી ત્યાં પડ્યા રહેવું પડ્યું. આવી યાત્રાઓ કેટલી કઠિન અને વિકરાળ હોય છે તેનો અંદાજ આ રીતે આવી શકે. ચોવીસ દિવસ પછી જ્યારે વાતાવરણ ઠીક થયું ત્યારે તે મેટ્રોસિયા અર્થાત્ આજના મકરાણ પ્રદેશમાં પહોંચ્યો. અહીં એક અધિકારીને ક્ષેત્રપ અર્થાત્ ગવર્નર બનાવ્યો, કારણ કે અહીંના મકરાણીઓ બહુ તોફાની હતા અને વારંવાર વિદ્રોહ કરતા હતા. તેમણે ક્ષેત્રપ એપોલો ફેનસની હત્યા પણ કરી નાંખી હતી. હવે તે હિંગળાજ ઘાટી થઈને આગળ વધવા લાગ્યો. બહુ વિકરાળ અને ભયંકર માર્ગ હોવાથી ખાવાપીવાની વસ્તુઓ ખૂટી ગઈ. ચારે તરફ ક્યાંય માણસો, પશુ-

પક્ષી કે વનરાજી જોવા ન મળે, તેથી તેમણે પોતાનાં પશુઓને મારી-મારીને ખાવા માંડ્યાં. વળતી વખતે તેની પાસે પુષ્કળ માલ ભેગો થઈ ગયો હતો. તેને ઉપાડનારાં પશુઓ પણ ઘણાં હતાં. આમ કરતાં-કરતાં તેઓ પાસની નામના બંદરે પહોંચ્યા. જ્યાં તેમણે શુદ્ધ પાણી પ્રાપ્ત કર્યું. અહીં થોડા દિવસ બધાએ આરામ કર્યો. આગળ જતાં તેને સંદેશ મળ્યો કે ભારતના અમુક પ્રદેશોમાં વિદ્રોહ થયો છે અને ગવર્નર ફિલિપની હત્યા કરી નાખવામાં આવી છે. આવી બધી અનેક તકલીફો વચ્ચે તે આગળ વધતો રહ્યો અને જેમતેમ કરીને તે સૂસાનગર પહોંચી ગયો. કહેવાય છે કે આ ભારે રખડપટ્ટીમાં સિકંદર માંદો પડ્યો. તેની સાથે તેનો પ્રસિદ્ધ હકીમ લૂકમાન પણ હતો. લૂકમાને ઘણા પ્રયત્નો કર્યા, પણ સિકંદર સાજો થઈ શક્યો નહિ. સિકંદરને ભારે આઘાત લાગ્યો. તેને વિશ્વવિજય સાથે માતૃભૂમિમાં પ્રવેશ કરવો હતો અને અમાપ સંપત્તિનું પ્રદર્શન કરવું હતું, પણ તેની મનની મનમાં રહી ગઈ. તે જ્યારે છેલ્લાં ડચકાં ખાતો હતો ત્યારે તેની ચારે તરફ મોટા મોટા સેનાપતિઓ બેઠા હતા. સૌને એક જ ચિંતા હતી કે સિકંદર પછી કોને વારસદાર બનાવવો, કારણ કે વારસદાર નક્કી થયો ન હતો. જ્યારે કોઈ બહુ મોટો માણસ મરતો હોય છે ત્યારે મોટો પ્રશ્ન તેના વારસદારનો પેદા થતો હોય છે. માણસ જેટલો મોટો તેટલો જ તેનો વારસો પણ મોટો અને જેટલો વારસો મોટો તેટલો જ તેને સંભાળનારો પણ મોટો હોવો જોઈએ. મોટા માણસો પેદા કરી શકાતા નથી, તે સ્વયંભૂ હોય છે. સ્વયંભૂનું ઘડતર કરો તો તે ખીલી ઊઠે. પણ જેનામાં સ્વયંભૂપણું જ ન હોય તેનું લાખ પ્રયત્ને પણ ઘડતર કરી શકાય નહિ.

એક એવી કિંવદંતી છે કે સિકંદરને મરતી વખતે ભારે પશ્ચાત્તાપ થયો, કારણ કે છેલ્લાં બાર વર્ષથી તે સતત યુદ્ધો જ કર્યા કરતો હતો અને યુદ્ધોમાં હજારો-લાખો માણસો મરાતા હોય છે, આગ લગાડાતી હોય છે અને નગરો લૂંટી લેવાતાં હોય છે. સ્ત્રીઓ સુરક્ષિત નથી રહેતી અને હજારો ગુલામ અથવા ગુલામડી થઈ જતાં હોય છે. આટલું બધું મહાપાપ કરીને તેણે જે પ્રાપ્ત કર્યું તે હવે અહીંનું અહીં મૂકીને જ મરવું પડી રહ્યું છે, એક કોડી પણ સાથે લઈ જઈ શકાતી નથી, તેથી તેને ભારે પશ્ચાત્તાપ અને આઘાત લાગ્યો. આટલું બધું પાપ કરીને મને મળ્યું શું? અને હવે હું શું લઈ જવાનો છું? એવું કહેવાય છે કે જે મહાપુરુષ હોય છે તે પોતાના મૃત્યુને પણ સંદેશનું રૂપ આપતા હોય છે. મૃત્યુ પોતે જ એક મહાસંદેશ છે, જો ગ્રહણ કરી શકાય તો. સિકંદરે સેનાપતિઓને હુકમ કર્યો કે મારો જનાજો લૂકમાન હકીમના ખભા ઉપર ઉપડાવજો, જેથી લોકોને સંદેશ મળે કે લૂકમાન જેવો મહા હકીમ પણ મને બચાવી શક્યો નહિ. જનાજામાંથી મારા બંને હાથ બહાર કાઢજો અને ઉઘાડી હથેળીઓ રાખજો, જેથી લોકોને સંદેશ મળે કે હું એક ફૂટી કોડી પણ સાથે લઈ જઈ રહ્યો નથી. મારા હાથ ખાલી છે. અને મારા જનાજાની પાછળ અત્યાર સુધીનો લૂંટેલો અબજો-અબજો રૂપિયાનો બધો ખજાનો એક પછી એક હાથી, ઊંટો, બળદો ઉપર ખુલ્લો મૂકીને ચલાવજો, જેથી લોકોને સંદેશ મળે કે અધધધધધ આટલો બધો ખજાનો હોવા છતાં પણ સિકંદરને ખાલી હાથે જવું પડ્યું. કહેવાય છે કે જ્યારે આ લાંબું સરઘસ કબ્રસ્તાન તરફ જઈ રહ્યું હતું ત્યારે એક શાયરે શાયરી કરી :

"મુહૈયા ગરચે સબ સામાન મુલ્કે ઔર માલી થે
સિકંદર જબ ચલા દુનિયાસે દોનોં હાથ ખાલી થે."

અર્થાત્ જોકે સંસારની બધી દોલત અને બધાં સુખસગવડો સિકંદરને પ્રાપ્ત હતાં તોપણ જ્યારે તે સંસાર છોડીને પરલોક તરફ ગયો ત્યારે તેના બંને હાથ ખાલી હતા, અર્થાત્ ભેગું કંઈ ન લઈ જઈ શક્યો.

સિકંદરનું મૃત્યુ ૧૧ જૂન ઈ. સ. પૂર્વ ૩૨૩ના બપોર પછી થયું હતું. તેની અંતિમવિધિ ક્યાં કરવામાં આવી તેનો નિર્ણય હજુ પણ થઈ શકતો નથી. ઇજિપ્તના જુદા-જુદા ભાગોમાં કોઈ

જગ્યાએ તેની અંતિમવિધિ થઈ હોય તેવું માનવામાં આવે છે.

૨૭-૫-૨૦૧૬

મોટા ભાગનાં જીવનચરિત્રોમાં નાયકનાં ઊંચાં અને ભવ્ય ચરિત્રોનું આલેખન થતું હોય છે. તેમાં પણ ધાર્મિક ચરિત્રો તો ચમત્કારોથી એટલાં બધાં ભરપૂર હોય છે કે તેમનો વિશ્વાસ જ કરી શકાતો નથી. આનું કારણ એવું લાગે છે કે સંપ્રદાયો, પંથો, પરિવારો પોતાના નાયકને ભવ્યાતિભવ્ય ચિત્રિત કરવા માગતા હોય છે, પણ તેમની પાસે એવા નાયકોની કોઈ ભવ્ય કૃતિ હોતી નથી, તેથી તેઓ તેમની કાલ્પનિક કથાઓ ઘડે છે, જેમાં ચમત્કારોની ભરમાર ભરી દેવામાં આવે છે. બીજી તરફ જે રાજકીય ચરિત્રો લખાતાં હોય છે તેમાં ચમત્કારો તો નથી ભરાતા, પણ નાયકની ઉધાર બાજુઓ છોડી દેવામાં આવતી હોય છે અથવા ઢાંકી દેવામાં આવતી હોય છે, કારણ કે રાજકીય પરંપરામાં પણ હિતબુદ્ધિ રાખનાર વ્યક્તિઓ અથવા વર્ગો રહેતા હોય છે. કોક ભાગ્યે જ એવું જીવનચરિત્ર લખાયું હોય છે જેમાં સ્વયં નાયકે અથવા તેના લેખકે નાયકની ઉધાર બાજુઓ પણ સ્પષ્ટ કરી હોય.

સિકંદરની ઘણી જમા બાજુઓ હતી તેમજ ઘણી ઉધાર બાજુઓ પણ હતી. શરૂઆતનો સિકંદર આગળ જતાં જેમ-જેમ વિજય મળતો ગયો તેમતેમ બદલાતો ગયો અને પછી તે વધુમાં વધુ ભોગી, શરાબી અને ક્રૂર પણ થઈ ગયો હતો. ઈરાન ઉપર વિજય મેળવ્યા પછી તે ઈરાની સંસ્કૃતિ તરફ વળ્યો હતો, અર્થાત્ ઈરાનીઓ વધુમાં વધુ ભોગવિલાસી રહેતા અને ભવ્યાતિભવ્ય વસ્ત્રો તથા વૈભવ ધારણ કરતા હતા. સિકંદરે પણ તેમનું અનુકરણ કર્યું. ભોગવિલાસ, વૈભવ અને વસ્ત્રપરિધાન આપોઆપ વિજયી પ્રજાનાં પરાજિત પ્રજા ઉપર ફેલાઈ જતાં હોય છે. જેમ કે ભારતમાં મુસ્લિમોનાં ઘણાં અનુકરણો થયાં અને અંગ્રેજોનું તો પૂરેપૂરું અનુકરણ થઈ ગયું. પણ અહીં ઊલટું બન્યું. વિજયી ગ્રીકોએ પરાજિત ઈરાનીઓનું અનુકરણ કરવા માંડ્યું, કારણ કે ઈરાનીઓ પાસે ભોગવિલાસ અને વૈભવ બેસુમાર હતા. તેમનું વિશાળ અને મોટું સામ્રાજ્ય હતું અને દરાયસ જેવો મહાન પ્રતાપી સમ્રાટ હતો, તેથી તે દરિદ્ર રાષ્ટ્ર કે પ્રજા ન હતી. વિજય પાછળ વૈભવ આવતો જ હોય છે. વૈભવનું મૂળ વ્યક્તિ તથા વર્ગની વધુપડતી આવક છે. વિજયી પ્રજા વધુ આવકવાળું જીવન જીવતી હોય છે, જ્યારે પરાજિત પ્રજા મોટા ભાગે દરિદ્ર હોય છે, કારણ કે તેને ઊતરતું જીવન જીવવું પડતું હોય છે.

ભોગવિલાસ અને વૈભવનાં મુખ્યતઃ બે કેન્દ્રો છે : (૧) વ્યસનો અને (૨) વિષયો. સિકંદર ઘોર શરાબી થઈ ગયો હતો અને તે હદ બહાર પીતો થઈ ગયો હતો. ઘણી વાર તેને ભાન ન રહેતું એટલે તેના ચાકરો તેને ઉપાડીને પલંગમાં સુવાડી દેતા.

એવું કહેવાય છે કે સિકંદરની સાથે હંમેશાં ૩૬૦ રૂપસુંદરીઓ રહેતી અને તેમની સાથે તે ગળાડૂબ વિષયવાસના ભોગવતો. સંસારની બધી ઊર્જાઓનું કેન્દ્ર કામવાસના છે. કામવાસનામાંથી અર્થવાસના પેદા થાય છે અને અર્થવાસનામાંથી પ્રવૃત્તિઓ પેદા થતી હોય છે. પશુપક્ષીઓને કામવાસના તો હોય છે પણ અર્થવાસના નથી હોતી, તેથી તેમની પ્રવૃત્તિઓ માત્ર કામવાસના અને આહાર પૂરતી જ રહી જતી હોય છે, જ્યારે મનુષ્યોમાં કામવાસનાની સાથે જ અર્થવાસના જોડાયેલી રહે છે. પુરુષ બધું પત્ની માટે અને બાળકો માટે કરતો હોય છે. એકલા પુરુષની આવશ્યકતાઓ બહુ ન્યૂન હોય છે. પણ પત્ની આવતાં જ અમાપ આવશ્યકતાઓ વધી જતી હોય છે. તેને પૂરી કરવા માટે પતિ દોડાદોડી કરતો રહે છે.

કામવાસનાની ત્રણ ગતિ છે : ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. જે લોકો ધર્મ પ્રમાણે લગ્નબંધનમાં બંધાઈને પતિપત્નીના રૂપમાં સહજ જીવન જીવે છે પણ સંયમપૂર્વક પવિત્ર જીવનને મહત્ત્વ આપે છે, તે ઉત્તમ કામવાસનાના ક્ષેત્રમાં જીવન જીવતા હોય છે. તેમનાં બાળકો અને પરિવાર પણ આવી ઉત્તમતાનાં વારસદાર બનતાં હોય છે.

જે લોકો મધ્યમાં રહે છે, અર્થાત્ કામવાસનાની પૂરેપૂરી મર્યાદા રાખી શકતા નથી પણ સ્ખલનોનો ભોગ બને છે અથવા પોતાના પતિ કે પત્ની સાથે પણ અતિરેક કરી બેસતા હોય છે. આવા માણસો સાંસારિક કહેવાય. તેઓ સંસારમાં તણાતાં અથવા ડૂબતાં હોય છે. તેમનું કામવાસનાક્ષેત્ર તેમના માટે દુઃખદાયી બની જતું હોય છે.

જે લોકો બધી મર્યાદાઓ તોડીને સતત અધોગામી કામવાસનાના ક્ષેત્રમાં ઊતરી પડતા હોય છે તેઓ અધોરેતા બની જતા હોય છે. કામવાસનાની અધોગામિતા બુલેટ ટ્રેન જેવી તીવ્ર ગતિવાળી હોય છે. બુલેટ ટ્રેનને તો કદાચ બ્રેક હોય પણ અધોગામી કામવાસનાને બુલેટ ટ્રેનની ગતિથી ભોગવનારાં માણસોની પાસે બ્રેક હોતી નથી. એક વાર દોડ્યા પછી તેઓ અટકી શકતા નથી. ઋષિમાર્ગ ઊર્ધ્વમાર્ગી છે, અર્થાત્ તેમની કામવાસના ઊર્ધ્વમાર્ગ તરફ મંદ અને પ્રસન્ન ગતિથી ચાલતી હોય છે. મધ્યમમાર્ગ સામાન્ય ગતિવાળો છે. તેમાં આખો સંસાર ચાલી રહ્યો છે. તેમાં બ્રેક લગાવવી હોય તો લગાવી શકાય છે. બ્રેક એટલે સંયમ, નિગ્રહ નહિ. પણ કામવાસનાનો અધોમાર્ગ બ્રેક વિનાનો હોવાથી અંતે ભયંકર રોગોની ખીણમાં પહોંચતો હોય છે. આચાર્ય રજનીશનો કામમાર્ગ અધોમાર્ગ હતો તેથી મર્યાદા વિના તેઓ બધાને ખીણ તરફ દોડાવતા રહ્યા. લોકોને આવી દોડમાં આનંદ આવતો રહ્યો, પણ અંતે ભયંકર રોગોમાં અને જીવનની બરબાદીમાં પડીને કરુણ મોતે મર્યા. રજનીશનો માર્ગ પ્રતિક્રિયામાંથી પેદા થયેલો છે. તેઓ જે પરંપરામાં જન્મ્યા તે જૈન પરંપરા પરાકાષ્ઠાના બ્રહ્મચર્યના ઉપાસકોનો માર્ગ હતો. બધા મૂળ નાયકો સ્ત્રીત્યાગી હતા. સ્ત્રી અને પૈસો એ મોક્ષમાં બાધક છે એવું માનીને સ્ત્રી તથા પૈસાનો સમૂળગો ત્યાગ કરનારા અને કરાવનારા હતા. આ જીવનનો એક છેડો કહી શકાય. રજનીશ આ જ પરંપરામાં જન્મ્યા અને છેડાના દર્શનની ઘોર અવ્યવસ્થા તેમણે જોઈ અને અનુભવી, તેથી તેઓ જીવનના બીજા છેડે પહોંચી ગયા. બીજો છેડો એટલે બધી મર્યાદાઓને તોડીને ઇચ્છાપૂર્વક બધા ભોગોને અમાપ ભોગવવા તે. ખરેખર તો આ પણ જીવનનો બીજો છેડો કહી શકાય. જીવન છેડા ઉપર નથી હોતું પણ મધ્યમાં હોય છે. ઋષિઓનો મધ્યમમાર્ગ છે. તેઓ પત્નીત્યાગી નહોતા તેમજ પત્નીરાગી પણ નથી હોતા. પતિપત્ની બંને એકબીજાનાં સહયોગી બનીને જીવનના બધા ભારનું નિર્વહન કરનારાં આજીવન સહયોગી બનતાં હોય છે. તેમાં કામસહયોગ પણ ખરો. કામ એ જ વાસ્તવિક ઊર્જા છે. તેને ઊર્ધ્વગામી બનાવીને ઋષિ-મહર્ષિ-રાજર્ષિ બની શકાય છે. તેને મધ્યમાં રાખીને સંસારી માણસ બની શકાય છે. પણ જો તેની બધી બ્રેકો ફેલ કરી દેવામાં આવે અને અધોગામી બનાવી દેવામાં આવે તો તે ઊર્જા મહાવિનાશકારી પણ થઈ શકે છે. એક મુદ્દો આપણે સૌએ ખાસ યાદ રાખવો જોઈએ કે બ્રહ્મચારીઓ સાહસી નથી હોતા. કોઈ બ્રહ્મચારી એવરેસ્ટ ઉપર ચઢ્યો હોય, કોલંબસ કે વાસ્કો-દ-ગામા બન્યો હોય, સિકંદર કે નેપોલિયન બન્યો હોય એવું સાંભળ્યું નથી. એટલું જ નહિ પણ મોટા ભાગના બ્રહ્મચારીઓ પ્રવૃત્તિ વિનાના રહેતા હોય છે, કારણ કે પ્રવૃત્તિનું પ્રેરકબળ કામ (સ્ત્રી) હોતું જ નથી. તેથી જ્યાં મળ્યું, જેવું મળ્યું જીવી લેવાનું. આમાં ઘણા અષ્ટાવધાનીઓ, શતાવધાનીઓ પણ થયા હોવાની વાતો કહેવાય છે. કેટલાક ત્રિકાળજ્ઞાની કે અવધિજ્ઞાની પણ થયા મનાય છે, પણ આમાંના કોઈકે એક સોયની પણ શોધ કરી નથી. પ્રજાની અને રાષ્ટ્રની આવશ્યકતાઓ પૂરી કરવા જે જ્ઞાનનો ઉપયોગ જ ન થયો હોય કે ન થતો હોય તેવું જ્ઞાન કાં તો વાંઝિયું કહેવાય અથવા કાલ્પનિક ચમત્કારો જ કહેવાય, જેનાથી પ્રજાના કે રાષ્ટ્રના પ્રશ્નો ઉકેલાતા નથી.

સિકંદરની પાસે પ્રચંડ કામઊર્જા હતી. આ ઊર્જાએ જ તેને આટલા મોટા સાહસ તરફ ધક્કો માર્યો. ઊર્જાહીન લોકો ઘરમાં કે ગુફામાં પડ્યા રહેતા હોય છે અને નિષ્ક્રિય જીવન જીવતા હોય છે. આ ઊર્જાને જો ધર્મ કે કોઈ ઋષિમુનિની બ્રેક હોત તો જે અધોગામી વેગ

પકડ્યો તે ન પકડાયો હોત. દ્વારકાના યાદવોનું પણ આવું જ થયું હતું. કૃષ્ણે તેમને સોનાના વૈભવ ઉપર મૂકી દીધા હતા, પણ તેને પચાવી ન શક્યા અને તેમની ઊર્જા અધોગામી દોડવા માંડી, જેમાંથી વિનાશ થયો. બચેલા યાદવો યુ.પી., બિહાર તરફ ભાગી ગયા અને હવે ફરીથી પાછી પોતાની ઊર્જાનો ઉપયોગ કરી રહ્યા દેખાય છે. ફરીથી એક મુદ્દો યાદ રાખવો જોઈએ કે જે પત્નીત્યાગી નાયકો બ્રહ્મચારીઓ હતા તેઓ ઊર્જાહીન નિષ્ક્રિય જીવતા રહ્યા. તેમણે કશું જ ન કર્યું. બીજી તરફ સિકંદર જેવા ઊર્જાને અધોગામી દોડાવનારા પણ થયા, જેમણે પોતાનો અને રાષ્ટ્રનો વિનાશ કર્યો. જે ઇસ્લામિક આક્રમણો ભારત ઉપર થયાં તે ઊર્જાવાળાં હતાં. તેમને ભારતની સ્ત્રીઓ પણ જોઈતી હતી અને તેથી હજારો-લાખોની સંખ્યામાં ગુલામ બનાવીને લઈ ગયા અને ભોગવી, પણ તેમની ઊર્જા અધોગામી થવાથી તેમનું પતન થયું. અને અંગ્રેજો આવ્યા. અંગ્રેજો પણ ઊર્જાવાન પ્રજા હતા. દરેકની પોતાની પત્ની પોતાની સાથે જ હોય, પણ પરપત્ની કે પરપત્નીઓનો બખેડો ન હોય. અંગ્રેજો બસો વર્ષ ભારતમાં રહ્યા, પણ તેમની સ્ત્રીલંપટતાની કોઈ ખાસ વાત બહાર આવી નથી. તેઓ ભેગાં મળીને નાચે, કૂદે, ગાય, જમે, જમાડે... બધું કરે, પણ તેમની ઊર્જા મર્યાદામાં રહે. આ બોધપાઠ આપણે અંગ્રેજો પાસેથી શીખવો હોય તો શીખી શકાય.

સિકંદરના બહુભોગી ચરિત્રની અસર તેના સેનાપતિઓ અને સૈનિકો ઉપર પણ પડવા માંડી હતી, કારણ કે રાજા સૌનો ઘડવૈયો બનતો હોય છે.

સિકંદરની પાસે અસંખ્ય સેનાપતિઓ હતા. તેમાંનો એક મુખ્ય સેનાપતિ પરમિનિયા નામનો હતો. સિકંદરના વિશ્વવિજયમાં પરમિનિયાનો મોટો હાથ કહી શકાય. એટલે પરમિનિયાને સૌથી વધુ મહત્ત્વ અપાતું હતું. સમૂહમાં કોઈ એકને જ્યારે વધુપડતું મહત્ત્વ અપાય તો બાકીના કેટલાક લોકોને ઈર્ષા થાય જ. આ રીતે બીજા મંત્રીઓને ઈર્ષા થવા લાગી અને કેમ કરીને પરમિનિયાના પગ ખેંચી તેને નીચે પછાડવો તેવાં ષડ્યંત્રો રચાવા લાગ્યાં. ષડ્યંત્રો વિનાનું રાજકારણ હોતું નથી. પરમિનિયાનો પુત્ર ફિલોટસ હતો. અને તે યુવાવસ્થાથી જ કુસંગી બની ગયો હતો, એટલે તેના માધ્યમથી પરમિનિયાને હલકો પાડવો તેવું ષડ્યંત્ર બધાએ મળીને રચ્યું. મહાન વ્યક્તિ ઘણી વાર પોતાના પરિવાર દ્વારા અથવા પરિવારના કોઈ એક સભ્ય દ્વારા હલકો પડતો હોય છે. ઇજ્જત-આબરૂ ભારતમાં સંયુક્ત રૂપે હોય છે, અર્થાત્ સંપૂર્ણ પરિવાર અથવા સંપૂર્ણ સમાજની સંયુક્ત આબરૂ હોય છે. આમાંથી કોઈ પણ એકાદ વ્યક્તિ હલકું કામ કરે તો તે હલકાપણાની છાપ પૂરા પરિવાર અથવા સમાજ ઉપર પડતી હોય છે. ખટપટિયા મંત્રીઓએ સિકંદરના કાન ભંભેર્યા કે ફિલોટસ સત્તા પલટીને તમારી સત્તા પોતાના હાથમાં લેવા માગે છે. કાન ભંભેરવા એ સામાન્ય બાબત કહેવાય. જ્યાં કાનમાં ધીમેધીમે ગુસપુસ થયા કરતી હોય ત્યાં કાનભંભેરણી ચાલતી હોય. જ્યાં કાનભંભેરણી ચાલતી હોય ત્યાં વિખવાદ હોય જ. અને જ્યાં વિખવાદ હોય ત્યાં શાંતિ ન હોય. સત્તાધારી રાજા કે નેતાને પોતાની સત્તા ઉથલાવવાનો હંમેશાં ભય રહેતો હોય છે અને એવા ભયને પુષ્ટ કરનારા મંત્રીઓ વગેરે મળી રહે તો તે ભય વધી જતો હોય છે. મંત્રીઓની કાનભંભેરણીથી સિકંદર અશાંત થઈ ગયો હતો. અંતે તેણે ફિલોટસને બોલાવ્યો અને ષડ્યંત્રની સાચી વાત પૂછી, પણ આવું કંઈ હતું નહિ એટલે તેણે પોતે નિર્દોષ હોવાનો અને તેમ છતાં ક્ષમાયાચના કરવાનો પ્રયત્ન કર્યો. સિકંદરે ફિલોટસને તેના તંબુમાં જવા દીધો, પણ તેના મનમાં તો ડંખ રહી જ ગયો હતો. અંતે રાત્રે સિકંદરે ફિલોટસને ફરીથી ગિરફતાર કર્યો. ચારે તરફ ઉત્તેજના વધી ગઈ કે હવે શું થશે? જ્યારે કોઈ અપરાધી પોતાનો અપરાધ સ્વીકાર ન કરે ત્યારે તેને ઘોર યાતના આપવાનું એક મશીન રાખવામાં આવ્યું હતું. આ મશીન સાથે ફિલોટસને બાંધીને તેના હાથ-પગ વગેરે મરોડવામાં આવ્યા. અસહ્ય પીડા થતી હોવા છતાં ફિલોટસ ચૂપ રહ્યો. તે બધું સહન કરતો રહ્યો. અનેક પ્રકારની

સહનશક્તિઓમાં માર સહન કરવાની પણ એક સહનશક્તિ હોય છે, જે બધામાં નથી હોતી. મોટા ભાગે સુંવાળા લોકો મારના રંક હોય છે. જરાક માર પડતાં કે પીડા અપાતાં તેઓ પોપટની માફક જે બોલાવવા માગો તે બધું બોલી દેતા હોય છે. પણ ફિલોટસ કશું ન બોલ્યો. ફિલોટસનો પિતા પરમ સેનાપતિ પરમિનિયા આ બધી રિબામણી જોતો રહ્યો, પણ તે પણ કશું ન બોલ્યો. અંતે તેના સમજાવવાથી ફિલોટસે પોતાનો ગુનો ન હોવા છતાં પણ ગુનો સ્વીકારી લીધો. ઘણી વાર બેગુનેગારો પણ મારની આગળ ગુનેગાર હોવાનું સ્વીકારી લેતા હોય છે અને તેમને ખોટી સજા પણ થઈ જતી હોય છે. ફિલોટસે ગુનો સ્વીકાર કર્યો એ પછી તેને યાતના-મશીનમાંથી છુટકારો મળ્યો અને પથ્થરો મારીમારીને તેને મોતને ઘાટ ઉતારી દીધો. ફિલોટસના આવા કરુણ મૃત્યુથી તેનો સેનાપતિ ડિમનસ ગભરાઈ ગયો અને તેણે પોતાના હાથે જ પોતાના પેટમાં તલવાર ખોસીને આત્મહત્યા કરી લીધી.

બીજી તરફ એંસી વર્ષના મુખ્ય સેનાપતિ પરમિનિયાની પણ દગાબાજીથી હત્યા કરી નાંખવામાં આવી. આ રીતે જેણે સિકંદરના વિશ્વવિજયમાં મહાન ફાળો આપ્યો હતો તેવા સેનાપતિને કમોતે મારી નાખવામાં આવ્યો.

પૂર્વે વાત આવી ગઈ છે કે એક ભયંકર યુદ્ધમાં સિકંદરનું મૃત્યુ થઈ જવાનું હતું ત્યાં એકદમ પોતાનો ઘોડો દોડાવીને 'ક્લિટસ' નામના સેનાપતિએ સિકંદરનો જાન બચાવી લીધો હતો. આ 'ગ્રેનિકસ'નું યુદ્ધ હતું. આટલો મોટો ઉપકાર કરનારો ક્લિટસ હવે વૃદ્ધ થઈ ચૂક્યો હતો. પણ એક વાર દારૂના નશામાં ચકચૂર થઈને સિકંદરે તેનું અપમાન કર્યું અને તેને સભામાંથી કાઢી મૂક્યો, એટલું જ નહિ, પણ એક મોટો પથ્થર લઈને તેણે ક્લિટસ ઉપર માર્યો અને તેને મોતને ઘાટ ઉતારી દીધો. આ રીતે પોતાના મહાન ઉપકારકને પણ સિકંદરે ક્રૂરતાથી મારી નાંખ્યો હતો. આવાં બધાં અનેક ઉદાહરણો સિકંદરના જીવનચરિત્રને કાળા ડાઘ લગાડે છે. ખરેખર તો વિજયના ઉન્માદમાં તે વિષયવાસના અને વ્યસનમાં ગળાડૂબ થઈ ગયો હતો, તેથી ગમે તેવા ખોટા નિર્ણયો પણ કરી લેતાં તેને વાર ન લાગતી. સત્તા હંમેશાં નિયંત્રણના મ્યાનમાં રહેવી જોઈએ. મ્યાન વિનાની તલવાર અને નિયંત્રણ વિનાની સત્તા બેફામ થઈ શકે છે. સિકંદર નિયંત્રણ વિનાનો બેફામ થઈ ચૂક્યો હતો, તેથી તે ગમે તેવા ખોટા નિર્ણયો પણ કરતો અને લાગુ પાડતો. એક મત એવો છે કે સિકંદર બીમારીથી નહિ પણ ઝેર આપવાથી મર્યો હતો. લોકચાહના અને સાથીદારોની ચાહના ગુમાવી દેનારો રાજા અળખો થઈને કદાચ આવા વિષપ્રયોગથી પણ મરી જતો હોય છે. જે હોય તે, પણ આવા મહાન નાયકની કેટલીક ઉધાર બાજુઓ પણ આપણને – ખાસ કરીને સત્તાધીશોને સાવધાન કરતી હોય છે.

૨૯-૫-૨૦૧૬

૧૧

આગળનાં પ્રકરણોમાં સિકંદરનું નાની ઉંમરે (૩૨ વર્ષ) મૃત્યુ થયું અને તેના મનના મનોરથો પૂરા ન થયા, તેનો લૂંટેલો અમાપ ખજાનો અહીંનો અહીં રહી ગયો અને તેથી તે ખાલી હાથે યમરાજને ત્યાં હિસાબ આપવા ગયો એ ઘટના આવી ગઈ છે. આ ઘટનાનાં જુદી-જુદી રીતે બે પરિણામો મેળવી શકાયાં છે. પહેલું – ભારતીય દૃષ્ટિએ આ આખી ઘટના વૈરાગ્ય ઉપજાવનારી છે. માણસ ગમે તેટલાં સાહસ-શૌર્ય, પરાક્રમ બતાવીને ધન-ઐશ્વર્ય-સત્તા પ્રાપ્ત કરે તોપણ અંતે ખાલી હાથે જ જવાનું છે, એટલે આવા બધા પ્રયત્નોમાં જીવન બરબાદ કરવું ન જોઈએ અને સાધુ-સંન્યાસી થઈને આત્માનું કલ્યાણ કરી પરલોક સુધારી લેવો જોઈએ એવો બોધપાઠ ભારતના ત્યાગી-વૈરાગી વિચારકોએ પ્રાપ્ત કર્યો છે અને લોકોમાં વહેતો કર્યો છે, જેના પરિણામે સાહસ, શૌર્ય, પરાક્રમ વગેરે પ્રવૃત્તિઓને હતોત્સાહ કરવામાં આવી છે. આપણા કોઈ રાજા-મહારાજા જ્યારે ગૃહત્યાગ કરીને સાધુ-સંન્યાસી બની જાય છે ત્યારે લોકો તેમનો જયજયકાર કરે છે. કેટલીક વાર આવા જ જયજયકારને મેળવવા માટે કેટલાક સાધુઓ પોતે મહાન રાજપરિવારમાંથી આવે છે અથવા કોઈ ઉચ્ચ શ્રેષ્ઠી સમાજમાંથી આવે છે અને તેણે કરોડોની સંપત્તિનો ત્યાગ કરી દીધો છે તેવી સાચી કે ખોટી રજૂઆતો કરી-કરીને વાહ-વાહ મેળવતા હોય છે. જોકે સાધુ-સંન્યાસી થયા પછી તે જે કાર્ય કરી શકે છે તે રાજામહારાજા તરીકે સત્તા ઉપર ચાલુ રહીને વધુ મોટા પ્રમાણમાં કરી શક્યા હોત. સત્તા કે સંપત્તિ ખોટી નથી, તેનો દુરુપયોગ ખોટો છે. એટલે તેના દુરુપયોગને ત્યાગીને સદુપયોગ તરફ વાળવામાં આવે તો સત્તા, સંપત્તિ વગેરેથી અનેક ઉત્તમોત્તમ કાર્યો થઈ શકે છે. આ તરફ જેટલું ધ્યાન જવું જોઈએ તેટલું ગયું નથી.

(૨) બીજું પરિણામ એ છે કે સિકંદર ખાલી હાથે ગયો ન હતો. તેણે અનેક પ્રદેશો પોતાના રાષ્ટ્ર સાથે જોડ્યા હતા અને રાષ્ટ્રને વિશાળ તથા મહાન બનાવ્યું હતું, જેના પરિણામે પછીનાં વર્ષોમાં ગ્રીક પ્રદેશ અને ગ્રીક પ્રજા વિશ્વની મહાન પ્રજા બની શકી. આ એક યોગાનુયોગ કહેવાય કે પાછા વળતાં રસ્તામાં જ તેનું મૃત્યુ થઈ ગયું. જો આવું મૃત્યુ ન થયું હોત અને સફળતાપૂર્વક તે પાછો દેશ ફરી શક્યો હોત અને લાંબું આયુષ્ય ભોગવી શક્યો હોત તો તેની યુદ્ધકુશળતા અને સેનાપતિના પદની ક્ષમતાના અનેક લાભો તેના રાષ્ટ્રને તથા પ્રજાને મળ્યા હોત. આ બધું ઓછું ન કહેવાય. આપણે આ તરફ ધ્યાન આપતા જ નથી. આપણું ધ્યાન પરલોક તરફ મંડાયેલું છે. એટલે આવી પ્રાપ્તિને તુચ્છ પ્રાપ્તિ ગણાવતા રહીએ છીએ. જોકે આમાંના સોમા ભાગનું પણ આપણે પ્રાપ્ત કર્યું નહિ. એટલે નિષ્ફળતા કે નિક્રિયતાને ઢાંકવા માટે ત્યાગ-વૈરાગ્યની વાતો કર્યા સિવાય બીજો કોઈ રસ્તો જ નહિ.

આપણે અંગ્રેજો પાસેથી ઘણું-ઘણું શીખવાનું છે. અંગ્રેજો પણ દેશબહાર નીકળ્યા અને જોતજોતાંમાં પૂરા વિશ્વ ઉપર સત્તા બનીને છવાઈ ગયા. તેમની આવી સફળતાનાં કારણો આપણે જોવાં-વિચારવાં જોઈએ. મારી દૃષ્ટિએ અંગ્રેજો વિષય અને વ્યસનમાં ક્યાંય ગળાડૂબ ડૂબ્યા ન હતા, તેથી તેમના નિર્ણયો ધીરગંભીર અને વિવેકપૂર્વકના રહેતા. તેમણે સત્તા પચાવી હતી અને પોતાના દેશને પૂરેપૂરા વફાદાર રહીને તેઓ સત્તા ભોગવતા હતા. કોઈ વાઇસરૉય અથવા કોઈ ગવર્નર જનરલે વિદ્રોહ કર્યો ન હતો. મુદત પૂરી થતાં જ ઊંચામાં ઊંચું પદ છોડીને તેઓ પોતાના દેશમાં ચાલ્યા જતા અને જે કામ મળે તે કરીને પાછલું જીવન જીવતા. જો આ ઉદાહરણો આપણા માટે આદર્શ થઈ શકે તો આપણે પણ મહાન પ્રજા બની શકીએ છીએ.

પૂર્વે કામવાસનાના ત્રણ માર્ગો બતાવવામાં આવ્યા છે. તેમાં ઊર્ધ્વમાર્ગને ઊર્ધ્વરેતા કહેવામાં આવ્યો છે. દુર્ભાગ્યવશ ભારતના કેટલાક યોગીઓએ ઊર્ધ્વરેતાનો અર્થ એવો કર્યો છે

કે વીર્યનું જેટલું ઉત્પાદન થાય છે તે બધું અધઃસ્રાવી ન થતાં યોગ દ્વારા ઊર્ધ્વરેતા, અર્થાત્ તેનું ઊર્ધ્વીકરણ કરીને છેક મસ્તિષ્ક સુધી તેને પહોંચાડી મહાન બનવામાં આવે. આ સાચો અર્થ નથી, પણ યુવાનોને ગેરમાર્ગે દોરનારો મત છે. ખરેખર આવું ઊર્ધ્વીકરણ થતું જ નથી. આવી કોઈ નાડી નથી કે જેના દ્વારા વીર્યને મસ્તિષ્ક સુધી પહોંચાડી શકાય. ડૉક્ટરો તથા શરીરશાસ્ત્રીઓને આ બાબતમાં સ્પષ્ટતા કરવા કહી શકાય. આવી જ રીતે કોઈ નાભિ આગળ કુંડલી મારીને પોતાનું પૂંછડું પોતાના મોઢામાં લઈને બેઠેલી કોઈ સર્પિણી પણ નથી કે જેને મોઢામાંથી પૂંછડું કઢાવી કુંડલી જગાડી અદ્ભુત જ્ઞાન પ્રાપ્ત કરી શકાય. આ બધી માત્ર ભ્રમણાઓ છે અને લોકોને ભ્રમમાં ભટકાવવાના રસ્તા છે. ખરેખર તો પંચ્યાશી વર્ષના મારા અનુભવો પ્રમાણે આવા બધા યોગીઓ મોટા રોગી બનીને રિબાઈ-રિબાઈને મર્યા છે. તેમની સાચી હકીકત બહાર આવતી નથી. પ્રચારસાહિત્ય ચમત્કારોથી ભરપૂર ઘટનાઓનો પ્રચાર કરીને ગુમરાહ થયેલા લોકોને વધુ ગુમરાહ કરાતા હોય છે.

મારી દૃષ્ટિએ ઊર્ધ્વરેતાનો અર્થ એ છે કે પરમેશ્વરે મનુષ્યને જે સર્વોત્તમ ઓજ આપ્યું છે તે કોઈ યોગ્ય બીજમાં ભળીને ઉત્તમ માનવસૃષ્ટિ રચે, જેમ રામ-કૃષ્ણ-શિવાજી મહારાજ વગેરે દ્વારા ઓજનો સદુપયોગ થયો અને આ રીતે તેમનું ઊર્ધ્વરેતાપણું વિશ્વના હિતમાં પરિણમ્યું. ઊર્ધ્વરેતા એટલે પતિપત્નીમાં પૂર્ણ સંતોષ, પૂર્ણ તૃપ્તિ અને પૂર્ણ મર્યાદા સાથે જીવન જીવવું તે. ઓજનો નાશ કરવો અથવા નાશ થવા દેવો અથવા તેને મર્યાદાહીન ગમે ત્યાં ગમે ત્યારે ગમે તેવાં પાત્રોમાં વેડફતા રહેવું તેનું નામ અધોરેતા કહેવાય. રાજા અને પ્રજા અધોરેતાથી બચે અને ઊર્ધ્વરેતા બને તો પોતે અે રાષ્ટ્ર બંનેને મહાન બનાવી શકે.

૨૯-૫-૨૦૧૬

નેપોલિયન બોનાપાર્ટ

૧

વિશ્વના પૂરા નકશાને ધ્યાનથી જુઓ. તેમાં છ ખંડ આવેલા છે : ઉત્તર અમેરિકા, દ. અમેરિકા, યુરોપ, એશિયા, આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા. આ છયે ખંડોમાં સૌથી નાનો યુરોપ ખંડ છે અને વસ્તીની દૃષ્ટિએ પણ અત્યારે તે સૌથી નાનો કહી શકાય. તેમ છતાં વિશ્વની જે મહત્તમ વિભૂતિઓ અને ઘટનાઓ ઘટી તે આ નાના ખંડમાં અથવા આ ખંડ દ્વારા ઘટી. યુરોપને અને આપણા વિશ્વને સમજવો હોય તો નીચે લખેલા પ્રશ્નો પૂછો અને તેના સાચા જવાબ આપો.

(૧) વિશ્વમાં સૌથી વધુ યુદ્ધો ક્યાં થયાં?
(૨) વિશ્વમાં સૌથી વધુ શસ્ત્રો ક્યાં પેદા થાય છે?
(૩) વિશ્વમાં સૌથી વધુ વૈજ્ઞાનિકો ક્યાં પેદા થયા?
(૪) વિશ્વમાં સૌથી વધુ દાર્શનિકો - ચિંતકો ક્યાં પેદા થયા?
(૫) વિશ્વમાં સૌથી વધુ પ્રવાસીઓ ક્યાં પેદા થયા?
(૬) વિશ્વમાં સૌથી વધુ સાગરખેડુઓ ક્યાં પેદા થયા?
(૭) વિશ્વમાં સૌથી વધુ ધનાઢ્યો ક્યાં પેદા થયા?
(૮) વિશ્વમાં સૌથી વધુ મોટી કંપનીઓ ક્યાં થઈ?
(૯) વિશ્વમાં સૌથી વધુ માનવતાવાદી પ્રવૃત્તિઓ ક્યાં થઈ?
(૧૦) વિશ્વમાં સૌથી વધુ ધર્માચાર્યો તથા સાધ્વીઓ ક્યાં પેદા થયાં, જેમણે ધર્મપ્રચારનું સૌથી વધુ કાર્ય કર્યું હોય?
(૧૧) વિશ્વમાં સૌથી વધુ કોના સૈનિકો મરાયા?
(૧૨) વિશ્વમાં સૌથી વધુ વહીવટદારો કોણે આપ્યા?
(૧૩) વિશ્વમાં લોકશાહીનું કામ સૌથી વધુ ક્યાં થયું અને થાય છે?
(૧૪) વિશ્વમાં સૌથી વધુ ઉત્પાદન કોણ કરે છે?
(૧૫) વિશ્વમાં સૌથી વધુ વીજળી કોણ પેદા કરે છે?
(૧૬) વિશ્વમાં સૌથી વધુ વિદ્યાપીઠો ક્યાં આવી છે અને કેટલા વિદ્યાર્થીઓ ભણે છે?
(૧૭) વિશ્વની સૌથી મોટી બૅંકિંગ પદ્ધતિ કોની પાસે છે?

આ બધાનો એક જ જવાબ આપી શકાય કે યુરોપ, યુરોપ અને યુરોપ. આપણે યુરોપ શબ્દમાં યુ.એસ.એ.ને પણ ગણી લેવાનું છે, કારણ કે તેનું અસ્તિત્વ યુરોપમાંથી જ થયેલું છે. આટલી બધી વસ્તુઓમાં જો પશ્ચિમની ગોરી પ્રજા વિશ્વમાં સૌથી આગળ હોય તો ગૌરવ કોણ લે? તે લે કે આપણે લઈએ? ઉપર જે પ્રશ્નો પુછાયા છે તેમાં પ્રત્યેકની છણાવટ કરીને પાનાં ભરી શકાય છે, પણ આપણે તેવું નથી કરવું. હવે ભારત વિશે કેટલાક પ્રશ્નો પૂછીએ.

(૧) વિશ્વમાં સૌથી વધુ ભગવાનો કોણે પેદા કર્યા?
(૨) વિશ્વમાં સૌથી વધુ સંપ્રદાયો – પંથો કોણે પેદા કર્યા?
(૩) વિશ્વમાં સૌથી વધુ સાધુઓ કોણે પેદા કર્યા?
(૪) વિશ્વમાં સૌથી વધુ જાતજાતનાં તિલકો કોણે પેદા કર્યાં?
(૫) વિશ્વમાં સૌથી વધુ દરિદ્રતા ક્યાં હતી અને છે?
(૬) વિશ્વમાં સૌથી વધુ નિરક્ષરતા ક્યાં હતી અને છે?
(૭) વિશ્વમાં સૌથી વધુ અંધશ્રદ્ધા ક્યાં હતી અને છે?
(8) વિશ્વમાં સૌથી વધુ મંદિરો ક્યાં છે?

(૮) વિશ્વમાં કયા-કયા દેશનાં મંદિરોમાં સૌથી વધુ સોનું સંગ્રહાયેલું છે?
(૧૦) વિશ્વમાં સૌથી વધુ ઝૂંપડપટ્ટીઓ ક્યાં આવેલી છે?
(૧૧) વિશ્વમાં સૌથી વધુ બળાત્કારો ક્યાં થાય છે?
(૧૨) વિશ્વમાં સૌથી વધુ કુંવારા પુરુષો ક્યાં મરી જાય છે?
(૧૩) વિશ્વમાં કયા દેશમાં અલ્પસંખ્યકો બહુસંખ્યકોને મારે છે?
(૧૪) વિશ્વમાં સૌથી વધુ ભિખારીઓ કયા દેશમાં છે?

આ બધાનો એક જ જવાબ આપી શકાય કે ભારત, ભારત અને ભારત. ભારત એટલે પાકિસ્તાન અને બાંગ્લાદેશ સહિતનું ભારત. આનો અર્થ કોઈ એવો ન સમજે કે યુરોપની સાથે તુલના કરીને ભારતને હલકું બતાવવામાં આવી રહ્યું છે. આ વાસ્તવિકતા છે અને વાસ્તવિકતાનો સ્વીકાર કરીને જ પ્રશ્નોને ઉકેલી શકાય. વાસ્તવિકતા ઉપર ધૂળ નાખવાથી થોડોક સમય તેને દબાવી તો શકાય છે, પણ તેથી કંઈ પ્રશ્નોનો ઉકેલ આવી જતો નથી. આપણે કાલ્પનિક ભૂતકાળના ગૌરવની વાતો કરીને નશામાં ચકચૂર તો રહી શકીએ છીએ, પણ તેથી ઉચ્ચતા પ્રાપ્ત થઈ જતી નથી. "હમ મહાન હૈં" એવું કહેવાથી મહાન થઈ જવાતું નથી.

આપણો વિષય છે : યુરોપ દરેક ક્ષેત્રમાં આટલું મહાન કેમ બન્યું? મારી દૃષ્ટિએ તેનું મુખ્ય કારણ યુરોપનાં નાનાં-મોટાં અસંખ્ય યુદ્ધો છે. યુરોપમાં જેટલાં યુદ્ધો લડાયાં તેટલાં બીજે ક્યાંય લડાયાં નથી અને યુરોપમાં જેટલા સૈનિકો શહીદ થયા તેટલા બીજે ક્યાંય થયા નથી. તમને નવાઈ લાગશે કે આટલા બધા ચતુર્દિગ્ વિકાસનું કારણ યુદ્ધો કેવી રીતે બની શકે? યુદ્ધોમાં તો સર્વસ્વ બરબાદ થઈ જતું હોય છે, તેથી પ્રજા વધુ પછાત અને દુઃખી થવી જોઈએ, તેની જગ્યાએ આટલો બધો વિકાસ કેમ થઈ શકે?

આનો જવાબ સમજવા જેવો છે. એક તો યુદ્ધો કરનારી પ્રજા મહત્ત્વાકાંક્ષી બનતી હોય છે. મહત્ત્વાકાંક્ષાથી જ મહાન કાર્યો બનતાં હોય છે. મહાન કાર્યોની પ્રેરણા તેની જરૂરિયાતોથી થતી હોય છે. જ્યાં યુદ્ધો થતાં હોય છે ત્યાં અનેક પ્રકારની આવશ્યકતાઓ ઊભી થતી હોય છે, જેને પહોંચી વળવા પ્રજા કામે લાગતી હોય છે, જેમાંથી નવાં-નવાં વૈજ્ઞાનિક તત્ત્વોની શોધો પણ થતી હોય છે. જ્યાં કદી કોઈ યુદ્ધ જ ન થયું ત્યાંની પ્રજા કદાચ ખાધેપીધે સુખી હોય છે, પણ તેનો વિકાસ થતો હોતો નથી, કારણ કે તેને કોઈ પડકાર હોતો નથી. પડકાર વિના પ્રતિભા ખીલતી નથી. માત્ર રોટલો ખાઈને જીવવું અને મરી જવું એ જ લક્ષ્ય હોય તો તેમાં કશો પડકાર હોતો નથી. કેટલીક વાર તો ભૂખે મરીને મરી જવાને પણ લોકો સહન કરી લેતા હોય છે, કારણ કે તેમને આશ્વાસન આપવામાં આવે છે કે આ તો તમારા પૂર્વજન્મનાં કર્મને તમે ખપાવી રહ્યા છો, એટલે હવે એટલું ભોગવવાનું ઓછું થયું. પૂર્વજન્મનાં કર્મોને એટલું બધું મહત્ત્વ આપવામાં આવ્યું કે ક્યાંય કશો પડકાર જ રહ્યો નહિ. જે છે, જેવું છે તેવું ભોગવી લો, જેમાં ગુલામી અને ગુલામીના અત્યાચારો પણ આવી ગયા. એટલે જ્યાં કદી કોઈ યુદ્ધ થયું જ નહિ અથવા થયું તો માત્ર આંતરિક નાનાં છમકલાં થયાં એવા દેશો વિકાસ વિનાના થઈ ગયા. જેમ કે તિબેટ. તિબેટ એટલે લામાઓનો દેશ, પ્રજાનો દેશ નહિ. પ્રજા ખરી, પણ તેનું કામ લામા પેદા કરવાનું અને લામાઓનું કામ ધ્યાન-ધારણા-વિપશ્યના કરીને નિર્વાણ મેળવવાનું. ક્યાંય કશો સંઘર્ષ નહિ, કોઈ પડકાર નહિ. બસ, શાંતિ જ શાંતિ. આનું પરિણામ એ આવ્યું કે આ લામાભૂમિ સૈનિકો કે વૈજ્ઞાનિકો પેદા ન કરી શકી. પરિણામે માત્ર થોડા જ દિવસોના આક્રમણમાં ચીને તિબેટને હડપી લીધું. લામાઓ મુઠ્ઠી વાળીને ભાગ્યા અને ભારતના શરણે આવ્યા. જે લામાઓ બચી ગયા અને જેઓ ભગવાન હોવાનો દાવો કરતા હતા તેવાઓને ચીનના સામ્યવાદીઓએ જીપની પાછળ બાંધી-બાંધીને, જીપો દોડાવીને તેમના ભક્તોના દેખતાં

રિબાવી-રિબાવીને મારી નાંખ્યા. આવું જ વિશ્વના બીજા પણ કેટલાક દેશોમાં થયું હશે. આમ તો આખું વિશ્વ નાનાં-મોટાં યુદ્ધોમાં ઘેરાયેલું જ રહેતું હતું અને રહે છે, પણ ભારતમાં જે અહિંસાવાદ પેદા થયો તેણે હિંસામાત્રથી મુક્ત થઈને અહિંસાવાદ જીવન જીવવાનો પરમ આદર્શ આપ્યો અને સૂત્ર આપ્યું : "અહિંસા પરમો ધર્મ:"।" આવું સૂત્ર વિશ્વમાં એટલે કે ઇસ્લામમાં, ક્રિશ્ચિયાનિટીમાં કે બીજી કોઈ જગ્યાએ જોવા નહિ મળે. તેમાં પણ ગાંધીજીએ તો દાટ જ વાળ્યો. ગાંધીજી અને તેમના શિષ્ય વિનોબાજીએ તો વારંવાર જાહેરાત કરી કે ભારતને સેના રાખવાની જરૂર જ નથી. ભારતે સેના વિખેરી નાંખવી જોઈએ. આ વિચારોનો પ્રભાવ પ્રથમ પ્રધાનમંત્રી નહેરુજી ઉપર પડ્યો અને તેમણે શસ્ત્ર ઉત્પાદન કરતાં મોટાં સોળ કારખાનાંઓમાં શસ્ત્રોનું તથા દારૂગોળાનું ઉત્પાદન બંધ કરાવીને લોકોને ઉપયોગી થાય તેવાં ખાતરો, પ્રેશરકૂકરો વગેરે ઉત્પન્ન કરાવવા લાગ્યા. તેમની ઇચ્છા સૈનિકોને ખેતરોમાં મજૂરી કરવા મોકલવાની હતી, કારણ કે તેમની દૃષ્ટિએ સૈનિકો વગર જોઈતો પગાર ખાતા હતા, પણ સેનાનાયક કરિઅપ્પા અને થિમય્યાએ વિરોધ કર્યો. તેમણે તો રાજીનામું પણ ધરી દીધું, જેથી નહેરુજીને અટકી જવું પડ્યું. પણ આ કુબુદ્ધિનું પરિણામ તરત જ ૧૯૬૨ની ચીનલડાઈમાં ભોગવવું પડ્યું. ચીન સાથે સામાન્ય બંદૂકોની લડાઈ પણ આપણે સફળતાપૂર્વક લડી શક્યા નહિ અને હારી ગયા. નહેરુજીનો નશો ઊતરી ગયો અને તેમને સમજાયું કે સેના વિખેરાય નહિ. શસ્ત્રો ત્યજાય નહિ, આ બોધપાઠ મેળવવા માટે ભારતે ભારે કિંમત ચૂકવવી પડી અને આજે પણ ચૂકવી રહ્યું છે.

યુરોપના સદ્ભાગ્યે ત્યાં કોઈ અહિંસાવાદી ભગવાન પેદા ન થયો તેમજ ગાંધીજી જેવા છેડાના નેતા પણ પેદા ન થયા, તેથી તે સેના અને શસ્ત્રોની બાબતમાં કદી પણ ગુમરાહ કરતા વિચારો ધરાવતું થયું નહિ. યુરોપનાં યુદ્ધોથી ધન-જનની ભયંકર ખુવારી યુરોપને થઈ. વિશ્વમાં આટલી મોટી ખુવારી બીજા કોઈ દેશોએ ભોગવી નથી. તેમ છતાં આટલી ખુવારી પછી પણ તે વારંવાર બેઠું થતું ગયું અને પ્રત્યેક વખતે સમૃદ્ધિના શિખર ઉપર બેસતું રહ્યું.

આટલી ભૂમિકા વાંચનારને એમ લાગશે કે હું યુદ્ધતરફી વિચારો ધરાવું છું. ખરેખર તો યુદ્ધતરફી વિચારોનો સૌથી મોટો પ્રબળ ગ્રંથ ગીતા છે. આદિથી અંત સુધી ગીતા યુદ્ધના સમર્થનની જ વાતો કરે છે અને અંતે યુદ્ધ ત્યાગી દેનારા અર્જુન પાસે ભયંકર યુદ્ધ કરાવે છે. આને કોઈ યુદ્ધોન્માદ ન સમજે. જ્યારે બધા પ્રયત્નો હારી જાય, થાકી જાય, છતાં અન્યાય, અત્યાચારનો કોઈ ઉકેલ ન આવે તો છેવટના ઉપાય તરીકે માત્ર યુદ્ધ જ બાકી રહી જાય છે. જો છેવટના ઉપાય તરીકે પણ યુદ્ધ કરવામાં ન આવે તો પ્રજા ગુલામ જ રહે અને ગુલામી જ ભોગવે. જેમને ગુલામી ગમતી હોય તેઓ યુદ્ધવિરોધી અહિંસાવાદી વિચારોના નશામાં ભલે ઝૂમતા રહે, પણ જેમને ગુલામી ન ગમતી હોય અને આઝાદી જ જોઈતી હોય તેમણે રક્ત-ટપકતી સો-સો ઝોળીઓ પેદા કરવી જ પડે.

આ યુરોપમાં અનેક યુદ્ધનેતાઓ થયા છે. તેમાંના એક અનન્ય એવા નેપોલિયન બોનાપાર્ટ વિશે થોડી ચર્ચા કરવાની છે. નેપોલિયનનો જન્મ ઇટાલીના કોર્સિકા દ્વીપમાં ૧૫ ઑગસ્ટ-૧૭૬૯ના રોજ અજેસિયા શહેરમાં થયો હતો. તેના પિતા કાર્લો બોનાપાર્ટનું તે ચોથું સંતાન હતો. તેની માતાનું નામ મારિયા લેટિજીઆ રેમોલિનું હતું. નેપોલિયન ઉપર તેની માતાનો ભારે પ્રભાવ બચપણમાં રહ્યો હતો. મોટા ભાગનાં બાળકો માતા પાસે રહેતાં હોય છે અને ઊછરતાં હોય છે. એટલે માતાનો પ્રભાવ બાળક ઉપર સર્વાધિક પડતો હોય છે. માતા બાળકનું પ્રાથમિક અને પાયાનું ઘડતર કરતી હોય છે. જે માતા ગૌરવપૂર્વક પોતાના બાળકને ગોદમાં બેસાડી શકે તથા મોઢું બતાવી શકે તે જ તેનું ઉત્તમ ઘડતર કરી શકતી હોય છે. જે બાળકને નથી તો ગોદમાં બેસાડતી કે નથી મોઢું બતાવવાને લાયક હોતી તે તેનું ઊંચું ઘડતર કરી શકતી નથી.

આ માટે પત્ની થનારી સ્ત્રીએ ધાર્મિક અને પવિત્ર જીવન જીવવું જરૂરી છે. જે સ્ત્રી ધાર્મિક નથી હોતી તથા પવિત્ર નથી રહી શકતી તે સ્ત્રી બાળકની સાચી જનેતા પણ નથી થઈ શકતી. નેપોલિયનની માતા બહુ કડક સ્વભાવની, થોડી ઉદ્દંડ સ્વભાવની પણ હતી. તે જ્યારે માત્ર ચૌદ વર્ષની હતી ત્યારે કાર્લોએ તેની સાથે લગ્ન કર્યાં હતાં અને પછી એક પછી એક આઠ બાળકોની માતા થઈ હતી. સ્ત્રી જ્યારે રજોદર્શન કરે ત્યારે તે કન્યા મટીને સ્ત્રી બની જતી હોય છે. હવે તે કુદરતી વ્યવસ્થા પ્રમાણે ગર્ભધારણ કરવાને લાયક બની જતી હોય છે. જેમ કે પશુપક્ષીમાત્રમાં આ નિયમ આજે પણ ચાલી રહ્યો છે. ઘણાં વર્ષ સુધી તેનાં લગ્ન ન કરવાં અને ૨૫-૩૦-૩૫ વર્ષ સુધી કુંવારી રાખવી અને પછી બહુ મોટી ઉંમરે લગ્ન કરવાં એ વર્તમાનની વ્યવસ્થા કુદરત સાથે મેળ ખાતી નથી. આવી બહુ મોટી ઉંમરે લગ્ન કરનારી સ્ત્રીઓ પતિ સાથે પૂરેપૂરી ભળી શકતી નથી. તેથી તેમનું દામ્પત્ય પણ બરાબર જામતું નથી. દામ્પત્ય જમાવવું એ લગ્નજીવનની સૌથી મોટી સિદ્ધિ કહેવાય. જેનું દામ્પત્ય જામે જ નહિ તેનું લગ્નજીવન નિષ્ફળ જ હોય. દામ્પત્ય જમાવવામાં સ્ત્રી જ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. જે કન્યા પતિને તથા પરિવારને સમર્પિત થઈ શકતી હોય છે તે જ દામ્પત્ય જમાવી શકતી હોય છે. મોટી ઉંમરે સમર્પિત થવાના ગુણો ઓછા થઈ જાય છે અથવા રહેતા નથી. તેમાં પણ જો સ્ત્રી સારી નોકરી વગેરે કરતી હોય તો-તો તેનામાં અહંભાવ વધી જાય અને સમર્પિત થઈ શકે નહિ, પણ પોતાને જ બધાનું સમર્પણ કરાવવા પ્રયત્ન કરે. આ રીતે ઘરમાં સંઘર્ષ થાય અને છેવટે ઘર તૂટે, ભાંગે અને બધાં જુદાં થાય. પત્નીને બે વસ્તુઓ ભૂતની માફક વળગવી જોઈએ : એક તો તેનો પતિ અને બીજું તેનું ઘર. પતિ પ્રેમથી વળગે અને ઘર આબરૂથી વળગે. જે પત્નીને પતિ પ્રત્યે અનન્ય પ્રેમ હોય તે જ પતિને વળગી શકે અને જે પત્ની આબરૂદાર ઘરની દીકરી હોય અને જેને ઘરની આબરૂ પ્રાણથી પણ વહાલી હોય તેને જ ઘર વળગે. જેને ઘર વળગે તે જ તેનું રક્ષણ કરે. આ બધું ધાર્મિક સંસ્કારોમાંથી આવતું હોય છે, એટલે કન્યામાં ધાર્મિકતા હોવી જરૂરી છે.

આઠ બાળકોની માતા લેટિજીઆ બહુ ગરીબીની હાલતમાં બાળકો ઉછેરતી રહી. દરિદ્રતા અને વધુ બાળકો બંનેનો પ્રાચીનકાળથી મેળ રહ્યો છે. દરિદ્રતા સ્ત્રીઓને ચરબી ચઢવા દેતી નથી અને ચરબી ન ચઢવાથી શરીર વધુ ફળદ્રુપ થતું હોય છે. શ્રીમંતોની સ્ત્રીઓ બહુ જલદી જાડી થઈ જતી હોય છે. જાડી સ્ત્રીઓ ફળદ્રુપતા ગુમાવવા લાગે છે, તેથી તેમને ઓછાં સંતાનવાળું અથવા સંતાન વિનાનું જીવન જીવવું પડતું હોય છે.

નેપોલિયનનો જ્યાં જન્મ થયો હતો તે કોર્સિકાદ્વીપ ઇટાલીનો હોવા છતાં ફ્રાન્સે તેના ઉપર અધિકાર કરી લીધો હોવાથી તે ગુલામી ભોગવી રહ્યો હતો. એમ કહી શકાય કે નેપોલિયનનો જન્મ ગુલામ દેશમાં થયો હતો. કોર્સિકાવાસીઓને આ ગુલામી ગમતી ન હતી. જોકે ઇટાલી કરતાં ફ્રાન્સની આર્થિક સ્થિતિ વધારે સધ્ધર હતી. જે દેશ આર્થિક સધ્ધરતા ભોગવતો હોય ત્યાં રોજી ઘણી હોય. જ્યાં રોજી ઘણી હોય ત્યાં ચારે તરફથી આવીને વસનારી પ્રજા પણ ઘણી હોય. જીવનમાં સૌથી મોટું આકર્ષણ રોજીનું હોય છે. રોજી વિનાનો દેશ આપોઆપ દરિદ્ર થઈ જતો હોય છે. રોજી શ્રીમંતવર્ગની સાહ્યબી અને મૂડીરોકાણમાંથી ઉત્પન્ન થતી હોય છે. પાસ્કલ પાઓલિના નેતૃત્વમાં કોર્સિકાવાસીઓએ ફ્રાન્સની સામે વિદ્રોહ કર્યો. જેટલા વિદ્રોહો યુરોપમાં થયા એટલા બીજે ક્યાંય ન થયા. યુરોપ પછી વિદ્રોહ કરનારી બીજા નંબરની પ્રજા મુસ્લિમોની છે. મુસ્લિમો પણ વારંવાર વિદ્રોહ કરતા હોય છે, પણ યુરોપ અને મુસલમાનજગતના વિદ્રોહમાં એક પાયાનો ભેદ છે. યુરોપિયનો રાજવ્યવસ્થા બદલવા માટે વિદ્રોહ કરતા રહ્યા છે, જ્યારે મુસ્લિમો પોતાની વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા વિદ્રોહ કરતા હોય છે. જેમ કે બાપને મારીને બેટો ગાદી પચાવે. જેમ કે ચૂંટાયેલા શાસકની ગાદી ઉથલાવીને લશ્કરનો જનરલ અથવા બીજું કોઈ ગાદી ઉપર ચઢી બેસે. આમ મુસ્લિમોના

વિદ્રોહો રાજવ્યવસ્થા કે અર્થવ્યવસ્થા સુધારવા માટે નહિ પણ વ્યક્તિગત આકાંક્ષા પૂરી કરવા માટે થતા રહ્યા છે. તે કારણે મુસ્લિમજગતને અસ્થિર અને ચંચળ માનવામાં આવે છે. ન જાણે ક્યારે કોના હાથમાં સત્તાનાં સૂત્રો ચાલ્યાં જાય તે કહી શકાય નહિ. જે રાજસત્તા અસ્થિર અને ચંચળ હોય ત્યાં વિકાસ ન હોય અને સ્થાયી વિશ્વાસપાત્ર સંબંધો પણ ન હોય, તેથી મુસ્લિમ સત્તાવાળાં રાષ્ટ્રો હંમેશાં અસ્થિર રહ્યાં છે.

બીજી તરફ હિંદુ પ્રજા વિદ્રોહ કરવામાં માનતી જ નથી. સેંકડો વર્ષની ગુલામી અને તે પણ કારમી ગુલામી ભોગવ્યા પછી પણ હિંદુ પ્રજાએ બહુ મહત્ત્વના વિદ્રોહો કર્યા હોય તેવું જણાતું નથી, કારણ કે તે સમજૂતીવાદી છે, અર્થાત્ વિજયી પ્રજા સાથે સમજૂતી કરી લેવી, નમાય તેટલું નમી લેવું. પોતાનું અસ્તિત્વ રહે એટલે બસ. જોકે પાછળથી શિવાજી મહારાજ, રાણા પ્રતાપ તથા ગુરુ ગોવિંદસિંહ જેવા થોડાક નરબંકાઓએ વિદ્રોહ કર્યો દેખાય છે, પણ આવા વિદ્રોહને ભારે સફળતા મળી દેખાતી નથી, કારણ કે પ્રજા વણિક ચિંતનવાળી હોવાથી ઝઝૂમવા કરતાં શાંતિથી દાળ-રોટી ખાઈને જીવી લેવામાં વધારે માને છે.

કોર્સિકાદ્વીપના વતનીઓએ ફ્રાન્સ સામે વિદ્રોહ તો કર્યો, પણ જીતી શક્યા નહિ, હારી ગયા. ત્યારે હારેલી પ્રજા કાં તો ભાગી છૂટતી અથવા મરી છૂટતી. વિજયી લોકો ત્રીજો કોઈ રસ્તો જ રાખતા નહિ. તે તત્કાલ નિર્ણયનો યુગ હતો. યા તો મરો યા ભાગો. આ વિદ્રોહમાં નેપોલિયનના પિતા બોનાપાર્ટ પણ સામેલ હતા. તેઓ ફ્રાન્સના શરણે ગયા અને પોતાના બે દીકરાઓ જોસેફ અને નેપોલિયનને ફ્રેન્ચ ભાષાની સ્કૂલમાં દાખલ કરાવી દીધા. ગુલામ થયેલી પ્રજામાં જે અભિજાત વર્ગ હોય છે તે વિજયી પ્રજાની ભાષા શીખીને પોતાની કરિઅર બનાવતી હોય છે. વિજયી પ્રજા પોતાની ભાષામાં શાસન કરતી હોય છે, તેથી તેને થોડાક પોતાની ભાષાના જાણકાર લોકોની જરૂર પણ પડતી હોય છે. ભારતમાં આ રીતે બ્રાહ્મણો, ખાસ કરીને નાગર બ્રાહ્મણો અને કાયસ્થો સરકારી ભાષાને સ્વીકારનારા તથા અપનાવવામાં સૌથી આગળ રહ્યા, તેથી સરકારી વહીવટમાં અને જનજીવનમાં તેમનું સ્થાન મોખરાનું રહ્યું. જે લોકોએ રાજભાષા ન સ્વીકારી તેઓ પછાત રહ્યા અને પછાતપણું ભોગવતા રહ્યા. ઘણાં વર્ષો સુધી નેપોલિયનને ફ્રાન્સ પ્રત્યે લાગણી જન્મી નહિ. હું વિદેશી છું અને આ દેશ મારા ઉપર ચઢી બેઠો છે એવી ઘૃણાભાવના તેના મનમાં રહી. પણ પછી ધીરે-ધીરે આ ભાવના લુપ્ત થતી ગઈ. ગુલામી પણ લાંબા ગાળે પચી જતી હોય છે અને જે પચી જાય તે આપોઆપ સ્વીકૃત થઈ જતું હોય છે. નવ વર્ષની નાની ઉંમરમાં નેપોલિયન એક સૈનિક સ્કૂલમાં દાખલ થયો. પ્રત્યેક શક્તિશાળી રાષ્ટ્રમાં જગ્યા-જગ્યાએ સૈનિક સ્કૂલો હોય છે, કારણ કે સતત ચાલનારાં યુદ્ધોમાં તેમને સૈનિકોની ભારે જરૂર પડતી હોય છે. જે રાષ્ટ્રમાં જગ્યા-જગ્યાએ ધાર્મિક સ્કૂલો હોય અને છોકરાંઓ ધર્મશિક્ષણ લેતાં હોય ત્યાં ધાર્મિક કટ્ટરતા વધવાની શક્યતા હોય છે. મુસલમાનો મદરેસા ઘણી બનાવે છે અને ચાલુ રાજકીય સ્કૂલોમાં ભણાવવા કરતાં પોતાનાં બાળકોને મદરેસામાં ભણાવવાનું વધુ પસંદ કરે છે. ધાર્મિક શિક્ષણ ખરાબ નથી, પણ જો ભણાવનારા તટસ્થ રીતે ભણાવે તો ઉત્તમ ચારિત્રનું નિર્માણ થઈ શકે છે. પણ ધાર્મિક શિક્ષણમાં આધુનિક જ્ઞાન-વિજ્ઞાન-ગણિત વગેરે વિષયો ન હોવાથી માત્ર ધાર્મિક શિક્ષણ પામેલા વિદ્યાર્થીઓ સારા ધર્મગુરુ તો થઈ શકે છે, પણ સારા નાગરિક નથી થઈ શકતા, કારણ કે તેમનું પૂરું ચિંતન એક વાડામાં પુરાયેલું સીમિત હોય છે. ખાસ કરીને જે રાષ્ટ્રો અને જે પ્રજા કૂદકે ને ભૂસકે વિજ્ઞાનની છલાંગો લગાવી રહ્યાં હોય ત્યાં આવા કોરા ધાર્મિક પંડિતો વામન થઈ જતા હોય છે. એટલે માત્ર ધાર્મિક શિક્ષણનો જ દુરાગ્રહ ન રાખીને વ્યાપક શિક્ષણનો આગ્રહ રાખવો જોઈએ. સૈનિક સ્કૂલોમાં આ તત્ત્વ પામી શકાય છે. નેપોલિયન ગણિતમાં બહુ રુચિ રાખનારો વિદ્યાર્થી હતો, એટલે ગણિત અને ભૂગોળ તેના પ્રિય વિષયો હતા.

ઈ. સ. ૧૭૮૪માં બ્રિયેન નગરમાંથી બી.એ. પાસ કરીને નેપોલિયન પૅરિસની રૉયલ મિલિટરી કૉલેજમાં દાખલ થયો. સૈનિક કૉલેજોમાં સૈનિક વિષયો ભણાવવામાં આવે, જેમાં શસ્ત્રો, વ્યૂહો, વિશ્વની યાદગાર લડાઈઓ, તેની હારજીતની તારવણીઓ વગેરેવગેરે ભણાવવામાં આવે. જેમ ધનુર્વેદના નિર્માતા વિશ્વામિત્રે રામ-લક્ષ્મણને તથા દ્રોણ ગુરુએ મહાભારતમાં કૌરવ-પાંડવોને સૈનિકશિક્ષા આપી હતી અને તેમાંથી મહાન સેનાપતિઓ બનાવ્યા હતા, તેમ સૈનિક સ્કૂલો પણ મહાન સેનાપતિઓની રચના કરતી હોય છે. સૈનિક સ્કૂલોની જગ્યાએ જો પરલોકવાદી ધાર્મિક સ્કૂલો વધી જાય તો સેનાપતિઓની જગ્યાએ વધુમાં વધુ સાધુ-બાવાઓનું નિર્માણ થાય. આ બધા મોક્ષમાર્ગી પરલોક સુધારવાની સાધનામાં લાગી જાય અને તેથી રાષ્ટ્રનું યુવાધન સૈનિકમાર્ગથી વિમુખ થઈ જાય. જેનું યુવાધન સૈનિકમાર્ગથી વિમુખ થાય અથવા વિશુદ્ધ થાય તે દેશ કદાચ પરલોક સુધારે તો સુધારે, પણ તેનો આ લોક તો ગુલામ અને દરિદ્ર થઈ જાય. એક રીતે એમ પણ કહી શકાય કે કોરી ધાર્મિક શિક્ષણસંસ્થાઓ જાણતાં-અજાણતાં ગુલામીનું સર્જન કરવામાં ભાગ ભજવે છે. જો ધર્મ ઝઝૂમનારો ન હોય અને ધાર્મિક શિક્ષણ પલાયનવાદી કે નિરાશાવાદી હોય તો તેવું શિક્ષણ લાંબા ગાળે પ્રજાને નમાલી બનાવી દેતું હોય છે.

નેપોલિયન માત્ર સોળ વર્ષની નાની ઉંમરમાં ફ્રાન્સની ભૂમિસેનામાં દાખલ થઈ ગયો અને સેકન્ડ લેફ્ટનન્ટનું પદ પ્રાપ્ત કર્યું. કેટલાક લોકોનું જીવન બહુ જલદી શરૂ થઈ જતું હોય છે અને કેટલાકનું બહુ મોડે-મોડે શરૂ થતું હોય છે. જીવન શરૂ થવાનો અર્થ આર્થિક અને જીવનની કરિઅરની શરૂઆત કહેવાય. ઘણા લોકો, ખાસ કરીને શ્રીમંતના છોકરાઓને આર્થિક જરૂરિયાત હોતી નથી અને તેમને વારસામાં જ કરિઅર મળ્યું હોય છે, એટલે તેઓ બહુ મોડે-મોડે જીવન શરૂ કરતા હોય છે, પણ જે દરિદ્ર અને કરિઅરના વારસા વિનાના હોય છે તેમણે બહુ જલદી જીવન શરૂ કરી દેવું પડતું હોય છે. નેપોલિયન માત્ર સોળ વર્ષની ઉંમરે સેનામાં દાખલ થઈ ગયો અને સૈનિક તરીકેનું તેનું જીવન શરૂ થઈ ગયું.

૨-૬-૨૦૧૬

૨

જે રાષ્ટ્રોમાં વારંવાર ઊથલપાથલ થતી હોય છે ત્યાં જીવન સ્થિર નથી હોતું. જ્યાં જીવન સ્થિર નથી હોતું ત્યાં શાંતિ પણ નથી હોતી. અશાંતિ વ્યક્તિ અને પ્રજાને ભાગંભાગ કરાવતી હોય છે. ઈ. સ. ૧૭૮૯માં ફ્રાન્સમાં ક્રાન્તિની શરૂઆત થઈ કહેવાય. ક્રાન્તિમાં રાજસત્તા હચમચી ઊઠે અથવા ઊથલી પડે. અને જ્યાં રાજસત્તા હચમચે કે ઊથલે ત્યાં બધું જ હચમચવા લાગે. આવા ક્રાન્તિના સમયમાં પ્રજા બે-ત્રણ ભાગોમાં વહેંચાઈ જતી હોય છે. એક તો ચીલાચાલુ રાજસત્તાને વફાદાર રહેતી હોય છે, બીજી ક્રાન્તિમાં ભળતી હોય છે અને ત્રીજી અનિર્ણાયક સ્થિતિમાં – ઘડીકમાં આ તરફ તો ઘડીકમાં પેલી તરફ – ભળતી રહેતી હોય છે. નેપોલિયન ક્રાન્તિકારીઓમાં ભળી ગયો. ત્યારે ફ્રાન્સમાં ત્રણ વાદ હતા : રાજાવાદ, ક્રાન્તિકારીવાદ અને કોર્સિકન વાદ. મોટા ભાગે પ્રૌઢ અને વૃદ્ધો રાજાવાદમાં દાખલ થતા હોય છે. જોકે ધાર્મિક ક્ષેત્રમાં અમુક સંપ્રદાયો એવું માનતા હોય છે કે જે સમયે જેની સત્તા હોય તેની સાથે રહેવું. જેની સત્તાનો અસ્ત થવા લાગે અને બીજી કોઈ નવી સત્તા ગાદીએ આવે તો સૌથી પહેલાં તેને ફૂલહાર પહેરાવીને સન્માનિત કરવી. કદી પણ રાજસત્તા સામે ન પડવું. આવા સંપ્રદાયો ક્રાન્તિકારી નથી હોતા, ન તેમના અનુયાયીઓ ક્રાન્તિકારી થતા હોય છે. નેપોલિયન ક્રાન્તિકારીઓમાં ભળી તો ગયો, પણ અંતે તેને તે ભળવું ભારે પડ્યું, કારણ કે ક્રાન્તિવાદીઓ રાજાના દુશ્મન હતા અને રાજા તેમને વીણી-વીણીને ખતમ કરતો હતો, તેથી ૧૭૯૩માં પોતાના પરિવાર સાથે તેને ફ્રાન્સ ભાગી જવું પડ્યું. આ ઘટના કોર્સિકાદ્વીપની છે. કોર્સિકાદ્વીપ ત્યારે ફ્રાન્સનો ગુલામ હતો અને તેની આઝાદી માટે ચળવળ ચાલી હતી. જેનું રાજકીય સાહસિક જીવન હોય તેને જીવનમાં કોઈ વાર ભાગવું પણ પડે, જેમ શ્રીકૃષ્ણને ભાગીને દ્વારકા જવું પડ્યું હતું.

નેપોલિયન ભાગીને ફ્રાન્સ ગયો અને ફ્રાન્સિસી સેનામાં દાખલ થઈ ગયો. સતત લડનારાં રાષ્ટ્રોને સૈનિકો અને અધિકારીઓની સતત જરૂર રહેતી હોય છે, તેથી યુવાન લોકોને બહુ સરળતાથી સેનામાં નોકરી મળી જતી હોય છે. તે કાળમાં ઉદ્યોગોનો અને યંત્રોનો બહુ વિકાસ થયો ન હતો, એટલે જુવાનોનું વલણ સેના તરફ વધુ ઢળતું રહેતું. નેપોલિયન ભૂમિસેનામાં કમાન્ડર બની ગયો. વ્યક્તિને પોતાનું કરિઅર ઘડવામાં સાહસિક તકોની જરૂર હોય છે. આવી તકો સાહસિક અને કુશળ વ્યક્તિને બહુ જલદી ઊંચા પદે પહોંચાડી દેતી હોય છે. જે ક્ષેત્રમાં કશું સાહસ જ નથી હોતું, તે ક્ષેત્રમાં બેઠો ઠંડો રોટલો ખાઈને લોકો જીવન પૂરું કરી દેતા હોય છે. તેમનો કશો ઇતિહાસ હોતો નથી, પણ પોલીસ અને સેનાનું ક્ષેત્ર સાહસિક તકોથી ભરેલું હોવાથી સાહસિક વ્યક્તિ બહુ જલદી પ્રગતિ કરી શકતી હોય છે. પોલીસની કસોટી અપરાધીઓ છે અને સેનાની કસોટી યુદ્ધો હોય છે. અપરાધીઓ ઘણા હોય, વારંવાર હુલ્લડો થતાં હોય, પ્રજામાં ગુંડાઓ-દબંગો વધી ગયા હોય અને કાયદો હાથમાં લઈને બેફામ ફરતા હોય તેવી જગ્યાએ કોઈ બાહોશ પોલીસ અધિકારીની નિમણૂક થાય તો થોડા જ સમયમાં આવો અધિકારી પોતાની ધાક બેસાડીને દબંગોને નિષ્ક્રિય બનાવી દેતો હોય છે. તેના નામથી અપરાધીઓ ફફડવા લાગતા હોય છે અને હુલ્લડો કરનારાં અસામાજિક તત્ત્વોને વીણી-વીણીને લોકો સામે તેમનું માનમર્દન કરીને શાંતિ સ્થપાતી હોય છે. આવી તકો વારંવાર મળતી હોતી નથી. જે લોકો પરાક્રમી અને સાહસિક નથી હોતા તેઓ અસામાજિક દબંગો સાથે ઝૂકી જતા હોય છે. તેમની સાથે મેળમેળાપ કરીને નોકરીનો સમય પસાર કરી લેવામાં પોતાને બુદ્ધિમાન માનતા હોય છે. આવા લોકો તકનો લાભ લઈ શકતા નથી. આવી જ રીતે જે સૈનિકો અથવા સેનાના અધિકારીઓ હોય છે તેમને પણ રોજરોજ યુદ્ધ કરવાનું હોતું નથી.

કદાચ પૂરી સર્વિસ સુધી યુદ્ધ થાય જ નહિ તો આવા લોકોને વેદના થતી હોય છે, કારણ કે યુદ્ધ વિના પોતાનાં પરાક્રમ અને સાહસ બતાવવાની તક તેમને મળતી નથી.

નેપોલિયન જ્યારે ફ્રાન્સિસી સેનામાં ભૂમિદળના કમાન્ડર તરીકે દાખલ થયો ત્યારે બ્રિટિશ નૌ-સેના છેક ફ્રાન્સિસી બંદરો સુધી પહોંચી ગઈ હતી. પશ્ચિમની મોટા ભાગની સેના નૌસેના રહી છે અને મોટા ભાગનાં નિર્ણાયક યુદ્ધો સમુદ્રમાં થયાં છે. ભારતમાં અંગ્રેજો આવ્યા તેના પહેલાં નૌસેનાનું કશું મહત્ત્વ જ ન હતું, તેથી વિશાળ સમુદ્રવાળા દેશ પાસે પ્રબળ નૌસેના ન હતી. જે દુશ્મનો આવતા તે ભૂમિમાર્ગે ખૈબર-બોલનના રસ્તે આવતા, તેથી મોટા ભાગનાં યુદ્ધો ભૂમિયુદ્ધો થયાં છે. નેપોલિયનની ટુકડીએ બ્રિટિશ નૌસેના ઉપર એવો ભયંકર તોપમારો કર્યો કે અંતે તેમને ભાગવું પડ્યું. જોકે આ લડાઈમાં નેપોલિયનની જાંઘમાં એક ગોળી પણ વાગી જે પાછળથી ઠીક થઈ ગયું. યુદ્ધમાં જાય અને કોઈ ઘા ન વાગે તો કદાચ તે પાછળ છુપાઈને લડનારો સૈનિક હોવો જોઈએ. જે આગળ ધસીને શત્રુની સન્મુખ જઈને યુદ્ધ કરતો હોય છે તે નાનોમોટો ઘા વાગવાથી ઘવાતો જ હોય છે. યુદ્ધના ઘા સૈનિકનું ગૌરવ કહેવાય. નેપોલિયનના બ્રિટિશ સેના ઉપર આવા વિજયથી પ્રસન્ન થઈને સેનાપતિએ તરત જ તેને બ્રિગેડિયર જનરલના પદ ઉપર બેસાડી દીધો. આ તેનો ઝડપી વિકાસ હતો અને તે તેના સાહસને આભારી હતો.

પૂર્વે કહ્યું તેમ ત્યારે આખું યુરોપ યુદ્ધમાં સળગી રહ્યું હતું. એટલે નેપોલિયનને ઇટાલીના યુદ્ધમાં જવાનું થયું. ૧૭૯૪ના ઇટાલી યુદ્ધમાં ફ્રાન્સિસી સૈનિકો કેદ થયા તેમાં નેપોલિયનને પણ કેદી બનાવવામાં આવ્યો. યુદ્ધભૂમિમાં કેદ થવું એ કોઈ અસંભવિત બાબત નથી. ઘણી વાર શૂરવીર અને બાહોશ સેનાને પણ ઘેરાઈ જવાથી કેદ થવું પડતું હોય છે. ભારતનાં પ્રાચીન યુદ્ધોમાં આવું ઓછું થતું. મોટા ભાગે સામસામેના યુદ્ધમાં પરાજિત સેના કાં તો ભાગી જતી, કાં પછી કપાઈ જતી. બધા નિર્ણયો થોડા જ સમયમાં આવી જતા. પશ્ચિમની યુદ્ધપ્રણાલીમાં સૈનિકોને કેદ અને પછી સંધિની વાતોમાં તેમનો કડદો કરવો એ મુખ્ય બાબત છે. જેમ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન-યુદ્ધમાં ભારતીય સેનાએ પાકિસ્તાનના નેવું હજાર સૈનિકોને કેદ કર્યા હતા અને પછી છોડી મૂક્યા હતા. ઇટાલીના યુદ્ધમાં બંદી થયેલા નેપોલિયનને જોકે બે અઠવાડિયાંમાં જ મુક્તિ મળી ગઈ. પણ હવે તે રોજગાર વિનાનો થઈ ગયો હતો. સૈનિકોની રોજી સેના છે. અને જે વ્યક્તિએ સૈનિક તરીકે નોકરી બજાવી હોય તે મોટા ભાગે બીજી નોકરી કરી શકતો નથી. તેને વ્યાપાર આવડતો નથી, તે મજૂરી કરી શકતો નથી અને તેને કોઈ સામાન્ય નોકરી ફાવતી પણ નથી, કારણ કે સૈનિકોનું ચરિત્ર એવું હોય છે કે તેઓ જલદી બીજી જગ્યાએ ગોઠવાઈ શકતા નથી.

બેકાર નેપોલિયન હવે તુર્કી અથવા ઑસ્ટ્રેયાની સેનામાં દાખલ થવા પ્રયત્ન કરતો હતો. ત્યારે ઘણા સૈનિકો ભાડાના સૈનિકો તરીકે બીજાં રાષ્ટ્રોમાં જઈને નોકરી કરતા હતા. જેમ ભારતમાં પઠાણો, આરબો, મકરાણી, સંધીઓ અને ગુરખાઓ નોકરી માટે ભારત આવતા અને સેનામાં દાખલ થઈ જતા. ૧૭૯૫માં એક રાજાવાદી બંડને દબાવવામાં નેપોલિયનને સફળતા મળી. આ સફળતાથી તેની ફરી પાછી ઉન્નતિ થઈ. હવે તે રાજમહેલમાં રક્ષકોનો નાયક બની ગયો. રાજાની રક્ષા માટે ત્યારે મોટી સેના તેના મહેલની ચારે તરફ રાખવામાં આવતી. એક વાર વિદ્રોહી ચળવળકારીઓએ રાજમહેલ ઉપર હુમલો કર્યો, પણ નેપોલિયને બહુ કુશળતા અને ક્રૂરતાથી તે હુમલાને હટાવી દીધો. આ પરાક્રમથી ફરી નેપોલિયનની કદર થઈ અને તે ઊંચા પદે પહોંચી ગયો.

હવે નેપોલિયન સત્તાવીસ વર્ષનો થયો હતો. કુદરતે શરીરની સાથે શારીરિક અનિવાર્ય આવશ્યકતાઓ પણ જોડી દીધી છે. શરીરની સર્વપ્રથમ આવશ્યકતા રોટી છે, અર્થાત્ પેટ માટે

બધી પ્રવૃત્તિઓ થતી હોય છે, પણ જેમ-જેમ શરીર મોટું થતું જાય તેમ-તેમ તેની શારીરિક આવશ્યકતાઓમાં પણ પરિવર્તન આવતું થાય. કિશોરાવસ્થા પાર કર્યા પછી માણસ જુવાનીના ઉંબરે પગ મૂકતો હોય છે. તેને દાઢી-મૂછના વાળ ફૂટવા લાગે છે. તેની સાથે જ તેને કામેચ્છા પણ જાગે છે. સ્ત્રીઓને દાઢીમૂછ નથી ફૂટતી, પણ વક્ષઃસ્થલ પુષ્ટ થવા લાગે છે તે તેમની જુવાનીના પ્રવેશનો સંકેત કહી શકાય. ચતુર અને અનુભવી માતાપિતા, ખાસ કરીને માતા આ વાતને જાણી લે છે અને પોતાની કન્યાને વહેલામાં વહેલી તકે કોઈ યોગ્ય પાત્ર સાથે પરણાવી દેવાની ચિંતામાં પડી જાય છે. પરણવાની ચિંતા ભારતમાં માતાપિતા, પરિવાર કરતાં હોય છે, જ્યારે પશ્ચિમમાં આવી ચિંતા યુવક-યુવતીઓ પોતે જાતે જ કરતાં હોય છે અને જે-તે નિર્ણય પોતે જ કરી લેતાં હોય છે. પશ્ચિમમાં વર્ણપ્રથા કે જ્ઞાતિપ્રથા નથી, તેથી પોતાની દીકરી અથવા દીકરો કોઈ ઊતરતી જ્ઞાતિમાં પરણી ન જાય તેની ચિંતા માબાપોને થતી નથી, જ્યારે ભારતમાં જો ઊતરતી જ્ઞાતિમાં કોઈ યુવકયુવતી પરણી જાય તો હાહાકાર થઈ જાય. ખુનામરકી પણ થઈ જાય. કંઈ કહેવાય નહિ, કારણ કે બધાં મૂલ્યોમાં જ્ઞાતિમૂલ્ય બહુ પ્રબળ માનવામાં આવતું હતું. જોકે હવે ધીરે-ધીરે તેમાં પરિવર્તન આવી રહ્યું છે અને પહેલાંની તુલનામાં આંતરજ્ઞાતીય લગ્નો વધી રહ્યાં છે તથા સફળ પણ થઈ રહ્યાં છે. ૨૭ વર્ષના નેપોલિયનની ભરજુવાની પૂરેપૂરી ખીલી હતી અને તેની સાથે જ શારીરિક માગણીઓ પણ વધતી હતી. શારીરિક માગણીઓ માત્ર કામાચારની જ નથી હોતી. કુદરતે બહુ કૃપા કરીને કામાચારના અંગને બહુ મોડે-મોડે જાગ્રત થતું કર્યું છે. જો પેટની ભૂખની માફક કામની ભૂખ પણ જન્મતાં જ શરૂ થઈ જતી હોત તો ખબર નહિ આ દુનિયા કેટલું મોટું નરક બની ગઈ હોત! શારીરિક કામાચારની ભૂખની સાથે બીજી ભૂખ કુદરતે લાગણીની પણ મૂકી છે. કુદરતે પ્રત્યેક વ્યક્તિમાં વિજાતીય આકર્ષણ મૂક્યું છે. આ એટલું બધું પ્રબળ છે કે જુવાનીમાં પગ મૂકતાં પહેલાં જ નરને નારીના અને નારીને નરના વિચારો આવવા માંડે છે. કેટલીક વાર બહુ ધાર્મિક સંસ્કારોથી વ્યક્તિ આવા વિચારોથી હેરાનપરેશાન થઈ જતી હોય છે અને તેમાંથી છૂટવા માટે અનેક પ્રયત્નો કરતી હોય છે. ખરેખર તો આવા વિચારો કુદરતી પ્રક્રિયા જ કહી શકાય. તે મનોવિકાર નથી, પણ મનોવિલાસ છે. આવા વિચારો આવે જ નહિ એવું કદી બની શકે નહિ. કુદરતે પ્રવૃત્તિ માટે વિચારો મૂક્યા છે અને જ્યારે જે પ્રવૃત્તિની જરૂર હોય તેને કરવા તેવા વિચારો પણ મૂક્યા છે. કેટલીક વાર કુદરતવિરોધી વિચારો પણ આવતા હોય છે, જેમને વિકાર કહી શકાય, કારણ કે આવા વિચારોથી થનારી પ્રવૃત્તિ વિનાશકારી થઈ શકે છે. વ્યક્તિની યુવાવસ્થા હોય અને તેને વિજાતીય આકર્ષણ થાય જ નહિ તો કદાચ તે તૃતીયલિંગી હોઈ શકે છે. કુદરત કુદરતનું કામ કરતી જ હોય છે.

નેપોલિયનને પણ ઉંમર પ્રમાણેના આવેગો અને લાગણીઓના વિચારો આવવા લાગ્યા એટલે તેણે એક યુવતી, જે બીજાની પ્રેમિકા હતી તેની સાથે લગ્ન કરી દીધાં. પશ્ચિમમાં પતિવ્રતાધર્મનું મહત્ત્વ છે જ નહિ. જે લગ્ન થયાં તે નભ્યાં તો નભ્યાં અને ન નભે તો છૂટાં થઈને બીજાં-ત્રીજાં-ચોથાં પણ કરી શકાય છે. એટલે કઈ સ્ત્રી ક્યારે કોને પકડશે અને કોને છોડી દેશે તે ખાતરીપૂર્વક કહી શકાય નહિ. આવું પુરુષો માટે પણ કહી શકાય. એટલે નેપોલિયને જે કન્યા સાથે લગ્ન કર્યાં તે તેને નોકરી અપાવનાર બરાસ નામના મોટા અધિકારીની પ્રેમિકા હતી. સંપર્ક પ્રબળ હોય છે. નરનારીના વધુપડતા સંપર્કો તેમને શારીરિક અને ભાવનાત્મક આકર્ષણોથી સંબદ્ધ કરી દેતાં વાર નથી કરતાં. નેપોલિયન આ યુવતીના સંપર્કમાં આવ્યો અને બંને એકમેકમાં ભળી ગયાં. આને પ્રેમલગ્ન કહેવાં હોય તો કહી શકાય. બીજી તરફ પોતાની પ્રેમિકાનું હરણ કરી લેનાર નેપોલિયન પ્રત્યે બરાસને કોઈ વેરભાવના જાગી નહિ. આ પશ્ચિમની ઉદારતા કહેવાય. "જેવી તમારી મરજી. તમે સુખી રહો. હું બીજી કોઈ ખોળી લઈશ."

ભારતમાં આવી વૃત્તિ નથી. એવું કહેવાય છે કે જહાંગીરને પોતાના એક સૈનિક અધિકારીની પત્ની પ્રત્યે પ્રબળ આકર્ષણ થઈ ગયું હતું. આ સૈનિક અધિકારી ઈરાનથી ભારત આવેલો અને હુમાયુની સાથે તેના દરબારમાં નોકરીએ રહી ગયેલો. તેની દીકરી અત્યંત રૂપાળી હતી તેથી તેણે તેનાં લગ્ન એક સૈનિક અધિકારી સાથે કરી દીધાં. યોગાનુયોગ આ કન્યા રાજમહેલમાં પણ આવતી-જતી હતી, તેથી જહાંગીરની નજર તેના ઉપર પડી અને તે મુગ્ધ થઈ ગયો. પણ પરણેલી સ્ત્રીને છૂટાછેડા લીધા વિના ફરીથી પરણાય નહિ એવો ઇસ્લામી કાયદો તેને આગળ વધતાં અટકાવતો હતો. છેવટે તેણે રસ્તો ખોળી કાઢ્યો. પેલા અધિકારીની બંગાળમાં બદલી કરી, એટલું જ નહિ, પણ તેની હત્યા પણ કરાવી નાંખી. હવે પેલી કન્યા વિધવા થઈ અને ફરી પાછી આગ્રા આવી. જહાંગીરને આટલું જ જોઈતું હતું. તેણે તે કન્યા સાથે લગ્ન કર્યાં અને તેને પટરાણી બનાવી. આ કન્યાનું નામ નૂરજહાં હતું. જે ઇતિહાસપ્રસિદ્ધ છે. કહેવાય છે કે જહાંગીરને આઠસો રાણીઓ હતી. તેમાં નૂરજહાં પટરાણી હતી. ભારતના રાજાઓ અને બાદશાહો બેલગામ હોવાથી મનફાવે તેટલી રાણીઓ કરતા. પશ્ચિમમાં ઇંગ્લૅન્ડના રાજાને પણ એક જ પત્ની રહેતી, તેથી એકપત્નીવાદનો આદર્શ ભારતમાં પશ્ચિમમાંથી આવ્યો કહેવાય.

નેપોલિયનની નવી પરણેલી પત્ની મેસ્ફિન-ડી-વ્યૂહરનેસ તેની અનન્ય પ્રેમિકા પણ બની ગઈ. પ્રેમિકા અને પત્ની બંનેમાં ફરક છે. પત્ની માત્ર પતિને જ વફાદાર રહીને શારીરિક આવશ્યકતાઓ માત્ર પૂરી નથી કરતી, પણ તે ઘરને અને પરિવારને પણ સાચવે છે અને કર્તવ્યપરાયણ રહે છે, જ્યારે પ્રેમિકાની અપેક્ષા માત્ર પ્રેમ, એટલે કે શારીરિક સુખો સુધી જ સમાપ્ત થઈ જાય છે. તેને ઘર, પરિવાર કે કર્તવ્યનું પાલન કરવાની બહુ વૃત્તિ રહેતી નથી. એટલે પત્ની કદાચ જીવનભરની સાથીદાર બની શકે, સુખદુઃખની ભાગીદાર પણ બની શકે, પણ પ્રેમિકા કદાચ એવી ન પણ બને. કોઈ-કોઈ પત્નીમાં પ્રેમિકા અને પત્ની બંનેના ગુણધર્મો રહે છે. તે ધન્ય થાય છે અને પતિ અને પરિવારને પણ ધન્ય બનાવે છે.

નેપોલિયને લગ્ન કર્યા પછી તેને ફ્રાન્સિસી સેનાનું પૂરેપૂરું નિયંત્રણ પ્રાપ્ત થઈ ગયું. રાજા, મંત્રી અને સેનાપતિ જેવા ઊંચા હોદ્દાઓ ઉપર બેઠેલા માણસોએ કુંવારા ન રહેવું જોઈએ. કુંવારાપણું કલંકને જલદી આમંત્રણ આપતું હોય છે, કારણ કે આવાં ઉચ્ચ પદો પર બેઠેલી વ્યક્તિઓનું આકર્ષણ તેમનું શરીર નહિ પણ પદ હોય છે. અમુક પ્રકારની સ્ત્રીઓ પદના આકર્ષણથી પુરુષો તરફ વળતી હોય છે અને ઊંચા પુરુષોને બદનામ કરી દેતી હોય છે. પ્રેમમાં જે વધુ આબરૂદાર અને ઊંચી કક્ષાનું પાત્ર હોય તેની બદનામી તેનું સામેનું બીજું પાત્ર કરતું રહે છે, કારણ કે હલકા પાત્રને બદનામીમાં કશું ખોવાનું હોતું નથી. પોતાની અપેક્ષાઓ પૂરી ન થતાં તે સામેના ઊંચા પાત્રને ઠીકરા જેવું બનાવી દેવા તૈયાર થઈ જતું હોય છે. તેથી ઊંચી જગ્યાએ બેઠેલા લોકોએ લગ્ન કરી લેવાં, કારણ કે પત્ની પતિની આબરૂને ઢાંકે છે, જ્યારે પતિ પત્નીની આબરૂને ઢાંકે છે. આ દંપતી માત્ર શરીરસુખ માટે જ નથી પરણતાં, પણ એકબીજાની આબરૂને ઢાંકવા તથા સાચવવા પણ પરણતાં હોય છે.

નેપોલિયને ઑસ્ટ્રિયનો સામે યુદ્ધ છેડી દીધું અને તેમને લોબાર્ડીથી ભગાડી દીધા. આ વખતે ફ્રાન્સના રાજા લૂઈ સોળમાની હત્યા કરી દેવામાં આવી હતી, કારણ કે જનક્રાંતિમાં પ્રજા વીફરી હતી. વીફરેલી પ્રજા રાજમહેલની સામે ભેગી થઈ ગઈ હતી. તે ભૂખે મરતી હતી અને લૂઈ સોળમો મહેલમાં આનંદપ્રમોદ સાથે રંગરેલિયા મનાવતો હતો. પ્રજા આ બધું સહન કરી શકી નહિ. દુખિયારાં માણસો વચ્ચે રહેનારા ધનાઢ્ય લોકોએ કદી પણ પોતાના સુખવૈભવનું પ્રદર્શન કરીને સુખો ભોગવવાં નહિ. સુખભોગનું પ્રદર્શન દરિદ્રો સહન કરી શકતા નથી, તેથી ઈર્ષા થઈને અંતે વિરોધ થતો હોય છે. આમ પણ સુખ-ભોગ-વૈભવ પ્રદર્શનની ચીજ નથી. તે ઢાંકીને ભોગવવા જેવી ચીજ છે. લૂઈ સોળમો જે મહેલમાં રહેતો હતો તે મહેલની મુલાકાત

લેવાનું સૌભાગ્ય મને મળ્યું હતું. આગળના વિશાળ ચોકમાં પ્રજાનું ઉશ્કેરાયેલું ટોળું મારો-મારો કરતું હતું, તેવું દૃશ્ય તે સમયે મારી નજર સમક્ષ આવી ગયું હતું. રાજાના અંગરક્ષકો વીફરેલી પ્રજા ઉપર ગોળીબાર કરવા તૈયાર ન હતા, કારણ કે અંગરક્ષકોની વફાદારી રાજા કરતાં પણ પ્રજા સાથે વધારે હોવી જોઈએ. પ્રજાના પૈસે રાજા તાગડધિન્ના કરે અને પ્રજા ભૂખે મરે તે કોઈથી પણ સહન થઈ શકે નહિ. લૂઈ સોળમાની હત્યા તેના જ આલીશાન મહેલમાં કરી નાખવામાં આવી. આ હત્યાનો વિરોધ પોપ પાયસે કર્યો, કારણ કે તેઓ રાજાના સમર્થક હતા. એનો અર્થ એવો થયો કે તેઓ જનક્રાંતિના વિરોધી હતા. જનક્રાંતિની આંધી આગળ સૌએ નમતું જોખવું પડતું હોય છે. સામે થનારા તણખલાની માફક ઊડી જતા હોય છે. પોપના વલણને નેપોલિયને પસંદ ન કર્યું, કારણ કે તે જનક્રાંતિનો સમર્થક હતો, તેથી તેણે રોમ ઉપર ચઢાઈ કરી દીધી અને પોપને પદભ્રષ્ટ કરવાની પેરવી ચાલુ કરી દીધી.

ઈ. સ. ૧૭૯૭માં નેપોલિયને ઑસ્ટ્રિયા ઉપર ચઢાઈ કરી અને ઑસ્ટ્રિયાને પોતાની મરજી પ્રમાણેની શાંતિસંધિ ઉપર હસ્તાક્ષર કરવા મજબૂર કર્યું. આ સમયે નેધરલૅન્ડનું રાઈનલૅન્ડક્ષેત્ર ભારે ઔદ્યોગિક વિકાસ પામી રહ્યું હતું. પ્રત્યેક દેશનો પ્રત્યેક ભાગ સરખો વિકસિત થઈ શકતો નથી. જ્યાં પાણી, ભૂમિ અને વીજળીની શક્યતા સારી હોય ત્યાં જ વિકાસ થાય. આ ત્રણે જ્યાં ન હોય ત્યાં વિકાસ થઈ શકે નહિ. આવા અવિકસિત પ્રદેશો વિકસિત પ્રદેશો તરફ આજીવિકા માટે દોટ મૂકે. અમેરિકામાં કેટલોક ભાગ રણનો કે અર્ધ-રણનો છે. જ્યાં વિકાસ થઈ શકે એમ નથી, જેમ કે લાસ-વેગાસ રણમાં વસેલું રાજ્ય અને નગર છે, તેમ છતાં લાસ-વેગાસ સમૃદ્ધિથી ભરપૂર નગર બન્યું છે. તેનું કારણ તેનાં જુગારખાનાં કહી શકાય. અમેરિકાએ જોયું કે અહીં બીજો વિકાસ શક્ય નથી, પણ લોકોને જુગારખાનાંની ધૂમ મચાવવામાં આવે તો ઘણી રોજીઓ અને સમૃદ્ધિ પેદા કરી શકાય છે. જોકે જુગાર રાષ્ટ્રનું કલંક જ કહેવાય, તેમ છતાં જો પ્રજા તેના વિના રહી શકતી ન હોય તો તેને કાયદેસરનું રૂપ આપીને સુરક્ષિત બનાવી શકાય. અમેરિકામાં લગભગ પ્રત્યેક શહેરમાં કેસિનો હોય જ છે, જેમાં જુગાર રમવા માટે ઘણા લોકો ભેગા થતા હોય છે. ભારતમાં આવી પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ છે, પણ ખાનગીમાં ફાર્મ-હાઉસોમાં આવી પ્રવૃત્તિ ધૂમધડાકાથી ચાલતી રહે છે. પોલીસ દરોડાઓ પાડે છે અને ન્યૂસપેપરમાં નબીરા અને નબીરીઓનાં નામ છપાય છે. નામ ન છાપવા માટેના પણ કડદા થતા હોય છે. આ બધું બરાબર ન કહેવાય. અમેરિકામાં આવું નથી થતું, કારણ કે કાયદેસર બધી છૂટ છે. જે પ્રતિબંધનું પાલન કરાવી જ ન શકાય તેવો પ્રતિબંધ ગમે તેટલો આદર્શવાદી અને ઉચ્ચ ધોરણોવાળો હોય તોપણ તેને લાગુ કરી શકાય નહિ. લોકો ખાનગીમાં ગુપચુપ પ્રતિબંધ તોડીને જીવન જીવે તેના કરતાં ખુલ્લેઆમ જીવન જીવી શકે તેવી વ્યવસ્થા સારી કહેવાય. આમ કરવાથી રાષ્ટ્ર બગડી જશે એવો ભય સાચો હોવા છતાં પણ અમુક પ્રકારની ગંદકી લઈને જ સામૂહિક જીવન જિવાતું હોય છે તે ન ભૂલવું જોઈએ. શહેરને સ્વચ્છ રાખવું હોય તો અંડરગ્રાઉન્ડ ગટરની વ્યવસ્થા કરવી જ જોઈએ. ગટર ગંદકીથી ખદબદે છે તોપણ તે દ્વારા ઉપર સ્વચ્છતા રાખી શકાય છે. ગટર વિનાનાં શહેરોમાં ગંદકી ઉપર ફરી વળતી હોય છે. પ્રજાનું પણ આવું જ છે. આદર્શો વિના રાજ્ય ચલાવી શકાય નહિ, માત્ર રાજ્ય જ નહિ, પણ ઘર કે સંસ્થા ચલાવવી હોય તોપણ આદર્શો દ્વારા જ ચલાવી શકાય, પણ માત્ર એકલા કોરા આદર્શોથી પણ ઘર, સંસ્થા કે રાજ્ય ચલાવી શકાય નહિ. આદર્શોની સાથે વાસ્તવિકતા પણ હોવી જોઈએ. આદર્શોનાં મુખ્યતઃ બે ક્ષેત્રો છે : (૧) ધનનું (૨) કામનું. આ બંને ક્ષેત્રોના આદર્શો ઉપર બેઠેલા માણસોએ ખાસ સાચવવા જોઈએ. તેથી રાજાએ કુંવારા ન રહેવું જોઈએ. પૂર્વે કહ્યું તેમ કુંવારાપણાને બહુ જલદી કલંક લાગતું હોય છે. લોકો ઉપરની વ્યક્તિના કલંકને સહન કરી શકતા નથી, તેથી ઉપરની વ્યક્તિએ નિષ્કલંક રહેવા માટે લગ્ન જરૂર કરવાં

જોઈએ. કલંકથી બચવા પત્ની માટેનું કવચ પુરુષ છે અને સ્ત્રી માટે પતિ છે. તેથી નેપોલિયને જૉસફિન સાથે લગ્ન કરી લીધાં અને ખૂબ પ્રેમાળ જીવન જીવવા લાગ્યો. પ્રેમાળ જીવન સૌથી વધુમાં વધુ સુખદાયી જીવન હોય છે. બધી વ્યક્તિઓ આવું જીવન પ્રાપ્ત કરી શકતી નથી. કોઈ ભાગ્યશાળીને જ આવું જીવન મળતું હોય છે અને જીવનભર ટકતું હોય છે.

ઈ. સ. ૧૭૯૭માં નેપોલિયને ઑસ્ટ્રિયા ઉપર આક્રમણ કરી દીધું અને પોતાની ઇચ્છા પ્રમાણે તેની પાસેથી સંધિ કરી લીધી. ત્યારે ઑસ્ટ્રિયા યુરોપનું બહુ મોટું શક્તિશાળી રાષ્ટ્ર હતું. ઑસ્ટ્રિયાનો એક ભાગ ઘણો વિકસિત અને સમૃદ્ધ હતો તે નેપોલિયને પોતાના હાથમાં લઈ લીધો. તે પછી તે ઇટાલીના વેનિસ નગર તરફ વળ્યો. વેનિસ દુનિયાનું અદ્ભુત નગર છે. મોટા ભાગનું તે સમુદ્રમાં વસ્યું છે અને જમીન માર્ગોની જગ્યાએ ત્યાં જળમાર્ગોથી એકબીજી સ્ટ્રીટમાં આવ-જા કરી શકાય છે. સદ્ભાગ્યથી મને આ શહેરની મુલાકાત લેવાનો બે વાર મોકો મળ્યો હતો. ત્યાં એટલી બધી નાવોની ટૅક્સીઓ ચાલે છે કે આપણે જોતા જ રહી જઈએ. આમ તો કાશ્મીરના દાલ ઝીલમાં પણ અડધું શ્રીનગર વસ્યું છે અને નાવો દ્વારા વ્યવહાર ચાલે છે, પણ દાલ ઝીલમાં વસનારા લોકો જે મળમૂત્રની ગંદકી કરે છે તે લખી શકાય તેવી નથી. નવાઈની વાત એ છે કે જે દાલ ઝીલમાં તેઓ મળમૂત્ર છોડે છે તે જ દાલ ઝીલનું પાણી પીવામાં તથા રસોઈમાં વાપરે છે. પણ વેનિસના બધા જળમાર્ગો એકદમ ચોખ્ખા લાગ્યા. ક્યાંય કોઈ કચરો જોવા ન મળે. પ્રજા-પ્રજા વચ્ચેની રહેણીકરણીનું આ અંતર છે. આ વેનિસ હજાર વર્ષથી સ્વતંત્ર હતું પણ નેપોલિયને તેને કબજામાં લઈ લીધું, એટલું જ નહિ, ઇટાલીનો બીજો પણ કેટલોક ભાગ નેપોલિયને જીતી લીધો. આ યુદ્ધોના વિજય પછી તે રાષ્ટ્રીય નાયક બની ગયો. બહુ ઝડપથી તે ઊંચાં-ઊંચાં પગથિયાં ચઢીને સેનાનો હેડ કમાન્ડર બની ગયો. આથી સ્વાભાવિક છે કે તેના પહેલાંના સીનિઅર અમલદારોને ઈર્ષા થાય. એક નાનો યુવાન મોટા-મોટા વડીલોને કૂદકો મારીને એમનો હેડ બની જાય એ વડીલોથી સહન થઈ શકે નહિ, તેથી ઈર્ષા થવી સ્વાભાવિક છે. ભારતમાં રોસ્ટર-પદ્ધતિથી જે પ્રમોશન (બઢતી) અપાય છે તે પણ આવી જ સ્થિતિનું નિર્માણ કરે છે. નીચેના વડીલ જનરલો નેપોલિયનને ઘૃણાની દૃષ્ટિથી જોવા લાગ્યા. પણ તે બધાની પરવા કર્યા વિના નેપોલિયને પોતાની કારકિર્દીને વધુ ને વધુ ઊંચી બનાવવા લાગ્યો. ઊંચી કારકિર્દી ઈર્ષાળુઓને દબાવવા માટે સારામાં સારું નિમિત્ત બને છે. જે લોકો કારકિર્દી વિના પ્રમોશન મેળવે છે તેઓ યોગ્યતા વિનાના હોવાથી અને આગળ કોઈ વિશેષ યોગ્યતાનું કાર્ય ન કરતા હોવાથી ઈર્ષા અને ઘૃણાને પાત્ર બની રહે છે. અક્ષમતા અને પ્રમોશનનો સંયોગ થાય તો યુદ્ધતંત્ર અને વહીવટી તંત્ર કથળ્યા વિના રહે નહિ. હંમેશાં મોટી ખુરશી ઉપર મોટા માણસને જ બેસાડવો જોઈએ. મોટી ખુરશી ઉપર બહુ નાના માણસને બેસાડી દેવામાં આવે તો તેથી અનર્થો થયા વિના રહે નહિ.

નેપોલિયને ઈર્ષાળુઓની પરવા કર્યા વિના યુરોપના એક પછી એક બધાં નાનાં-મોટાં રજવાડાં જીતી લીધાં. હવે માત્ર એકલું બ્રિટન જ બાકી હતું. ત્યારે બ્રિટન પણ મહાશક્તિ થઈ રહ્યું હતું, એટલે બ્રિટનની સાથે યુદ્ધ કરવામાં નેપોલિયનને ડર લાગતો હતો, પણ બ્રિટનને નમાવ્યા વિના વિશ્વવિજેતા થઈ શકાય નહિ, એટલે નેપોલિયને પોતાની અણનમ સેનાને મિસ્ર (ઇજિપ્ત) તરફ લગાવી. મિસ્રમાં ત્યારે ઑટોમન સામ્રાજ્યનું રાજ્ય ચાલતું હતું, જેનું મૂળ તુર્કસ્તાન હતું. ઑટોમન સામ્રાજ્ય પણ દૂરદૂર સુધી ફેલાઈ ચૂક્યું હતું, પણ તેની પરવા કર્યા વિના નેપોલિયને મિસ્ર ઉપર હુમલો કરી દીધો. બ્રિટન માટે આ હુમલો આબરૂનો પ્રશ્ન હતો, એટલે તેણે પોતાની નૌસેનાને નેપોલિયનની સેના સાથે લડવા મોકલી. ઍડમિરલ નેલ્સનની નેતાગીરીમાં બ્રિટિશ સેનાએ નેપોલિયનની સેનાને હરાવી દીધી, અર્થાત્ નેપોલિયનનું મિસ્ર ઉપરનું યુદ્ધ નિષ્ફળ રહ્યું, આમ જુઓ તો નેપોલિયનને પોતાના જીવનમાં ૬૦ લડાઈઓ લડી

હતી, જેમાંની મોટા ભાગની જીતી પણ હતી, પણ મિસ્રમાં ઍડમિરલ નેલ્સને તેની સેનાને હરાવીને પરાજયનું કલંક લગાડ્યું હતું. નેપોલિયન ઘણો બુદ્ધિમાન અને છળકપટ કરવામાં ચતુર હતો. પ્રથમ કહ્યું તેમ યુદ્ધમાં વ્યૂહ જીતતો હોય છે. વ્યૂહ વિનાનો સેનાપતિ મોટું સૈન્ય હોય તોપણ હારી જતો હોય છે. નેપોલિયનનું ગુપ્તચરખાતું બહુ પ્રબળ હતું. ગુપ્તચરો વિના રાજ્ય કરી શકાય નહિ અને યુદ્ધ તો ન જ કરી શકાય. મિસ્રના પરાજય પછી નેપોલિયન ચૂપચાપ બેસી ન રહ્યો. તેણે ઇટાલી ઉપર આક્રમણ કરી દીધું અને અહીંથી એક લાખ સાઠ હજાર સૈનિકોને બંદી બનાવ્યા તથા બે હજાર તોપો પડાવી લીધી. યુદ્ધમાં સામા પક્ષનાં મહત્ત્વનાં હથિયારો નષ્ટ કરવાં અથવા પડાવી લેવાં એ બહુ મહત્ત્વનું પરાક્રમ કહેવાય, કારણ કે તેનાથી સામા પક્ષની શક્તિ ઓછી થતી જતી હોય છે અને પોતાની વધી જતી હોય છે.

જેણે સફળતાપૂર્વક લાંબા સમય સુધી રાષ્ટ્ર ઉપર શાસન કરવું હોય તેણે પ્રજાની લોકચાહના મેળવવી જરૂરી હોય છે. જે શાસકો પ્રજામાં અળખા થઈ જતા હોય છે તેઓ લાંબો સમય શાસન કરી શકતા નથી અથવા કરે છે તો ઉત્પાતો વિનાના રહી શકતા નથી. જેણે પ્રજામાં લોકચાહના પ્રાપ્ત કરવી હોય તેણે અનેક વિજયો તો મેળવવા જ જોઇએ, પણ સાથે-સાથે લોકહિતનાં તથા ન્યાયનાં પણ અનેક કાર્યો કરવાં જોઈએ. માત્ર આટલેથી જ વાત પૂરી થઈ જતી નથી. તમારાં સારાં કાર્યોની પ્રસિદ્ધિ પણ થતી રહેવી જોઈએ. પ્રસિદ્ધિ વિના લોકોને પૂરી જાણકારી મળે નહિ, એટલે મધ્યયુગ પછી રાજતંત્ર ઉપર મીડિયાનો પ્રભાવ સ્વીકારવામાં આવ્યો. પહેલાં વાક્ મીડિયા હતું. બારોટો ને ચારણો વગેરે ગામેગામે ફરી-ફરીને રાજા-મહારાજાઓની યશોગાથા સંભળાવતા, જેથી લોકચાહનાનું નિર્માણ થતું. પછી પ્રેસ મીડિયા આવ્યું, જેમાં નાનીમોટી પત્રિકાઓ, પુસ્તકો વગેરે છપાઈને દૂર-દૂર સુધી રાજા-મહારાજાઓના પક્ષમાં પ્રચાર કરતાં, પણ પછી રાજતંત્રમાં વાણીની સ્વતંત્રતા આવી અને વિરોધપક્ષ બન્યો એટલે રાજાની આલોચના અને ટીકાઓ પણ થવા લાગી. નેપોલિયનના સમયમાં પ્રેસ-મીડિયાની માત્ર શરૂઆત હતી તેથી તેણે પોતાના પક્ષનો પ્રચાર કરવા માટે બેત્રણ જુદાંજુદાં સામયિકો પ્રસિદ્ધ કરવા માંડ્યાં. ત્યારે અણુ-મીડિયાનું અસ્તિત્વ નહોતું એટલે આજની માફક ટીવી ચૅનલો નહોતી. માત્ર પ્રેસ-મીડિયાની જ બોલબાલા હતી. ઈ. સ. ૧૭૯૭માં ફ્રાન્સમાં ચૂંટણી યોજવામાં આવી. આમાં રાજતંત્રવાદી પક્ષની તાકાત ઘણી વધી ગઈ. રાજતંત્રનો વિરોધ કરનાર બરાશ નામનો નેતા પ્રબળ હતો. તેની પરવા કર્યા વિના નેપોલિયને ઘણા વિજયો પ્રાપ્ત કરીને વાજતે-ગાજતે ભવ્ય શોભાયાત્રા કાઢીને પૅરિસમાં પ્રવેશ કર્યો, પણ હવે નેપોલિયન બધી રાજકીય પાર્ટીઓ અને બધા રાજકીય નેતાઓથી ઘણા ઊંચા પદે પહોંચી ગયો હતો એટલે બધા નેતાઓ તેની આગળ વામણા બની ગયા હતા.

૪-૬-૨૦૧૬

૩

યુદ્ધ માત્ર રણમેદાનમાં જ નથી થતું, પણ બધાં ક્ષેત્રોમાં થતું હોય છે. યુદ્ધ માત્ર શસ્ત્રોથી જ નથી લડાતું, કારણ કે શસ્ત્રો પૈસાથી આવતાં હોય છે. એટલે યુદ્ધ માટે પૈસો પણ જરૂરી છે. નિર્ધન રાષ્ટ્રો લાંબો સમય યુદ્ધ કરી શકતાં નથી, કારણ કે તેમની પાસે પૈસો હોતો નથી. પૈસો માત્ર પ્રજા-કરમાંથી નથી આવતો. પ્રજા ઉપર લગાવેલા કર વધી જાય તો પ્રજા વીફર્યા વિના રહે નહિ અને જો પ્રજા વીફરે તો આંતરિક મોરચે લડાઈ કરવી પડે. સીમાપારની લડાઈ કરતાં આંતરિક લડાઈ વધારે ખતરનાક હોય છે, કારણ કે આંતરિક લડાઈમાં મોટા પ્રમાણમાં હિંસા કરી શકાતી નથી. જેના ઉપર શાસન કરવું હોય તેના ઉપર ક્રૂરતા કરીને લાંબો સમય શાસન કરી શકાય નહિ, એટલે રાજકોશમાં પૈસાનો મુખ્ય આવકસ્રોત વ્યાપાર હોય છે. જે રાષ્ટ્ર મબલક વ્યાપાર નથી કરી શકતું, જેમની આયાત અને નિકાસ મોટા પ્રમાણમાં નથી હોતી, તેમનો ખજાનો પણ મોટો નથી હોતો. તે સમયમાં સૌથી મોટું વ્યાપારી રાષ્ટ્ર બ્રિટન હતું; કારણ કે બ્રિટનની ઘણી કૉલોનીઓ વિશ્વભરમાં પથરાયેલી હતી. તેમાંથી સૌથી મોટી કૉલોની ભારત હતી. ભારત સાથેના વ્યાપારથી બ્રિટનને અઢળક કમાણી થતી હતી અને આ બધો વ્યાપાર ભૂમિમાર્ગે ઑટોમન સામ્રાજ્યના એક પ્રાંત એવા 'મિસ્ર'માંથી થતો હતો. નેપોલિયને યોજના ઘડી કે જો મિસ્રને જીતી લેવાય તો બ્રિટનનો વ્યાપાર પડી ભાંગે અને બ્રિટનનો વ્યાપાર પડી ભાંગે તો યુરોપમાં માત્ર બાકી રહેલા બ્રિટન ઉપર સરળતાથી વિજય મેળવી શકાય. આ પ્રકારનું યુદ્ધકૌશલ આપણા પ્રાચીન રાજા-મહારાજાઓ કે બાદશાહોમાં ન હતું. તેઓ માત્ર રણમેદાનમાં જ યુદ્ધ કરતા અને વિજય મેળવતા. જોકે એ સમયમાં બધો વ્યાપાર વ્યાપારીઓ જ કરતા. રાજા પોતે કશો વ્યાપાર કરતો નહિ. રાષ્ટ્ર અને વ્યાપારનો મેળ અંગ્રેજો દ્વારા આપણને સમજાયો. અંગ્રેજો ત્રાજવું અને તલવાર બંને લઈને આવ્યા હતા, એટલે તલવારથી વિજય મેળવતા અને ત્રાજવાથી સમૃદ્ધિ મેળવતા. મુસલમાનો માત્ર તલવાર લઈને આવ્યા હતા. તેમની પાસે ત્રાજવું હતું જ નહિ, તેથી તેમણે વિજયો તો મેળવ્યા, પણ સમૃદ્ધિ ન મેળવી. અને રાજપૂત રાજાઓ પાસે તલવાર તો હતી, પણ મોગલો કરતાં ઘણી નાની હતી, તેથી વિજય પણ ન મેળવી શક્યા. તેમની પાસે ત્રાજવું તો હતું જ નહિ. એમ કહી શકાય કે તલવાર, ત્રાજવું અને કલમ આ ત્રણેયનો એકસાથે મેળ અંગ્રેજોમાં થતો હતો, તેથી તેમણે વિશ્વભરના ઘણા દેશો ઉપર વિજય મેળવ્યો.

નેપોલિયને બ્રિટનની કમર તોડવા માટે મિસ્ર ઉપર હુમલો કરવાનું આયોજન કર્યું. તેણે નજીકના ટાપુ માલ્ટા ઉપર કબજો કરી લીધો. બીજી તરફ બ્રિટનની રૉયલ નેવી પણ અંધારામાં ન હતી. શત્રુની એકેએક ચાલને બારીકાઈથી જોતા રહે તે જ સેનાપતિઓ સફળ લડાઈ લડી શકે. શત્રુની ચાલને જે સમજી ન શકે તે કારમો પરાજય ભોગવતા હોય છે. જેમ કે ૧૯૬૨માં ચીને ભારત ઉપર હુમલો કર્યો અને ભારત હારી ગયું, કારણ કે તે સમયના પ્રધાનમંત્રી પંડિત નહેરુજી ચીનની ચાલને બિલકુલ સમજી શક્યા ન હતા. બ્રિટિશ સેના પણ મિસ્રની રક્ષા કરવા માટે અડીખમ ઊભી હતી તોપણ નેપોલિયનની નૌ-સેના મિસ્રનાં એલેકઝાન્ડ્રિયા બંદર સુધી પહોંચી ગઈ. ત્યાં નજીકમાં જ પિરામિડ પાસે ઝેનવ્યુક સેના પડી હતી. તેમની પાસે લગભગ એક લાખ જેટલી મોટી સેના હતી. સૈનિકો રોજેરોજ લડાઈ કરતા નથી હોતા, પણ કોઈ પણ લડાઈ માટે હંમેશાં તૈયાર રહેતા હોય છે. આ સૈનિકોએ ભારે યુદ્ધ કર્યું, પણ નેપોલિયનની સેનાનો વિજય થઈ ગયો. કહેવાય છે કે આ વખતે નેપોલિયને યુદ્ધમાં પિલબૉક્સનો નવો જ ઉપયોગ કર્યો. પિલબૉક્સ એટલે ત્રણેય તરફથી સિમેન્ટ-ક્રૉક્રિટનાં મજબૂત બૉક્સ બનાવીને તેના પાંચ ભાગ જમીનમાં અને છઠ્ઠો ભાગ દેખાય નહિ એટલો જ જમીન બહાર રાખવામાં

આવતો હોય છે અને તેમાં રાખેલી બારીઓમાંથી માત્ર બે-ચાર સૈનિકો જ આગળ ધસી શત્રુસેનાને ફાયરિંગ કરીને રોકી શકતા હોય છે. આવાં પિલબૉક્સમાં મોટી માત્રામાં દારૂગોળો રહેતો હોવાથી સૈનિકોને દારૂગોળો ખૂટવાનો કે ઉપાડવાનો ભય રહેતો નથી. ૧૯૬૫ની ભારત-પાકની લડાઈમાં પાકિસ્તાને આવાં ઘણાં બંકરો બનાવ્યાં હતાં અને તેના દ્વારા ભારતીય સેનાને ઘણું નુકસાન પણ પહોંચાડ્યું હતું. આવાં બંકરો જમીનમાં દટાયેલાં હોવાથી અને ઉપર ઘાસ ઉગાડેલ હોવાથી ભારતીય સૈનિકોને તેના અસ્તિત્વની મોડે-મોડે ખબર પડી હતી. આ યુદ્ધમાં નેપોલિયનના ૩૦૦ સૈનિકો માર્યા ગયા. જ્યારે સામા પક્ષના ૬૦૦૦ સૈનિકો માર્યા ગયા, આટલું મોટું અંતર સેનાપતિની કુશળતાથી તથા વ્યૂહબાજીથી આવતું હોય છે. સેના કદાચ ભોટ હોય તો ચાલે, પણ સેનાપતિ ભોટ ન હોવો જોઈએ.

બીજી તરફ અંગ્રેજોની રૉયલ નેવીમાં નેલ્સન નામનો મહાન સેનાપતિ નેવીનું સંચાલન કરતો હતો. લંડનમાં વિશ્વપ્રસિદ્ધ ટ્રફાલ્ગર સ્ક્વૅર છે, જે વ્યક્તિ લંડન જાય તે ટ્રફાલ્ગર સ્ક્વૅર જોવા માટે જરૂર જાય. સદ્ભાગ્યે અમને આ સ્ક્વૅર જોવાનો અનેક વાર મોકો મળ્યો છે. ટ્રફાલ્ગર વિજયની સ્મૃતિમાં અંગ્રેજોએ આ સ્કવૅરનું નામ ટ્રફાલ્ગર આપ્યું છે અને તે વિજયના નાયક નેલ્સનનું પૂતળું ૧૫૦ ફૂટ ઊંચા સ્તંભ ઉપર મૂકવામાં આવ્યું છે. જે પ્રજા અને સરકાર યોગ્ય વ્યક્તિઓનું યોગ્ય સમયે સન્માન કરતી રહે છે તથા તત્કાળ અપરાધીઓને બોધદાયક દંડ આપી શકે છે તે જ સરકાર લોકપ્રિય થઈ શકતી હોય છે. અંગ્રેજોએ વિશ્વભરમાં ગુણવાન વ્યક્તિઓને ઘણા ઇલ્કાબો આપ્યા, ઘણાં સન્માન આપ્યાં, જેથી લોકોમાં તેમના પ્રત્યેની વફાદારી વધુ ને વધુ દૃઢ થતી ગઈ. આવી જ રીતે અંગ્રેજોએ દેશમાંથી વીણી-વીણીને અપરાધીઓને ભયંકર દંડ આપ્યો અને પ્રજાને વધુ નિર્ભય બનાવી એ તેમનું જમાપાસું હતું. અંગ્રેજોને આવતાં પહેલાં ઉત્તર ભારતમાં પીંઢારાઓનો ભયંકર ત્રાસ હતો. પીંઢારાઓથી પ્રજા તો ઠીક રાજાઓ પણ ભય પામતા. અંગ્રેજોએ તેમનો નાશ કરવા માટે પાંચ સેનાઓનું ગઠન કર્યું અને પાંચ તરફથી હુમલો કરીને તેમને ઘેરી લીધા અને તેમનો નાશ કરીને પ્રજાને મોટી રાહત આપી હતી. પીંઢારાઓના ચાર સરદારોમાંથી એક શરણે ગયો અને તેને ટોંકનો નવાબ બનાવી સામાન્ય નાગરિક બનાવી દીધો. આ પ્રકારે કદરદાની અને દંડવ્યવસ્થા બંને સાચી હોય તો શાસન સુઘડ બને. જ્યારે ઇલ્કાબો પક્ષપાત કરીને ગુણહીન વ્યક્તિઓને અપાય અને પક્ષપાત કરીને અપરાધીઓને છોડી મુકાય ત્યારે શાસન કથળવા લાગતું હોય છે. અંગ્રેજોએ નેલ્સનની ભારે કદર કરી, કારણ કે તેણે નેપોલિયનની નેવીને અટકાવી રાખી હતી. બ્રિટિશ નેવીએ અબુકીની ખાડીમાં નેપોલિયનની નેવીને તૈયાર ઊભેલી જોઈ. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધમાં અંગ્રેજોની સેનાએ નેપોલિયનની બધી સેનાને હરાવી દીધી, એટલું જ નહિ, માત્ર બે જહાજો બચી શક્યાં. બાકીનાં બધાં ડુબાડી દીધાં. આ બે જહાજોમાંથી પણ એક જહાજને આગળ જતાં પકડી લીધું. નાઈલ નદીના આ યુદ્ધમાં નેપોલિયનનો ભારે પરાજય થયો. લોકો માને છે કે નેપોલિયનના સૈનિકો ઉદ્ધત બની ગયા હતા. સતત વિજયનો ઉન્માદ ઉદ્ધતાઈ લાવતો હોય છે. અને સતત પરાજયનો અનુભવ વ્યક્તિ અને સમૂહમાં લઘુતાગ્રંથિ લાવતો હોય છે. આ યુદ્ધમાં અંગ્રેજોના ૨૫૦ સૈનિકો મરાયા અને નેપોલિયનના ૧૭૦૦ સૈનિકો મરાયા. આ રીતે મિસ્ર ઉપરની ચડાઈ નિષ્ફળ ગઈ.

જે લોકો પરાજય કે નિષ્ફળતાને પચાવી શકતા નથી તેઓ વધુ પરાક્રમ બતાવી શકતા નથી. પરાજયમાંથી વિષાદ થાય, વિષાદમાંથી નિરાશા જન્મે અને નિરાશા વ્યક્તિને જીવતી જ મારી નાંખે. પણ નેપોલિયન આ હારથી જરાયે નિરાશ ન થયો. તેણે ૧૭૯૯માં સીરિયા ઉપર હુમલો કરી દીધો અને ઑટોમન સામ્રાજ્યના સૈનિકોને હરાવી દીધા. અંગ્રેજોના સૈનિકોની તુલનામાં ઑટોમન સૈનિકો દુર્બળ કહેવાય. જે ટ્રેનિંગ અને જે હથિયારો અંગ્રેજ સૈનિકોને

મળતાં હતાં તે ઑટોમન સૈનિકોને મળતાં ન હતાં. સક્ષમ રાષ્ટ્રે પોતાની સેના અને સૈનિકોને યુદ્ધ હોય કે ન હોય તોપણ ઉત્તમોત્તમ શસ્ત્રોથી સજ્જ રાખવાં જોઈએ. અંતમાં નેપોલિયનને મિસ્ર છોડવું પડ્યું. વિજય મેળવ્યા પછી પણ જો પરાજિત પ્રજા અને પરાજિત સેના વિદ્રોહ કરતી રહે અને એ વિદ્રોહને દબાવી ન શકાય તો વિજયી રાષ્ટ્રને પણ જીતેલી ભૂમિમાંથી પીછેહઠ કરવી પડતી હોય છે. આ આક્રમણમાં નેપોલિયનની ભારે ખુવારી થઈ અને અંતે તેણે મિસ્ર છોડીને ફ્રાન્સ પાછા આવતા રહેવું પડ્યું. ફ્રાન્સમાં તેનું ભવ્ય સ્વાગત થયું, કારણ કે મિસ્રની નિષ્ફળતા બીજા વિજયોમાં ઢંકાઈ ગઈ હતી. સફળતા નિષ્ફળતાને ઢાંકતી હોય છે અને નિષ્ફળતા સફળતાને ઢાંકતી હોય છે. જેનું વજન વધારે હોય તે ઢાંકવાનું કામ કરે.

૫-૬-૨૦૧૬

૪

શાસનપદ્ધતિ ચાહે લોકશાહીની હોય કે રાજાશાહીની હોય, ગમે તે હોય, પણ જો શાસકવર્ગ વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાવાળો હોય તો શાસનનો તખતો પલટી નાંખવાની ઘટના બનતી હોય છે. આવું બ્રિટન, અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ભારત જેવા દેશોમાં બન્યું નથી. તેનું કારણ લોકશાહીની સાથે વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાનો અભાવ કહી શકાય. ફ્રાન્સમાં ત્યારે ત્રિમુખી લોકશાહી હતી. ત્રણ સંસદીય એસેમ્બલીઓ કામ કરતી હતી. જેમ ભારતમાં બ્રિટનની નકલ પ્રમાણે આજે બે સંસદીય સભાઓ કામ કરે છે, તેમ ફ્રાન્સમાં આવી ત્રણ સાંસદીય સભાઓ હતી. પહેલી સભાનું નામ કાઉન્સિલ ઑફ સ્ટેટ હતું. જે નવાંનવાં વિધેયકો તૈયાર કરતી હતી. બીજી સભાનું નામ ટ્રિબ્યુનેટ હતું, જે તૈયાર થયેલાં વિધેયકો ઉપર પક્ષમાં તથા વિપક્ષમાં ચર્ચા કરતી હતી. જોકે આ સભાને માત્ર ચર્ચા કરવાનો જ અધિકાર હતો, મતદાનનો નહિ. ત્રીજી સભાનું નામ લેજિસ્લેટિવ એસેમ્બલી હતું, જે ચર્ચા કર્યા વિના સીધેસીધું મતદાન કરીને વિધેયકને પાસ અથવા નાપાસ કરી શકતી હતી. આ ત્રણ સભાઓના સદસ્યોને દશ વર્ષ માટે ચૂંટવામાં આવતા હતા. ભારતની ચૂંટણી દર પાંચ વર્ષે અને અમેરિકાની ચૂંટણી દર ચાર વર્ષે થાય છે. ભારત માટે આ ગાળો ટૂંકો કહેવાય. જો પાંચની જગ્યાએ દશ વર્ષ કરવામાં આવે તો ચૂંટણીઓની ઝંઝટોથી બચી શકાય. નેપોલિયને ઉપરની ત્રણેય સભાઓને પોતાના પક્ષમાં કરી લીધી અને એક નવા સંવિધાન દ્વારા પોતાને સરમુખત્યાર બનાવી દેવાનો પ્રયત્ન શરૂ કર્યો. અંતે નવા સંવિધાન પ્રમાણે નવી ચૂંટણીઓ થઈ અને નેપોલિયન ફ્રાંસનો સરમુખત્યાર થઈ ગયો. ત્યારે પણ ફ્રાંસમાં ઘણા વાદો હતા. જ્યાં બુદ્ધિમાન પ્રજા રહેતી હોય અને બુદ્ધિને છૂટો દોર અપાતો હોય ત્યાં ઘણા વાદો અને ઘણા સંપ્રદાયો પેદા થતા જ હોય છે. ત્યારે ફ્રાંસમાં શાસનકર્તા માટે સૌથી મોટો કૅથલિક ધર્મનો પડકાર હતો. કૅથલિક ધર્મના અનુયાયીઓ ફ્રાંસના શાસકોથી ક્ષુબ્ધ હતા અને તેમના ધર્મગુરુ પોપ પણ નારાજ હતા. નેપોલિયને કૅથલિકોનું સમાધાન કર્યું અને તેમને રાજી કર્યા, જેથી મોટા ભાગના કૅથલિકો નેપોલિયનના સમર્થનમાં આવી ગયા. પ્રત્યેક ધાર્મિક રાષ્ટ્રમાં ધર્મશક્તિ એક મુખ્ય પરિબળ તરીકે કામ કરતી હોય છે. જો આ મુખ્ય ધર્મશક્તિની ઉપેક્ષા અથવા તિરસ્કાર કરવામાં આવે તો નારાજ થયેલી આ મુખ્ય શક્તિ શાસનકર્તાઓને અળખા બનાવીને પદચ્યુત પણ કરી શકે છે.

આઝાદી પછી ભારતનું શાસન કૉંગ્રેસે સંભાળ્યું અને કૉંગ્રેસપક્ષ ગાંધી-નહેરુની વિચારધારામાં જકડાયેલો હતો. આ વિચારધારા ઉપર-ઉપરથી તો સર્વધર્મસમભાવમાં માનતી હતી, પણ વ્યવહારમાં મુસ્લિમો પ્રત્યે ગાઢ અનુરાગ અને હિંદુઓ પ્રત્યે દ્વેષ રાખનારી થઈ ગઈ હતી. પંડિત નહેરુને હિંદુ ધર્મ દીઠોય ગમતો નહિ, તેથી તેઓ અવારનવાર હિંદુ ધર્મની આલોચના કરતા રહેતા. સોમનાથના પુનરુદ્ધારને એમણે વિરોધી પ્રતિસાદ આપ્યો હતો. એ તો સરદાર વલ્લભભાઈ પટેલ જ હતા જેઓ નહેરુની પરવા કર્યા વિના સોમનાથનો પુનરુદ્ધાર કરાવીને જ જંપ્યા. ધીરે-ધીરે ગાંધી-નહેરુ-વિચારધારા કૉંગ્રેસમાં વધુ ને વધુ દૃઢ થતી ગઈ અને હિંદુઓની ઘોર ઉપેક્ષા થવા માંડી. તેના રિએક્શનમાં હિંદુ પ્રજાએ નવો માર્ગ પકડ્યો. ઘણાં વર્ષોની ઘોર તપસ્યા પછી પૂર્ણ બહુમતીથી શ્રી નરેંદ્ર મોદી ભારતના પ્રધાનમંત્રી બન્યા. મોદીએ હિંદુ ધર્મને, સાધુસંતોને, ધર્મસ્થાનો તથા મંદિરોને મહત્ત્વ આપવા માંડ્યું તેથી વિશાળ હિંદુ પ્રજા મોદી તરફ આશા બાંધીને તેમના તરફ વળી ગઈ. બીજી તરફ ધીરે-ધીરે કૉંગ્રેસે મુસ્લિમપરાયણતા વધારી દીધી, જેથી કેટલાક વિરોધીઓ તેને પ્રચ્છન્ન મુસ્લિમ લીગ પણ માનવા લાગ્યા છે. હવે આજની તારીખમાં તો કૉંગ્રેસનો ભારતમાંથી સફાયો થઈ રહ્યો છે. ચતુર

નેપોલિયન આ વાતને સમજતો હતો તેથી તેણે કૅથલિક ચર્ચને સંતુષ્ટ કર્યું અને ચર્ચને પોતાના પક્ષમાં કરી લીધું. ધીરે-ધીરે નેપોલિયને પોતાને ફ્રાંસનો અધિનાયક બનાવી દીધો. એવું કહેવાય છે કે નેપોલિયનના કાળમાં ફ્રાંસની પ્રજાએ સૌથી વધુ સુખશાંતિનો અનુભવ કર્યો હતો. અધિનાયકવાદ ઉત્તમ નથી, કારણ કે લોકોને પૂરેપૂરી સ્વતંત્રતા મળતી નથી. પણ વ્યવહારિક દૃષ્ટિએ જોઈએ તો જો અધિનાયક ઉત્તમ કક્ષાનો હોય તો તે રાષ્ટ્રમાં જલદી ઘણાં સારાં કાર્યો કરી શકતો હોય છે.

ઈ. સ. ૧૮૦૦માં નેપોલિયને ફરીથી ઇટાલી ઉપર હુમલો કર્યો, કારણ કે ઑસ્ટ્રિયાની સરકારે ઇટાલી ઉપર કબજો જમાવી લીધો હતો. એક વાર કોઈ રાષ્ટ્ર ઉપર વિજય મેળવી લેવાથી તે કાયમી થઈ જતો નથી. પાછળથી જો તેને સંભાળવાની પૂરેપૂરી ક્ષમતા ન હોય તો સ્થાનિક લોકો અથવા બીજા લોકો તેનો કબજો લઈ લેતા હોય છે. ઇટાલીમાંથી ઑસ્ટ્રિયનોને ભગાડવા માટે નેપોલિયને મોટી સેના લઈને દુર્ગમ આલ્પ્સ પર્વતને પાર કર્યો. ભારતના હિમાલયની માફક યુરોપમાં ઉત્તર અને દક્ષિણ યુરોપને વિભાજિત કરનારો આલ્પ્સ પર્વત છે, જેના ઉપર બારે મહિના બરફ જામ્યો રહે છે, તેથી તેને પાર કરવો અત્યંત કઠિન કામ કહેવાય છે. સદ્ભાગ્યે મારે પણ યુરોપના પ્રવાસમાં આલ્પ્સ પર્વતને પૂરેપૂરો પાર કરવાનો મોકો મળ્યો હતો. જોકે હિમાલયનાં શિખરો જેવાં તેને શિખરો નથી, તેમ છતાં ભારે બરફના કારણે તે દુર્ગમ મનાય છે. નેપોલિયન આલ્પ્સ પર્વતને પાર કરીને ઇટાલી પહોંચ્યો અને ઑસ્ટ્રિયાની સેનાને ભયંકર પરાજય આપ્યો અને ઑસ્ટ્રિયામાંથી કાઢી મૂક્યા પણ બ્રિટન ઑસ્ટ્રિયાની મદદે આવી પહોંચ્યું, એટલે નેપોલિયને પોતાના સેનાપતિ મોરૂને આદેશ આપ્યો કે ઑસ્ટ્રિયનો પર ફરીથી હુમલો કરો. મોરૂએ ભયંકર હુમલો કર્યો અને હોહેનલીન્ડન નામના સ્થાન ઉપર વિજય મેળવ્યો. આ રીતે નેપોલિયનને ફરી વિજય પ્રાપ્ત થયો અને ઑસ્ટ્રિયા સાથે મનમાની સંધિ કરાવી લીધી. પછી એક વર્ષ સુધી યુદ્ધ ન થયું અને શાંતિ રહી. બીજી તરફ ફ્રાંસના રાજા લૂઈ ૧૬માની ક્રાંતિકારીઓએ હત્યા કરી, જેના પરિણામે તેનો પરિવાર પ્રાણ બચાવવા ભાગી છૂટ્યો. રાજાનો એક ભાઈ બ્રિટનમાં શરણાગત થયો. બ્રિટન આવા હારેલા-ભાગેલા રાજા-મહારાજાઓ કે સેનાપતિઓનું શરણસ્થાન રહ્યું છે.

ઈ. સ. ૧૮૦૩માં નેપોલિયન પોતાની સેનાને હૈતી મોકલી, પણ ત્યાં સૈનિકોમાં પીળો તાવ ફેલાઈ જવાથી સૈનિકોની ભારે ખુવારી થઈ. આથી ઉત્તરીય અમેરિકામાં જે ભાગ ઉપર નેપોલિયને વિજય મેળવ્યો હતો તે ભાગને એક એકરના ત્રણ સેંટ પ્રમાણે બ્રિટનને વેચી દીધો. યુરોપ-અમેરિકામાં આ રીતે કેટલાય ભાગો યુદ્ધ કરીને નહિ પણ ખરીદીને રાષ્ટ્રમાં ભેળવવામાં આવ્યા છે. અમેરિકાનું ન્યૂ મેક્સિકો સ્ટેટ અને અલાસ્કાનો વિશાળ ભૂભાગ મેક્સિકો અને રશિયા પાસેથી ખરીદીને લેવાયો હતો. યુદ્ધમાં જે ખર્ચો થાય તેના કરતાં ખરીદીમાં જાનમાલની હાનિ વિના ઓછો ખર્ચો થતો હોય તો આવા સોદાને ડહાપણ જ કહેવાય.

૬-૬-૧૬

૫

પદનું મહત્ત્વ કેટલાક લોકો માનતા નથી. જેમ કે ગાંધીજીએ સ્વતંત્ર ભારતમાં કોઈ પદગ્રહણ કર્યું ન હતું. પદગ્રહણ ન કરવા છતાં પોતાની ઇચ્છાઓ શાસન ઉપર થોપવા માટે તેઓ અવારનવાર આગ્રહ કરતા. જો આવો આગ્રહ માનવામાં ન આવે તો તેઓ આમરણાંત ઉપવાસ ઉપર ઊતરી જતા. તેને તેઓ સત્યાગ્રહ કહેતા. કેટલાકના મતે આ સત્યાગ્રહ નહિ પણ દુરાગ્રહ જ કહેવાય. એક તરફ તમે કોઈ પદ ગ્રહણ ન કરી પદથી દૂર રહેવાનો દેખાવ કરો અને બીજી તરફ પોતાનું ધાર્યું કરાવવા ભારે દબાણ પણ લાવો અને ઉપવાસનું બ્રહ્માસ્ત્ર કાયમ માટે ઉગામતા રહો એ સાચો પદત્યાગ ન કહેવાય. ગીતાની અનાસક્તિની વારંવાર પ્રશંસા કરો અને છતાં પોતાનું ધાર્યું કરાવવા છેવટના પ્રયત્નો કરો એ અનાસક્તિ ન કહેવાય. એક તરફ અહિંસાની વાત કરો અને બીજી તરફ ઉપવાસ દ્વારા પોતાની હિંસા કરી નાખવાની ધમકી પણ આપો અને છેવટે ધાર્યું કરાવો એ અહિંસા પણ ન કહેવાય. સાચી વાત એ છે કે પદગ્રહણ કરીને પોતાનું ધાર્યું કરવું એ જ રાજકારણનો સાચો માર્ગ કહેવાય. ત્યાગનો આડંબર અને ધાર્યું કરાવવાની તીવ્ર ઇચ્છા બંનેનો મેળ જામે નહિ.

નેપોલિયન વાસ્તવવાદી હતો, તેથી તેણે વિચાર્યું કે વ્યક્તિ કરતાં પદની મહત્તા વધારે છે. પદ વિના પણ અમુક ગુણવાન માણસો પૂજાતા હોય છે પણ એ એક સીમા સુધી જ. જો સત્તાધારી માણસો વ્યક્તિ પ્રત્યે શ્રદ્ધા રાખતા હોય તો જ તે પૂજાય, નહિ તો તિરસ્કૃત થઈ જાય. સૉક્રેટિસ મહાન, ગુણવાન, વિદ્વાન હતો, પણ પદધારી સત્તાધીશોએ ભરી સભામાં તેને ઝેર પિવડાવીને મારી નાંખ્યો. સદ્ભાગ્યે સૉક્રેટિસની સમાધિ જોવાનો યોગ મને મળ્યો હતો. સત્તાધીશોની કાયમી શ્રદ્ધા મેળવવી શક્ય નથી હોતી, તેથી વ્યક્તિ શ્રદ્ધાના જોરે અમુક સમયે અમુક કાર્યો માટે પોતાની ઇચ્છા ફળીભૂત કરાવી શકે. કાયમ માટે બધાં ક્ષેત્રોમાં તેમ ચાલે નહિ. એટલે જેણે વિશાળ ક્ષેત્રમાં લાંબો સમય પોતાનું ધાર્યું કરવું-કરાવવું હોય તેણે સત્તાનું પદ અવશ્ય ગ્રહણ કરવું જોઈએ, નહિ તો રાજકારણથી સંન્યાસ લઈને કાયમ-કાયમ માટે દૂર ખસી જવું જોઈએ. ગાંધીજી બેમાંથી એકેય ન કરી શક્યા. ન તેમણે સત્તાનું પદ ગ્રહણ કર્યું કે ન રાજકારણથી પૂરો સંન્યાસ પણ લીધો. કેટલીક વાર ઘરસંસારમાં પણ યુવાનો વડીલોની વધુપડતી દખલગીરી સહન કરી શકતા નથી. કદાચ આ જ કારણસર હિંદુ જીવનપદ્ધતિમાં આવા વડીલોને વાનપ્રસ્થ અથવા સંન્યાસ નિમિત્તે ઘરથી દૂર કરવામાં આવતા હશે.

નેપોલિયને સામાન્ય સિપાહી તરીકેની કારકિર્દી શરૂ કરી હતી, પણ ધીરે-ધીરે ક્રમેક્રમે એ ઊંચે ને ઊંચે ચઢતો ગયો. હવે તે ફ્રાન્સનો સર્વોપરી સમ્રાટ બની ગયો. સોળમા લૂઈની હત્યા પછી ફ્રાન્સમાં રાજવંશ નાબૂદ થયો હતો અને લોકશાહી ચાલુ થઈ હતી, પણ નેપોલિયને ફરીથી પોતાનો રાજવંશ ચલાવવા માટેની સફળ પેરવી કરી. તેના આવા પ્રયત્નોથી ઘણા લોકો નારાજ થયા, પણ નેપોલિયને એ બધા વિરોધીઓની હત્યા કરાવીને પોતાના પદને નિષ્કંટક બનાવી દીધું. રાજકારણમાં રાજાનું સૌથી પહેલું કામ કાંટાઓને દૂર કરવાનું હોય છે. જે રાજાઓ કાંટાઓને સમૂળગા દૂર કરતા નથી અને તેમની ઉપેક્ષા કરે છે અથવા મૈત્રી કરે છે તેઓ વગર મોતે મરતા હોય છે. સમય મળતાં આવા કાંટાઓ ષડ્યંત્રો રચીને રાજાનો વિનાશ કરી નાંખતા હોય છે. તેથી રાજા થયા પછી સૌથી પહેલું કામ નિર્દયતાપૂર્વક કાંટાઓનો નાશ કરવો એ છે. ભારતનાં પ્રધાનમંત્રી ઇન્દિરાબહેનની જગ્યાએ જ્યારે મોરારજી દેસાઈ પ્રધાનમંત્રી બન્યા ત્યારે ચાણક્યનીતિને ભૂલી ગયા અને ઇન્દિરાબહેનને પૂરેપૂરું સમ્માન આપી સુરક્ષિત કર્યાં. ઇન્દિરાબહેન બાહોશ અને ચતુર રાજનેતા હતાં. એમણે દસ દિવસ સુધી ઘણી ફાઈલો બાળી નાંખી. તેનો ધુમાડો લોકો જોતા રહ્યા, પણ તે ધુમાડો મોરારજીભાઈને ન દેખાયો. અંતે

સમય આવતાં થોડા જ સમયમાં ઇન્દિરાબહેન ગાદી ઉપર બેસી ગયાં અને મોરારજીભાઈ ફેંકાઈ ગયા. જેમ આપત્કાલમાં પોતાની ગિરફતારી કરાવીને મોરારજીભાઈને જેલમાં મોકલી દેવાયા હતા, તેવી જ રીતે તત્કાલ બધી ફાઈલો હાથ કરીને ઇન્દિરાબહેનને જેલભેગાં કરી દીધાં હોત તો મોરારજીભાઈને વાંધો આવત નહિ; પણ નહેરુજીની પુત્રી એ મારી પુત્રી છે એવું સમજીને એમણે આંખ આડા કાન કર્યા તેનું પરિણામ તેમને ભોગવવું પડ્યું.

ઈ. સ. ૧૮૦૪ જાન્યુઆરીમાં ફ્રાન્સની પોલીસે નેપોલિયનની હત્યા કરવાનું એક ષડ્યંત્ર પકડી પાડ્યું. બોરબન પક્ષના નેતાઓએ આ ષડ્યંત્ર રચ્યું હતું. નેપોલિયને બધાને પકડીને ત્વરિત કેસ ચલાવી બધાંને ફાંસીએ લટકાવી દીધા અને પોતાને પ્રાચીન પદ્ધતિ પ્રમાણે ફ્રાન્સનો આનુવંશિક સમ્રાટ ઘોષિત કરી દીધો. આ કામ ૨ ડિસેમ્બર ૧૮૦૪ના રોજ પાર પાડવામાં આવ્યું. નેપોલિયન ફ્રાન્સનો સમ્રાટ બને એ પોપને મંજૂર ન હતું, પણ નેપોલિયને ચતુરાઈથી રાજ્યાભિષેક વખતે ધર્મગુરુ દ્વારા મંત્રો દ્વારા અભિમંત્રિત કરેલો તાજ પોતાની જાતે પોતાના માથા ઉપર મૂકી દીધો. ધર્મગુરુએ તો તાજને મંત્રિત કરીને એક ટેબલ ઉપર મૂક્યો હતો, તે તેણે નેપોલિયનને પહેરાવ્યો ન હતો, પણ નેપોલિયને પરવા કર્યા વિના ટેબલ ઉપરથી તાજને લઈને પોતાની જાતે પોતાના માથા ઉપર મૂકી દીધો, એટલું જ નહિ, એણે આવો જ બીજો તાજ બીજા સિંહાસન ઉપર બેઠેલ પોતાની પત્ની જોસફિનને પણ પહેરાવી દીધો. હવે તે સમ્રાટની સમ્રાજ્ઞી બની ગઈ હતી. નેપોલિયનના પ્રભાવથી કોઈ કશું બોલી શક્યું નહિ. નેપોલિયન માત્ર આટલેથી જ અટક્યો નહિ, પણ એણે ૨૬ મે ૧૮૦૫ના રોજ ઇટાલીનો તાજ પણ ધારણ કરી લીધો. આ રીતે તે ફ્રાંસ અને ઇટાલી બંનેનો સમ્રાટ બની ગયો.

નેપોલિયનની વધતી તાકાતથી બ્રિટન ગભરાયું. શત્રુના વાસ્તવિક ભયથી ગભરાવું જ જોઈએ. તેથી સાવધાની આવે અને રક્ષાના ઉપાયો થાય. જે લોકો વાસ્તવિક ભયથી ગભરાતા નથી તેઓ નિર્ભય નથી હોતા, કારણ કે આવી નિર્ભયતા અસાવધાની ઊભી કરે છે, જેનાથી પરિણામે તૈયારી થતી નથી અને નુકસાન થાય છે. બ્રિટન હંમેશાં ચાણક્યનીતિ ઉપર ચાલનારું મુત્સદ્દી રાજ્ય છે. તેણે તરત જ બ્રિટન, ઑસ્ટ્રિયા, રૂસ અને સ્વિડનનું ગઠબંધન કરી દીધું. આપણે તટસ્થ નીતિ અપનાવીને મિત્રવિહોણા રહ્યા, જેથી યુદ્ધકાળમાં અને શાંતિકાળમાં આપણી પડખે કે આગળપાછળ કોઈ ન રહ્યું. આ પ્રકારની તટસ્થ નીતિ આત્મઘાતી નીતિ જ કહેવાય. પશ્ચિમનાં રાષ્ટ્રો આવી તટસ્થ નીતિને નથી માનતા. જેણે યુદ્ધ કરવું હોય અને યુદ્ધનો સામનો કરવો હોય તેણે વધુમાં વધુ સરખા વિચાર અને સરખાં હિતોવાળાં રાષ્ટ્રો સાથે ગઠબંધન કરવું જ જોઈએ. આવા ગઠબંધનથી બ્રિટનની શક્તિ વધી ગઈ. બ્રિટનની પાસે બહુ શક્તિશાળી રૉયલ નેવી હતી. શક્તિશાળી રાષ્ટ્ર થવું હોય તેણે શક્તિશાળી સેના રાખવી જ જોઈએ. આવી સેના વિના રાષ્ટ્ર શક્તિશાળી થઈ શકે નહિ અને જે શક્તિશાળી ન હોય તેનો કશો પ્રભાવ પણ ન હોય. ભારત આઝાદી પછી ઘણાં વર્ષો સુધી શક્તિહીન રહ્યું, જેથી પ્રભાવહીન પણ થઈ ગયું. તેના નજીકના પાડોશી દેશો ઉપર પણ તેનો પ્રભાવ ન રહ્યો. હવે ધીરે-ધીરે મોદીસરકાર નીતિઓમાં પરિવર્તન કરીને રાષ્ટ્રને શક્તિશાળી બનાવવાનો પ્રયત્ન કરી રહી છે. બ્રિટનની નેવીને ફ્રાન્સ હરાવી શકે નહિ, એટલે નેપોલિયને નેવીને ઇંગ્લિશ ચૅનલથી દૂર લઈ જવાની રણનીતિ ખેલી. જો નેપોલિયને બ્રિટન ઉપર હુમલો કરવો હોય અને નેવી ત્યાં હાજર હોય તો હુમલો સફળ રહી શકે નહિ. એટલે બીજી જગ્યાએ દૂર એક યુદ્ધકેન્દ્ર ખોલવામાં આવ્યું અને બ્રિટનની નેવીને ત્યાં લઈ જવાની ચાલ ચાલી. આને રણવ્યૂહ કહેવાય. નેવીની ગેરહાજરી હોય તો ફ્રાન્સિસી બેડો ૨૪ કલાકમાં ઇંગ્લિશ ચૅનલ પાર કરીને બ્રિટન ઉપર કબજો કરી શકે. મુખ્ય યુદ્ધને કમજોર કરવા માટે દૂર સાઇડમાં નવો મોરચો ખોલીને શત્રુની સેનાને બે ભાગમાં વહેંચી નાખી, કમજોર કરવી એ યુદ્ધવ્યૂહ કહેવાય.

નેપોલિયને પોતાની સેનાને ચૂપચાપ ૨૦ ઑક્ટોબર ૧૮૦૫ના રોજ જર્મની તરફ વિદાય કરી. ત્યાંથી ઑસ્ટ્રિયાની સીમા નજીક પડે. પછી ૨૧ ઑક્ટોબર, ૧૮૦૫ના રોજ ટ્રફાલ્ગરની ભયંકર લડાઈ થઈ, જેમાં બ્રિટનનો વિજય થયો. તેની સ્મૃતિમાં લંડનમાં 'ટ્રફાલ્ગર સ્ક્વૅર'ની રચના થઈ છે. એ પછી ઑસ્ટ્રિયા અને રૂસની સામે નેપોલિયન ત્રાટક્યો. ૧૪ ઑક્ટોબર, ૧૮૦૬ના રોજ નેપોલિયને પર્શિયા ઉપર હુમલો કર્યો અને વિજય મેળવ્યો. બીજી તરફ રશિયાની સેના નેપોલિયનની સેના સાથે લડવા માટે આવી રહી હતી. તેના ઉપર હુમલો કર્યો અને રશિયાના બાદશાહ ઝાર એલેકઝાન્ડર સાથે સંધિ કરીને બ્રિટનની સંધિમાં ફૂટ પાડી દીધી. નેપોલિયને જર્મનીમાં પોતાનો કઠપૂતળી શાસક બેસાડી દીધો. સન ૧૮૦૯થી ૧૮૧૩ સુધી પોતાના ભાઈ લૂઈસ બોનાપાર્ટને જીતેલા પ્રદેશનો શાસક બનાવી દીધો. નેપોલિયને બ્રિટનની સામે વ્યાપારિક યુદ્ધ પણ શરૂ કર્યું, અને બ્રિટનની અર્થવ્યવસ્થાને ભારે નુકસાન પહોંચાડ્યું. ૧૮૦૭માં પૉર્ટુગલ ઉપર હુમલો કરવા નેપોલિયને સ્પેનનો સહયોગ માગ્યો, પણ સ્પેને આવો સહયોગ આપ્યો નહિ તેથી તેણે સ્પેન ઉપર હુમલો કરી દીધો અને સ્પેનને હરાવીને મેડ્રિડ રાજધાની ઉપર કબજો કરી લીધો. બ્રિટને મેડ્રિડની રક્ષા માટે પોતાની સેના મોકલી, પણ નેપોલિયને એ સેનાને હરાવી દીધી. પછી પોતાના ભાઈ જોસેફ બોનાપાર્ટને સ્પેનના રાજા તરીકે સ્થાપિત કરી દીધો. વિજય મેળવેલાં નવાં રાષ્ટ્રો ઉપર હંમેશાં વિજયી રાજાએ પોતાના ખાસ વિશ્વાસુ અને વફાદાર માણસોને જ સત્તા ઉપર બેસાડવા જોઈએ. બને તો પોતાના પરિવારવાળાને ત્યાં ગોઠવવા જોઈએ, જેથી વિદ્રોહ થવાની ચિંતા ન રહે.

નેપોલિયનના સૈનિકોએ સ્પૅનિશો ઉપર બહુ ક્રૂરતાભર્યો વ્યવહાર કર્યો, જેથી સ્પૅનિશો નેપોલિયનની વિરુદ્ધ થઈ ગયા. તેમને રોમન કૅથલિક ચર્ચનો સાથ મળ્યો. આ રીતે સ્પેનનો વિજય પચાવવો ભારે થઈ પડ્યો. બીજી તરફ ઑસ્ટ્રિયા નેપોલિયન સાથેની સંધિમાંથી છૂટું થઈ ગયું. તા. ૨૧-૫-૧૮૦૯ના રોજ વિયેના આગળ ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધમાં ફ્રાન્સનો વિજય થયો. હવે ઑસ્ટ્રિયા ફરીથી નેપોલિયન સાથે નવી સંધિથી જોડાયું.

નેપોલિયન સતત યુદ્ધોમાં સમય વિતાવતો રહ્યો એટલે પૅરિસમાં રાજમહેલમાં રહેવાનું બહુ ઓછું થયું. તેની ગેરહાજરીનો સૌથી બૂરો પ્રભાવ તેની પત્ની અને ફ્રાન્સની સમ્રાજ્ઞી જોસેફિન ઉપર પડ્યો. તે નેપોલિયનના વિયોગને પચાવી ન શકી અને બીજી કોઈ વ્યક્તિ સાથે પ્રેમસંબંધ બાંધી બેઠી. પ્રેમી યુગલની કસોટી લાંબા વિયોગે થઈ જતી હોય છે. લાંબા વિયોગને જે પચાવે અને વફાદારીને આંચ ન આવવા દે તે સાચાં પ્રેમી કહેવાય. જેમ કે રામ-સીતા, શિવ-પાર્વતી વગેરે. જે આવા લાંબા વિયોગમાં પણ બીજી જગ્યાએ લલચાતા નથી અને સ્વસ્થ રહે છે તે સીતા થઈને પૂજાય છે. સીતા થવું બધી સ્ત્રીઓના હાથમાં નથી હોતું. તેથી કોઈ-કોઈ સ્ત્રી અથવા કોઈ-કોઈ રામ જ પૂજાતા હોય છે. જે લોકો વિયોગ સહન કરી શકતા નથી તેઓ શૂર્પણખાની લાઈને ચાલતા થઈ જતા હોય છે. જરાક કોઈ રૂપાળું માણસ જોયું નહિ કે પગ લપસ્યો નહિ. પછી તો પગ લપસવાની ઘણી જગ્યાઓ મળી રહેતી હોય છે, કારણ કે લપસવાનું બધાને ગમતું હોય છે. અડગ થઈને મક્કમ ઊભા રહેનારા કોક જ હોય છે, પણ શૂર્પણખાની પૂજા ન થાય. તેને લોકો ફિટકાર જ આપે. નેપોલિયનની પત્ની જોસેફિન સામાન્ય સ્ત્રી હતી. તેને ઉપર ઉઠાવીને સમ્રાજ્ઞી બનાવી દીધી, પણ જોસેફિન અડગ વફાદાર રહી શકી નહિ. જે અતિકામુક સ્ત્રીઓ હોય છે તેમની વફાદારીનો કદી વિશ્વાસ રાખી શકાય નહિ. તેમને કોઈ ભારોભાર સોનાથી મઢી આપે તોપણ મરનારા કરતાં પોતાને સંતોષકારક ભોગ આપનારને તેઓ વધુ વફાદાર થઈ જતી હોય છે. ભોગ એ જ સર્વોચ્ચ સુખ છે અને તેને પ્રાપ્ત કરવા તેઓ ગમે તેવાં પગલાં ભરી શકે છે.

નેપોલિયને કહ્યું કે મેં વિશ્વની ઘણી લડાઈઓ જીતી, પણ ઘરમાં હારી ગયો. ખરેખર તો

માત્ર નેપોલિયન જ નહિ, પણ મોટા ભાગના બધા ઘરવાળા ઘરમાં હારી જતા હોય છે. આવો જ પરાજય વર્ષો પહેલાં માળવાના રાજા ભર્તૃહરિને મળ્યો હતો અને તેના પ્રચંડ આઘાતમાં રાજપાટ છોડીને તે જોગી થઈ ગયો હતો. તેના સ્ત્રીસંબંધી અનુભવો જાણવા હોય તેણે ભર્તૃહરિનાં ‘શતકો’ વાંચવાં જોઈએ. પણ ભર્તૃહરિ મહાન હતો કે પોતે જોગી થયો, પણ પિંગળાને કશું શારીરિક નુકસાન ન કર્યું. તે રાજા હતો અને ધારે તે કરી શકવાની શક્તિવાળો હતો, તેમ છતાં પિંગળા ઉપર હાથ ઉઠાવ્યા વિના સર્વસ્વ ત્યાગીને જોગી થઈ નીકળી પડ્યો. જે લોકો ચારિત્રભ્રષ્ટ પત્ની ઉપર હાથ ઉપાડે છે અથવા તેની હત્યા કરી નાખે છે તે આવેશમાં ભરેલું પગલું કહી શકાય. તેના કરતાં તેનાથી છૂટીને દૂર ભાગવું એ જ વધુ હિતકારી અને કલ્યાણકારી દેખાય છે. મહાપુરુષો બહાર જીતતા હોય છે, પણ ઘરમાં હારી જતા હોય છે. ચાણક્યે લખ્યું છે કે પત્નીના દુશ્ચરિત્રને કદી પણ લોકો આગળ પ્રગટ કરવું નહિ. સમ-સમીને રહી જવું અને બુદ્ધિપૂર્વકના ઉપાય કરીને તેમાંથી છૂટવું. આ તરફ નેપોલિયન જોગી તો ન થયો, પણ તેણે જોસેફિનને છૂટાછેડા આપી દીધા અને તેનાથી મુક્ત થયો. આવી જ ઘટના રશિયાયાત્રા વખતે મને રશિયાના રાજા ઝારની જાણવા મળી હતી. તેણે પણ પોતાની દુશ્ચરિત્ર પત્નીને ચર્ચમાં સાધ્વી બનાવી દીધી હતી. જોકે સાધ્વી બન્યા પછી તે સખણી રહી કે કેમ તે જાણવા ન મળ્યું. કેટલીક વાર આવી ત્યજાયેલી સ્ત્રીઓ ધર્મસ્થાનોમાં આશ્રય મેળવીને ધાર્મિક પુરુષોને પથભ્રષ્ટ કરતી હોય છે.

જોસેફિનને તલાક આપીને નેપોલિયને એક ઑસ્ટ્રિયન સ્ત્રી મેરી લૂઈસ સાથે લગ્ન કરી લીધાં અને નવું જીવન શરૂ કર્યું. જે લોકો સતત પ્રવૃત્તિમય રહેતા હોય છે અથવા જેમણે વધુમાં વધુ ઘરબહાર રહેવાનું થતું હોય છે તેવા લોકો સાથે કામુક સ્ત્રીઓએ પરણવું જોઈએ નહિ, કારણ કે તેમની કામુકતા શાંત થશે નહિ અને છેવટે તેઓ પથભ્રષ્ટ થઈ જશે. મોટા ભાગે રાજાની રાણીઓ, શેઠોની શેઠાણીઓ અને સતત વિદેશભ્રમણ કરતા ઑફિસરોની પત્નીઓ શરીરસુખથી અતૃપ્ત જ રહેતી હોય છે. કેટલીક વાર તેનો લાભ નજીકના નોકરચાકરોને પણ મળી જતો હોય છે, કારણ કે કામુકતા આંધળી છે. તે પાત્રકુપાત્ર કશું જ જોતી નથી. એટલે સંસારને મહાસાગર કહ્યો છે. બીજી કોઈ રીતે નહિ પણ પત્ની પતિ માટે અને પતિ પત્ની માટે મહાસાગર છે. જો તર્યાં તો બેડો પાર, નહિ તો ડૂબ્યાં તો બેડો ગર્ક. પશ્ચિમમાં પતિપત્નીના દુશ્ચરિત્રને હવે બહુ આઘાતજનક મનાતું નથી. બંને પાત્રો સમાધાન કરી લેતાં હોય છે અને રાજીખુશીથી છૂટાં થવું પડે તો છૂટાં પણ થઈ જતાં હોય છે. ભારતમાં પણ ધીરે-ધીરે હવે છૂટાછેડાનું પ્રમાણ ખૂબ વધવા લાગ્યું છે અને તેથી દામ્પત્યનું સ્થાયીત્વ જોખમાયું છે. ક્યારે કોણ કોને દગો દેશે અને છૂટું થશે તે કહેવાય નહિ. લગ્નોના અનેક પ્રકાર છે, પણ પ્રેમલગ્ન સૌથી વધુ છૂટાછેડા અપાવનારાં સાબિત થઈ રહ્યાં છે, કારણ કે પ્રેમલગ્નમાં પતિ-પત્ની સિવાય કોઈ બંધનકર્તા નથી હોતું, જેથી જરા પણ પતિપત્નીમાં મતભેદ થતાં ખટરાગ પરાકાષ્ઠાએ પહોંચી જતો હોય છે, જેનું પરિણામ છૂટાછેડામાં આવતું હોય છે. વડીલો દ્વારા આયોજિત લગ્નોમાં માત્ર પતિ-પત્ની જ પરસ્પર બંધનકર્તા નથી હોતાં, પણ બંને તરફના પૂરા પરિવારો અને કેટલીક વાર તો પૂરો સમાજ પણ બંધનકર્તા હોય છે, જેથી પતિપત્નીનાં બંધન ઢીલાં થાય કે તૂટવા લાગે તો બાકીનાં બંધન તેમને બચાવી લેતાં હોય છે. એવા ઘણા દાખલા છે કે બાર-બાર વર્ષ રુસણે બેઠેલી પત્ની મનાઈને પતિના ઘરે પાછી ફરે છે અને સારું દામ્પત્ય જામે છે. પણ માત્ર પતિપત્નીનું જ બંધન હોય તો તેને તૂટતાં વાર થતી નથી. એ યાદ રહે કે પતિપત્નીનાં બે બંધન હોય છે : (૧) પ્રેમબંધન અને (૨) વાસનાબંધન. જ્યાં પ્રેમબંધન કરતાં વાસનાબંધન ઘણું મોટું હોય ત્યાં સ્થાયીત્વ રાખવું કઠિન થઈ જાય, કારણ કે વાસના ભરોસાપાત્ર તત્ત્વ નથી. ભરોસો તો પ્રેમનો જ હોઈ શકે.

८-६-२०१६

૬

જેની યુદ્ધની પ્રકૃતિ અને ક્ષમતા હોય તે યુદ્ધ કર્યા વિના રહી શકતો નથી. જન્મજાત પ્રકૃતિ અને જન્મજાત ક્ષમતા કૃતિમાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. નેપોલિયનમાં આ બંને તત્ત્વો હતાં, એટલે તે સતત યુદ્ધો કરતો રહ્યો અને બેએક અપવાદ સિવાય વિજય પણ મેળવતો રહ્યો. વિજય નશો ચઢાવે છે, તેથી વ્યક્તિને પોતાના વિશે વધુ ને વધુ અહોભાવ થવા લાગે છે. ત્યારે યુરોપમાં બે પ્રબળ શક્તિઓ હતી : (૧) ગ્રેટ બ્રિટન અને (૨) રશિયા. ક્ષેત્રફળની દૃષ્ટિએ રશિયા વિશ્વનું સૌથી મોટું રાષ્ટ્ર કહેવાય, પણ આર્થિક શક્તિની દૃષ્ટિએ તે નાનું કહેવાય. આર્થિક શક્તિ ક્ષેત્રફળથી નથી આવતી, પણ વ્યાપાર-ઉધોગોથી આવતી હોય છે. જ્યાં વધુમાં વધુ વ્યાપાર-ઉધોગો ધમધમતા હોય તે રાષ્ટ્ર ક્ષેત્રફળની દૃષ્ટિએ નાનું હોય તોપણ સમૃદ્ધ હોય. નેપોલિયને બ્રિટનને જીતવા માટે એક-બે વાર પ્રયત્નો કરી જોયા, પણ તેમાં તે સફળ ન રહ્યો. નાનાસરખા બ્રિટન પાસે મોટી-મોટી કૉલોનીઓ હતી, જેમાં ભારત પણ એક હતું. ભારત વસ્તીની દૃષ્ટિએ બીજા નંબરે મહાન હતું, પણ સેંકડો વર્ષોથી ગુલામી ભોગવવાના કારણે ધંધાઉધોગમાં પછાત હોવાથી દરિદ્ર હતું. દેશની દરિદ્ર પ્રજા રોજી માટે ફાંફાં મારતી હોય છે અને બ્રિટને આવા રોજગાર વિનાના માણસોને સેનામાં ભરતી કરીને સારી રોજી આપી. તે વખતે બ્રિટિશ સેના રજવાડાંઓની સેના કરતાં વધુ સારો પગાર, વધુ સારાં શસ્ત્રો અને વધુ સારી સુખસગવડો આપતી, તેથી લોકો હોંશેહોંશે બ્રિટિશ સેનામાં દાખલ થતા. વ્યક્તિનો અર્થલાભ તેની રોજીમાંથી નીકળતો હોય છે, એટલે જ્યાંથી રોજી મળે ત્યાં જ તે સ્થિર થતો હોય છે. ભારત વસ્તીની દૃષ્ટિએ ઘણો મોટો દેશ હોવા છતાં સૈનિકોની દૃષ્ટિએ બહુ મોટો ન કહેવાય, કારણ કે વર્ણવ્યવસ્થાના કારણે બધી જ્ઞાતિઓ શૂરવીર નથી હોતી. થોડીઘણી આંગળીના વેઢે ગણી શકાય તેવી જ્ઞાતિઓ જ શૂરવીર હોય છે. બ્રિટને આ વાતને સારી રીતે સમજી લીધી અને માત્ર શૂરવીર જ્ઞાતિઓમાંથી જ સેના બનાવી. તેણે તેમની જ્ઞાતિઓ પ્રમાણે નામ પણ આપ્યાં. જેમ કે ગોરખા પલટન, શીખ રેજિમેન્ટ, મરાઠા પલટન, રાજપૂત પલટન વગેરે. આનુવંશિક શૂરવીરતા વિનાના લોકોને સૈનિક બનાવીને સારાં પરિણામ મેળવી શકાય નહિ. તેમાં પણ સ્ત્રીઓને લડાયક સેનામાં દાખલ કરીને લડવા મોકલી શકાય નહિ. આવું કામ કરનારું રાષ્ટ્ર ખરા સમયે પસ્તાતું હોય છે. યુરોપમાં આપણા જેવી વર્ણવ્યવસ્થા કે જ્ઞાતિપ્રથા નથી, એટલે બધી પ્રજામાંથી બધા પ્રકારના માણસો મળી રહે છે.

પહેલાં નેપોલિયન અને રૂસની મૈત્રી હતી, પણ બંને દેશો વચ્ચે ખટપટો વધવા લાગી અને મૈત્રી બગડવા માંડી. મિત્રતાને સાચવવી પડતી હોય છે. જો સાચવતાં ન આવડે તો મિત્રતા ક્ષીણ થઈને નષ્ટ થઈ જતી હોય છે અથવા શત્રુતામાં બદલાઈ જતી હોય છે. સીધા શત્રુ કરતાં મિત્રશત્રુ બહુ ભૂંડો. રશિયાના ઝારને મંત્રીઓએ સલાહ આપી કે આપણે ફ્રાંસ ઉપર આક્રમણ કરી દેવું જોઈએ તથા પોલૅન્ડ પર ફરીથી વિજય મેળવીને રશિયામાં ભેળવી દેવું જોઈએ. ઝારને આવી સલાહ ગમી. તેથી તેણે પોલૅન્ડની સીમા ઉપર પોતાની સેનાને ઊભી કરી દીધી અને યુદ્ધની તૈયારી કરવા લાગ્યો. નેપોલિયનને આવા સમાચારથી ભયંકર ક્રોધ ચઢ્યો અને તેણે રશિયાને મુંહતોડ જવાબ આપવાનું નક્કી કર્યું. લગભગ ૬ લાખની વિશાળ સેના સાથે ૨૩ જૂન, ૧૮૧૨ના રોજ તેણે રશિયા ઉપર ચઢાઈ કરી દીધી. પહેલાં તેણે પોલૅન્ડમાં પોતાનો અડ્ડો જમાવ્યો. પોલૅન્ડ એક એવો કમજોર દેશ છે જે વારંવાર જેનો-તેનો ગુલામ થતો રહ્યો છે. નેપોલિયન રશિયા તરફ આગળ વધ્યો અને રશિયાના સેનાપતિએ ચતુરાઈપૂર્વક પીછેહઠ કરતાં-કરતાં તેને છેક મોસ્કો સુધી ઘસેટી લાવ્યો. નેપોલિયન સમજતો હતો કે પોતે વિજયમાં આગળ વધી રહ્યો છે, જ્યારે સાચા અર્થમાં રશિયન સેનાપતિ તેને વ્યૂહમાં ફસાવી રહ્યો હતો.

પીછેહઠથી રૂસી સેના બધાં ખેતરોને બાળી નાંખતી તથા પશુઓને કાપી નાખતી, જેથી નેપોલિયનની છ લાખની સેનાને ભૂખે મરવાના દિવસો આવ્યા. આક્રમક સેના જેમ-જેમ વધુ આગળ વધે તેમ-તેમ તેની પુરવઠાની લાઇન લાંબી થતી જાય. છ લાખ સૈનિકોનો રોજનો ખોરાકનો, દારૂગોળાનો તથા ઘાયલ સૈનિકોને લઈ જવાનો પ્રબંધ કરવા માટે નેપોલિયનને છસો માઈલ સુધી પોતાનાં વાહનો દોડાવવાં પડતાં. એટલું જ નહિ, આ વખતે કુદરત પણ રશિયાની વહારે આવી અને ભયંકર બરફ પડ્યો. બરફમાં સેના આગળ વધી શકે નહિ. હજારો સૈનિકો બરફના કારણે મરી ગયા, પણ નેપોલિયન આગળ વધતો રહ્યો. કુશળ સેનાપતિ પુરવઠા-લાઈનનો પૂરેપૂરો વિચાર કર્યા વિના આગળ વધે નહિ. ૧૯૬૨ની ચીન સામેની લડાઈમાં ચીન છેક બોમદીલા સુધી પહોંચી ગયું હતું, પણ પછી તે તરત જ એકપક્ષીય યુદ્ધવિરામ કરીને આપોઆપ પાછળ જતું રહ્યું હતું, કારણ કે આ દુર્ગમ પર્વતીય માર્ગમાં તે પોતાની સેનાને પૂરેપૂરો પુરવઠો પહોંચાડી શકે તેમ ન હતું. રશિયાએ મોસ્કો ખાલી કરી દીધું. નેપોલિયનને હવે મોટી ખુવારી પછી વિજય નજીક લાગતો હતો. તે માનતો હતો કે મોસ્કોપ્રવેશ કરતાં જ અમારો વિજય સુનિશ્ચિત થઈ જશે. પણ રશિયાએ આખા મોસ્કોને બાળીને ખાખ કરી નાખ્યું, જેથી નેપોલિયનના હાથમાં રાખ સિવાય કશું આવે નહિ. બીજી તરફ પૅરિસથી આટલે દૂર આવવાના કારણે કદાચ દુશ્મનો પૅરિસ ઉપર કબજો કરી લે એવો ભય નેપોલિયનને લાગવા લાગ્યો, તેથી તેણે પાછા ફરી જવાનું નક્કી કર્યું. તે જ્યારે રશિયા ઉપર ચઢી આવ્યો હતો ત્યારે તેની પાસે છ લાખ પચાસ હજાર સૈનિકો હતા પણ જ્યારે પાછો ફર્યો ત્યારે માત્ર ચાલીસ હજાર સૈનિકો જ બચ્યા હતા. બાકીના છ લાખ દસ હજાર સૈનિકો યુદ્ધમાં મરાયા. કેટલાક કુદરતના કોપથી બરફમાં બીમાર થઈને મરી ગયા. આ રીતે ભારે ક્ષતિ ઉઠાવીને વિજય મેળવ્યા વિના તે પાછો પૅરિસ પહોંચ્યો. જો રશિયાએ પીછેહઠ ન કરી હોત તથા ખેતરો અને પશુઓને કાપી નાંખ્યાં ન હોત તથા મોસ્કોને બાળી નાંખ્યું ન હોત તો કદાચ રશિયા હારી જાત, કારણ કે નેપોલિયન જેટલાં સૈનિકો અને શસ્ત્રો રશિયા પાસે ન હતાં. કુદરતે પણ રશિયાને સાથ આપ્યો અને પાંચપાંચ ફૂટ બરફના થર જામ્યા, જેમાં નેપોલિયનની સેના ફસાઈ ગઈ, સડી ગઈ અને મરી ગઈ. કેટલીક વાર યુદ્ધકૌશલ તરીકે પીછેહઠ કરવી પણ વ્યૂહ કહેવાય છે. રાજપૂતો પીછેહઠ ન કરતા, કારણ કે પીઠ બતાવવાને તેઓ કાયરતા માનતા, એટલે સામી છાતીએ લડીને પ્રાણની આહુતિ આપી દેતા, જેથી દુશ્મનને વિજય મેળવવાની તથા કબજો જમાવવાની સરળતા થઈ જતી. પશ્ચિમમાં આવું મૂલ્ય ન હતું. મુસ્લિમ સેનાપતિઓ પણ પોતાની હાર દેખાતાં જ પીછેહઠ કરી દેતા અને ફરીથી તૈયારી કરીને પાછા આવી જતા. આવી રણકુશળતા રાજપૂતોમાં ન હોવાથી તેમનું શૂરાતન ઘાસના અગ્નિની માફક મોટો ભડકો થઈને તરત ઓલવાઈ જતું. આ બોધપાઠ આપણે લેવા જેવો ખરો.

૮-૬-૨૦૧૬

૭

પશ્ચિમનાં યુદ્ધો ગઠબંધનનાં યુદ્ધો રહ્યાં છે. કોઈ એકલું રાષ્ટ્ર કોઈ બીજા એકલા રાષ્ટ્ર સાથે લડતું ભાગ્યે જ દેખાય છે. ગઠબંધન એ ધીમી મુત્સદ્દીગીરીનું પરિણામ હોય છે. જે રાષ્ટ્રોમાં આવી ધીમી મુત્સદ્દીગીરી નથી હોતી તેઓ ગઠબંધન કરી શકતાં નથી અને એકલાં-અટૂલાં રહી જતાં હોય છે. ધીમી મુત્સદ્દીગીરી એટલે આવનારા ભવિષ્યને દૂર-દૂર સુધી જોવું અને સમજવું. ભારતમાં મોટા ભાગનાં યુદ્ધો એકલાં-એકલાં થયાં છે, જેમાં ભવિષ્યને જોવા કરતાં ભાવનાઓને વધુ મહત્ત્વ અપાયું છે.

નેપોલિયનનો રશિયામાં કારમો પરાજય થયો અને ભારે જાનમાલની નુકસાની વેઠવી પડી, તેથી તેનાં વિરોધી રાષ્ટ્રોની હિંમત વધી ગઈ. તમારો પરાજય શત્રુઓને શક્તિ અને ઉત્સાહ આપતો હોય છે. રશિયાથી પાછા ફરતી વખતે નેપોલિયને પોતાના ત્રીસ હજાર સૈનિકોને પોલૅન્ડમાં રાખ્યા હતા, પણ રશિયાએ તેમને પણ ત્યાંથી ભગાડી દીધા. કેટલીક વાર જીવનમાં ઉપરાઉપરી વિજયો મળતા હોય છે, તો કેટલીક વાર ઉપરાઉપરી પરાજયો પણ મળતા હોય છે. આવું થવાથી જ્યોતિષશાસ્ત્રને વધુ આધાર મળી જતો હોય છે. જ્યોતિષવાળા કહે છે કે તમારી ગ્રહદશા સફળતા અને નિષ્ફળતામાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. એટલે એના એ માણસો, એની એ બુદ્ધિ, એની એ કુશળતા હોવા છતાં જ્યારે માઠી દશા બેસે છે ત્યારે ભલભલાના ભૂંડા દિવસો આવી જતા હોય છે. નેપોલિયનની પણ આવી સ્થિતિ થવા લાગી હતી. મનોબળની કસોટી પરાજયમાં થતી હોય છે. જે માણસ વિજયમાં ઉન્માદ ધારણ કરે છે અને પરાજયમાં ભાંગી પડે છે તે મહાપુરુષ નથી હોતો. આટલો ઘોર પરાજય મળ્યા પછી પણ નેપોલિયન ભાંગી ન પડ્યો. તેણે ફરીથી સોનાનો સંગ્રહ કર્યો અને ચાર લાખ જેટલા સૈનિકો લઈને જર્મની સામે કૂદી પડવા તૈયાર થઈ ગયો.

બીજી તરફ બ્રિટનનું જે ગઠબંધન હતું તે મોટું થઈ ગયું. તેમાં પર્શિયા, રૂસ, બ્રિટન અને પૉર્ટુગલ ભળી ગયાં. શત્રુતા પ્રબળ હોય અને પરાજિત વ્યક્તિ બુદ્ધિશાળી હોય તો તે પોતાના પક્ષને મજબૂત કરવા શક્ય તેટલાં ગઠબંધનો તૈયાર કરી લેતી હોય છે. એવું કહેવાય છે કે નેપોલિયન અને ગઠબંધનની સેના વચ્ચે ડ્રેસ્ડનમાં ભયંકર લડાઈ થઈ. ડ્રેસ્ડન પૂર્વ જર્મનીનું મોટું નગર છે અને પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયના આદિ પ્રવર્તક માર્ટિન લ્યૂથરની જન્મભૂમિ પણ છે. સદ્ભાગ્યે આ નગરની મુલાકાત લેવાનો મને યોગ મળ્યો હતો. માર્ટિન લ્યૂથરની અત્યંત ભવ્ય પ્રતિમા જોઈને અહોભાવ થયા વિના રહે નહિ. ડ્રેસ્ડનની લડાઈમાં નેપોલિયને ગઠબંધનના એક લાખ સૈનિકોને મારી નાંખ્યા. રશિયાના પરાજય પછી આ તેનો ભવ્ય વિજય હતો. પણ હવે તેના શત્રુઓ વધવા લાગ્યા હતા. શત્રુતાથી શત્રુતા વધતી હોય છે. તમે આખી દુનિયાને કચડી નાખવા માગો તો દુનિયા તમારી દુશ્મન થયા વિના રહે નહિ, તેમજ તમે આખી દુનિયાની આલોચના કરો તો દુનિયા તમારી આલોચના કર્યા વિના રહે નહિ. સ્વીડન અને ઑસ્ટ્રિયા પણ ગઠબંધનમાં સામેલ થઈ ગયાં, જેથી ગઠબંધનની શક્તિ વધી ગઈ. દ્વિતીય વિશ્વયુદ્ધમાં આવા ગઠબંધનને 'મિત્રરાષ્ટ્ર' કહીને સંબોધવામાં આવતું. અંતે લિપઝિગના સ્થળે ભયંકર યુદ્ધ થયું અને નેપોલિયનની કારમી હાર થઈ. આમાં બંને પક્ષોના એક લાખ વીસ હજાર સૈનિકો માર્યા ગયા. રશિયાની હાર પછી આ બીજી મોટી હાર હતી. હવે ગઠબંધન પાસે પાંચ લાખ સૈનિકો હતા, જ્યારે નેપોલિયન પાસે માત્ર એક લાખ જ સૈનિકો હતા. નેપોલિયન પાછળ હટીને ફ્રાંસ પહોંચી ગયો. પરાજયનું સ્વાગત-સન્માન ન હોય. વિજય થાય તો વરમાળાઓ પહેરાવનારી અપ્સરાઓ ઊમટી પડે, પણ જો પરાજય થાય તો કદાચ એ જ અપ્સરાઓ ધૂળ ઉડાડતી પણ થઈ જાય. નેપોલિયનનું પણ આવું જ થયું. ગઠબંધનવાળા પક્ષે પૅરિસ ઉપર કબજો કરી લીધો.

નેપોલિયનની તુલનામાં બ્રિટિશરો વધુ મુત્સદ્દી હતા. પૅરિસ ઉપર કબજો કરીને તેમણે નેપોલિયનને મારી ન નાંખ્યો, પણ નિર્વાસિત કરી દીધો. નેપોલિયનની ઇચ્છા હતી કે મારા પછી મારા પુત્રને ગાદી ઉપર બેસાડવામાં આવે, જેથી મારો સમ્રાટવંશ ચાલુ રહે, પણ બ્રિટિશરોએ આવી શરત માની નહિ અને દૂર ભૂમધ્ય સાગરમાં એલ્બા નામના નાના ટાપુ ઉપર તેને નિર્વાસિત કરી દેવામાં આવ્યો. જેમ ભારતમાંથી ઘણા પદભ્રષ્ટ કરેલા રાજાઓને રંગૂન અથવા આંદામાન નિર્વાસિત કરી દેવામાં આવતા તેમ કરવામાં આવ્યું. આવા નિર્વાસિત નેતાઓ કોઈ વાર ખરા સમયે પાછા કામમાં લેવાય તેવી ગણતરી બ્રિટિશરોની હોય છે.

બીજી તરફ ફ્રાંસમાં લૂઈ ૧૮માને ગાદી ઉપર બેસાડવામાં આવ્યો. ૧૬મા લૂઈની હત્યા કરીને ક્રાન્તિ થઈ હતી, પણ હવે તે જ વંશના ૧૮મા લૂઈને ફરીથી ગાદીનશીન કરવામાં આવ્યો. આ રાજકારણ કહેવાય. ક્યારે કોનું ઉત્થાન થાય અને ક્યારે કોનું પતન થાય તે કહેવાય નહિ.

જેમ શિવાજી મહારાજ ઔરંગઝેબની નજરબંધીમાંથી યુક્તિ કરીને છટકી ગયા હતા અને ફરીથી મહારાષ્ટ્રનું શાસન સંભાળી લીધું હતું, તેમ નેપોલિયન પણ એક દિવસ એલ્બાના દ્વીપમાંથી યુક્તિ કરીને ભાગી છૂટ્યો હતો અને છેક લાંબી સમુદ્રયાત્રા કરીને પૅરિસ પહોંચી ગયો હતો. તેનો અર્થ એ થયો કે તે માનસિક રીતે ભાંગી પડ્યો ન હતો. હજી પણ તેની મહત્ત્વાકાંક્ષા પૂરેપૂરી હતી. જ્યારે લૂઈ ૧૮માને ખબર પડી કે નેપોલિયન ફરી પાછો પૅરિસ પહોંચી ગયો છે તો તેણે તરત જ માર્શલ માઇકલના નેતૃત્વમાં તેનો સામનો કરવા પાંચમી રેજિમેન્ટ સાથે મોકલ્યો. માર્શલ માઈકલ એક વાર નેપોલિયનનો ખાસ માણસ હતો. રશિયા પરના આક્રમણ વખતે માઈકલની મહત્ત્વની ભૂમિકા હતી. નેપોલિયને આત્મબળ સાથે પોતાની સેનાને એક તરફ ઊભી રાખીને ઘોડેસવાર થઈને પાંચમી રેજિમેન્ટ સામે જઈને ઊભો રહ્યો અને ત્રાડ પાડીને બોલ્યો કે "હે સૈનિકો! તમે મને ઓળખો. હું જ તમારો સાચો સમ્રાટ હતો અને છું. એટલે તમે ઇચ્છો તો મને ગોળીએ મારી દો અથવા મને સાથ આપો." નેપોલિયનની વાણીનો ચમત્કાર થયો. રાજામાં અનેક શક્તિઓની સાથે વક્તૃત્વશક્તિ પણ હોવી જોઈએ. તરત જ સૈનિકો નેપોલિયનના પક્ષમાં થઈ ગયા અને બધા સૈનિકોને લઈને નેપોલિયન પૅરિસ પહોંચ્યો અને સત્તા સંભાળી લીધી. આટલા પતન પછી આટલું મોટું ઉત્થાન તેની સાહસિકતા અને મનોબળના કારણે જ પ્રાપ્ત થયું. એ પછી લગભગ સો દિવસ સુધી નેપોલિયને પૅરિસની ગાદી સંભાળી.

૯-૬-૨૦૧૬

સેનાના મુખ્યતઃ ૪ વિભાગો કામ કરતા હોય છે : (૧) સેનાપતિ (૨) સૈનિકો, (૩) શસ્ત્રો (૪) ગુપ્તચરો.

આ ચારેયનું પોત-પોતાની જગ્યાએ પૂરેપૂરું મહત્ત્વ હોવા છતાં સેનાની કરોડરજ્જુ તો સેનાપતિ જ કહેવાય છે. સેનાપતિના નિર્ણયો અને સૈનિકોનું સંચાલન મહત્ત્વનું પરિણામ લાવતાં હોય છે. જેને વ્યૂહરચના કરતાં આવડે અને જેને સેનાનું યથાયોગ્ય સંચાલન કરતાં આવડે તે સેનાપતિ સફળ યુદ્ધ કરી શકતો હોય છે. કેટલીક વાર મોટી સેનાને નાની સેના હરાવી દેતી હોય છે, કારણ કે નાની સેનાનો સેનાપતિ વધુ યોગ્ય વ્યૂહબાજ અને ત્વરિત નિર્ણયો કરનારો હોય છે.

નેપોલિયન એલ્બા ટાપુથી ભાગી છૂટીને ફરી પાછો પૅરિસ આવી ગયો અને સત્તા ઉપર છવાઈ ગયો તેથી તેના દુશ્મનોમાં હાહાકાર મચી ગયો અને દુશ્મનોના ગઠબંધનમાંનું મુખ્ય એક બ્રિટનના ડ્યુક વેલિંગ્ટને પર્શિયા અને બાકીના યુરોપની સેનાને ભેગી કરીને નેપોલિયન ઉપર તૂટી પડવાનો નિર્ણય કરી લીધો. શત્રુને સ્વસ્થ થવા દેવાનો સમય આપવો અને પછી યુદ્ધ કરવું એ મૂર્ખામી કહેવાય. વેલિંગ્ટન આવી મૂર્ખામી કરવા માગતો ન હતો. એટલે તે પોતાનું દોઢ લાખનું સૈન્ય લઈને ફ્રાન્સ ઉપર ચઢી ગયો. નેપોલિયન જાણતો હતો કે હજી હું ગાદી ઉપર બરાબર બેઠોય નથી અને સત્તાનાં બધાં સૂત્રો પૂરેપૂરાં સંભાળ્યાં પણ નથી એવામાં ગઠબંધનની સેના મારા ઉપર હુમલો કરવા તૈયાર થઈ ગઈ છે, એટલે તે હુમલો કરે તેના પહેલાં મારે તેમના ઉપર હુમલો કરી દેવો જોઈએ. કોઈ રાજગાદી સંભાળવા-માત્રથી બધાં સૂત્રો હાથમાં આવી જતાં નથી. તેમાં પણ આક્રમણ કરીને ગાદી સંભાળી હોય તો બધાં સૂત્રોને પોતાને આધીન કરતાં ઘણો સમય લાગતો હોય છે. ઘણા અધિકારીઓની બદલી કરવી પડતી હોય છે, ઘણાને છૂટા કરવા પડતા હોય છે, તો ઘણા વિશ્વાસુ લોકોને નવા નિયુક્ત કરવા પડતા હોય છે. આ બધું કુશળતાપૂર્વક કરતાં ન આવડે તો ગાદી કાંટાનો તાજ બની જતી હોય છે. પણ નેપોલિયનને પૂરો સમય મળ્યો નહિ. માત્ર ગાદી સંભાળ્યાને છ દિવસ જ થયા હતા કે તેણે ગઠબંધનની સેના સામે લડાઈમાં ઊતરવાનું થયું. તેણે વ્યૂહ રચ્યો કે પોતાની સેનાના બે બાગ કરી એક ભાગને બેલ્જિયમ તરફ અને બીજા ભાગને પોતે સંભાળીને પર્શિયા તરફ યુદ્ધ કરવા ચડ્યો. આ વખતે તા. ૧૬ જૂન ૧૮૧૫નો સમય ચાલી રહ્યો હતો. બીજી તરફ ગઠબંધનની સેના વેલિંગ્ટનના નેતૃત્વમાં આવી રહી હતી. તેને રોકવા નેપોલિયને કવાત્રે બ્રાસની જગ્યાએ મોકલ્યો અને વેલિંગ્ટનની સેનાને આગળ વધતી અટકાવી દીધી. સેનાની આગેકૂચને અટકાવવી અને બીજા ભાગ ઉપર યુદ્ધ કરવું એ પણ યુદ્ધકુશળતા કહેવાય. નેપોલિયન પર્શિયન સેના સાથે લડાઈ કરવા આગળ વધ્યો. નેપોલિયનનો એક સેનાપતિ માર્શલ ગ્રાઉરી હતો. તે પર્શિયા ઉપર હુમલો કરવા તૈયાર હતો, પણ નેપોલિયને આદેશ આપવામાં વિલંબ કરી દીધો. આ વિલંબ તેના પરાજયનું મુખ્ય કારણ બન્યું. યુદ્ધમાં ક્ષણક્ષણની પરિસ્થિતિ બનતી હોય છે. વિલંબ કરવામાં એક ક્ષણનો વિલંબ પણ નુકસાન કરી શકતો હોય છે. ૧૯૬૫ની પાકિસ્તાન સાથેની લડાઈમાં ભારતના પ્રધાનમંત્રી શાસ્ત્રીજીએ સેનાને આદેશ આપવામાં દસ દિવસનો વિલંબ કરી દીધો હતો. પાકિસ્તાની જનરલ યાહ્યાખાન જે પાછળથી ડિક્ટેટર બન્યો તે નેવું પેટન ટૅન્કો લઈને છમ્બના ક્ષેત્રમાં આગળ વધવા લાગ્યો. ભારત તેનો બરાબર મુકાબલો ન કરી શક્યું અને પાછળ હઠતું ગયું. કહેવાય છે કે તેનું એક કારણ પુરવઠાનો સપ્લાય હતું. પાકિસ્તાનનો પુરવઠો સિયાલકોટથી આવતો હતો, જે માત્ર ચૌદ કિ.મી. દૂર હતું, જ્યારે ભારતનો પુરવઠો છેક પઠાણકોટથી આવતો હતો, જે સો-એકસો પચીસ કિ.મી. દૂર હતું. ભારત પાસે સરહદની

રક્ષા કરવા માટે નાની તોપો હતી, જ્યારે પાકિસ્તાન પાસે બીજા વિશ્વયુદ્ધમાં નીવડેલી પેટન્ટ ટૅન્કો હતી. એટલે ભારત પાછું પડતું ગયું. પાછી પડતી સેનાને બહુ ખુવારી વેઠવી પડતી હોય છે. પાકિસ્તાની સેના છેક અખનૂર સુધી પહોંચી ગઈ અને જો અખનૂરનું પતન થાય તો જમ્મુ-કાશ્મીરનો બીજો મહત્ત્વનો રાજમાર્ગ તેના હાથમાં આવી જાય. પાણી છેક નાક સુધી પહોંચી ગયું હતું એટલે હવે ભારતીય સેનાને લાહોર તરફ આગળ વધવાનો હુકમ આપવા સિવાય બીજો કોઈ રસ્તો જ ન હતો. તેથી દસ દિવસ મોડો શાસ્ત્રીજીએ સેનાને લાહોર તરફ આગળ વધવાનો હુકમ આપ્યો અને અખનૂર બચી ગયું, કારણ કે શત્રુપક્ષની સેના અટકી ગઈ અને લાહોરનું રક્ષણ કરવા કેટલીક શક્તિ વાળી દેવી પડી. જો આ નિર્ણય પાકિસ્તાનના છમ્બ હુમલાના દિવસે જ અપાયો હોત તો પાકિસ્તાન અખનૂર સુધી આવી શક્યું ન હોત. એટલે નિર્ણયની ક્ષણો બહુ મહત્ત્વની હોય છે. નેપોલિયને પણ આવી જ ભૂલ કરી અને માર્શલ ગ્રાઉરીને પર્શિયાની સેના ઉપર હુમલો કરવાનો આદેશ આપવામાં સમય બગાડ્યો. આ તેની ઐતિહાસિક ભૂલ કહેવાય. ૧૭ માર્ચના રોજ બ્રિટિશ સેનાપતિ વેલિંગ્ટને પોતાની સેના વૉટરલૂ પાસેની એક ઊંચી પહાડી ઉપર લઈ ગયા. વૉટરલૂની લડાઈ નેપોલિયનની છેલ્લી લડાઈ મનાય છે. નેપોલિયન પાસે તોંતેર હજાર સૈનિક હતા, જ્યારે ગઠબંધનની સેના પાસે સડસઠ હજાર સૈનિકો હતા અને પર્શિયાની સેના પાસે અડતાળીસ હજાર સૈનિકો હતા. વૉટરલૂની લડાઈ ઐતિહાસિક લડાઈ મનાય છે. અધૂરામાં પૂરું રાત્રે વરસાદ થવાથી જમીન ચીકણી થઈ ગઈ હતી, તેથી નેપોલિયનની સેના બરાબર કામ કરી શકતી નહોતી; જ્યારે વેલિંગ્ટનની સેના ઊંચા પહાડી ટેકરા ઉપર હોવાથી ત્યાં વરસાદનો પ્રભાવ નહિ જેવો હોવાથી તે બરાબર કામ કરી શકતી હતી. હવેની લડાઈઓ તલવાર-ભાલાની સામસામેની લડાઈઓ રહી ન હતી, પણ તોપો અને બંદૂકોની લડાઈ હતી, જેથી બંને સેના વચ્ચે ખાસું અંતર રહેતું. આ યુદ્ધ સવારે ૧૦.૦૦ વાગ્યાથી શરૂ થયું હતું અને બપોરે ૧.૩૦ વાગ્યે પર્શિયનોની સેના વેલિંગ્ટનની મદદમાં આવી પહોંચી. નેપોલિયનની ઘોડેસવાર સેનાએ સંગઠનની સેના ઉપર ધાવો બોલી દીધો પણ સંગઠનની સેનાએ જોરદાર સામનો કર્યો અને સેનાપતિ મેજર જનરલ વિલિયમને મારી નાંખ્યો. ઘોર યુદ્ધમાં નેપોલિયનના સૈનિક થાકી ગયા હતા અને તેઓ ઉત્સાહ વિનાના થઈને લડી રહ્યા હતા. છેવટે નેપોલિયને પોતાની રિઝર્વ સેનાને યુદ્ધમાં ઉતારી. ઘણાં યુદ્ધોમાં કેટલાક સેનાપતિઓ રિઝર્વ સેના રાખતા હોય છે, જે આગલી હરોળની સેના થાકવાથી કે ભાગવાની દહેશતથી તેમને મોકા ઉપર મદદ કરતી હોય છે. પોતાની હતોત્સાહ થયેલી સેનાને જોમજુસ્સો પૂરો પાડવા જનરલ વેલિંગ્ટન પોતાના ઘોડા કૉપેનહેગન ઉપર સવાર થઈને, પોતાની હૅટ હાથમાં લઈને સૈનિકોને ઉત્સાહ પૂરો પાડવા સૌથી આગળ આવી ગયો. જનરલના આવા સાહસી કદમથી સેનામાં નવો જુસ્સો પેદા થયો અને તેઓ ફ્રાન્સિસી સેના ઉપર તૂટી પડ્યા.આવું જ પાણીપતના યુદ્ધમાં નારાયણરાવ પેશ્વાએ પણ કરેલું, પણ તેનો પ્રયત્ન નિષ્ફળ ગયો, કારણ કે રાજપોશાક અને સુવર્ણનાં આભૂષણો પહેરેલો હોવાથી સામેનું મુસ્લિમ સૈન્ય તેને ઓળખી ગયું અને બધા તેના ઉપર તૂટી પડ્યા, તેનું મૃત્યુ થઈ ગયું અને મરાઠા સેનામાં ભાગંભાગ શરૂ થઈ ગઈ. સવારનું શરૂ થયેલું યુદ્ધ બપોર સુધીમાં પરિણામ લાવી ચૂક્યું હતું. ભાગતા મરાઠા સૈનિકોનો પીછો કરવામાં આવ્યો અને એક લાખ મરાઠા સૈનિકો હતાહત કરી દેવાયા. અહીંથી પેશ્વાની શક્તિનું પતન શરૂ થયું.

વૉટરલૂની ભયંકર લડાઈમાં અંતે નેપોલિયનની સેના હારી ગઈ અને ભાગવા માંડી. વિજયનો શેલો વેલિંગ્ટન ઉપર પહેરાવવામાં આવ્યો અને રાત્રે ૮.૦૦ વાગે નેપોલિયને શરણાગતિ સ્વીકારી લીધી. આ યુદ્ધમાં ગઠબંધનના પંદર હજાર સૈનિકો માર્યા ગયા, જ્યારે પર્શિયાના સાત હજાર સૈનિકો માર્યા ગયા અને નેપોલિયનના પચીસ હજાર સૈનિકો માર્યા ગયા

તથા આઠ હજાર સૈનિકોને બંદી બનાવી લેવામાં આવ્યા. નેપોલિયન યુદ્ધમાંથી ભાગી ગયો અને કેટલોક સમય ગુપ્ત રીતે સંતાતો રહ્યો, પણ અંતે ૧૫ જુલાઈ, ૧૮૧૫ના રોજ એક બંદરગાહ ઉપર તેણે અંગ્રેજોની સામે સમર્પણ કરી દીધું. નેપોલિયનને ગાદી ઉપરથી ઉતારી દેવામાં આવ્યો અને ફરીથી સેન્ટ હેલેના નામના દ્વીપ ઉપર મોકલી દેવામાં આવ્યો જ્યાં ૫ મે ઈ. સ. ૧૮૨૧ના રોજ તેનું મૃત્યુ થઈ ગયું.

૯-૬- ૨૦૧૬

નેપોલિયન વિશે કેટલીક છૂટક-છૂટક મહત્ત્વની વાતો પ્રાપ્ત થાય છે તે અહીં સંક્ષિપ્તમાં લખવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

(૧) નેપોલિયનની ઇચ્છા પોતાની અંતિમ વિધિ સીન નદીના તટ ઉપર કરવાની હતી, પણ તેમને સેન્ટ હેલેનામાં જ દફનાવી દેવામાં આવ્યો. આગળ જતાં ૧૮૪૦માં, એટલે કે લગભગ વીસ વર્ષ પછી તેની કબર ખોદીને તેના શબને ફ્રાન્સમાં લઈ જવામાં આવ્યું અને પૅરિસમાં દફનાવવામાં આવ્યું, જેના ઉપર તેનો મકબરો બાંધવામાં આવ્યો છે. મોડે-મોડે પણ તેના શબને પૅરિસની ભૂમિ મળી. દિલ્હીનો છેલ્લો બાદશાહ બહાદુરશાહ ઝફર પોતાની અંતિમ વિધિ માટે બે ગજ જમીન મેળવવા તડપતો રહ્યો, પણ તેની ઇચ્છા પૂરી ન થઈ અને તેને બર્મામાં જ દફનાવી દેવામાં આવ્યો હતો. પોતાની જન્મભૂમિ અથવા કર્મભૂમિમાં પોતાના અંતિમસંસ્કાર થાય તેવી સૌકોઈની ઇચ્છા હોય, પણ કદાચ બધાની ઇચ્છા પૂરી થતી નથી હોતી.

(૨) કેટલાક લોકોનું માનવું છે કે નેપોલિયનનું મૃત્યુ કૅન્સરથી થયું હતું, તો કેટલાકનું માનવું છે કે તેનું મૃત્યુ ધીમા વિષથી કરવામાં આવ્યું હતું. જે હોય તે, પણ નેપોલિયન કુદરતી સહજ મૃત્યુએ મર્યો ન હતો.

(૩) નેપોલિયનનાં લગ્ન ૯ માર્ચ ૧૭૯૬ના રોજ જોસેફિન નામની યુવતી સાથે થયાં હતાં. જોસેફિનને બે પુત્રો અને એક પુત્રી થયાં હતાં. પુત્રીનાં લગ્ન નેપોલિયને પોતાના ભાઈ સાથે કરાવ્યાં હતાં, અર્થાત્ કાકા-ભત્રીજીનાં લગ્ન થયાં કહેવાય. જોસેફિન વફાદાર ન રહી શકી અને આડા સંબંધોમાં જકડાઈ ગઈ, જેથી નેપોલિયને તેને છૂટાછેડા આપ્યા અને ૧૧ માર્ચ, ૧૮૧૦ના દિવસે ઑસ્ટ્રિયાની મેરી લૂઈસ સાથે બીજાં લગ્ન કર્યાં અને તેને જોસેફ ચાર્લ્સ બોનાપાર્ટ નામનો પુત્ર થયો. નેપોલિયનને જ્યારે સેન્ટ હેલેનામાં નિર્વાસિત કરવામાં આવ્યો ત્યારે મેરી તેની સાથે ગઈ ન હતી. બધી સ્ત્રીઓ સીતા જેવી નથી હોતી, જે પતિના વનવાસમાં પણ પડછાયાની માફક સાથે ને સાથે રહે. મોટા ભાગની સગવડભોગી અને કામુક સ્ત્રીઓ તપસ્યા કરી શકતી નથી. તેઓ હંમેશાં સગવડો અને કામભોગને શોધતી રહે છે.

(૪) એવું કહેવાય છે કે નેપોલિયનનું કદ માત્ર ૫ ફૂટ અને ૨ ઇંચ જ હતું, અર્થાત્ તે બહુ કદાવર માણસ ન હતો.

(૫) નેપોલિયને સત્તા ગ્રહણ કરી તે પહેલાં ફ્રાન્સમાં ફ્રાન્સિસી કાયદાની સાથે રોમન કાયદા પણ ચાલતા હતા. રોમન કાયદા બહુ ક્રૂર હતા. વ્યભિચારી સ્ત્રી-પુરુષોને પથ્થરોથી મારી નાંખવામાં આવતાં. નેપોલિયને આવા ક્રૂર કાયદા બંધ કરાવી કાયદાની ત્રણ શ્રેણીઓ સ્થાપિત કરી : (૧) વ્યક્તિગત સ્થિતિ, (૨) સંપત્તિ અને (૩) સંપત્તિનું અધિગ્રહણ.

આમાં પ્રથમ શ્રેણીને સમજવા જેવી છે. બ્રિટિશ કાયદા પ્રમાણે કાયદાની દૃષ્ટિએ પૂરી પ્રજા એકસરખી છે અને બધાને એકસરખો દંડ થાય છે, જ્યારે નેપોલિયને આમાં ફરક કર્યો. અપરાધ કરનાર વ્યક્તિની સ્થિતિને પણ ધ્યાનમાં રાખવી જોઈએ. કોઈ રીઢો ગુનેગાર ખૂન કરે અને કોઈ પોતાની બહેન-દીકરી કે પત્નીની આબરૂ લૂંટનારનું ખૂન કરે તો તેને એકસરખું ગણાય નહિ. આવી જ રીતે કોઈ નગરશેઠથી અપરાધ થઈ જાય અથવા કોઈ મજૂરથી અપરાધ થઈ જાય તો સમાન અપરાધ હોવા છતાં સમાન સજા થઈ શકે નહિ. મજૂરને એક વર્ષની સજા કાપવી રમતવાત થઈ જાય, જ્યારે અત્યંત આબરૂદાર નગરશેઠ અથવા બીજો કોઈ ઉચ્ચ કક્ષાનો આબરૂદાર માણસ હોય તેને એક દિવસની સજા પણ બહુ ભારે પડી જાય. કદાચ તે પોતે જ પોતાની આત્મહત્યા કરી બેસે. પ્રાચીનકાળમાં હિંદુ સ્મૃતિઓમાં પણ અપરાધની સાથે

વ્યક્તિની કક્ષા જોઈને દંડ કરવામાં આવતો. અંગ્રેજોએ આ બધું બદલી નાખી સૌના માટે એકસરખો કાયદો અને એકસરખો દંડ કર્યો જે અત્યારે પ્રચલિત છે.

(૬) નેપોલિયને સ્ત્રી-પુરુષ બંનેને એકસમાન ન ગણતાં પુરુષની- ખાસ કરીને પતિની શ્રેષ્ઠતા સ્થાપિત કરી.

(૭) નેપોલિયને ઈ. સ. ૧૮૦૦માં બૅંક ઑફ ફ્રાન્સની સ્થાપના કરી અને ફ્રાન્સમાં બૅંકિંગ પદ્ધતિનો વિસ્તાર કર્યો.

(૮) નેપોલિયનને જ્યારે સેન્ટ હેલિનામાં નિર્વાસિત કરવામાં આવ્યો ત્યારે એક સલૂન જેવા ભવ્ય શણગારેલા જહાજમાં રાજા-મહારાજાની શાન-શૌકત સાથે તેને લઈ જવામાં આવ્યો હતો.

(૯) નેપોલિયન માટે જહાજમાં ભવ્ય પકવાનો બનાવાતાં, પણ નેપોલિયનની જમવા ઉપરથી રુચિ ઓછી થવા લાગી હતી, તેથી એક-બે કોર્સમાં જ જમવાનું પતાવી દેતો.

(૧૦) તે શેતરંજ ખેલ્યા કરતો અને વધુમાં વધુ વાંચ્યા કરતો.

(૧૧) હવે તેની નિદ્રા ઓછી થઈ ગઈ હતી. તે ડેક ઉપર આંટાફેરા માર્યા કરતો.

(૧૨) નેપોલિયન શેતરંજ જેવી રમતો રમીને સમય પસાર કરતો પણ તેને જુગાર રમવા ઉપર નફરત હતી. પતનના અને ઘોર નિષ્ફળતાના સમયમાં જે લોકો કોઈ ને કોઈ પ્રકારનું મનોરંજન મેળવે છે તેઓ ડિપ્રેશનથી બચી જાય છે. જે લોકો ઘોર નિષ્ફળતામાં મોઢું ચઢાવીને, ચિંતામગ્ન થઈને બેસી રહે છે તેઓ માનસિક સંતુલન ખોઈ બેસતા હોય છે.

(૧૩) નેપોલિયન આખરી ઉંમરમાં પણ અંગ્રેજી શીખવા લાગ્યો હતો, કારણ કે વિદ્યા આમરણ પ્રાપ્ત કરતા રહેવું જોઈએ.

(૧૪) નેપોલિયનનું જહાજ ૨૩ સપ્ટેમ્બરે ભૂમધ્યરેખાને પાર કરી આફ્રિકા તરફ આગળ વધવા લાગ્યું. ઇંગ્લૅન્ડથી નીકળ્યાને લગભગ સત્તર દિવસ પછી તે પૅરિસ પહોંચ્યો અને સો દિવસ પછી સેન્ટ હેલિના પહોંચ્યો. આ રીતે સો દિવસની લાંબી યાત્રા પછી તે હેલિના પહોંચ્યો હતો.

(૧૫) જહાજમાંથી વિદાય થતાં પહેલાં નેપોલિયને જહાજના ઍડમિરલને તથા મુખ્ય અધિકારીઓને બોલાવ્યા અને સારો વ્યવહાર રાખવા બદલ સૌનો આભાર માન્યો અને બધા કર્મચારીઓને ધન્યવાદ આપ્યા. આ રીતે તેણે પોતાની વિદાયને સંસ્કારિતાભરી બનાવી દીધી. કેટલીક અસંસ્કારી વ્યક્તિઓ વિદાયને બગાડી નાંખતી હોય છે અને મિત્રને શત્રુ તથા શત્રુને ઘોર શત્રુ બનાવી દેતી હોય છે.

(૧૬) સેન્ટ હેલિનામાં નગરથી બે કિ.મી. દૂર એક ખાસ મહેલ હતો. જેમાં નેપોલિયનને મૃત્યુપર્યંત રહેવાનું હતું.

(૧૭) નેપોલિયન રાજકીય કેદી હતો પણ તેની સ્થિતિ સમ્રાટની હતી, તેથી અંગ્રેજોએ તેને પૂરેપૂરા સમ્રાટ જેવી સગવડો તથા માનસન્માન આપ્યાં હતાં.

(૧૮) નેપોલિયન પરોઢિયે ૪.૦૦ વાગ્યે ઊઠી જતો અને આગળના બગીચામાં ભ્રમણ કરતો.

(૧૯) એક વાર નેપોલિયન મહેલની આગળ બગીચામાં આગંતુક મહેમાનો સાથે બેઠો હતો તેમાં મહેમાનોનો ભારે સામાન ઉપાડીને દાસ - લોકો ત્યાંથી જઈ રહ્યા હતા. આ દૃશ્ય સામાનમાલિક મહિલાને ગમ્યું નહિ, તેથી તેણે દાસોને હુકમ કર્યો કે હવેથી તમે બીજા માર્ગે સામાન લઈ જજો, પણ નેપોલિયને વિરોધ કર્યો અને કહ્યું કે ગુલામને નહિ ગુલામના માથા ઉપર લાદેલા ભારને જુઓ. તેમના આવા રવૈયાથી અતિથિ મહિલા છક થઈ ગઈ.

(૨૦) જે મહેલમાં નેપોલિયનને બંદી બનાવવામાં આવ્યો હતો ત્યાંથી જો તેણે બહાર દૂર

ફરવા જવું હોય તો બે અંગ્રેજ સૈનિકોને સાથે રાખીને જ જવું એવી વ્યવસ્થા હતી, પણ નેપોલિયને આવી વ્યવસ્થા સ્વીકારી નહિ.

(૨૧) એવું કહેવાય છે કે ૧૪ એપ્રિલ, ૧૮૧૬ના રોજ સેન્ટ હેલિનામાં નવો ગવર્નર આવ્યો, જે જૂના ગવર્નર કરતાં વધુ કટ્ટર હતો, તેથી નેપોલિયન પ્રત્યે તેનો વ્યવહાર વધુ કઠોર થઈ ગયો. આ કારણે પાછળનાં પાંચ વર્ષ નેપોલિયનનાં વધુ કષ્ટદાયી બની ગયાં અને કહેવાય છે કે આવા વ્યવહારના કારણે તેનું મૃત્યુ વહેલું થઈ ગયું.

(૨૨) એક વાર નવા ગવર્નરે નેપોલિયનને મળવાની ઇચ્છા બતાવી, પણ નેપોલિયને ઇન્કાર કરી દીધો. કહેવાય છે કે નવો ગવર્નર કદરૂપો હતો અને ભયંકર વૃત્તિનો હતો. ગવર્નરે ફરી-ફરીને મુલાકાતની ઇચ્છા વ્યક્ત કરી, એટલે નેપોલિયને મુલાકાત આપી, પણ મુલાકાતમાં બોલાચાલી થઈ ગઈ. પશ્ચિમી સભ્યતામાં સામી વ્યક્તિની મંજૂરી વિના મુલાકાત કરી શકાય નહિ; નહિ તો સર્વોચ્ચ સત્તા ઉપર બેઠેલા ગવર્નરને મુલાકાત માટે મંજૂરી માગવાની જરૂર ન રહે. આપણે હજી આ પ્રકારની સભ્યતા જીવનમાં ઉતારી શક્યા નથી. વગર સ્વીકૃતિએ કે વગર આમંત્રણે ગમે ત્યારે ગમે ત્યાં લોકો આવી ધમકતા હોય છે! પણ તે યોગ્ય ન કહેવાય.

(૨૩) અંગ્રેજોએ નેપોલિયનને સેન્ટ હેલેના મોકલીને ત્યાંનાં ખરાબ જલવાયુમાં તેને તડપાવી-તડપાવીને મારી નાંખવાની યોજના બનાવી હતી. અંગ્રેજો અને વાણિયા દુશ્મનને ગોળીથી મારવા કરતાં ઠંડા પાણીએ નવડાવીને, મેલેરિયા લાગુ પાડીને મરાવી નાંખવાની કુશળતા ધરાવતા હોય છે. એક વાર નેપોલિયને કહ્યું કે આના કરતાં મને એકસાથે ગોળી મારીને મારી નાખો તો તમારો ઉપકાર થશે.

(૨૪) સેન્ટ હેલેના ટાપુ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનાં વ્યાપારિક જહાજો માટે રસ્તામાં પડતો હોવાથી ત્યાં અવારનવાર આવાં જહાજો આવતાં અને એકબે દિવસ રોકાઈને, પાણી વગેરે પુરવઠો લઈને આગળ વધતાં. સૌની ઉત્સુકતા નેપોલિયનને જોવાની રહેતી, તેથી ઘણા લોકો ઝૂમાં રાખેલા સિંહની માફક નેપોલિયનને જોવા આવ-જા કરતા રહેતા.

(૨૫) નેપોલિયન પોતાની સાથે એક ભરેલી પિસ્તોલ પણ રાખતો, જેથી કોઈ તેની સાથે અપમાનજનક વ્યવહાર કરે તો તેના ઉપર ગોળી ચલાવી શકે. અંગ્રેજોએ આ રીતે પિસ્તોલ તથા તલવાર રાખવાની તેને છૂટ આપી એ વિશેષ વાત કહેવાય.

(૨૬) એક વાર એક મહિલા મુલાકાતીએ નેપોલિયનને પૂછ્યું કે 'તમે કેવા સૈનિકો પસંદ કરો છો?' તો તેના જવાબમાં નેપોલિયને કહ્યું કે 'જે વિજય મેળવે, ધીરવીર અને ગંભીર હોય, કર્તવ્યનિષ્ઠ અને વફાદાર હોય; પણ હું તમારા જેવા, એટલે કે સ્ત્રીઓ જેવા ચંચળવૃત્તિના સૈનિકોને જરાય પસંદ ન કરું.' નીતિશાસ્ત્રોમાં સ્ત્રીઓનાં અનેક વિશેષણો લખ્યાં છે, જેમાં બે શબ્દો બહુ વિચારણીય કહેવાય : ચંચળ અને ચપલા. જોકે બધી સ્ત્રીઓને આ બે વિશેષણો લાગુ કરી શકાય નહિ, તોપણ મોટા ભાગની સ્ત્રીઓને આ બે શબ્દો થોડાઘણા અંશે લાગુ પડતા જ હોય છે.

(૨૭) નેપોલિયને પોતાની પ્રથમ પત્ની જોસેફિનને છૂટાછેડા આપી દીધા હતા. છૂટાછેડાનાં અનેક કારણોમાં સૌથી મોટું અને ઘૃણાસ્પદ કારણ ચારિત્રહીનતા હોય છે. ચારિત્રહીનતા સામી વ્યક્તિ પ્રત્યે ઘૃણા પેદા કરે છે, જે ઘૃણાનું શમન કરવું કઠિન હોય છે. આ દોષ સિવાય બીજા દોષોથી થયેલા છૂટાછેડા પાછા પ્રેમમાં પરિવર્તિત થઈ શકે છે, પણ ચારિત્રહીનતાનો દોષ ભૂંસી શકાતો નથી. જોકે નેપોલિયને બીજાં લગ્ન કરી લીધાં હતાં, પણ બીજી પત્ની લૂઈએ તેને વનવાસમાં સાથ આપ્યો ન હતો, તેથી તેના પ્રત્યે પણ નેપોલિયનના મનમાં ઘૃણા થવી સ્વાભાવિક છે. ભારતીય ત્યાગ-વૈરાગ્યનાં દર્શનોમાં સ્ત્રીઓની આવી અસંખ્ય કથાઓ ભરી પડી છે. તેમ છતાં નેપોલિયન પ્રથમ પત્ની જોસેફિનને ભૂલી શક્યો નહિ. કહેવાય છે કે તે

નિર્વાસનમાં પણ તેનું ચિત્ર રાખતો અને તેને જોયા કરતો. જે પ્રથમ પ્રેમની સ્ત્રી હોય છે તેને પુરુષ જલદી ભૂલી શકતો નથી. તેને બેવફાઈના ઘણા ઘા વાગ્યા હોય તોપણ તે રૂઝાતા ન હોવાથી દૂઝતા ઘા તેને વારંવાર પૂર્વસ્મૃતિ કરાવ્યા કરતા હોય છે.

(૨૮) કહેવાય છે કે નેપોલિયન એક યુદ્ધ પૂરું કરીને પૅરિસ પાછો ફરી રહ્યો હતો ત્યારે મ્યૂજ નદીના કિનારે રાત રોકાયો, પણ રાત્રે એટલો બધો વરસાદ પડ્યો કે નદી બે કાંઠે ભરપૂર થઈ ગઈ. નાની નદીઓ થોડા વરસાદથી પૂરવાળી થઈ જતી હોય છે. આવી જ રીતે નાના માણસો પણ ધન અને સત્તાનું થોડુંક પૂર આવે તો ઊભરાવા લાગતા હોય છે. પૂરને પચાવે તેને પુરુષ કહેવાય. મ્યૂજ નદી બે કાંઠે છલોછલ ઊભરાતી હોવાથી નાવોનો બનાવેલો પુલ તણાઈ ગયો. નેપોલિયનને આજ ને આજ સામે પાર જવાનું જરૂરી હતું. તેણે ફ્રાન્સિસી એન્જિનિયરોને ભેગા કરી હુકમ કર્યો કે તત્કાલ નવો પુલ બનાવો અને મને પેલે પાર ઉતારો, પણ ફ્રાન્સિસી એન્જિનિયરોએ આ કામ અશક્ય હોવાનું કહીને હાથ ઊંચા કરી દીધા. નેપોલિયને વિચાર કર્યો કે હવે શું કરવું? તેને યાદ આવ્યું કે તેની પાસે બંદી બનાવેલા કેટલાક અંગ્રેજ સૈનિકો છે, જેમાં કેટલાક નાવિકો પણ છે. તેણે આવા બંદી નાવિકોને બોલાવ્યા અને વાત કહી, તો અંગ્રેજ બંદી નાવિકોએ કહ્યું કે અમે આ કામ કરી શકીશું, પણ તેમાં ભારે જોખમ રહેલું છે. નેપોલિયને કહ્યું કે જોખમ અને નેપોલિયન સાથેસાથે ચાલતાં રહ્યાં છે. જે જોખમ વિનાનું જીવન જીવે છે તે ડાહ્યાડમરા તો હોય છે, પણ સાહસી નથી હોતા. અને જેઓ સાહસી નથી હોતા તેમની કોઈ પરાક્રમ-કથા પણ નથી હોતી. અંગ્રેજ નાવિકોએ નાવોનો પુલ ધસમસતી નદી ઉપર થોડા જ કલાકોમાં બાંધી દીધો. નેપોલિયનને ખાતરી થઈ કે ફ્રેન્ચ લોકો કરતાં અંગ્રેજો ચઢિયાતા છે. બધી પ્રજાઓ સરખી નથી હોતી. સૌ-સૌની વિશેષતા અને દુર્બળતા પણ હોય છે. બધાને એકસરખા માનીને વ્યવહાર કે વહીવટ કરનારા ‘ટકે શેર ભાજી અને ટકે શેર ખાજાં’ જેવું કરી બેસતા હોય છે. નેપોલિયને અંગ્રેજ નાવિકોને ખૂબ સારું ઇનામ આપ્યું અને તેમને મુક્ત કરી દીધા, એટલું જ નહિ, પોતાની સાથે પુલ પાર કરાવીને બ્રિટન મોકલી દીધા. વિશિષ્ટ કાર્યની કદર થવી જ જોઈએ.

(૨૯) નેપોલિયન પ્રારબ્ધવાદી હતો કે પુરુષાર્થવાદી એ વિશે મતભેદ છે. તેણે સાઠ યુદ્ધો કર્યાં અને ઘણાં જીત્યાં, પણ મહત્ત્વનાં બે યુદ્ધોએ તેની દશા બગાડી દીધી. મોસ્કો ઉપરનું યુદ્ધ અને વૉટરલૂનું યુદ્ધ તેના જીવનને પાયમાલ કરનાર નીવડ્યાં. જે લોકો મોટાં-મોટાં સાહસિક કાર્યો કરતા હોય છે તેમનું જીવન જુગાર જેવું હોય છે. જુગારમાં જય કે પરાજય માત્ર બુદ્ધિમત્તાથી નથી થતો. જે બુદ્ધિ વારંવાર વિજય અપાવતી હોય તે જ બુદ્ધિ પરાજય કેમ અપાવે? તેમાં શું બદલાઈ ગયું? એટલે લોકો કોઈ ને કોઈ રીતે તેને દૈવી તત્ત્વ સાથે જોડી દેતા હોય છે.

(૩૦) નેપોલિયન પોતાનાં સંસ્મરણો કોઈ ને કોઈ લહિયા પાસે લખાવતો. તે જાતે બહુ થોડું લખતો અને જે લખતો તે પોતે જાતે જ વાંચી ન શકતો! આ રીતે તે પોતે જ પોતાના અક્ષરો ન વાંચી શકવાના કારણે તે ગાંધીજીનો સહમાર્ગી કહી શકાય.

(૩૧) નેપોલિયનને સેન્ટ હેલેનામાં લિવરના કૅન્સરની બીમારી હતી, તે અવારનવાર તેની ભયંકર પીડાને સહન કરતો રહેતો તોપણ તેના ચહેરા ઉપર સ્વસ્થતા દેખાતી રહેતી. આ રોગના કારણે જ તેના પિતાનું મૃત્યુ થયું હતું અને તે આનુવંશિક રોગ બનીને નેપોલિયનને લાગુ પડ્યો હતો એવું લોકોનું માનવું હતું, પણ નેપોલિયન એવું માનતો કે અંગ્રેજો જાણી-કરીને મને આ સેન્ટ હેલેના ટાપુ ઉપર મોકલીને તેના ખરાબ જલવાયુ દ્વારા મારી આવી દુર્દશા કરાવી રહ્યા છે.

(૩૨) સેન્ટ હેલેનામાં રહેતાં-રહેતાં નેપોલિયનનું શરીર ભારે ભરખમ થવા લાગ્યું હતું. તે

માનતો કે કુદરતે મને ઉત્તમ મગજ આપ્યું છે, પણ ઉત્તમ શરીર નથી આપ્યું. આ નિયમ લગભગ બધા માણસોને લાગુ પડતો હોય છે. મગજ અને શરીરની પ્રબળતા કોક ભાગ્યશાળી વીરલાને જ મળતી હોય છે.

(૩૩) સેન્ટ હેલેનામાં નેપોલિયનને ખાસ ઊંઘ આવતી નહિ, તેથી રાત્રિના બે-ત્રણ કે ચાર વાગે તે ઊઠી જતો અને સૂર્યોદયની રાહ જોતો. સૂર્યોદય થતાં જ તે બહાર થોડું ભ્રમણ કરતો, પછી પાછો અંદર આવી જતો અને જેમ-તેમ સમય પસાર કરવા પ્રયત્ન કરતો. દિવસના ૧૦.૦૦ વાગે તેનો નાસ્તો આવતો, જેમાં એક પ્યાલો સૂપ, બે પ્લેટ માંસ, એક પ્લેટ સબ્જી, એક પ્લેટ સલાડ અને છેવટે અડધી બૉટલ વિશેષ પ્રકારના દારૂની રહેતી. તે અલ્પાહારી હતો. કહેવાય છે કે યુદ્ધના મેદાનમાં પણ તે પોતાની સાથે એક બૉટલ દારૂ, એક બ્રેડ, ઠંડો કરેલો કૂકડો રાખતો હતો. નેપોલિયન ઝડપથી ખાતો હતો અને ખોરાકને બહુ ચાવતો નહિ. તે બહુ જલદી ભોજન કરી લેતો.

(૩૪) સેન્ટ હેલેનામાં નેપોલિયનને તેના પુત્ર સાથે એક વાર મળવા દેવામાં આવતો, જેથી તે પોતાના પુત્ર સાથે મનભરીને વહાલ અને વાતચીત કરી શકે. પણ તેની બીજી પત્ની કોઈ વાર મળવા આવી હોય તેવું જાણવા મળતું નથી.

(૩૫) નેપોલિયન સેન્ટ હેલેનામાં પોતાની જાતે જ પોતાની હજામત કરતો. બે માણસો તેની સેવામાં રહેતા. એક દર્પણ પકડતો અને બીજો પાણી, બ્રશ, સાબુ વગેરે. એક વાર પૂરી હજામત કર્યા પછી તેણે પૂછ્યું કે હજામત બરાબર થઈ છે? તો સેવકોએ કહ્યું કે બહુ સરસ થઈ છે. પણ નેપોલિયને કહ્યું કે હજી મને મારો એક વાળ દેખાય છે. તેણે તેના ઉપર અસ્ત્રો ફેરવીને દૂર કર્યો અને બંને સેવકોને એક-એક ઘૂસો હસતાં-હસતાં માર્યો.

(૩૬) કહેવાય છે કે રોમન કૅથલિક અને બીજા બધા ધર્મો પણ મરતાં પહેલાં પાપોનો પશ્ચાત્તાપ કરી પ્રાયશ્ચિત્ત કરતા હોય છે અથવા ભગવાન પાસે ક્ષમા માગતા હોય છે. નેપોલિયને ઘણાં યુદ્ધોમાં ઘણી હત્યાઓ કરી હતી, તેથી તે પણ મરણ પહેલાં પસ્તાવો કરે તે માટે અંગ્રેજોએ ઉચ્ચ ધર્મગુરુઓને તેની પાસે મોકલ્યા. આપણે હિંદુઓ સીધા જ ભગવાન પાસે પસ્તાવો કરીએ છીએ, જ્યારે ખ્રિસ્તીઓ ધર્મગુરુ પાસે પસ્તાવો કરે છે અને ભગવાનને માફ કરી દેવાની ભલામણ કરે છે. નેપોલિયને ધર્મગુરુઓને કહ્યું કે મેં કોઈ પાપ કર્યું જ નથી. મેં મારા દેશ માટે જરૂરી કર્તવ્ય જ કર્યું છે. સૈનિકો હત્યા નથી કરતા, કર્તવ્ય બજાવે છે, તેથી સૈનિકોના મૃત્યુને શહીદમૃત્યુ માનવામાં આવે છે. હું શહીદમૃત્યુ મરવા માગું છું, કારણ કે હું સૈનિક છું. આવેલા ધર્મગુરુઓ વીલા મોઢે પાછા ફર્યા.

(૩૭) સેન્ટ હેલેનામાં આવ્યા પછી નેપોલિયને વ્યાયામ બંધ કરી દીધો હતો. વ્યાયામથી શારીરિક ક્ષમતા તો વધતી જ હોય છે, પણ સાથેસાથે માનસિક સ્ફૂર્તિ પણ વધતી હોય છે. ભારતનો યોગ આ ક્ષેત્રમાં બહુ સારું કામ કરી શકે છે પણ તે આસન-પ્રાણાયામ સુધી જ સીમિત રહે તો. જો તેને હઠયોગનું રૂપ આપવામાં અને ઘણી અકુદરતી ક્રિયાઓ કરવામાં આવે તો તે હાનિકારક પણ થઈ શકે છે. નેપોલિયન કસરત ન કરતો હોવા છતાં પણ તે ઝડપથી ચાલવાના પડકારને ઝીલી લેતો અને બીજા કરતાં આગળ નીકળી જતો. તેણે ખેતીવાડીનાં કામો કરવા માંડ્યાં અને કોદાળી-પાવડાથી હકારાત્મક વ્યાયામ કરવા માંડ્યો અને ડૉક્ટરોની ગોળીઓ બંધ કરી દીધી.

(૩૮) નેપોલિયને પોતાની ખેતીથી સરસ બગીચો બનાવ્યો અને ત્રણ હજાર ફૂટ દૂરથી એક ઝરણામાંથી પાઈપ દ્વારા પાણી પણ લાવ્યો અને બગીચાને લીલોછમ બનાવી દીધો. નેપોલિયને ચીનાઓ જેવી મોટી હૅટ બનાવી અને પહેરી, જેથી સૂર્યના તાપથી બચી શકાય.

(૩૯) નેપોલિયને મહેનત કરીને એક તળાવ બનાવ્યું, જેમાં ગોલ્ડફિશ એટલે કે સોના જેવી

ચમકતી માછલીઓ પેદા કરી. નેપોલિયન ઘણો સમય તળાવના કાંઠે બેસી રહેતો અને પોતાના હાથે માછલીઓને બ્રેડ ખવડાવતો. પણ ખબર નહિ, શું થયું તે બધી માછલીઓ મરવા માંડી અને ઉપર તરવા માંડી. નેપોલિયન ભારે દુઃખી થયો અને તે એવું માનવા લાગ્યો કે હું જેને હાથ અડાડું છું તે બધાં બરબાદ થઈ જાય છે. ખરેખર તો જે તળાવ બનાવેલું તેનું પ્લાસ્ટર એવી સિમેન્ટથી કરેલું કે જેણે પાણીને ઝેરી બનાવી દીધેલું તેથી માછલીઓ મરી ગયેલી.

(૪૦) નેપોલિયનને જે ઓરડામાં રાખવામાં આવ્યો હતો ત્યાં મેજ ઉપર એક વાસણમાં ખાંડ પણ મૂકવામાં આવી હતી. એક દિવસ ઘણીબધી કીડીઓ લાઇનસર આવીને ખાંડ ઉપર ચઢી બેઠી. નેપોલિયન કૌતુકથી તેમને જોતો રહ્યો અને તેમના પુરુષાર્થથી પ્રસન્ન થતો રહ્યો. કીડીઓની કુશળતા જોવા તેણે ખાંડના વાસણને બે-ત્રણ વાર જુદીજુદી જગ્યાએ મૂક્યું તો કીડીઓએ ફરી પાછું તે વાસણ ખોળી કાઢ્યું અને ખાંડ ખાવા લાગી. અંતે નેપોલિયને ખાંડના વાસણની ચારે તરફ પાણી ભરી દીધું તોપણ કીડીઓ પાણી ઉપર તરીને વાસણ સુધી પહોંચી ગઈ. છેવટે નેપોલિયને ખાંડના વાસણની ચારે તરફ ચીકણો સરકો લગાવી દીધો. હવે કીડીઓ આગળ વધી શકી નહિ. આવી રીતે નેપોલિયન બંદીખાનામાં પણ જુદાજુદા પ્રયોગો કરતો હતો.

(૪૧) નેપોલિયનની હવે અંતિમ ક્ષણો આવી ચૂકી હતી. તેની બહેન એલિશાના મૃત્યુના સમાચારથી તેને ગંભીર આઘાત લાગ્યો હતો. ગરીબો ભૂખ અને શરીરની બીજી આવશ્યકતાઓના અભાવથી દુઃખી થઈને મરતા હોય છે, જ્યારે શ્રીમંત અને રાજામહારાજાઓને આવાં કોઈ દુઃખ નથી હોતાં, પણ તે પારિવારિક પ્રશ્નોથી અને પોતાના આંતરિક પ્રશ્નોથી દુઃખી થઈ-થઈને મરતાં હોય છે. ગરીબોનાં દુઃખ કરતાં આવા શ્રીમંતોનું દુઃખ વધારે હોય છે. હવે નેપોલિયન એટલો બધો અશક્ત થઈ ગયો હતો કે તેનાથી હરીફરી શકાતું પણ ન હતું, તેથી ઓરડામાં બિસ્તર ઉપર જ તે પડ્યો રહેતો.

(૪૨) નેપોલિયને બધી દવાઓ છોડી દીધી હતી. ડૉક્ટરના આગ્રહ છતાં પણ તે દવા લેતો નહિ અને મૃત્યુની નિશ્ચિત ક્ષણની પ્રતીક્ષા કરતો રહેતો. તે પણ એમ માનતો કે મૃત્યુ નિશ્ચિત છે અને તેનો સમય પણ નિશ્ચિત છે.

(૪૩) નેપોલિયને પોતાનું વસિયતનામું લખાવ્યું, જેમાં તેણે લખાવ્યું કે અંગ્રેજોએ મારી સાથે બધા નિયમોનું ઉલ્લંઘન કર્યું છે અને મને આ ઝેરીલા ટાપુ ઉપર જાણી-કરીને મોકલી દીધો છે. સર–હડસન લો જલ્લાદ જેવો માણસ છે. એટલે મને જેવો ત્રાસ થયો તેવો જ ત્રાસ અંગ્રેજોના શાહી પરિવારને થાય એવી વસિયત આપતો જઉં છું.

(૪૪) નેપોલિયને મરતી વખતે કહ્યું કે હું કૅથલિક છું અને કૅથલિક તરીકે મરવા માગું છું, એટલે મારી સાથે બધી વિધિઓ કૅથલિક પ્રમાણે કરવામાં આવે. તેણે પાદરીને કહ્યું કે મારી અંતિમ વિધિ પૂરી ન થાય ત્યાં સુધી તમે મારા માટે પ્રાર્થના કરતા રહેજો.

(૪૫) ૨૫ એપ્રિલની સાંજે નેપોલિયને હસતાં-હસતાં થોડું ખાવાનું માંગ્યું. ફળ-દારૂ-દ્રાક્ષ વગેરેનો થોડોથોડો ઉપયોગ કર્યો. તેણે મરતાં પહેલાં અંગ્રેજ ડૉક્ટરને પોતાની દેખરેખ રાખવા બદલ ૫૦૦ સોનાની ગિનીઓ આપી, આભાર માન્યો. આપણે ત્યાં મરતો માણસ છેવટનું દાન-પુણ્ય કરતો હોય છે અથવા તેના વારસદારો જાહેરાત કરતાં હોય છે. આ બધા કરતાં પણ મરતા માણસનું દેવું ચૂકવી દેવાની જાહેરાત સૌથી મહત્ત્વની ગણી શકાય. દેવું ચૂકવીને મરવું અને સેવકોની કદર કરવી એ ઉત્તમ વ્યક્તિનાં લક્ષણ કહેવાય.

(૪૬) નેપોલિયનના હાથ-પગ ઠંડા પડી રહ્યા હતા. તેણે ડૉક્ટરોને કહ્યું કે મૃત્યુ પછી મારું હૃદય ખોલવામાં આવે અને તેને મારી બીજી પત્ની મારિયા લૂઈસની પાસે મોકલી દેવામાં આવે. આપણે ત્યાં મરતો માણસ બધા સંબંધોથી મુક્ત થઈને પરમેશ્વર તરફ એકમાત્ર ધ્યાન લગાવતો

હોય છે. તેના માટે તેના આગળ દીવો પ્રગટાવીને ગંગાજળ પિવડાવવામાં આવતું હોય છે, પણ જે જીવાત્માઓ સાંસારિક પ્રેમમાં ગાઢ આસક્ત થયા હોય છે તેઓ પરમેશ્વરની જગ્યાએ પ્રેમી અથવા પ્રેમિકામાં મન લગાવતા હોય છે.

(૪૭) નેપોલિયન અંતે છેલ્લાં ડચકાં ભરતાં-ભરતાં બોલ્યો કે હવે મારી પાસે કોઈ ચીજ રહી નથી અને હું ઘણી શોચનીય સ્થિતિમાં છું એમ કહેતાં-કહેતાં સવારના ૧૦.૦૦ વાગ્યે તેણે ગમે તેમ બકવા માંડ્યું. આપણે ત્યાં આવા રોગને સન્નિપાત કહે છે. તેનો તાવ ખૂબ વધી ગયો હતો. તેને ખૂબ તરસ લાગી અને ખૂબ પાણી પીધું. તે બોલ્યો : જો હું જીવિત રહું તો પાણીની ઘણી પરબો બંધાવું, જેથી તરસ્યા લોકોને મારી માફક શાંતિ થાય.

(૪૮) નેપોલિયને કહ્યું : "મારા મૃત્યુ પછી મારા શરીરને મારી જન્મભૂમિ કોર્સિકાના અજેલિયા નગરના કેથેડ્રલમાં મારા પૂર્વજોની સાથે મને ભૂમિસમાધિ આપવામાં આવે." વ્યક્તિને મરતાં-મરતાં પણ જન્મભૂમિ યાદ આવતી હોય છે.

(૪૯) નેપોલિયનની સ્મૃતિનો ભ્રંશ થઈ ગયો હતો. હવે તે કોઈને પણ ઓળખી શકતો ન હતો. તેની વાણી સ્પષ્ટ ન હતી. તે તૂટક-તૂટક ન સમજાય તેવું બોલતો હતો. સાંજના ૬.૦૦ વાગ્યે તેના મોઢા ઉપર ફીણ આવી ગયું અને તેણે દેહ છોડી દીધો.

(૫૦) નેપોલિયનના મૃત્યુ પછી તેની ઇચ્છા મુજબ તેના બે પત્રો ખોલવામાં આવ્યા, જેમાંથી એકમાં પોતાના પરિવારને પોતાની સંપત્તિ વહેંચવાની વિધિ લખી હતી, તો બીજામાં સેન્ટ હેલેનાના ગરીબ માણસોને દાન આપવાનું લખ્યું હતું. તેની ઇચ્છા હતી કે તેનાં અસ્થિઓ સીન નદીના તટ ઉપર ફ્રાન્સિસી લોકોની વચ્ચે દફનાવવામાં આવે. તેના વાળ તેના પરિવારને આપી દેવામાં આવે. ડૉક્ટરોએ નેપોલિયનનું આખું શરીર ખોલી નાંખ્યું અને તેનું હૃદય તેની ઇચ્છા પ્રમાણે તેની બીજી પત્ની મેરીને મોકલવાની વ્યવસ્થા કરવાની હતી.

(૫૧) નેપોલિયનના શબને હૉલમાં લાવવામાં આવ્યું, તો સ્થાનિક લોકો તેના દર્શન માટે ઊમટી પડ્યા

(૫૨) તેની શબપેટી તૈયાર થઈ. એકમાં બીજી, બીજીમાં ત્રીજી, ત્રીજીમાં ચોથી એમ એક પછી એક એમ ચાર પેટીઓમાં તેનું શબ રાખવામાં આવ્યું. કહેવાય છે કે તેનું કાઢી લીધેલું હૃદય પણ તેની શબપેટીમાં જ દફનાવી દેવામાં આવ્યું.

(૫૩) તેની અંતિમ વિધિમાં બધા મોટા માણસો સમ્મિલિત થયા. ગવર્નર રિઅર ઍડમિરલ જેવા માણસો પણ બે ઘોડાની ગાડી ઉપર નેપોલિયનના શબની પેટીને લઈને આગળ ચાલવા લાગ્યા. તેને ૧૫ તોપોની સલામી આપવામાં આવી અને અંતે બધા કબ્રસ્તાનમાં પહોંચી ગયા. તેની શબપેટીને કબરમાં ધીરે-ધીરે દોરડાના માધ્યમથી ઉતારવામાં આવી અને પછી માટીથી પૂરી દેવામાં આવી. આ રીતે તેની અંતિમ ઇચ્છા કોર્સિકામાં દફન થવાની હતી તે પણ પૂરી કરવામાં આવી નહિ.

પરિશિષ્ટ

નોંધ : પુસ્તક લખાઈ ગયા પછી નેપોલિયન વિશે થોડી વધુ માહિતી મળવાથી અહીં પરિશિષ્ટમાં તેનો તૂટક-તૂટક ઉલ્લેખ કરી રહ્યો છું.

નેપોલિયનની ઉંમર ૨૫ વર્ષ થઈ ચૂકી હતી અને તે આર્મીમાં ઊંચા હોદ્દા ઉપર જનરલ બની ચૂક્યો હતો. તેની મા તેનાં લગ્ન થાય તેમ ઇચ્છતી હતી અને નેપોલિયનને પણ લાગતું હતું કે હવે મારે પરણી જવું જોઈએ. ભારતમાં અને કદાચ બધે જ ઉંમરલાયક દીકરાનાં વહેલામાં વહેલી તકે લગ્ન કરાવી લેવાની ઉત્કંઠા માતાઓ ધરાવતી હોય છે, તેથી નેપોલિયન પોતાને માટે કન્યાની શોધ કરવા લાગ્યો.

ત્યારે યુદ્ધમાં જનરલ 'વ્યૂહરનેસ'ને દેશદ્રોહી માનીને ફાંસીએ ચઢાવવામાં આવ્યો હતો. તેની પત્ની 'જોસેફિન' વિધવા થઈ હતી અને તેને બે બાળકો હતાં. આ ત્રણેયની દશા અત્યંત દયનીય હતી. તે બધાં ભયંકર ગરીબીમાં જીવતાં હતાં. બન્યું એવું કે જોસેફિન પોતાના પતિ 'વ્યૂહરનેસ'ની તલવાર લેવા માટે સૈનિક કાર્યાલયમાં ગઈ. ત્યારે તલવારોની લડાઈ લડાતી અને પ્રત્યેક સૈનિક તલવાર રાખતો. તલવારની સ્મૃતિ પોતાની પાસે રહે તે માટે તે સૈનિક કાર્યાલયમાં ગઈ હતી. ત્યાં તેને જનરલ નેપોલિયન સાથે મુલાકાત થઈ. નેપોલિયન પહેલી જ મુલાકાતમાં જોસેફિનની સુંદરતા જોઈને મુગ્ધ થઈ ગયો. નર-નારીનાં આકર્ષણ અનેક પ્રકારથી થતાં હોય છે, પણ તેમાં સૌથી વધુ પ્રબળ કારણ સુંદરતા બનતી હોય છે. સુંદરતા તત્કાલ સામી વ્યક્તિને ખેંચતી હોય છે. જોકે સુંદરતા કરતાં ગુણાકર્ષણ વધુ હિતકારી થઈ શકતું હોય છે, પણ ગુણની તો નીવડ્યે ખબર પડે. અને નીવડવામાં સમય લાગે, જ્યારે સુંદરતામાં એક ક્ષણનો પણ સમય ન લાગે. જે સમયે આંખ મળી તે સમયે જ મુગ્ધતા ફરી વળી. વિચિત્રતા એ હતી કે જોસેફિન વિધવા હતી, બે બાળકની માતા હતી અને નેપોલિયન કરતાં ઉંમરમાં મોટી હતી. નેપોલિયન ત્યારે ૨૫ વર્ષનો હતો અને જોસેફિન ત્રીસ વર્ષની હતી. સામાન્ય રીતે નર-નારીનાં લગ્નમાં નર કરતાં નારીની ઉંમર બે-પાંચ વર્ષ ઓછી હોવી યોગ્ય મનાય છે, કારણ કે નારી બહુ જલદી જુવાન થઈ જતી હોય છે અને બહુ જલદી ઘરડી પણ થઈ જતી હોય છે. પુરુષને જુવાન થતાં વાર લાગે છે અને પુરુષ તો કદાચ ઘરડો થતો જ નથી. એટલે પોતાની ઉંમર કરતાં ૫ વર્ષ મોટી, પારકી વિધવા, પાછી બે બાળકોની માતા અને ઘોર દરિદ્રતામાં સપડાયેલી જોસેફિન સાથે લગ્ન કરવાં તેમાં જરાય બુદ્ધિમત્તા ગણાય નહિ. પણ બુદ્ધિમત્તા અને મુગ્ધતા સાથે રહેતી નથી. મુગ્ધતા એક પ્રકારનો અંધાપો છે, જે મુગ્ધ વ્યક્તિના મગજ ઉપર ફરી વળે છે અને દૃષ્ટિને દાબી દે છે. એટલે નેપોલિયને કશો જ વિચાર કર્યા વિના જોસેફિન સામે લગ્નનો પ્રસ્તાવ કરી દીધો. જોસેફિનને આવી કલ્પના પણ ન હતી. આવડો મોટો માણસ અને રૂપાળો જુવાન સામે ચાલીને તેને પરણવા તૈયાર થાય તે તો તેનાં અહોભાગ્ય જ કહેવાય. જોસેફિને નેપોલિયનને સમજાવવા બહુ પ્રયત્નો કર્યા કે પોતે ઉંમરમાં મોટી છે, વિધવા છે, બે બાળકોની માતા છે અને દેશદ્રોહી જનરલની કલંકિત પત્ની છે. તેના પતિને દેશદ્રોહના આરોપમાં ફાંસીએ ચઢાવેલો એટલે એ કલંકની અસર પત્ની અને પરિવાર ઉપર પણ થાય જ. ઘણી વાર પૂર્વજોની કીર્તિ પુત્રોને વારસામાં મળતી હોય છે, તો ઘણી વાર પૂર્વજોનાં કલંકો પણ પુત્રોને વારસામાં મળતાં હોય છે. આમ બધી રીતે જોસેફિન નેપોલિયનની પત્ની થવાને લાયક ન હતી, તોપણ અત્યંત મુગ્ધ થયેલા નેપોલિયને તેનો સ્વીકાર કરી લીધો. આ જ કારણસર આપણે ત્યાં લગ્નનો નિર્ણય વરકન્યા નહિ પણ તેનાં ઠરેલ બુદ્ધિનાં અનુભવી માતાપિતા કરતાં હોય છે. નેપોલિયનનાં લગ્ન ૯ માર્ચ, ૧૭૯૬ના રોજ થઈ ગયાં. યોગાનુયોગ બીજા જ દિવસે તેને ઇટાલી ઉપર આક્રમણ કરવા વિદાય થવું પડ્યું અને પતિ-પત્નીમાં વિયોગ થઈ ગયો. વિયોગ ત્રણ

પ્રકારનો હોય છે : (૧) વાસનાનો વિયોગ, (૨) લાગણીનો વિયોગ અને (૩) વાસના અને લાગણી બંનેનો વિયોગ. વાસનાનો વિયોગ લાંબો સમય ટકી શકતો નથી, કારણ કે વાસનાના આવેગો તરત જ બીજા પાત્રનો વિકલ્પ શોધી કાઢે છે. લાગણીનો વિયોગ લાંબો સમય, કદાચ જીવનભર ટકી શકે છે, કારણ કે તે હૃદયમાંથી આવતો હોય છે અને હૃદય વાસનાના આવેગોને ખાળી શકતું હોય છે. ખરેખર તો વાસનાને મંદ કરવાનો અથવા ખાળવાનો સાચો ઉપાય લાગણી જ કહેવાય. લાગણી એટલે પ્રેમ. પ્રેમ ઝૂરી-ઝૂરીને, રડી-રડીને, તડપી-તડપીને વાસનાને પાણી બનાવીને આંખોમાંથી ટપકાવી દેતી હોય છે. ત્રીજો વિયોગ વાસના અને લાગણી બંનેનો મિશ્રિત હોય છે. જ્યાં વાસના હોય ત્યાં થોડીઘણી પણ લાગણી તો હોય જ. જો વાસના પ્રબળ હોય તો થોડી લાગણી દબાઈ જાય. આમ મિશ્રિત વિયોગ લોકલજ્જા, આબરૂ, ભય અને કદાચ ધર્મભયથી થોડો સમય ટકી શકે, પણ લાંબો સમય તે પણ ન ટકે.

નેપોલિયન સતત યુદ્ધોમાં પ્રવૃત્ત રહેતો, તોપણ અવારનવાર સમય કાઢીને તે જોસેફિનને મળવા આવીને પોતાનો પ્રેમનો ઊભરો કાઢી જતો. તે જોસેફિનને બેહદ પ્રેમ કરતો અને યુદ્ધના મેદાનમાંથી રોજ પત્રો લખતો.

જોસેફિન વાસનાપ્રધાન સ્ત્રી હતી, તેથી બહુ લાગણીપ્રધાનતા તેનામાં ન હતી. આવી સ્ત્રીઓ પતિને સંતોષ પમાડવા માટે કૃત્રિમ લાગણીનાં નાટક કરતી હોય છે અને ભોળો પતિ તેના નાટકને સાચું માની લેતો હોય છે. એક વાર નેપોલિયને જોસેફિનને પત્રમાં લખ્યું કે જો તું મારા સિવાય બીજા કોઈને પ્રેમ કરીશ તો હું તેના ટુકડે-ટુકડા કરી નાંખીશ. પ્રત્યેક ભોળો પ્રેમી હૃદયના એક ખૂણામાં વહેમી પણ હોય છે. તેમાં પણ જો તેની પત્ની બહુ રૂપાળી હોય તો-તો તેનો વહેમ વાતવાતમાં વધી જતો હોય છે. ચાણક્યે રૂપાળી પત્નીને શત્રુ માની છે.

"ભાર્યા રૂપવતી શત્રુ: ॥"

નેપોલિયનના વિયોગમાં જોસેફિન લાંબો સમય ટકી શકી નહિ અને તેણે એક પછી એક ઘણા મિત્રો બનાવવા માંડ્યા. આખા પૅરિસમાં તેની ચર્ચાઓ થવા લાગી. લોકો સૌથી વધુ ચર્ચા પારકાં છિનાળાંની કરતા હોય છે. ધીરે-ધીરે નેપોલિયનના કાને પણ આવી વાતો આવવા લાગી. પત્નીના દુશ્ચારિત્રથી નેપોલિયન રઘવાયો બની જતો, પણ તેની સામે વિશ્વવિજયનું મહાન લક્ષ્ય હોવાથી મનને યુદ્ધનાં આયોજનોમાં લગાવી દેતો. જે લોકો પાસે આવું બીજું મહાન લક્ષ્ય નથી હોતું તેઓ પત્નીના કે પતિના દુશ્ચારિત્રના સમાચારોથી રઘવાયા થઈને આત્મહત્યા કરી બેસતા હોય છે અથવા સામા પાત્રની હત્યા કરી નાખતા હોય છે. જોસેફિનને નેપોલિયન એટલો બધો પ્રેમ કરતો હતો કે લાડમાં ને લાડમાં તેને 'જોસુ' એવા ટૂંકા નામથી બોલાવતો. આમ તો પ્રત્યેક પ્રેમાળ પતિ પોતાની પત્નીને આવા ટૂંકા નામથી બોલાવતો હોય છે, કારણ કે તેમાં પૂરી આત્મીયતા અને વ્યક્તિત્વ સમાઈ જતાં હોય છે. પ્રેમાળ પતિ દ્વારા પત્નીને આવાં ટૂંકાં નામોથી બોલાવવાની પદ્ધતિનું અનુકરણ કરતી વર્તમાન પુરુષસમોવડી થવા ઇચ્છતી પત્નીઓ પણ હવે પુરુષોને ટૂંકા અને તુચ્છ નામની બોલાવતી થઈ છે. જોકે તેમાં નથી તો પ્રેમ હોતો કે નથી આત્મીયતા હોતી. હોય છે એકમાત્ર 'હું પણ તમારા બરાબર છું' તેવું બતાવવાનું અહં. અને પત્નીઘેલા ડોબા જેવા પતિઓ પત્નીનાં રમકડાં થઈને રમતા-રમાડતા હોય છે. નેપોલિયન આખો દિવસ 'જોસુ-જોસુ' મનમાં ને મનમાં બોલ્યા કરતો. અંતે નેપોલિયને જોસુને છૂટાછેડા આપી દેવાનું નક્કી કર્યું, તેનું એક કારણ એ પણ હતું કે નેપોલિયનને પોતાનો વારસદાર પુત્ર જોઈતો હતો જે જોસેફિન આપી શકતી ન હતી, અર્થાત્ જોસેફિનને નેપોલિયનથી એક પણ સંતાન થયું નહિ. હવે મુદ્દો વારસદારનો હતો એટલે વારસદાર માટે બીજી પત્ની કરવી જરૂરી હતી. બીજી પત્ની કરવી હોય તો પહેલી પત્નીને છૂટાછેડા આપવા જ પડે. ઇસ્લામની માફક ઘણી પત્નીઓ રાખી શકાય નહિ.

એક પ્રશ્ન થાય કે પુરુષને સ્ત્રીની શી જરૂર છે? સ્ત્રી વિના પણ જીવી શકાય અને ઘણા જીવતા પણ હોય છે. મારી દૃષ્ટિએ ઓછામાં ઓછા પાંચ હેતુઓ માટે પુરુષને સ્ત્રીની જરૂર પડતી હોય છે :

(૧) કુદરતી વાસનાનું શમન કરવા માટે, (૨) વારસદાર મેળવવા માટે, (૩) ઘર-પરિવાર સંભાળવા માટે, (૪) લાગણીની ભૂખ સંતોષવા માટે અને (૫) જીવનભરનો એક અડગ સાચો મિત્ર મેળવવા માટે, જે સંપત્તિમાં, વિપત્તિમાં, આપત્તિમાં અને ગમે તેવા ઘોર કપરા કાળમાં પણ છાયાની માફક સાથે ને સાથે રહે.

આ પાંચ હેતુઓમાં જો માત્ર પહેલો હેતુ જ કારણ બને તો તેવાં લગ્ન બહુ સફળ ન થઈ શકે. વાસનાનું શમન તો પત્ની વિના પણ અનેક રીતે થઈ શકતું હોય છે, પછી માત્ર વાસના-શમન માટે જ પત્નીની ગુલામી સ્વીકારવી શા માટે?

ખરેખર તો પત્નીની ખરી જરૂરિયાત વારસદારો આપવાની છે. પત્ની વિના વાસના તો ભોગવી શકાય, પણ કાયદેસરના વારસદારો મેળવી શકાય નહિ અને વારસદારો વિના નાની-મોટી સંપત્તિનું ભવિષ્ય અંધકારમય થઈ જાય. એટલે વારસદાર મેળવવા માટે પત્નીની જરૂર ખરી.

આપણે ત્યાં પ્રાચીન કાળમાં 'ઘર-બાર' એમ બે શબ્દો ભેગા બોલાતા. પતિપત્ની બંને વચ્ચે આ શબ્દો વહેંચાઈ જતા. ઘર સંભાળે તેને ગૃહિણી અથવા ઘરવાળી કહેવાતી અને જે બહારની જવાબદારીઓ સંભાળે તેને પતિ કહેવાતો. પુરુષ ગમે તેવો મહાન હોય, પણ તે બાળકો તથા ઘરને સંભાળી શકતો નથી. અને સ્ત્રી ગમે તેવી મહાન હોય તોપણ બહારની જવાબદારીઓ પૂરેપૂરી સંભાળી શકતી નથી. જોકે આમાં અપવાદ હોઈ શકે. પણ પશુપક્ષી અને જીવમાત્રમાં આ નિયમ આજે પણ ચાલ્યો આવે છે. માદા બાળકોને સંભાળતી હોય છે, નર નહિ. એટલે પુરુષને પોતાનું ઘર સંભાળવા માટે એક સ્ત્રી તો હોવી જ જોઈએ. સ્ત્રી વિનાનું ઘર અઘોરી બાવાની ધૂણી જેવું 'બાવાં વળેલું' હોય છે, એટલે સ્ત્રીની જરૂર છે.

જેમ પેટની અને વાસનાની ભૂખ હોય છે, તેમ લાગણીની પણ ભૂખ હોય છે. ખરેખર તો જીવનનું કેન્દ્ર લાગણી છે. લાગણીની ભૂખ સંતોષવા માટે તમામ પ્રવૃત્તિઓ થતી હોય છે. એટલે પરમેશ્વરે નરને નારી પ્રત્યે અને નારીને નર પ્રત્યે પ્રચંડ લાગણીઓ મૂકી છે. એને પાર કરવી એ અઘરામાં અઘરું કામ કહેવાય. સ્ત્રી પોતે મૂર્તિમંત લાગણી છે. તેવી લાગણીને પામીને નર ધન્ય-ધન્ય થઈ જતો હોય છે અને સ્ત્રી પણ ધન્ય-ધન્ય થઈ જતી હોય છે. એટલે લાગણી પામવા અને લાગણી ઢોળવા માટે પણ પુરુષને સ્ત્રીની જરૂર હોય છે.

સૌથી વધુ મહત્ત્વ મહાન, વફાદાર મિત્રનું હોય છે, કારણ કે જીવનમાં સંપત્તિ, વિપત્તિ, આપત્તિ અને અનેક પ્રકારનાં સુખદુઃખો આવતાં જ હોય છે. આવાબધા પ્રસંગે પોતાની સાથે અડીખમ ઊભી રહે તેવી અત્યંત વિશ્વાસુ પત્નીની પુરુષને અને પતિને પત્નીની જરૂર રહેતી જ હોય છે. એટલે જીવનભરના સાચા સાથીદાર તરીકે પત્નીની જરૂર પડતી હોય છે.

ઉપરના હેતુઓમાંથી જો એક પણ હેતુ પત્ની પૂરો કરતી ન હોય, અર્થાત્ ન તો મનભરીને વાસનાનું શમન કરાવતી હોય, ન વારસદાર આપતી હોય, ન ઘર-પરિવાર સંભાળતી હોય, ન લાગણી આપતી હોય કે ન અડીખમ મિત્ર તરીકે સાથે રહેતી હોય, તો તેવી પત્નીને પત્ની તરીકે રાખવા કરતાં જીવનભર કુંવારા રહેવું ઉત્તમ ગણાય. પણ આ બધાની તો નીવડ્યે જ ખબર પડે. અને નીવડતાં વર્ષો લાગી જાય. પછી બહાર નીકળતાં બહુ કઠિન થઈ જાય. પશ્ચિમમાં લગ્નજીવનમાં પ્રવેશવાનું બહુ સરળ છે, તો તેમાંથી છૂટી બહાર નીકળવાનું પણ બહુ સરળ છે, એટલે ત્યાં લગ્નજીવનના કંકાસથી હત્યાઓ નથી થતી. નેપોલિયનની જગ્યાએ જો આપણો કોઈ રાજા કે નવાબ હોત તો પત્નીની હત્યા કરી નાંખી હોત; પણ પશ્ચિમમાં સમજીવિચારીને

છૂટાં પણ થઈ શકાતું હોય છે, તે સારું કહેવાય.

નેપોલિયને પોતાની પ્રથમ પત્ની અને સમ્રાજ્ઞી જોસેફિનને છૂટાછેડા આપ્યા તે વાત અનેક વાર ચર્ચાઈ. વાત ન કહેવાય પણ નેપોલિયને જે વિશેષ વ્યવહાર કર્યો તે સૌએ સમજવા જેવો છે. છૂટાછેડા લઈને જોસેફિન તરત જ રાજમહેલ છોડીને 'માલમેશન' ચાલી ગઈ અને તે એકલી રહેવા માંડી, પણ નેપોલિયને તેના માટે ત્રીસ લાખ ફ્રેન્કનું વર્ષાસન બાંધી આપ્યું, એટલું જ નહિ, પણ ચાર લાખ ફ્રેન્કનો એક કીમતી હીરો પણ તેને ભેટ આપ્યો, જેથી પાછલી જિંદગી તે ઓશિયાળું જીવન જીવે નહિ અને પોતાનાં નોકર-ચાકરો સાથે તે ગૌરવપૂર્વક જીવન જીવી શકે.

શ્રી રામજીએ અયોધ્યામાં વનવાસથી પાછાં ફરીને લોકાપવાદના ભયથી પોતાનાં નિર્દોષ પત્ની સીતાજીને ફરી પાછા વનમાં મોકલી દીધાં, પણ તેમના માટે નેપોલિયને જેવી પોતાની દોષિત પત્ની માટે જીવનભરની વ્યવસ્થા કરી તેવી કોઈ વ્યવસ્થા કરી હોય તેવું જાણવામાં આવતું નથી.

૧૮-૬-૨૦૧૬

(૨)

સંસારમાં 'પવિત્ર' અને 'અપવિત્ર' શબ્દ લગભગ બધા ધર્મોમાં વપરાતા આવ્યા છે, પણ પવિત્રતા અને અપવિત્રતાની બાબતમાં સૌ-સૌના જુદાજુદા વિચારો છે. આમ જુઓ તો પવિત્રતાને પ્રગટ કરનારાં શરીરમાં મુખ્યતઃ ચાર અંગો છે, આંખ, હાથ, મોઢું અને ગુપ્તાંગ.

(૧) આંખની પવિત્રતા કુદૃષ્ટિ વિનાની પવિત્ર દૃષ્ટિથી મનાતી હોય છે. જેની આંખ પવિત્ર તેનું મન પવિત્ર.

(૨) હાથ સત્કર્મોથી પવિત્ર અને કુકર્મોથી અપવિત્ર થતા હોય છે. જે લોકો અઢળક દાન-પુણ્ય કરે છે તેમના હાથ પવિત્ર અને જે લોકો વધુમાં વધુ કુકર્મો કરતા રહે છે તેમના હાથ અપવિત્ર મનાય છે.

(૩) જે લોકો હકનો શુદ્ધ આહાર કરે છે તેમનું મુખ પવિત્ર કહેવાય છે. પ્રભુનામ-સ્મરણથી પણ મુખ પવિત્ર થાય છે. જે લોકો કુકર્મો ચાલુ રાખીને હરિનામ લેતા હોય છે તેમને લોકો 'બગભગત' કહે છે. જે લોકો હરામનું, વગર હકનું, ચોરીનું કે લાંચરુશવત વગેરે દ્વારા પડાવેલા ધનથી ભોજન કરતા હોય છે તેમનું મોઢું અપવિત્ર મનાવું જોઈએ.

(૪) પણ આ બધા કરતાં સૌથી વધુ પવિત્ર અને અપવિત્ર ગુપ્તાંગ મનાય છે. નરનારીનાં આ બંને અંગો મળમૂત્રથી ખદબદતાં હોવાથી મહાદુર્ગંધ મારતાં, ઘૃણિત કહેવાય છે. તેમ છતાં સૌથી વધુ પવિત્રતા અને અપવિત્રતા તેમની મનાય છે. જે નરનારી પોતાના ગુપ્તાંગને ધર્મમર્યાદા પ્રમાણે સાચવી શકે છે તેમને પવિત્ર નરનારી માનવામાં આવે છે, પછી ભલે તેઓ હલકી જ્ઞાતિનાં હોય કે ઘોર દરિદ્ર પણ કેમ ન હોય! આવાં નરનારીને સતી અને સંતના બિરુદથી લોકો વંદન કરતા હોય છે, પણ જે નરનારી પોતાનાં ગુપ્તાંગોને સાચવતાં નથી અને બેફામ થઈને તેનો ગમે તેવો દુરુપયોગ કરતાં રહે છે તેમને અપવિત્ર અથવા ભ્રષ્ટ કહેવાય છે, પછી તેઓ ગમે તેટલા ઊંચા કુળનાં હોય કે ગમે તેવો વિદ્વાન જ્ઞાની પુરુષ કેમ ન હોય! જે અંગ જેટલું વધુ અપવિત્ર થાય તે અંગ તેટલી જ પવિત્રતાથી પૂજ્ય ગણાય. બાકી બધાં અંગોની અપવિત્રતા માર્જિત કરી શકાય, પણ ગુપ્તાંગની અપવિત્રતા માર્જિત કરી શકાતી નથી. કેટલાક ધર્મોમાં આવા માણસોને પથ્થરોથી મારી નાખવાની સજા ફરમાવવામાં આવી છે, એટલે ખાસ કરીને ભારતીય સંસ્કૃતિમાં ગુપ્તાંગની પવિત્રતાની હજારો કથાઓ છે અને હજારો રાજપૂતાણીઓ પોતાનાં ગુપ્તાંગને પવિત્ર રાખવા માટે 'જૌહરવ્રત' કરીને અગ્નિમાં કૂદી પડતી પણ બતાવાઈ છે.

આપણે નેપોલિયનની વાત કરવાની છે. નેપોલિયનનું લગ્નજીવન નિષ્ફળ નીવડ્યું અને તેણે પોતાની જાતે મુગટ પહેરાવીને સમ્રાજ્ઞી બનાવેલી જોસેફિનને તલાક આપવા પડ્યા તે પછી તે ઘણો રઘવાયો થયો અને તેણે ઘણાં સ્ત્રીપાત્રો સાથે સંબંધો બાંધ્યા. જેને ઘરમાં જ સ્વાદિષ્ટ અને લાગણીભર્યું ભોજન મળતું હોય તેને અનેક હોટેલોમાં ફાંફાં મારવાની જરૂર રહેતી નથી, પણ જેને ઘરમાં ભોજન ન મળતું હોય અથવા માખીઓ પડેલું મળતું હોય તે પછી સારા ભોજન માટે રોજરોજ નવી-નવી અનેક હોટેલોમાં નવી-નવી વાનગીઓ માણવા માટે ફાંફાં મારતો રહે છે. આવા માણસને વાનગીઓનો સ્વાદ તો મળે છે, પણ દામ્પત્યનો પ્રેમ અને તૃપ્તિ મળતાં નથી. તેની અશાંતિ અને અતૃપ્તિ વધતી જ જાય છે. જો આવી સ્થિતિ કોઈ સ્ત્રીની થઈ જાય તો તે ‘બહુભોગ્યા’ બનીને જીવન બરબાદ કરી મૂકે. સ્ત્રી જો બધાં નિયંત્રણોથી મુક્ત હોય અને તેને કોઈની કશી પડી ન હોય, તો તેવી સ્ત્રીને બહુભોગ્યા થતાં વાર નથી લાગતી. એટલે નિયંત્રણ તો સૌના ઉપર હોવું જ જોઈએ. નિયંત્રણ હાથકડી નથી, પણ અંગરક્ષક કવચ છે. કવચને બંધન માનનાર યોદ્ધો યુદ્ધો તો કરી શકે, પણ તેનો વહેલો અંત આવી જાય. કવચધારી લાંબું યુદ્ધ કરી શકે અને ઘણા ઘા સહન કરી શકે. જીવન પણ એક યુદ્ધ જ છે. જેને લાંબું જીવવું હોય અને ઘણા સંઘર્ષો કરવા હોય તેણે કોઈ ને કોઈ પ્રકારનું કવચ જરૂર ધારણ કરવું જોઈએ. અનુષ્ઠાન કરતાં પહેલાં કેટલાય મંત્રો માટે કવચની વિધિ પણ કરવી પડતી હોય છે, જેથી અનુષ્ઠાનકાળમાં આવનારાં વિઘ્નોને તે સહી શકે.

નેપોલિયનને વારસદારની તીવ્ર તાલાવેલી લાગી હતી. અને હવે તે ફ્રાન્સનો બેતાજ બાદશાહ બની ચૂક્યો હતો. આવી સ્થિતિમાં પોતાના વારસદાર તરીકે પોતાનો પુત્ર હોય તો તેને સંતોષ થાય. આ માટે તેણે અનેક સ્ત્રીઓ સાથે સંબંધો બાંધ્યા પણ તે અનૈતિક હોવાથી વારસદાર આપી શક્યા નહિ, તેથી તેણે ફરીથી કોઈ બીજી સ્ત્રીને પત્ની બનાવવા માટે પ્રયત્નો શરૂ કર્યા. ‘કાઉટેસ વોલવસ્કા’ નામની એક અત્યંત રૂપાળી અને નમણી છોકરી હતી, પણ તેનાં માતાપિતા અત્યંત ગરીબ હોવાથી એક વૃદ્ધ વ્યક્તિ સાથે તેને પરણાવી દીધી હતી. પેલી વૃદ્ધ વ્યક્તિએ કાઉટેસના ભરપૂર પૈસા આપીને તેને ખરીદી લીધી હતી તેમ કહી શકાય. આપણે ત્યાં કન્યાવિક્રયને મહાપાપ માનવામાં આવ્યું છે. પણ દરિદ્ર અને લાલચુ માતાપિતા આવું મહાપાપ કરીને ઘણી વાર ‘લાકડે માંકડું’ વળગાડી દેતાં હોય છે. આવાં માબાપ ધનવાન જમાઈને પછી જીવનભર ચૂસતાં પણ રહે છે. તેથી આપણી સંસ્કૃતિમાં કન્યાદાન શબ્દ વપરાયો છે, જોકે તે યોગ્ય નથી, તોપણ તેની પાછળનો ભાવ ઘણો ઉમદા છે. ઘણાં માતાપિતા દીકરીના ઘરનું પાણી પણ પીતાં નથી, કારણ કે દીકરીને દેવાય પણ કશું લેવાય નહિ. પણ લાલચુ માબાપ આવી ઉચ્ચ સંસ્કૃતિના ધજાગરા ઉડાવીને પહેલાં કન્યાવિક્રય કરે અને પછી જમાઈનું શોષણ કરે.

બન્યું એવું કે એક વાર નેપોલિયનની નજર કાઉટેસ વોલવસ્કા ઉપર પડી અને તે મોહિત થઈ ગયો. તેને જીતવા અને પત્ની બનાવવા નેપોલિયને ઉપરાઉપરી ત્રણ પત્રો લખ્યા, પણ પેલીએ એક પણ પત્રનો જવાબ ન આપ્યો. એકતરફી પ્રેમ વધુ પાગલ અને અવિવેકી હોય છે. તે ન્યોછાવર થવા તૈયાર હોય છે, તો પરાજય પામીને બરબાદ કરવા પણ તૈયાર હોય છે. છેવટે નેપોલિયને ચોથો પત્ર લખ્યો અને ભારે આજીજીપૂર્વક પોતાનો સ્વીકાર કરવા અનુરોધ કર્યો. કાઉટેસ ડાહી, શાણી અને પવિત્ર સ્ત્રી હતી, તેથી પોતાની આઠ-દસ સહેલીઓને સાથે લઈને તે નેપોલિયનને જાતે મળવા ગઈ. તેને જોઈને નેપોલિયન આફરીન થઈ ગયો અને હવે પોતાનું કામ પાર પડ્યું છે તેમ માનીને એ રાજીરાજી થઈ ગયો. પણ કાઉટેસે હાથ જોડીને નેપોલિયનને પ્રાર્થના કરી કે “મારે પતિ છે. જોકે મારાં માતાપિતાએ ધનની લાલચમાં મને વૃદ્ધ પતિ સાથે પરણાવી છે તોપણ તે મારો ભગવાન છે. હું તેને ભગવાનથી પણ વધુ પ્રેમ કરું છું. કોઈ પણ

સંજોગોમાં હું તેને છોડવા તૈયાર નથી. તમારાં વૈભવ, ધન, દોલત, ઐશ્વર્ય અને રાજસત્તા આગળ હું તણખલા જેવી તુચ્છ છું, તોપણ મારા પતિના પ્રેમ આગળ તમારું આ બધું મારા માટે તુચ્છ તણખલા બરાબર છે. તેથી કૃપા કરીને હવે તમે મારો પીછો છોડી દો. મને મારી ઝૂંપડીમાં જીવવા દો. તમારે પરણવું જ હોય તો હું મારી સાથે આ આઠ-દસ સહેલીઓ લાવી છું તેમાંથી કોઈ એકને પસંદ કરો અને પરણો.'' કાઉટેસની પવિત્ર અને ઓજસભરી વાણી સાંભળીને નેપોલિયન લજ્જિત થઈ ગયો. તેને પોતાની આગળ સાક્ષાત્ મધર મેરી ઊભી હોય તેવું દેખાવા લાગ્યું. પવિત્રતામાં આપોઆપ ઓજસ્વિતા આવી જતી હોય છે. આપણે ત્યાં જસમા ઓડણે પાટણના મહારાજા સિદ્ધરાજ જયસિંહને આવો જ જવાબ આપ્યો હતો અને છેવટે સતી થઈને બળી મરી હતી, પણ સિદ્ધરાજના તાબે થઈ ન હતી. ઘણી વાર ઊંચી પવિત્રતા અને શિયળની રક્ષા માટે ઝઝૂમનારી અને બલિદાન આપી દેનારી સ્ત્રીઓ ગરીબોનાં ઝૂંપડાંમાં જ પેદા થતી દેખાય છે. મહેલોમાં અને હવેલીઓમાં ભોગોની રમઝટ થતી હોય ત્યાં આવાં ઉદાહરણો બહુ ઓછાં જોવા મળે છે.

નેપોલિયન વિચારમાં પડી ગયો અને તેણે કાઉટેસની સહેલીઓ તરફ દૃષ્ટિ દોડાવી. તેમાંથી એક સહેલી તેને પસંદ પડી અને તેની સાથે તેણે પ્રેમસંબંધ બાંધ્યો અને પરાકાષ્ઠા સુધી પહોંચ્યો, પણ તેને પત્ની બનાવી શક્યો નહિ.

ઘણાં ફાંફાં માર્યા પછી અંતે તેણે ઑસ્ટ્રિયાના રાજા ફ્રાન્સિસની દીકરી 'મેરી લૂઈ' સાથે લગ્ન કર્યાં. મેરી લૂઈ જર્મનકન્યા હતી અને નેપોલિયન જર્મનસ્ત્રીઓનાં બહુ વખાણ કરતો, કારણ કે મેરી લૂઈ આજ્ઞાંકિત અને વફાદાર પત્ની હતી. આજ્ઞાંકિત અને વફાદાર કન્યા પોતાના પિયરપક્ષની બધી કન્યાઓની કીર્તિ સ્થાપિત કરતી હોય છે. અંતે ૨૦ માર્ચ, ૧૮૧૧ના રોજ નેપોલિયનને મેરીના ગર્ભથી એક પુત્રની પ્રાપ્તિ થઈ. હાશ! હવે ઉત્તરાધિકારી મળ્યો અને શાંતિ થઈ! કાર્યની સફળતાથી શાંતિ થાય. પણ વિધિને કંઈક જુદું જ કરવું હતું. નેપોલિયનનો આ પુત્ર ગાદીનો વારસ થઈ શક્યો નહિ, કારણ કે નેપોલિયનને બે વાર દેશનિકાલની સજા મળી અને સેન્ટ હેલેનામાં તેનું મૃત્યુ થઈ ગયું. જોકે મેરી લૂઈ સેન્ટ હેલેનામાં દેશનિકાલ વખતે નેપોલિયનની સાથે ન ગઈ અને તેમના સંબંધો બગડી ગયા. એટલે જેવી કડવી પ્રતીતિ જોસેફિનથી થઈ હતી તેવી જ મેરી લૂઈથી પણ થઈ કહેવાય. આમ જુઓ તો આખા વિશ્વ ઉપર હાક જમાવનાર નેપોલિયન ઘરમાં હારી ગયો હતો.

૧૮-૬-૨૦૧૬

* * *